णमोत्थु णं समणस्स भगवओ गोयमसामिस्स ॥

શ્રીભગવતીસૂત્રની દેશનાઓ

(આઠમું શતક)

પુદ્ગલપરિણમન-વિષયક-૪૯દેશનાઓ,

નારકી અને તેના દુઃખો,

અને ધર્મરત્ન-પ્રકરણ-દેશના આગમ

卐

દેશનાકાર –

પૂ. આગમોદ્ધારક-જૈનાચાર્ય-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ

સમાહર્તા-પં. શ્રીહેમસાગરજી ગણી

卐

વીર સં. ૨૪૭૫
વિક્રમ સં. ૨૦૦૫
ઈ. સ. ૧૯૪૯

કિંમત રૂા. ૪-૮-૦

પ્રથમાવૃત્તિ
નકલ ૬૦૦

પૂ. મુનિ મહારાજ શ્રી **અમરેન્દ્રસાગરજી** તથા શ્રી **મનોજ્ઞસાગરજી**
મહારાજશ્રીની શુભ પ્રેરણાથી આ ગ્રંથમાં સહાય કરનારના શુભ નામો

---

૭૫૧) શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની પેઢી. નવસારી
૨૦૧) શેઠ વાડીલાલ સનમુખલાલ બાટલી બોઈ કુવાવાળા મુંબઈ
૧૫૧) શા નેમચંદ ફકીરચંદ હ. મગનભાઈ નેમચંદ મરોલી
૧૦૧) ગાંધી શંકરલાલ મહાસુખલાલ તથા તેમના સુપુત્ર નગીનદાસ
મોદી કાંતિલાલની પ્રેરણાથી. પંચમહાલ-વેજલપુર



પ્રકાશિકા –
શ્રી સિદ્ધચક્ર-સાહિત્ય
પ્રચારક સમિતિ
ગોપીપુરા સુરત

મુદ્રક –
ફકીરચંદ મગનલાલ બદામી
જૈન વિજયાનંદ પ્રી. પ્રેસ
લાડીયા ચકલા સુરત

દેશના-દાતા

પૂ આગમોદ્ધારક આચાર્યદેવશ્રીમત્

• સાગરાનંદસૂરીશ્વરજી •

જ મ વિ સ ૧૯૩૧ કપડવણજ — દીક્ષા વિ સ ૧૯૪૭ લીંબડી

પન્યાસપદ વિ સ ૧૯૬૦ રાજનગર — સૂરિપદ વિ. સ ૧૯૭૪ સુરત



ઉપોદ્ઘાત



૧૯૯૯ ની સાલમા શ્રી સિદ્ધગિરિ (પાલીતાણા) શ્રી વર્ધમાન જૈન આગમમદિરની પ્રતિષ્ઠાના અભૂતપૂર્વ મહોત્સવ બાદ શ્રી નવપદજીની શાશ્વતી ઓળીની આરાધના ધામધૂમથી કપડવજ શહેરમા ઉજવવા માટે જયન્ત મેટલ કુ ના માલીક દાનવીર શા **ચીમનલાલ ડાહ્યાભાઈએ** આગ્રહભરી વિનતિ કરી પરમ પૂજ્ય આગમોદ્ધારક આગમ વાચના દાતા, શ્રી વર્ધમાન જૈન આગમ મદિર સસ્થા તથા સુરત તામ્રાગમ મદિરાદિ અનેક સુસ્થાનસ્થાપક, અજોડ આગમના અભ્યાસી, આચાર્ય મહારાજ શ્રી શ્રી શ્રી **સાગરાનન્દસૂરીશ્વરજી મહારાજ સાહેબે** તેઓની ભક્તિપૂર્ણ વિનતિનો સ્વીકાર કર્યો અને પોતના વિશાળ શિષ્ય પ્રશિષ્યાદિ પરિવાર સાથે લાગો વિહાર કરી કપડવજ જે પોતાની જન્મભૂમિ પણ છે ત્યા અપૂર્વ સ્વાગત સાથે પધાર્યા સિદ્ધચક્રની આરાધના પ્રસગે શ્રીપાળ મહારાજા મયણા સુ દરીના આકર્ષક દશ્યો પણ ખડા કરવામા આવ્યા હતા દેશ દેશાવરથી આરાધકોની સખ્યા પણ ઘણી આવી પહોચી હતી અપૂર્વ ઉલ્લાસથી આરાધના સમાપ્ત થઈ

શ્રી કપડવજ શહેરના જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ શ્રાવકોની ચીરકાળથી આચાર્ય મહારાજને ચતુર્માસ કરાવવાની ભાવના હતીજ, ઘણી વખત વિનતિઓ પણ કરી હતી તેમજ સમુદાયમા કપડવજના ઘણા સાધુઓ પણ દિક્ષિત થયેલા તે સર્વ સુયોગ સાપડવાથી આખા શ્રીસઘે મળી ચતુર્માસની વિનતિ કરી અને તેનો સ્વીકાર પણ થયો

હવે ચોમાસામા વ્યાખ્યાનમા કયુ સૂત્ર વાચવુ ! એ વિચારતા શ્રી સઘની એવી ભાવના થઈ કે આગળના વર્ષે વચાયેલ શ્રી ભગવતી સૂત્ર જ્યાથી અધુરૂ રહેલ છે, ત્યાથી આગળ સાભળીએ તો ઠીક પૂજ્ય શ્રીઆચાર્ય મહારાજને તે પ્રમાણે વિનતિ કરી અને તે પ્રમાણે શ્રી **ભગવતી સૂત્રનુ આઠમુ શતક** અને ભાવનાધિકારે ધર્મરત્ન પ્રકરણ શરૂ કર્યું

શ્રી ભગવતી સૂત્રના આઠમા શતકમા પુદ્ગલ પરિણામને અગેનો વિશિષ્ટ અધિકાર હોવાથી પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ શાસ્ત્રીય રૌલીથી સુદર યુક્તિ પ્રયુક્તિ દાખલા દલીલથી તેમજ ઉદાહરણો, દૃષ્ટાતો આપી પોતાની પ્રતિભા અને લાક્ષણિક શૈલીથી અનુપમ વ્યાખ્યા કરી છે દ્રવ્યાનુયોગના જિજ્ઞાસુઓને આ વ્યાખ્યાનો અતિ ઉપયોગી અને રસપ્રદ હોવાથી મારા પરમ ઉપકારી પૂજ્ય ગુરૂદેવ **પન્યાસજી શ્રી હેમસાગરજી ગણીનો** ઘણા વખતથી આ વ્યાખ્યાનો છપાવવાનો વિચાર હતો પરતુ છેલ્લા કેટલાક સમયથી યુદ્ધકાળની સખત મોઘવારી, કાગળની અછત અને બીજા પણ કેટલાક કારણોથી વિચાર અમલમા મુકી શકાયો ન હતો પરતુ સવત ૨૦૦૪ની સાલમા નવસારી શ્રી સઘના આગેવાનો તેમજ શાશનના પરમ અનુરાગી શા જયેન્ચદ રામાજી (ફેન્સી) ની આગ્રહભરી વિનતિથી પૂજ્ય પન્યાસજી ગુરૂમહારાજ, હુ તથા લઘુગુરૂબન્ધુ શ્રી મનોહરસાગરજી મહારાજ ચતુર્માસાર્થે ગયા હતા ત્યા ચતુર્માસ દરમ્યાન વ્યાખ્યાનમા **શ્રી સૂયગડાગ સૂત્ર** તથા ભાવનાધિકારે **શ્રી સમરાદિત્ય ચરિત્ર** વાચ્યુ હતુ તદરમ્યાન ધાર્મિક પ્રવૃતિઓ પણ સારી રીતે થઈ હતી દરમ્યાન શા **છગનલાલ લલ્લુભાઈ અબેટીવાળા** તથા **કાલીયાવાડીવાળા રાયચદ દેવચદની પેઢીવાળા સમરતબેનનો** ઉપધાન કરાવવા વિચાર થયો અને તેમનો વિચાર નવસારીના શ્રીસઘે સહર્ષ વધાવી લીધો ઉપધાન તપ, મહોત્સવ, માળારોપણ ક્રિયા, રથયાત્રા

સ્નાત્ર સાધર્મિક ભક્તિ વિગેરે શાસન પ્રભાવનાના કાર્યો સ્થાનિક શ્રી સંઘના કાર્યવાહકોની સહાયથી અપૂર્વ દીપી નીકળ્યા હતા દેવદ્રવ્ય, તથા જ્ઞાન દ્રવ્યની ઉપજ પણ સારી થઈ હતી

નવસારી શ્રી સંઘના આગેવાનોને આ ભગવતિ સૂત્રના વ્યાખ્યાનો છપાવવા માટે મે તથા મુનિ શ્રી મનોજ્ઞસાગરજીએ હકીકત જણાવી તેઓએ પણ તે વાત સહર્ષ વધાવી લઈ રૂા ૭૫૧) અંકે સાતસો એકાવન આપવા જણાવ્યું પુસ્તી રકમની બીજી સગવડતા ઉભી કરીશું તેમ ધારી શ્રી ભગવતિ સૂત્રની દેશનાઓ છાપવાનું કામ ચાલુ કરાવવા માટે શ્રી પન્યાસજી મહારાજને વિનતિ કરી મારા ગુરૂમહારાજશ્રીજીના અવતરણોની કોપી ઉપરથી શુદ્ધ પ્રેસ કોપી મુનિમહારાજ શ્રી કંચનવિજયજી મહારાજ તથા શ્રી લબ્ધિસાગરજી મહારાજે કરાવી હતી, તે પ્રેસ કોપીનો ઉપયોગ સુધારા વધારા સાથે કરવામા આવ્યો છે

દેશના દાતા પરમ પૂજ્ય પરમોપકારી આગમોદ્ધારક, શાસનદીપક, આચાર્ય મહારાજ સાહેબ શ્રી આનંદસાગરસૂરીશ્વરજીએ પોતાની પ્રતિભાશાલિ અપૂર્વ શૈલીથી, પુદ્ગલ વિષય સ્પષ્ટીકરણ સુંદર દૃષ્ટાન્ત દાખલા દલીલો યુક્તિ પ્રયુક્તિથી કરેલ છે, જે વાચકવૃંદ સ્વયં વાચીનેજ તેમની પ્રતિભાનો ખ્યાલ કરી લે તેમની જ્ઞાન શક્તિ જૈનોમા પ્રસિધ્ધ પામેલી છે, એટલુંજ નહિ પરંતુ જૈનેતરો પણ મુક્ત કંઠે પ્રશંસાના પુષ્પો વેરે છે

જામનગર શહેરમા સંવત ૧૯૯૧ ની સાલમા વ્યાખ્યાનમા શ્રી ભગવતી સૂત્ર પૂજ્ય શ્રી આચાર્ય મહારાજે વાચેલ, તેના અવતરણો પણ મારા ગુરૂ મહારાજશ્રીએ કરેલા હતા તેની પ્રેસ કોપી કરાવી પોતે યોગ્ય સુધારો વધારો કરી યોગ્ય સ્થળોએ મૂળ પાઠ વિગેરે ગોઠવી તૈયાર કર્યા હતા તે વ્યાખ્યાનો પણ શ્રી જયન્ત મેટલ વર્કસ વાળા દાનવીર શેઠ ચીમનલાલ ડાહ્યાભાઈની સંપૂર્ણ આર્થિક સહાયથી પંન્યાસજી મહારાજ શ્રી ચંદ્રસાગરજી મહારાજની નજર તળે છપાઈ રહ્યા છે, જે ટુંક સમયમા પ્રસિધ્ધ થશે

આનંદસુધાસિન્ધુ શ્રી સિદ્ધચક્રમહાત્મ્ય, પર્વ દેશનામા છપાયેલ વ્યાખ્યાનો તેમજ શ્રીસિદ્ધચક્ર પાક્ષીક અને માસિકમા આવેલા શરૂઆતથી અત્યાર સુધીના વ્યાખ્યાનો છપાયા છે, તે લગભગ ઘણા મારા ગુરૂ મહારાજ પંન્યાસજી હેમસાગરજી ગણીના પોતાના હસ્તના અવતરણોજ છે વળી પોતે શ્રી પૂજ્ય ઘણા આચાર્ય મહારાજશ્રીના વ્યાખ્યાનોના અવતરણોનો જથ્થો શુદ્ધ કરાવી પ્રેસ કોપીઓ મનાવી તૈયાર કરેલા છે જેમ જેમ આર્થીક સહાયતા મળતી રહેશે તેમ તેમ આગમો દ્ધારકની અમોઘ દેશનાઓ પ્રસિદ્ધ કરવામા આવશે આવા અપૂર્વ વ્યાખ્યાન રસિકોને જો પોતા તરફથી પ્રગટ કરાવવાની ઈચ્છા હશે તો હમો તેઓને વ્યાખ્યાનોનો સંગ્રહ જોઈએ તેટલો પુરો પાડીશુ

આ દેશનાના પ્રુફો તપાસવામા પરમ પૂજ્ય પરમોપકારી વર્ધમાનતપોનિષ્ણાત પ્રખર વ્યાખ્યાતા પંન્યાસજી મહારાજ શ્રી ચંદ્રસાગરજી મહારાજ પાતાને વ્યાખ્યાન આદિ વ્યવસાય હોવા છતા સમય બચાવી પ્રુફ શુદ્ધિ કરી આપેલ છે, તેમજ મુનિશ્રી દોલતસાગરજી મહારાજ શ્રીએ શુધ્ધિપત્રકાદિ કાર્યો કરી આપવામા મદદ કરી છે જેથી ઘણા ટુંક સમયમા આ પુસ્તક બહાર પ્રસિદ્ધ કરી શક્યા છીએ

આ પુસ્તક વાચન કરનાર મહાશયો પ્રથમ શુદ્ધિપત્રના આધારે શુધ્ધ કરી વાચવા ભલામણ છે તેમજ કેટલીક જગોપર અનુસ્વાર, રેફ કાના વિગેરે ઉડી ગયા હોય, ત્યા તે ઉમેરીને વાચવુ તેમજ ૬, ૬, ૬ ની શુધ્ધિ પણ યથાયોગ્ય સમજી લેવી

વેજલપુર [પંચમહાલ]
સં ૨૦૦૫ આસો સુદી ૧

લિ૦
મુનિશ્રી અમરેન્દ્રસાગર

ભગવતીજીસૂત્ર શતક ૮મુ પુદ્ગલ પરિણમન વિષયક દેશનાનો અનુક્રમ

દેશનાક — પત્રાક

વિસ્તૃત વિષયાનુક્રમ

ભવનપતિના દેવો ‘કુમાર’ શાથી કહેવાય છે?

જેમ બાલકો ઘર, હાટ, વેપાર વગેરેની કિંમત સમજતા નથી, એ તો કેવલ મોજમાં મસ્તીમાં સમજે, શણગાર સજવામાં આનંદ માને તેમાંય કેટલાક બાલકો તો ગલીમાં જતી ગાયને વિના વાંકે પત્થર મારે છે, કુતરાનો કાન ચીમડે છે વગેરે કાર્ય કરે છે તે રીતે ભવનપતિમાં પણ અસુરકુમારાદિ દેવો બસ શૃંગાર સજે, અને નારકી જીવોને મારવા ઝુડવાનું કાર્ય કર્યા કરે છે તેમને તેમાંજ રસ ઉપજે છે અહિંના અટકચાળાનો સંસ્કાર દેવગતિમાં પણ સાથેજ આવે ગલીનો શ્વાન કોઈના હુલકા પ્રહારે નહિ ખાય, પણ જાત શ્વાનની એટલે મોજડી તો કરડે છે તે રીતે આ અસુરકુમાર ભલે દેવગતિમાં છે, છતાંય નરકના નિર્બલ નિરાધાર પારાવાર દુઃખી જીવો ઉપર પોતાની સત્તાનો જોરે ક્રીડા કુતૂહલ તરીકે ચલાવે છે ભવનપતિના દશે ભેદને ‘કુમાર’ તરીકે ઓળખાવાય છે બાલકના જેવા સ્વભાવવાળા કેવળ મોજ શોખમાં મ્હાલનારા અટકચાળામાં આનંદ માનનારા માટે ‘કુમાર’ કહેવામાં આવ્યા છે

વ્યંતરાદિ-દેવો-સંબંધિ

બાલક મોટું થાય એટલે નદી તળાવે ભટકતું થાય જ્યાં સારૂં લાગ્યું કે ત્યાં ‘મારૂં’ કરી બેસી જાય ભટકતી જાત પણ જ્યાં સારૂં દેખે ત્યાં ટકી જાય દેવતાની જાતમાં પણ સારૂં મળે ત્યાં ‘મારૂં’ કરી બેસે તેવા વ્યંતરો છે તિર્છાલોકમાં સારા સ્થાન પહાડ, પર્વત, વૃક્ષ બગીચા મકાનમાં તે વ્યંતરો અધિષ્ઠાતા થઈ જાય, કારણ કે તેઓને મનુષ્ય સાથે અંતર ભેદ નથી મનુષ્યની વસતીમાં અને જંગલમાં પણ સારૂં સ્થાન વ્યંતરો પકડી લે છે અધિષ્ઠાયક દેવનું દુર્લક્ષ્ય કરી મારી વસ્તુ મેળવી શકાય નહિ દેવોના કાઉસગ્ગનું કારણ આવી સમજાશે રખડતી જાતિના દેવોનું નામ વ્યંતરો છે દુનિયામાં કેટલાકો ધર્મ ન સમજે પણ પરોપકાર કરી છુટે દુનિયાના લાભમાં પોતાનો લાભ માને તેવા છે તેમ જ્યોતિષી દેવો પણ જગતનો ઉદ્યોત કરે છે દેવભક્તિના પ્રસંગે તેઓ મહોત્સવનો મુખ્ય પાઠ ભજવનારા છે

શ્રીતીર્થંકર દેવોના જન્માભિષેકના મહોત્સવની જાહેરાત જ્યોતિષિઓ નથી કરતા, પણ તેની જાહેરાત સૌધર્મેન્દ્ર કરે છે આત્માની શુભ કરણીમાં તત્પર રહેવું અને દેવપણું ભોગવવું આ અવસ્થા વૈમાનિક દેવોની છે

卐 卐 卐

દેશના—૨૪

મિથ્યાત્વીની પણ ધર્મકરણી નકામી જતી નથી

एव एएणं अभिलावेण अट्ठविहा वाणमतरा पिसासा जाव गंधव्वा ।

નરક જેવી ગતિ માન્યા વિના ચાલે તેમ નથી

જગત્‌નુ ભલુ થાય તેવી ભદ્ર-ભાવનાના પ્રયોગથી સિદ્ધ તીર્થંકરપણુ પ્રાપ્ત થવાથી શ્રીતીર્થંકરદેવ સ્થાપિત શાસન ચાલુ રાખવા શ્રીગણધરમહારાજાએ રચેલી દ્વાદશાગીમાના પચમાગ શ્રીભગવતીજીના આઠમા શતકના પ્રથમ ઉદ્દેશાનો અધિકાર ચાલુ છે આ શતકના દશ ઉદ્દેશા છે, તેમા પ્રથમ ઉદ્દેશો ચાલે છે, જેમા પુદ્ગલ પરિણામનો અધિકાર છે પુદ્ગલ પરિણામને અગેના વિવેચનમા દેવતાના ભેદોનો અધિકાર ચાલુ છે જેવી વૃત્તિ તેવી પ્રવૃત્તિ, અને જેવુ પુદ્ગલનુ ગ્રહણ તેવુ જ દેહનુ-શરીરનુ અવધારણ ઉત્કૃષ્ટ પાપના ફલને ભોગવવાનુ સ્થાન નરક છે, તેમજ ઉત્કૃષ્ટ પુણ્ય-ફલને ભોગવવાનુ સ્થાન દેવલોક છે

નરકમા ક્ષુધા, તૃષા, ગરમી, ઠડી અસહ્ય છે, અને તે ત્રાહ્ય પોકરાવનાર છે મનુષ્ય તથા તિર્યંચો પણ ગરમી કે ઠડી અમુક પ્રમાણમા સહન કરે છે, પણ હદ બહાર થાય છે, ત્યારે કઈ હાલત થાય છે?, સહન કર્યા વિના તો છુટકો જ ક્યા છે?, એ વાત જુદી, મુદ્દો એ છે કે નરકમા વેદનાની પરાકાષ્ઠા છે જીવોની કાયમ હત્યા કરનારાઓ એ પાપના ફલ ક્યા ભોગવે? નરકમા નરકગતિ આ રીતે બુદ્ધિગમ્ય પણ છે ત્યા શરીર પણ એવુ મળે છે કે બધી વેદના સહન કરવા છતા, છેદન ભેદન છતા, કાપે-મારે-બાળે-વ્હેરે છતા એ શરીર નાશ થાય નહિ તાત્પર્ય એ છે કે જીવ છુટવા માગે, મરણ ઇચ્છે, તો પણ છૂટી શકે જ નહિ, અને મોત પણ મલે નહિ એટલે નિકાચિત આયુષ્ય તૂટે જ નહિ જેને 'નરક' શબ્દથી વાપો હોય તે નામ ગમે તે આપો પણ એવી ગતિ છે, એ માન્યા વિના ચાલે તેમ નથી

સમ્યક્ત્વના અભાવે દેવગતિ રોકાતી નથી

એજ રીતે દેવલોક પણ ઉત્કૃષ્ટ પુણ્યના પરિણામ રૂપ છે આપણે એ જોઈ ત્યા કે તરતમતાનુસાર ફલમા પણ તરતમતા છે નિર્ધનને મળેલુ નિધાન તેને ગાડો બનાવી દે છે, માટે દેવલોકની ઋદ્ધિ જીરવવાના સામર્થ્યવાળો દેહ વગેરે જ્યા હોય એવુ સ્થાન તે જ દેવલોક

પુણ્ય બંધ સમ્યક્ત્વમાંજ થાય, અને મિથ્યાત્વમાં સારી ક્રિયાના યોગે ન થાય એમ નથી દયા, અનુકંપા, સત્ય, પ્રમાણિકપણું, બ્રહ્મચર્ય, પાલન અનેકાયો પર કાબુ રાખવો વિગેરે ગુણોના પરિણામે મિથ્યાત્વમાં રહેવા આત્માને પણ પુણ્ય બંધાય છે જેને યોગે દેવલોક મળી શકે છે ધર્મક્રિયાદિ શુભક્રિયાઓ નિષ્ફલ જતી નથી અને તેથી ક્રિયા ફલવતી છે, તેથી શુભક્રિયા શુભ ફલ આપે છે, અને અશુભ ક્રિયા અશુભ આપે છે અભવ્ય મોક્ષ માનતો નથી, એથી એની ક્રિયા મોક્ષ માટે થતી નથી મોક્ષ માને નહિ એટલે તે માટે હોય ક્યાંથી ?, તેથી તેને મોક્ષ મળતો નથી, પણ ચારિત્ર પાળે કે તેના યોગે નવગ્રૈવેયક દેવલોક સુધી તે જઈ શકે છે, એવું આપણે માનીએ છીએ જેવી કરણી તેવું ફલ એમ જૈનશાસન જણાવે છે ગોશાળો કેવો ?, ગુરૂ દ્રોહી એણે ભગવાન્ મહાવીરદેવ પર છેવટે તેજોલેશ્યા પણ મૂકી માણસને બાળી મૂકવાનું કાર્ય કેવું ઘાતકી? શ્રી તીર્થંકરને ભસ્મીભૂત કરવા તૈયાર થયેલો ભલે તેમ થયું નહિ, કારણ કે તીર્થંકરના ઉત્કૃષ્ટ પુણ્ય રક્ષક છે ભયંકર જુલ્મી ગોશાળો પણ દ્રવ્ય ચારિત્રથી દેવલોકે ગયો એના ગુરૂદ્રોહના પાપના ફલો ભોગવવા પડશે, એના માટે કેઈ ભવો થશે એ ખરૂં પણ દ્રવ્યચારિત્રે એને દેવલોક આપ્યો એ મુદ્દો છે આ ગણામાં એમ કહેવવાય છે કે 'સમકિત વગરનું બધું નકામું' એનો અર્થ વ્યર્થજ' એમ નથી મોક્ષ માર્ગના ધ્યેયની અપેક્ષાએ તે કાંઈ હિસાબ નથી, માટે વ્યર્થ જેવું ગણાય, એવા અર્થમાં 'વ્યર્થ' શબ્દ છે, છતાસમકિતના અભાવથી પુણ્ય-પ્રકૃતિ રોકાતી નથી એટલે દેવગતિ આદિ રોકાતી નથી

સમ્યક્ત્વ પામવાનો વખત કયો?

અરે! સમ્યક્ત્વ પામવાનો વખત પણ સારી ક્રિયાના યોગે જ પ્રાપ્ત થવાનો છે! મિથ્યાત્વની દશામાં પણ દાન, સત્સંગ, ધર્મશ્રવણ, દયા ગુરૂભક્તિ આદિ શુભ ક્રિયાઓની પરંપરા ચાલુ છે, એજ સમ્યક્ત્વનો સંયોગ પણ કરાવી આપે છે આગ્રહવાળું મિથ્યાત્વ આત્માને આગળ વધવા દેતું નથી એ વાત મુકેલી છે હવે જેઓ સમ્યક્ત્વ પામ્યા તે બધા પ્રથમ તો મિથ્યાત્વીજ હતા ને! જો તે દશામાં દાન દયાદિ વ્યર્થ હોય તો તો સમ્યક્ત્વ પ્રાપ્તિનો પ્રસંગ આવે જ ક્યાંથી? મિથ્યાત્વ પણ બે પ્રકારે છે ૧ કદાગ્રહવાળું મિથ્યાત્વ ૨ યથાભદ્રિકતાવાળું મિથ્યાત્વ કદાગ્રહી મિથ્યાત્વી પુણ્ય બંધ કરી શકે, દેવગતિ વગેરે મેળવી શકે, પણ મોક્ષના સાધનો પામી શકે નહિ ભદ્રિક મિથ્યાત્વીને પુણ્ય સાથે મોક્ષના સાધનો મળી શકે છે અભવ્ય આત્મા પણ પુણ્ય-પ્રકૃતિ તો બાંધી શકે છે સૂક્ષ્મ એકેન્દ્રિય પણ પુણ્ય બંધ કરે જો તેમ ન માનો તો તે બાદરપણામાં આવે શી રીતે ?, એકેન્દ્રિયમાંથી બેઇંદ્રિયપણામાં તો આગળ વધે શી રીતે? નિર્જરાના બે ભેદ, ૧ સકામ નિર્જરા, ૨ અકામ નિર્જરા સકામ નહિં તો અકામ પણ નિર્જરા તો સર્વત્ર હોય છે મિથ્યાત્વીને નિર્જરા ન થાય એમ નહિ, નહિતર અહીં સુધી આવે શી રીતે?

નવકારનો નકાર, કરેમિભંતેનો કકાર ક્યારે બોલે?

શાસ્ત્રકાર ત્યાંસુધી કહે છે કે લોભ-લાલચથી, ભયથી, દેખાવથી, લજ્જાથી, પૌદ્‌ગલિક ઇચ્છાથી પણ નમો અરિહંતાણં પદનો નકાર બોલનાર આત્મા પણ ઓગણોતેર કોડાકોડી સાગરોપમથી કંઈક વધારે સ્થિતિ તોડેલ હોય કે તોડવા તૈયાર થયેલો હોય તોજ તે બોલી શકે છે યશ માટે,કીર્તિ માટે પૂજાવાના પ્રલોભને, ધર્મ કરવા તૈયાર થયેલો જો કરેમિભંતે નો કકાર બોલે તો તે પણ ઉપરની જેમ ઓગણોતેર કોડાકોડી સાગરોપમથી કંઈક વધારે સ્થિતિ તોડવા કે તોડીને તૈયાર થયેલો આત્મા હોવોજ જોઇએ શ્રધ્ધાની વાત તો અલગ છે, પણ આ તો શ્રધ્ધા વગરના લોભથી, પ્રલોભનથી, શરમથી, લજ્જાથી, અને પૌદ્‌ગલિક સુખની ઇચ્છાથી પ્રવૃત્તિ કરનારાઓની વાત છે અભવ્યો પણ આગળ અનંતી વખત આવી ગયા અને તેથી ત્યાં શાસ્ત્રો ભણવાના મળ્યા તે ક્યારે? ઓગણોતેર કોડાકોડ સાગરોપમથી કંઈક વધારે સ્થિતિ તોડાઈ હોય, અગર તૂટી હોય ત્યારે પ્રલોભનથી જશ કીર્તિ માન મરતબાની ઇચ્છાથી દેરાઓવા માન દ્રવ્યથી નવકાર [illegible] ભતે ગણનારા માટે પણ એમ જ માનવુ કે તેઓની તેટલી સ્થિતિ તૂટી છે એટલી [illegible] પહોંચે તેજ નમો અરિહંતાણ નો નકાર, તથા કરેમિભંતે નો કકાર બોલી શકે [illegible] વિના શ્રધ્ધા વિના નવકાર ગણે છે, તેણે પણ ઓગણોતેર કોડાકોડી સાગરોપમથી [illegible] સ્થિતિ તોડેલી જ હોય એમ સમજવુ

કાંઠે જ વહાણને તોફાન નડે છે

એદીના પાદશાહને જરા બહાનુ મળવુ જોઇએ, તરત તેને વાતની [illegible] એમ કહે કે જેમ ઓગણોતેર કોડાકોડી સાગરોપમથી કંઈક વધારે [illegible] બાકીની એક કોડાકોડી સાગરોપમની સ્થિતિ પણ એજ રીતે [illegible] ભટકાવનારી છે દશ ગાઉ દૂર ગામ છે તેમા નવ ગાઉ પહોંચ્યા, એટલે [illegible] બાકીનો એક ગાઉ પણ ચાલનારને ચાલવુ તો પડેજને? ઓગણોતેરની [illegible] નથી પણ એકની સ્થિતિ તોડવી મહામુશ્કેલ છે સૌને માલુમ હશે કે [illegible] તોફાન કાંઠે નડે છે જે સ્થિતિ તોડવામા મુશ્કેલી છે ત્યા ગાઢ કહેવામ [illegible] ઓગણોતેરની સ્થિતિમા ગાઢ મનાઈ નથી, પણ આ એકની સ્થિતિમા [illegible] આવી છે આ એકની સ્થિતિમા જેમ જેમ પ્રયત્ન કરવામા આવે તેમ તેમ [illegible] દેશવિરતિ સર્વ વિરતિ ઉપશમ શ્રેણિ વગેરે સાંપડે, માટે આ સ્થિતિમા [illegible] પુરુષાર્થની જરૂરી છે

[illegible] ઉલટાવવા મુશ્કેલ [illegible]

પ્રથમની સ્થિતિમા પુદ્‌ગલાનંદીપણુ કામ લાગે [illegible] પાછી [illegible] આખી દૃષ્ટિ પલટાવવી પડે છે પ્રથમ વિષયોને સુખનુ [illegible] તે [illegible]

માનવું પડે છે આખી માન્યતાને બદલીને એમજ માનવું રહ્યું કે-ઈષ્ટ સ્પર્શ, ગંધ, રૂપ શબ્દ એજ આત્માને ફસાવનાર છે, અને ચારે ગતિમાં ચક્રાવે ચઢાવનાર છે હવે વિચારો કે અનાદિની બુદ્ધિને આખી પલટાવવી એ કેટલું મુશ્કેલ? પ્રથમ તો ભોગોને સારા માનેલા, અનાદિથી એ સંસ્કારો રૂઢ થયેલા, હવે એ સંસ્કારોને સદંતર ઉખેડવા એ સહેલું નથી, અને આ બુદ્ધિ ગ્રંથીભેદ પછી જ થાય ગાંઠ ભેદાય નહિ ત્યાં સુધી આ બુદ્ધિ થાય નહિ વિષયોમાં પણ ઈષ્ટ અનિષ્ટનો ભેદ છે અનાદિથી ઈષ્ટની ઈચ્છા હોય છે, અને અનિષ્ટથી સર્વ ત્રાસી ગયા છે જનાવરના ભવમાં પણ ઈષ્ટ તરફ દોડતા હતા અને અનિષ્ટથી તો ભાગતા જ હતા નજરે જોઈ શકો છો કે જનાવર પણ તડકે ઉભું રહે છે? નહિજ, તરતજ છાંયે ચાલ્યું જાય છે ગમે તેવી તરસ લાગી હોય છતાં જનાવર પણ મૂતરના કુંડામાં તો મોં નહિજ ઘાલે આ જીવને અનાદિકાળથી શુભ વિષયોજ સુખના કારણ રૂપ લાગ્યા છે, અને સંસ્કારજ એ છે આથીજ કહેનારને દુન્યવી પદાર્થોને અંગે કહેવું પડયું કે દુનિયાના કિંમતી પદાર્થોની તે કિંમત દુનિયાની બહુમતિના આધારે છે સોનું રૂપું હીરા મોતી માણેક પન્ના આ બધાને મૂલ્યવાન કોણે માન્યા? દુનિયાએજને! તાત્પર્ય કે આ સ્થિતિ દુનિયાએ ઉભી કરેલી છે, પણ ઈષ્ટમાં સુખ અનિષ્ટમાં દુઃખ તે દરેક જીવને સ્વાભાવિક છે

એક ગર્ભવતી બાઈને આઠમે મહિને એવું થયું કે ગર્ભનો હાથ બહાર નીકળ્યો દોડાદોડ થઈ ડાક્ટરો ગભરાય અને વાઢકાપ કરવાનો નિર્ણય કર્યો કોઈ અનુભવી વૃદ્ધ વૈદ્યે કરામત કરી દીવાસળી સળગાવી પેલા ગર્ભના બહાર નિકળેલા હાથ ઉપર ચાંપી, એટલે તે ગર્ભે હાથ પાછો ખેંચી લીધો ગર્ભમાં પણ સુખ દુઃખનું ભાન તો છે ને!

ઇષ્ટ વિષયથી સુખ, અને અનિષ્ટથી દુઃખ માનવું એ કૃત્રિમ નથી પણ સ્વાભાવિક છે આનું જ નામ ગ્રંથીભેદ છે જગતમાં દેખાય છે કે લુચ્ચાઓ બરફી આપીને કંઠી કાઢી લે છે બરફી આપ્યા વિના કંઠી કાઢી લેવાતી નથી સંસારમાં પણ મોહરાજાએ જીવોને ફસાવવા ઇષ્ટ વિષયો રાખ્યા છે અને ઈષ્ટ વિષયોમાં સર્વ ફસાય છે ઈષ્ટ વિષયોમાં જીવને લલચાવવાનું સાધન મોહરાજા પાસે જો ન હોત તો આ જીવને ભટકવાનું હોત જ નહિ જીવનું સત્યાનાશ વાળનાર જ ઈષ્ટ વિષયો છે જેમ સમજુ માણસ પેંડી બરફીને ઝેર ગણે છે, તેમ સમકિતિ પણ ઈષ્ટ વિષયોને ઝેર ગણે છે સમકિતીની માન્યતા જ અલગ હોય છે એ શું માને છે?, ઈષ્ટ વિષયો આત્માને રખડાવનાર છે અને અનિષ્ટ વિષયો જ મોક્ષ માર્ગમાં મદદગાર છે, નિર્જરાના સાધનભૂત છે આવી બુદ્ધિ થવી બુદ્ધિનું આવું પરાવર્તન એનું જ નામ ગ્રંથીભેદ છે પ્રથમ ઇષ્ટ વિષયો તરફ પ્રીતિ હતી, અનિષ્ટ વિષયો તરફ અપ્રીતિ હતી, તે ગ્રંથીભેદ થતાં વિપરીત રૂપ ધારણ કરે છે એટલે કે ઈષ્ટ વિષયો તરફ અપ્રીતિ, અનિષ્ટ વિષયો તરફ પ્રીતિ જાગે છે

ગ્રંથીભેદ મનાય ક્યારે?

હિંસા, જૂઠ, ચૌર્યાદિના ત્યાગ, સાથે સ્ત્રી સમાગમનો પણ ત્યાગ, આ શા માટે?, તાપ વેઠવો, સંતાપ સહેવો, ટાઢ, ગરમી સહેવી, આ તમામને નિર્જરા ગણવામાં આવે છે ઈષ્ટ વિષયો પ્રસાવનાર છે, માટે પચ્ચખ્ખાણ તેના છે ઉપવાસ એટલે ૨૪ કલાક ન ખાવું એવું પચ્ચખ્ખાણ ખા ખા એટલે ખાવા જ કરવું એવો નિયમ લે તો શું ધર્મ નહિ?, ના કારણ કે વિષયોની પ્રવૃત્તિ ધર્મ માર્ગમાં નથી, પણ ધર્મ માર્ગમાં વિષયોની નિવૃત્તિ છે ભોગ એ દુઃખનું કારણ મનાય, અને તેની નિવૃત્તિ-ત્યાગ એ સુખનું કારણ મનાય, ત્યારે ગ્રંથીભેદ થયો ગણાય કર્મ, આશ્રવ, સંવર, જીવ વગેરેની શ્રદ્ધા વિના ઉપવાસ કરાય તેથી અકામનિર્જરા થાય, અને આથી પણ આત્મા ઉંચે આવે છે આથી યથાપ્રવૃત્તિ-કરણમાં ઉપયોગપૂર્વકનો પ્રયત્ન નથી

સીધો મુદ્દો એ છે કે સમ્યકત્વ વિના સકામનિર્જરા મનાતી નથી કેટલાક સકામનિર્જરાને સમ્યકત્વની પહેલાં માને છે, પણ કહે છે કે તેની અલ્પત્વઅલ્પત્વના કારણે ગણના ગણાતી નથી કેટલાકો વળી મિથ્યાત્વને સકામનિર્જરામાં લાગુ કરે છે, છતાં સમ્યકત્વના પહેલાં યથાપ્રવૃત્તિ કરણમાં કર્મક્ષયની બુદ્ધિ હોય નહિ એમ માને છે આપણે મૂળ મુદ્દામાં આવીએ આ જીવને અનાદિથી ભોગમાં સુખ અને ત્યાગમાં દુઃખ લાગે છે ડુંગર ઉતરતાં જેમ ભમતા ભમતા ઉતરીએ એવું ભોગમાં લાગે છે, અને એજ ડુંગર ચડતાં હાંફ હાંફ થાય છે તેવું ત્યાગમાં દુઃખ લાગે છે આ જીવને ઈષ્ટ વિષયો તરફ ધસવું એ ઢાળ ઉતરવા જેવું લાગે છે, અને અનિષ્ટ વિષયો તરફ જવું એ ડુંગર ચઢવા જેવા વિષમતાવાળા દેખાય છે

સમ્યકત્વ, દેશવિરતિ આદિનો ઉત્પત્તિક્રમ

ગુરૂમહારાજ બાધા આપે છે ત્યારે કોઈ લે છે, પણ મનમાં થાય છે કે 'મહારાજે મને બાંધ્યો' આ શાથી?, સંવરની ઉપાદેયતા હજી મગજમાં ઉતરી નથી, માટે એ ભાવના થાય છે સંવરની ઉપાદેયતા જેના હૃદયમાં ઠસી હોય તેને તો આગારની છૂટી રાખવામાં પણ કમનસીબી લાગે ઉપયોગની ખામી હોવાના કારણે અન્નત્થણાભોગેણં આદિ આગારો રાખવા પડે છે ઈષ્ટ વિષયોને બંધન કરનારો મનાય અને અનિષ્ટ વિષયોને નિર્જરાનું સાધન મનાય, ત્યારે માનો કે ગ્રંથીભેદ! આ ગ્રંથીભેદ થાય તો જ સમકિત પમાય આ પછી સમકિત પમાયાથી વાય તેવી રીતે ગાડને ભેદે ત્યારે સમકિત ગ્રંથી ભેદ પહેલા પારાવાર સંકટ વેઠવાથી જે નિર્જરા થાય, સાતમી નરકના દુઃખો વેઠવાથી જે નિર્જરા થાય, તેના કરતાં સમકિતી અસંખ્યાત ગુણી નિર્જરા કરે છે એક ક્રોડાક્રોડીની મોહનીયની સ્થિતિ ખપે ત્યારે આવો પલટો થાય નવપલ્યોપમ જેટલો આગળ વધે ત્યારે તે કૌટુંબિક, આર્થિક, શારીરિક સિવાયના પાપના સાધનોના પચ્ચખ્ખાણ કરનારો જ થાય તેથી પણ સંખ્યાતા સાગરોપમ તોડી આગળ વધે ત્યારે તેને એવું થાય કે 'શારીરિક સંયોગો ગમે તેવા હોય, કુટુંબ વ્યવહારનું જે થવાનું હોય તે થાય, તો પણ

પાપ ન કરવું તે ન જ કરવું, આવી બુદ્ધિમાં આવ્યા પછી 'મારા શરીરનું ગમે તે થાઓ પણ મારા પરિણામમાં પલટો ન આવવો જોઈએ' આવી મક્કમ ભાવના થાય આ સ્થિતિ પણ દુધના ઉભરા જેવી જાણવી પણ એ અંતર્મુહૂર્ત્તમાં શમી જાય ચાહ્ય જેવા ઇષ્ટ વિષયોમાં ખુશી નહિ, ગમે તેવા અનિષ્ટ વિષયોમાં નાખુશી નહિ પરિણામની આવી ઉત્કૃટ અસર સંખ્યાતા સાગરોપમે થાય બાકી રહેલ એક કોડાકોડી સાગરોપમ જેટલો સમય રહે ત્યારે જ ગ્રંથી ભેદ થાય એ શાસ્ત્રસિદ્ધ નિયમ છે કે છેલ્લે એક કોડાકોડ સાગરોપમ જેટલો સમય બાકી રહે ત્યારે તે ગ્રંથીનું સ્થાન ભેદે છે, માટે ગ્રંથીભેદ પછી સમ્યકત્વ, પછી દેશવિરતિ, પછી સર્વવિરતિ, પછી ઉપશમશ્રેણિ અને પછી ક્ષપકશ્રેણિ સમ્યક્ત્વ પામ્યા વિનાના સમયની-મિથ્યાત્વ હોય તે વખતની કરણી જો સર્વથા નિષ્ફલ મનાય, તો તો ગ્રંથી પ્રદેશ સુધી આવવાનું બને જ નહિ મિથ્યાત્વી સમકિતી બને જ નહીં મિથ્યાત્વીઓને પણ દેવલોક ન મળે તેમ નથી દયાથી, ક્રોધાદિની મંદતાથી, બ્રહ્મચર્ય-પાલનથી દેવ લોકાદિ મળે છે એ કરણી નકામી નથી જતી શું વ્રતની કરણી નકામી જાય?, ના મિથ્યાત્વી જીવોની ધર્મ કરણી નકામી જતી જ નથી કદાગ્રહ યુક્ત કરણી પુણ્ય બંધાવે, પણ મોક્ષ માર્ગમાં આગળ ન વધવા દે પુણ્ય ભોગવવાના સ્થાનો ભવનપતિ આદિ દેવલોકના દેવોને માનવા જ પડશે જેમનું રહેઠાણ વિમાનમાં છે, જેમને વિમાનોની ઋદ્ધિઓ ની માલીક છે, એવા દેવતાઓનું નામ વૈમાનિક દેવો છે હવે તેના કયા ભેદો વગેરે છે તે અધિકાર અગ્રે વર્તમાન

દેશના-૨૫

ભિન્ન ભિન્ન દેવલોકે જવાના કારણો

जोइसीआ पचविह पन्नत्ता, त जहा-चदविमाणजोतिसिय, जाव ताराविमाणजोतिसियदेव०,

પુદ્ગલાનંદીને આત્મીય-સુખની છાયા પણ સમજવી કઠીન છે

શ્રીતીર્થંકરદેવો જગતના પ્રાણીને તારવાની બુદ્ધિ અનેક ભવથી કેળવે છે, અને કેળવતા કેળવતા તથાવિધ ઉત્કૃષ્ટ સામગ્રી આદિ મેળવે છે તીર્થંકરપણું એ અનેક ભવની કમાઈ છે भावितमात्रो भरेष्वनेकेषु કમમાં કમ ત્રણ ભવ તો ખરાજ શાસ્ત્રકાર-મહારાજા કહે છે કે શ્રી શ્રીતીર્થંકરદેવની દરેક પ્રવૃત્તિ જીવના કલ્યાણ માટે છે તીર્થંકરના ભવમાં તેઓ ગૃહ તજે, સંયમ લે, ઉપસર્ગાદિ સહે, યાવત્ દેશના દે, એ તમામ પ્રવૃત્તિઓ જગત્‌ના ઉપકાર માટે જ છે એમ શાસ્ત્રો સ્પષ્ટતયા જણાવે છે કેવલજ્ઞાન થાય કે તરત જ શ્રી તીર્થંકરો, તીર્થની સ્થાપના કરે

છે તારે તે તીર્થ, તીથ વિના પ્રાણીઓ તરે કયાથી ? શ્રી તીર્થની, શ્રીશાસનની સ્થાપના સમયે ભવ્યાત્માઓના હિતાર્થે એ શાસનના પ્રવાહને વહેતો રાખવા બીજમાથી વૃક્ષ-વિસ્તારની જેમ ત્રિપદી રૂપ બીજ પામીને શ્રી ગણધર મહારાજાઓ મહાન્ વિસ્તારવાળી દ્વાદશાગીની ગુથણી કરે છે એ દ્વાદશાગીમાના પચમાગનુ નામ શ્રીભગવતીજી સૂત્ર છે, જેમા છત્રીશ હજાર પ્રશ્નો છે છત્રીશ હજાર પ્રશ્નોત્તરોના મહાસાગરરૂપ પચમાગ શ્રીભગવતીજીના આઠમા શતકના પ્રથમ ઉદ્દેશાનો અધિકાર ચાલુ છે એટલે પુદ્ગલ-પરિણામ-વિષયક-અધિકાર અત્ર ચાલુ છે

સસારી જીવોમા વિધવિધ વિચિત્રતા ગુણદોષોનુ તારતમ્ય તે પુદ્ગલોની વિવિધતાને આભારી છે જીવોના મુખ્ય બે પ્રકાર છે, એ તો જાણો છો ને ?, ૧ મોક્ષના, ૨ સસારીના કર્મથી સદતર રહિત, કાયમને માટે કર્મથી મુક્ત, તે મોક્ષના જીવો, અર્થાત્ સિદ્ધો, અને કર્મ સહિત તે સસારી જીવો કર્મનો ઉદય, ઉદીરણા સત્તા વેદન આમાથી કર્મનો કોઇ પણ પ્રકાર જેને ન હોય તે જીવો સદતર કર્મથી રહિત, એટલે મોક્ષના જીવો છે, દુન્યવી દૃષ્ટિએ આ જીવોનો ખ્યાલ આવવો કઠીન છે

કોઈ પ્રસગે, માર્ગમા જતા બે ઝવેરીઓ એક રબારીને ત્યા ઉતર્યા ત્યા હાથમા મોતી વગેરે નગોને જોતા, તેઓ પરસ્પર વાતો કરે છે કે, "આતો પાણીનો દરિયો છે" પેલો બૂઢો રબારી તો પાણી શબ્દ સાભળી મોતીમા ચમત્કાર જાણી, લુગડાનો છેડો પકડી ભીનો કરવા જાય છે, અને અડાડે છે આ જોઇ ઝવેરીઓ તેની એ દશા પર સ્મિત કરે છે છેડો તો શુ, પણ તાતણો ય ભીનો ન થતો હોવાથી તે રબારી પેલા બન્ને ઝવેરીઓને જૂઠા ગણે છે એ બીચારો મોતીના પાણીની, અને દરિયાના પાણીની વાતનો ખ્યાલ કયાથી કરે ?, આથી એને તો એ ગપ્પુ જ લાગે છે આ રીતેએ આ જીવ પણ અનાદિથી પુદ્ગલના સુખોથી એવો ટેવાઇ ગયો છે કે આત્માના સુખની છાયા ઝાખી પણ મગજમા આવતી કે ઉતરતી નથી પેલા રબારીને નદી, કુવા, તળાવ, અને દરિયામા પાણીની શ્રદ્ધા છે, કેમકે તે નજરે નજર નિહાળાય છે, પરન્તુ 'મોતીમા પાણી' હે ! એ 'શુ !' એમ મોતીમા પાણી હોવાની વાતને તે જેમ હસી કાઢે છે તેજ રીતે અમાગ્ય જીવોને, પૌદ્ગલિક સુખની અનાદિની ગાઢ આદતને લીધે આત્મીય સુખની છાયા પણ સમજમા આવવી કઠીન છે

સિદ્ધોનુ સુખ શુ ?

સિદ્ધોને સુખ કયુ ?, કર્મોનુ બધન નહિ એ જ મહાન્ સત્ય શાશ્વત્ સુખ રાજાને કેદ કરવામા આવે તો તેને કાઇ ત્યા રોટલા અને મરચા ન અપાય, તેને તો કેદમા પણ તેની યોગ્યતા હોવાથી માલપાણી મળ્યા કરે, છતાય સામાન્ય કેદી કરતા કેઈ ગુણી બળતરા રાજાને હોય છે કેમકે કેદ બધન એજ પરમ દુ ખ છે રાજાને તે નજર કેદમા બધી સગવડ સ માનથી સચવાય છે, તો પણ 'બધન' એ વિચારજ એને વીંધી નાખે છે ચક્રવર્તીને ભાજી લેવા

પાઈ માટે કોઈની પળશી કરવી પડે એ કઈ હાલત ? જગતમા કોઈ પણ એવુ રાજ્ય નથી કે પોતાના દેશની ઉત્પત્તિ પરાધીનપણામા હોય આ આત્માને તો પોતે ઉપાર્જેલી મીલકત પરાધીન છે જ્ઞાન તો આત્મીય જ ચીજ ને ! પણ સ્પર્શ, રસ વગેરેનુ જ્ઞાન તેને ઈન્દ્રિઓ દ્વારા જ થાય છે કેવલજ્ઞાનની અને કેવલદર્શનની અપેક્ષાએ તો ઈન્દ્રિયોના વિષયોનુ જ્ઞાન તો તુચ્છ છે, તો પણ તેવુ જ્ઞાન તુચ્છ જ્ઞાન માટે પણ આત્મા ઈન્દ્રિયોને વશ છે પુદ્ગલો કર્માધીન છે, જેવા પુદ્ગલો જીવને પ્રાપ્ત થાય, તેવી સંસારી જીવોની આ હાલત છે પુદ્ગલોની પરવશતા વિનાના જીવો સિદ્ધના છે સિદ્ધના જીવોને કેવલજ્ઞાનાદિ ગુણો જવાના નહિ, ખસવાના નહિ, ઘસાવાના નહિ, પલટાવાના નહિ સંસારી જીવોની પરાધીન હાલત છે રખડપટ્ટીનુ કારણ જ પુદ્ગલની પરાધીનતા છે આપણે વિચારી ગયા કે પુદ્ગલ પરિણમનનો વિચાર, એનુ જ્ઞાન અને એનુ મન્તવ્ય એ જૈન શાસનની જડ છે પુદ્ગલના મુખ્યતયા ત્રણ પ્રકાર છે ૧ સ્વભાવપરિણત, ૨ પ્રયોગપરિણત, ૩ મિશ્રપરિણત આમા સંસારી જીવો માટેનો ભાગ પ્રયોગ પરિણત પુદ્ગલો ભજવે છે સિદ્ધ શિલા પર જ્યા સિદ્ધ મહારાજ બીરાજ્યા છે, ત્યા પણ તમામ પુદ્ગલો છે, અનંતી કર્મ વર્ગણાઓ છે પણ સિદ્ધાત્માઓ તે કર્મો કે પુદ્ગલો ગ્રહણ કરતા નથી, તે પરમાણુઓ ને પરિણમાવતા નથી, કારણ કે પાણીમા ધાતુ, અનાજ, કપડુ લુગડુ તમામ ડૂબે, પરન્તુ ધાતુ અંદર રહેવા છતા પાણી ગ્રહણ કરે નહિ એક ટીપા પાણીને પણ ધાતુ ચુસતી નથી, અનાજ થોડુ પણ પાણી ગ્રહણ કરે છે, અને લુગડુ પોતાથી ડેઢુ પાણી ચૂસે છે સૂકા કરતા ભીના કપડાનુ તોલ ડેઢુ બમણુ થાય છે ધાતુ તો પાણીમા ડુબ્યા છતા પણ, પાણીમા રહ્યા છતા એક ટીપાને પણ ગ્રહણ કરતી નથી જ્યા સિદ્ધ મહારાજ બીરાજે છે ત્યા તમામ પ્રકારના પુદ્ગલો છે, અર્થાત્ ઔદારિકાદિ તમામ પુદ્ગલો છે, પરંતુ સિદ્ધાત્માઓ તેમાથી એક પણ પુદ્ગલને ગ્રહણ કરતા નથી, પરિણમાવતા નથી

મોક્ષમા સંકડામણ કેમ થતી નથી ?

કેટલાકોનો એવો તર્ક છે કે 'સંસાર અનાદિથી ચાલુ છે, અનંતા પુદ્ગલ પરાવર્ત્તો ગયા, પણ કોઈ એવો કાલ નથી કે જે છ મહીનામા કોઈ મોક્ષે ન જાય આજે ભરતમા મોક્ષ નથી, પણ મહાવિદેહમા તો છે ને !, હવે આમ અનાદિથી જીવો પણ અનંતા મોક્ષે જાય છે તો પછી ૪૫ લાખ યોજનની સિદ્ધ શિલા સાકડી કેમ થતી નથી ? જ્યા મનુષ્યોની મેદિની જબ્બર થાય છે, ત્યા જ સ્થલ સંકોચને કારણે નવાને આવવુ મુશ્કેલ પડે છે, તો સિદ્ધશિલામા સંકડામણ કેમ થતી નથી ?

સ્થલે સ્થલે દીવા કરીએ તેથી જ્યોતનો ઉભરો હોય ? જ્યોતમા જ્યોત સમાઈ જાય જગતમા એવી પણ ચીજો છે કે જેનો અન્યોન્યમા સમાવેશ થાય પાણીમા સાકર તથા મીઠું બને સમાય છે ? પાણીમા સાકર તથા બીજા પદાર્થો સમાય પણ સ્થાનની વૃદ્ધિ જરૂર, પરન્તુ જ્યોત વસ્તુ એવી છે કે સમાય છતા અવગાહના વધારે નહિ, પરસ્પર સમાવેશ

શકય છે બોલો છે ને કે જ્યોતમે જ્યોત મિલાઈ! 'સ્પર્શાદિકવાળા પદાર્થોનો સમાવેશ જો માહોમાહે કરી શકાય તો પછી આત્મા જેવા અરૂપી પદાર્થના સમાવેશમાં હરકત શી?,

પરિણામ ક્ષેત્રાનુસાર થાય

સિધ્ધિના સ્થાનમાં, સિધ્ધાત્માઓના આગમનથી ઉભરો આવતો નથી સિધ્ધો રૂપી નથી જે સ્થળે પુદ્ગલો છે, જ્યાં એકેન્દ્રિયો-નિગોદના અનંતાનંત જીવો છે ત્યાંજ અનંતા સિધ્ધો પણ વિરાજમાન છે જ્યાં સિધ્ધ ભગવાનો બિરાજે છે, ત્યાં પુદ્ગલો ચૌદ રાજલોકમાં જેમ છે તેમજ ભરેલા જ છે અહિં સંસારી જીવોમાં તથા સિદ્ધ જીવોમાં ફરક કયો? તે સમજી લ્યો સંસારી જીવો પુદ્ગલોને પકડે છે, ખીંચે છે ગ્રહણ કરે છે, અને પોતામાં પોતાપણે પરિણમાવે છે ઘઉંના બીજમાં પડેલું પાણી, બીજમાં ભળેલું પાણી, એનું પરિણામ શું? બીજમાં પડેલું પાણી તેમાં ભળી ગયું મળી ગયું, એક થઇ ગયું, અને ઘઉંના છોડવાના રૂપે બની ગયું કર્મોદયાનુસાર જીવો પુદ્ગલોને પરિણમાવે છે એકેન્દ્રિયો, બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો, ચૌરેન્દ્રિયો, અને પંચેન્દ્રિયો તમામ જીવો આ રીતે પાંચેય પ્રકારના સંસારી જીવો પુદ્ગલોને લઇને પોતાપણે પરિણમાવે છે વરસાદ આકાશમાંથી તો એક સરખો પડે છે, વરસાદના પાણીના બિંદુઓ તમામ એક સરખા છે, પાણી રૂપે સમાન છે, પરન્તુ જમીન ઉપર પડયા પછી પરિણામ ક્ષેત્રનુસાર થાય છે જેવું વાવેતર તેવું અનાજ ઉત્પન્ન થાય છે એકેન્દ્રિય જીવો ઔદારિક-પુદ્ગલોને એકેન્દ્રિય રૂપે પરિણમાવે છે બેઇન્દ્રિય જીવો બેઇન્દ્રિયરૂપે પરિણમાવે છે, તેમજ બધે સમજી લેવું વરસાદ એનો એ પણ વૃક્ષોમાં એજ વૃષ્ટિયોગે કયાંક આંબો, કયાંક કેળ, કયાંક દ્રાક્ષ, કયાંક ખજૂર તરીકે પરિણમે છે

ઉત્કૃષ્ટ-પાપના પરિણામે નરક

સંસારી જીવોમાં વિચિત્રતા ઘણી છે કુતરો બીલાડા ઘરમાં નિદ્રા કરી જાય એને સજા કરવા માટે કાયદો નથી, અને મનુષ્ય તેમ કરે તો ફરીયાદ થાય, અથાત્ દંડ વગેરેની તેને સજા પણ થાય એકેન્દ્રિયાદિ કરતા પંચેન્દ્રિયનો ગુન્હો વધારે સમજણને આશ્રીને છે વધારે પુણ્ય, વધારે પાપના ફળો ભોગવવાના સ્થાનો માનવા પડશે પંચેન્દ્રિયના ભેદ કેટલા?, ચાર એટલે નરક, તિર્યંચ, મનુષ્ય, અનેદેવતા આપણે જોઈ ગયા કે ઉત્કૃષ્ટ પાપ-પરિણામ ભોગવવાનું સ્થાન નરક, અને ઉત્કૃષ્ટ પુણ્યપરિણામ ભોગવવાનું સ્થાન દેવલોક છે ઉત્કૃષ્ટ પુણ્યના ભોગવટામાં સંપૂર્ણ ઇન્દ્રિયો હોવી જ જોઇએ પાપના પરિણામ ભોગવવા ટાઢ ગરમીની પગ ફાવાજી વેદના જ્યાં છે, તેવી નરક એક નથી, પણ સાત છે પાપના પરિણામમાં વેદવાનું શું? દુઃખ ભૂખ, તૃષા ટાઢ, ગરમી, છેદન, ભેદન દહનાદિ, અને મરવાની ઇચ્છા છતા મરાય નહિ, છુટાય નહિ સમયના પણ અંતર વિના કેવળ વેદે જ જવાનું, કેવળ ત્રાસ ભોગવ્યેજ જવાનો એ સ્થિતિ નરકની

પાઈ માટે કોર્ટની પગથી કરવી પડે એ કઈ હાલત?, જગતમાં કોઈપણ એવું રાજ્ય નથી કે પોતાના દેશની ઉત્પત્તિ પરાધીનપણામાં હોય. આ આત્માને તો પોતે ઉપાર્જેલી મીલકત પરાધીન છે. જ્ઞાન તો આત્મીય જ ચીજ ને! પણ સ્પર્શ રસ વગેરેનું જ્ઞાન તેને ઇંદ્રિઓ દ્વારા જ થાય છે. કેવલજ્ઞાનની અને કેવલદર્શનની અપેક્ષાએ તો ઇંદ્રિયોના વિષયોનું જ્ઞાન તો તુચ્છ છે, તો પણ તેવું જ્ઞાન તુચ્છ જ્ઞાન માટે પણ આ મા ઇંદ્રિયોને વશ છે. પુદ્ગલો કર્માધીન છે, જેવા પુદ્ગલો જીવને પ્રાપ્ત થાય, તેવી સંસારી જીવોની આ હાલત છે. પુદ્ગલોની પરવશતા વિનાના જીવો સિદ્ધના છે. સિદ્ધના જીવોને કેવલજ્ઞાનાદિ ગુણો જવાના નહિ, ખમવાના નહિ, ઘસાવાના નહિ, પલટાવાના નહિ. સંસારી જીવોની પરાધીન હાલત છે. રખપટ્ટીનું કારણ જ પુદ્ગલની પરાધીનતા છે. આપણે વિચારી ગયા કે પુદ્ગલ પરિણમનનો વિચાર, એનું જ્ઞાન અને એનું મન્તવ્ય એ જૈન શાસનની જડ છે. પુદ્ગલના મુખ્યતયા ત્રણ પ્રકાર છે. ૧ સ્વભાવપરિણત, ૨ પ્રયોગપરિણત, ૩ મિશ્રપરિણત. આમાં સંસારી જીવો માટેનો ભાગ પ્રયોગ પરિણત પુદ્ગલો ભજવે છે. સિદ્ધ શિલા પર જ્યાં સિદ્ધ મહારાજ બીરાજ્યા છે, ત્યાં પણ તમામ પુદ્ગલો છે, અનંતી કર્મ વર્ગણાઓ છે પણ સિદ્ધાત્માઓ તે કર્મો કે પુદ્ગલો ગ્રહણ કરતા નથી, તે પરમાણુઓ ને પરિણમાવતા નથી, કારણ કે પાણીમાં ધાતુ, અનાજ, કપડું લુગડું તમામ ડૂબે, પરન્તુ ધાતુ અન્દર રહેવા છતાં પાણી ગ્રહણ કરે નહિ. એક ટીપા પાણીને પણ ધાતુ ચુસતી નથી, અનાજ થોડું પણ પાણી ગ્રહણ કરે છે, અને લુગડું પોતાથી ગેણું પાણી ચૂસે છે. સૂકા કરતા ભીના કપડાનું તોલ રોડું બમણું થાય છે. ધાતુ તો પાણીમાં ડુબ્યા છતાં પણ, પાણીમાં રહ્યા છતાં એક ટીપાને પણ ગ્રહણ કરતી નથી. જ્યાં સિદ્ધ મહારાજ બીરાજે છે ત્યાં તમામ પ્રકારના પુદ્ગલો છે, અર્થાત્ ઔદારિકાદિ તમામ પુદ્ગલો છે, પરંતુ સિદ્ધાત્માઓ તેમાંથી એક પણ પુદ્ગલને ગ્રહણ કરતા નથી, પરિણમાવતા નથી.

મોક્ષમાં સંકડામણ કેમ થતી નથી?

કેટલાકોનો એવો તર્ક છે કે 'સંસાર અનાદિથી ચાલુ છે, અનંતા પુદ્ગલ પરાવર્ત્તો ગયા, પણ કોઈ એવો કાલ નથી કે જે છ મહીનામાં કોઈ મોક્ષે ન જાય. આજે ભરતમાં મોક્ષ નથી, પણ મહાવિદેહમાં તો છે ને!, હવે આમ અનાદિથી જીવો પણ અનંતા મોક્ષે જાય છે તો પછી ૪૫ લાખ યોજનની સિદ્ધ શિલા સાંકડી કેમ થતી નથી? જ્યાં મનુષ્યોની મેદિની જબ્બર થાય છે, ત્યાં જ સ્થલ સંકોચને કારણે નવાને આવવું મુશ્કેલ પડે છે, તો સિદ્ધશિલામાં સંકડામણ કેમ થતી નથી?

સ્થલે સ્થલે દીવા કરીએ તેથી જ્યોતનો ઉભરો હોય? જ્યોતમાં જ્યોત સમાઈ જાય. જગતમાં એવી પણ ચીજો છે કે જેનો અન્યોન્યમાં સમાવેશ થાય. પાણીમાં સાકર તથા મીઠું બન્ને સમાય છે? પાણીમાં સાકર તથા બીજા પદાર્થો સમાય પણ સ્થાનની વૃદ્ધિ જરૂર, પરન્તુ જ્યોત વસ્તુ એવી છે કે સમાય છતાં અવગાહના વધારે નહિ, પરસ્પર સમાવેશ

શક્ય છે બોલો છે ને ? જ્યોનમે જ્યોન મિવાઈ 'સ્પશાદિકવાળા પદાર્થોનો સમાવેશ જો માહોમાહે કરી શકાય તો પછી આત્મા જેવા અરૂપી પદાર્થના સમાવેશમા હરકત શી?,

પરિણામ ક્ષેત્રાનુસાર થાય

મિદ્ધિના સ્થળમા, સિદ્ધાત્માઓના આગમનથી ઉભરો આવતો નથી સિદ્ધો રૂપી નથી જે સ્થલે પુદ્ગલો છે, જ્યા એકેન્દ્રિયો-નિગોદના અનતાનત જીવો છે ત્યાજ અનતા સિદ્ધો પણ વિરાજમાન છે જ્યા સિદ્ધ ભગવાનો બિરાજે છે ત્યા પુદ્ગલો ચૌદ રાજલોકમા જેમ છે તેમજ ભરેલા જ છે અહિં સસારી જીવોમા તથા સિદ્ધ જીવોમા ફરક કયો ? તે સમજી લ્યો સસારી જીવો પુદ્ગલોને પકડે છે, ખીંચે છે, ગ્રહણ કરે છે, અને પોતામા પોતાપણે પરિણમાવે છે ઘઉંના બીજમા પડેલુ પાણી, બીજમા ભળેલુ પાણી, એનુ પરિણામ શુ? બીજમા પડેલુ પાણી તેમા ભળી ગયુ, મળી ગયુ, એક થઇ ગયુ, અને ઘઉંના છોડવાના રૂપે બની ગયુ કર્મોદયાનુસાર જીવો પુદ્ગલોને પરિણમાવે છે એકેન્દ્રિયો, બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો, ચૌરેન્દ્રિયો, અને પચેન્દ્રિયો તમામ જીવો આ રીતે પાચેય પ્રકારના સસારી જીવો પુદ્ગલોને લઇને પોતાપણે પરિણમાવે છે વરસાદ આકાશમાથી તો એક સરખો પડે છે, વરસાદના પાણીના બિંદુઓ તમામ એક સરખા છે, પાણી રૂપે સમાન છે, પરન્તુ જમીન ઉપર પડયા પછી પરિણામ ક્ષેત્રાનુસાર થાય છે જેવુ વાવેતર તેવુ અનાજ ઉત્પન્ન થાય છે એકેન્દ્રિય જીવો ઔદારિક-પુદ્ગલોને એકેન્દ્રિય રૂપે પરિણમાવે છે બેઇન્દ્રિય જીવો બેઇન્દ્રિયરૂપે પરિણમાવે છે, તેમજ બધે સમજી લેવુ વરસાદ એનો એ પણ વૃક્ષોમા એજ વૃષ્ટિયોગે કયાક આંબો, કયાક કેળ, કયાક દ્રાક્ષ, કયાક ખજૂર તરીકે પરિણમે છે

ઉત્કૃષ્ટ-પાપના પરિણામે નરક

સસારી જીવોમા વિચિત્રતા ઘણી છે કુતરો બીલાડા ઘરમા વિષ્ટા કરી જાય એને સજા કરવા માટે કાયદો નથી, અને મનુષ્ય તેમ કરે તો ફરીયાદ થાય, અર્થાત્ દડ વગેરની તેને સજા પણ થાય એકેન્દ્રિયાદિ કરતા પચેન્દ્રિયનો ગુન્હો વધારે સમજણને આશ્રીને છે વધારે પુણ્ય વધારે પાપના ફલો ભોગવવાના સ્થાનો માનવા પડશે પચેન્દ્રિયના ભેદ કેટલા?, ચાર એટલે નરક, તિર્યચ, મનુષ્ય, અનેદેવતા આપણે જોઈ ગયા કે ઉત્કૃષ્ટ પાપ-પરિણામ ભોગવવાનુ સ્થાન નરક, અને ઉત્કૃષ્ટ પુણ્યપરિણામ ભોગવવાનુ સ્થાન દેવલોક છે ઉત્કૃષ્ટ પુણ્યના ભોગવટામા સપૂર્ણ ઇન્દ્રિયો હોવી જ જોઇએ પાપના પરિણામ ભોગવવા ટાઢ ગરમીની પરાકાષ્ઠાવાળી વેદના જ્યા છે, તેવી નરક એક નથી, પણ સાત છે પાપના પરિણામમા વેદવાનુ શુ? દુઃખ ભૂખ, તૃષા ટાઢ, ગરમી, છેદન, ભેદન દહનાદિ, અને મરવાની ઇચ્છા છતા મરાય નહિ, છુટાય નહિ સમજના ય અતર વિના કેવળ વેદે જ જવાનુ, કેવળ ત્રાસ ભોગવ્યેજ જવાનો એ સ્થિતિ નરકની

ઉત્કૃષ્ટ-પુણ્યના પરિણામે દેવલોક

પુણ્યના પરિણામમા ભોગવવાનુ શુ ?, વૈભવ, સાહ્યબી, સત્તા, સંપત્તિ, ઋદ્ધિ, સમૃદ્ધિ, દીર્ઘાયુષ્ય વગેરે ઋદ્ધિ સમૃદ્ધિની પરાકાષ્ઠાવાળા સ્થાનો દેવલોક તે પણ એક નથી, અનેક છે ભવનપતિ આદિ નકાર આપણે વિચારી ગયા છીએ દેવલોકમા ય અધમ હોય આ શાથી ?, આવાઓ ક્યાથી આવ્યા ? શી રીતે આવ્યા ? કર્મની વિચિત્રતા વિચારવા યોગ્ય છે કેટલાક જીવો દેખીતો ધર્મ કરતા હોય પણ વાસ્તવિક રીતિએ હોય અધર્મીના ભાઇ, જાણે માને ખરા પણ પાછ પ્રકૃતિએ તુચ્છ કેટલાક જીવો મોક્ષને જાણે માને નહિ દેખીતા કાર્યો ધર્મના કરે પણ પ્રકૃતિ (સ્વભાવ) તુચ્છ કેટલાકો તપ કરે પણ તે કેવુ ?, અજ્ઞાન તપ જનાવરોની દયા તરફ દરકાર જ ન હોય એ તપ જ્ઞાનમય કે અજ્ઞાનમય ? કમઠ પચાગ્નિ તપ કરતો હતો અને કાષ્ઠમા નાગ બળતો હતો આવાઓ માટે તેવા તપના યોગે, તેવા પુણ્યના ભોગવટા માટે દેવતાઓનો તેવો પ્રકાર માનવો જ પડે નીલ, કાપોત, કૃષ્ણ આ ત્રણ નરકની લેશ્યા છે અને નારકીઓને તે માની ભવનપતિ વ્યતરમા ચોથી લેશ્યા તેજો લેશ્યા કેટલાક જીવોધર્મ કરે ખરા પણ તેમા કોઇ કહે તો આખ ચાર થાય, ધર્મના માર્ગે સ્વેચ્છાએ વર્તે કોઇ શીખામણ દેવા આવે તો કરડવા જાય આવા જીવો તેવા પુણ્ય યોગે ભવનપતિ વગેરેમા જાય કારણ કે ત્યા તેજો લેશ્યા હોય આ જીવો કેવા ?, ગાય દુઝણી પણ દોહવા જતા લાત મારે તેના અવળચડી રાડ જેવા હોય

હવે આગળ વધો ધર્મની પ્રવૃત્તિમા શુ કરવુ જોઇએ એ સમજે ખરો, ભૂલે ત્યા મિચ્છામિ દુક્કડ દે, પણ બના બીજે દિવસે એના એ આત્માને ધર્મની પરિણતિ ખરી પણ ત્યા ઉપયોગની સ્થિતિ અવ્યવસ્ત છે જેમ પરિણતિમા ભેદોનો પાર નથી, તેમ ફલ ભોગવવાના સ્થાનોમા ભેદોનો પાર નથી આવા જીવોને તેમની યોગ્યતાનુસાર દેવલોક મળે છે જેઓએ ધર્મ તો કર્યો સયમ તો લીધુ પણ ગુરૂનો ઉપાલભ સહન ન થવાથી સ્વચ્છદે જુદા થયા એમને એ મુજબ દેવલોક મળવા જોઇએ રાજા મહારાજા, અને શેઠીઆઓના કુલના દીક્ષિતોના મગજમા રાકો હોય કે, 'મારે ધરમ સાધનામા કોઇની રોકટોક ન જોઇએ' એટલે તેઓ ગુરૂથી છુટા પડે છે વાડમા રહેલી જમીન ખેડાય, પણ મીડમા રહેલી જમીન ખેડાતી નથી એ રીતે સ્વચ્છદે ફરનારને કોણ કહે ! ગચ્છ આચાર્યાદિની આમ્નાયમા રહેનારને રોકટોક હોય હવે આવી રોકટોક સહન ન થવાથી જુદા પડી સયમ પાલનારાઓ ભવનપતિ વ્યતર તથા જ્યોતીષિઓમા ગયા છે, એમ શ્રીજ્ઞાતા, અને શ્રીનિરયાવલી સૂત્રથી સમજાય છે તાત્પર્ય કે સાધુપણુ તો પાળ્યુ પણ સામાન્ય-વાતાવરણથી જુદા પડી ગયા એવા સાધુ-સાધ્વીઓ ભવનપતિ વ્યતર તથા જ્યોતિષી નામના દેવલોકે ગયા છે ઉપકારી ગુરૂ આદિ સાચો માર્ગ બતાવે ત્યા ઉંચી આખ થાય, એવા સાધુઓ માટે વૈમાનિક સ્થાન નથી જે સાધુ સાચી ખપી છે, હિત શિક્ષા ગ્રહણ કરનાર છે, વિનય તથા વૈયાવચ્ચ સાથે

ગચ્છના ઉપરીના વાક્યો ઉપર ધ્યાન આપે છે, સારણાદિક સહન કરે છે, પરન્તુ વિરાધના કરે છે, તેવાઓ સૌધર્મ દેવલોકે જાય છે, એથી આગલના દેવલોકે નથી જઈ શકતા મહાવ્રત ધારી બાર વ્રતધારી કે સમ્યકત્વધારી વિરાધના વગરના જેઓ હોય તેઓ સૌધર્મ દેવલોકથી આગળના દેવલોકે ઉપજે છે હવે આરાધનામાં પણ પરિણતિની ઉચ્ચ, ઉચ્ચતર, ઉચ્ચતમ સ્થિતિ હોય છે, તે રીતિએ ભોગવવામાં પણ ઉચ્ચ, ઉચ્ચતર, ઉચ્ચતમ સ્થાનો માનવા પડે

વૈમાનિક દેવલોકના બે ભેદ ૧ કલ્પોપપન્ન, અને ૨ કલ્પાતીત પુદ્ગલ પરિણમનમાં ત્યાં પણ આવા બે પ્રકારો છે કલ્પસૂત્રમાં શ્રવણ કરેલુ સ્મરણમાં હશે તો 'કલ્પ' શબ્દનો આચાર અર્થ ખ્યાલમાં આવશે એ દેવલોકને અંગે સાધુનો કલ્પ શબ્દ ત્યાંના આચારોનો સૂચક છે દેવતાના આચારો પોતપોતાના ભેદોને આભારી છે ત્યાં કેટલાક ઇન્દ્રો છે તે તે દેવલોકના કુલ સત્તાધીશ સ્વામી છે, અને ત્યાંના ઇંદ્ર જેવા કેટલાક સામાનિક હોય છે સામાનિક એટલે ઇંદ્ર સમાન વૈભવ ઇંદ્ર જેવો અને જેટલો, તમામ સ્થિતિ ઇંદ્ર સરખી માત્ર તેને સત્તા નહિ ઇંદ્રપણાનો અભિષેક નહિ રાજાના ભાયાતો સામંતો તે ગાદીના ભાગીદાર માત્ર, તેઓ રાજા નહિ તે રીતિએ ઇંદ્ર જેવા પણ ઇંદ્ર નહિ જેમ સામાન્ય રાજકુટુંબીને લૉર્ડ કહેવામાં આવે છે તેમ અર્દ્ધ લોકનું તેમને રાજ્ય કરવાનું ઇશાનેંદ્રને ઉત્તર તરફના અર્દ્ધ લોકનું રાજ્ય કરવાનું અસંખ્યતા જોજન લાંબા પ્રદેશના લાખો વિમાનો સંભાળવા, મંડલના દેવતાનું નામ ત્રાયસ્ત્રિંશત્ છે, ત્રીજા પ્રકરમાં મંત્રણા માટેના દેવતાઓ છે આથી દેવલોકમાં ઝઘડા નથી એમ માનતા ના જ્યાં જર, જોરૂ, જમીન, છે ત્યાંથી અન્યાય, ઈર્ષ્યા, ઝઘડાનો દેશનિકાલ ન જ હોય દેવલોકમાં પણ રગડા ઝઘડાઓ બને છે કયાં સુધી બને છે?, સભામાં સિંહાસનારૂઢ ઇંદ્રનો મુગટ ખસી જાય, નભા દસ્થેથી તે મુગટ લઇને દેવતા કૃષ્ણરાજીમાં ભરાઈ જાય જ્યાં દેવતાઓ શોધી ન શકે તેવા સ્થલે સંતાઈ જાય, પછી જ્યારે ઇંદ્ર કોપાયમાન થઈને વજ્ર મૂકે ત્યારે એ મુગટ પાછો આવે વજ્રથી તેમ બને તે વાત જુદી, પણ ત્યાંય એ રીતે મુગટ જવાનો બનાવ બને છે વૉરંટ છૂટે પછી તો ગુન્હેગારને હાજર થવુ જ પડે, તેમ વજ્ર મૂક્યા પછી તો દેવતા જાય કયાં? દેવલોકમાં પણ આવુ બને છે દરેક ઇંદ્રને લોકપાલ હોય છે તે આથી સમજાશે લોકપાલ દેવતા પણ આથી માનવા પડશે દેવતાઓ ચોરી વગેરે દોષથી મુક્ત છે એમ ન માનતા અરે! ઇંદ્ર ઇંદ્રને પરસ્પર ઝઘડો થાય છે, વિમાનને અંગે પણ માલીકીને અંગે ઝગડો થાય છે સૌધર્મેન્દ્ર તથા ઇશાનેન્દ્રને ઝઘડો થાય પણ તેઓ મનુષ્યની જેમ કપાઇ કપાઇ મરતા નથી ત્યાં મર્યાદા છે કે તેઓ સનત્કુમારને યાદ કરે, અને તે આવીને ઝઘડાનો છેડો કેવી રીતે લાવે છે?, તે અગ્રે વર્તમાન

卐 卐 卐

બાનકો દૂર સુધી ભલે જોઇ શકે, પણ વિચાર કરવાની તેટલી શકિત હોતી નથી મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનની શક્તિથી અવધિજ્ઞાનની શકિત જુદી છે આજ કારણથી સલાહને, મંત્રણાને અવકાશ છે ઇંદ્રની સમાન ઋદ્ધિ, સમૃદ્ધિ તથા આયુષ્યવાળા દેવો તે સામાનિકદેવો કહેવાય છે ઇંદ્ર તથા સામાનિક દેવતા તો મોટા સ્થાને હોય, પરન્તુ વિચારક મંડલને અંગે તેત્રીશ દેવતાનો એક વર્ગ છે, તેને ત્રાયસ્ત્રિંશત્ વર્ગ કહેવામાં આવે છે મતમાં ફારફેર થાય ત્યારે મત મળવા જોઇએ મતને અંગે નિયમ (એકી) સંખ્યા જોઇએ, માટે સંખ્યા તેત્રીશની રખાઇ છે જો દેશનું રક્ષણ કરનાર વર્ગ ન હોય તો, સબુરીબાઈની સબુરી જેવું થાય ભરૂચમાં સબુરીબાઈનું રાજ્ય હતું ચરપુરૂષોએ ખબર આપ્યા, કે શત્રુનું સૈન્ય સીમાડા પર આવે છે મધ્યમાં આવ્યું, હદ ભેદી નજીક આવ્યું, વગેરે જણાવ્યું પણ સબુરી બાઇ તો નીરાંતે આનંદ કરે છે, અને કહે છે કે 'સબુર કરો, સબુર કરો, એમ કરતા રહ્યા ને રાજ્ય ગુમાવ્યું કિલ્લા ભલેને બહોતર હોય, પણ લશ્કર ન હોય તો રક્ષા થાય શી રીતે? રક્ષણ કરનાર વર્ગ હોય તોજ વિચાર સફલ થાય આ રીતે દેવલોકમાં પણ રક્ષકવર્ગ તરીકે લોકપાલ નામના દેવતાનો વર્ગ છે માલીક, ઉમરાવો, વિચારકમંડલ છતાં પ્રજા, ચાકર, લશ્કર આ તમામ હોવું જોઇએ પરચુરણ લશકરને સ્થાને પદાતિવાળા દેવો ગણાય હુકમ બજાવનારા દેવો તે આભિયોગિક દેવો બીજા બધાની હડતાલને સરકાર કે મ્યુનિસિપાલીટી પહોચી શકે, પરંતુ કચરાપટીવાળાઓની હડતાલને તેઓ પહોચી શકે નહિ કચરાપટીવાળાના સ્થાને દેવલોકમાં પણ કિલ્બિષિઆ દેવો છે આ રીતે દેવતાના ભેદોની જ્યાં વ્યવસ્થા છે, તે કલ્પોપપન્ન દેવલોક કહેવાય

અહીં પ્રશ્ન થાય, કે ભવનપતિમાં પણ દશ ભેદો છે, છતાં વ્યંતર જ્યોતિષીમાં વિચારક વર્ગ તથા લોકપાલ નથી, પરતુ બાકીના આ તો છે ને?, વૈમાનિકમાં કલ્પોપપન્ન, કલ્પાતીત એ ભેદ છે તો પછી ભવનપતિમાં વ્યંતરમાં તે બે ભેદો કેમ નહિ?' વ્યવહારમાં 'પીળું સોનું લાવજે, ધોળી ચાંદી લાવજે, એમ કોઇ બોલતું નથી, કેમકે સોનામાં એકલો પીળો જ રંગ છે, ચાંદીમાં એકલો ધોળો જ રંગ છે, માટે જ્યાં વિભાગ નથી ત્યાં તેમ ભેદ પાડી બોલવાની જરૂર જ નથી ભવનપતિ વગેરેમાં વ્યવસ્થા રહિતપણું હોવાથી, ત્યાં કલ્પોપપન્ન તથા કલ્પાતીત એવા ભેદો પાડવામાં આવ્યા તે નથી વિશેષાધિકાર અને વર્તમાન

卐 卐 卐

દેશના—૨૭

પુદ્ગલોની અસર

પૂ શ્રીગણધર-મહારાજાએ, જૈનશાસનની સ્થાપના સમયે, રચેલ શ્રી ભગવતીજીના આઠમા શતકના પ્રથમ ઉદ્દેશામા પુદ્ગલ-પરિણામ નામનો અધિકાર ચાલુ છે સસારની વિચિત્રતા જીવોની વિવિધ વિચિત્રતાને આભારી છે જીવોના બે ભેદો છે, ૧ મોક્ષના તે કર્મથી રહિત, અને ૨ સસારી તે કર્મથી સહિત પુદ્ગલોની વિચિત્રતા જ અત્ર કારણભૂત છે, અને જીવો જેવા કર્મ બાધે છે તેવા જ અનુભવે છે એકેન્દ્રિયનામ-કર્મના ઉદયે જીવ એકેન્દ્રિય પણે ઉપજે છે એક જ જાતનો ખોરાક લેવા છતા તે ખોરાકના પુદ્ગલો શરીરમા મનુષ્યને મનુષ્યરૂપે, જનાવરને જનાવરરૂપે પરિણમે છે જે પરમાણુઓ ગાયમા દુધ રૂપે પરિણમે છે, તેજ પરમાણુઓ સાપમા ઝેરરૂપે પરિણમે છે ગ્રહણ કરેલા અને કરાયેલા પુદ્ગલોમાથી જીભ, નાક, કાન, ચક્ષુ આદિ ઇન્દ્રિયોમા તે તે સ્થળમા યોગ્યરૂપે પરિણમે છે ખોરાકમાથીજ સાથળ, પગ, હાથ બધામા તે તે પરિણમે છે ખોરાક એકજ પણ ભિન્ન ભિન્ન અગોમા ભિન્ન ભિન્ન રગે અને ભિન્ન ભિન્ન ઢગે તે પરિણમે છે ઇન્દ્રિયની અપેક્ષાએ જે જાતિનો જીવ હોય તે જે પુદ્ગલો ગ્રહણ કરે, તે તે જાતિપણે જ પરિણમાવે છે. આથી પુદ્ગલોની અસર સમજી શકાય છે

વિશેષણની જરૂર ક્યા?

બાધેલા ઉત્કૃષ્ટ પાપના પરિણામ ભોગવવાનુ સ્થાન નરક છે, એજ રીતિએ બાધેલુ ઉત્કૃષ્ટપુણ્ય ભોગવવાનુ સ્થાન દેવલોક છે, અને તે દેવગતિના પણ ચાર ભેદો છે એક મનુષ્ય એક સારૂ કાર્ય કરે, એક મનુષ્ય બે સારા કાર્યો કરે એક મનુષ્ય બે, ત્રણ, ચાર કે વધારે સારા કાર્યો કરે તો તેના ફળમા પણ તે મુજબ પ્રકારો માનવા પડશે ઉત્કૃષ્ટપુણ્ય-પરિણામ ભોગવવાના સ્થાન ઘણા માનવા પડશે ગઈ કાલે દેવલોકમાં વ્યવસ્થાની વિચારણા વિચારી ગયા ભવનપતિમા દશ ભેદો છે, એજ અક વ્યવસ્થાનો સૂચક છે ભવનપતિમા વ્યવસ્થા છતા વૈમાનિકને અગે વપરાયેલો 'કલ્પ' શબ્દ અહિ કેમ ન વાપરવામા આવ્યો?, વિશેષણ સફલ ત્યારેજ કહેવાય કે જ્યા સભવ કે વ્યભિચાર હોય લાલ વસ્ત્ર ત્યારેજ બોલવુ પડે છે, કે જ્યારે વસ્ત્રમા અન્ય રગ હોવાનો સભવ હોય છે પીળુ સોનુ કે ધોળુ રૂપુ એમ બોલાતુ નથી, કેમકે સોનામા પીળા વિના બીજો રંગ છે જ નહિ તેવી રીતે રૂપામા ધોળા વિના બીજો રગ છે જ નહિ બીજા રગનો સભવ ન હોવાથી સોના, રૂપામા વિશેષણ વાપરવાની જરૂર નથી ભવનપતિ વ્યતર, જ્યોતિષીમા, જે ભેદ છે, તેમા બધા સમાતા હોવાથી, અને બધા જ વ્યવસ્થા-

નિત હોવાથી ત્યાં 'કલ્પ' શબ્દનો પ્રયોગ કરવાની જરૂર નથી, અને એવું વિશેષણ લગાડવું તે ન્યાય દૃષ્ટિએ પણ અયુક્ત છે

૩ ત્રાગની તરતમતા મુજબ ફળની પણ તરતમતા

વૈમાનિક દેવલોકના બે ભેદ છે કેટલાક વૈમાનિકો દશ પ્રકારની વ્યવસ્થાવાળા છે, જ્યારે કેટલાક વૈમાનિકો તેવી વ્યવસ્થા વગરના છે કેટલાક વૈમાનિકોમા બીલકુલ ભેદ નથી, અર્થાત્ ત્યા બધાજ સમાન છે જ્યા એ ભેદજ નથી પડતા, ત્યા વિશેષણની જરૂર રહેતી નથી શુદ્ધ લેશ્યાવાળા જીવો દશ પ્રકારની વ્યવસ્થાવાળા વૈમાનિક દેવો થાય છે ભલે શુદ્ધ લેશ્યાવાળા જીવો મા યા, પણ તમામ પરિણતિ બધામા એક સરખી હોય એમ માની શકાય નહિ અનુભવથી જોઈએ છીએ કે ધર્મ ક્રિયામા પણ ઉલ્લાસની મંદતા તીવ્રતા દેખાય છે ધર્મ કાર્યમા પરિણતી કાયમ સરખી રહેતી નથી શારીરિક કૌટુંબિક, વ્યવહારિક કારણોને ધક્કો મારીને પણ ધર્મ કર્ત્તવ્ય ગણે છે, છતા તેને વખતે પરિણામની ધારા કેવી બને છે? એક મનુષ્ય જીવનના ભોગે ધર્મ ટકાવે યાને ધર્માનુષ્ઠાનમા અડગ રહે છે એક મનુષ્ય તેવો અડગ ન હોય એક મનુષ્ય નાગરિકપણે ધર્મ ટકાવે, એક મનુષ્ય શારીરિક, વ્યવહારિક-અડચણોને વેઠીને પણ ધર્મમા ટકી રહે અને એક તેમ ન ટકે, એ પ્રમાણે તેઓને મળનારા ફળમા પણ ફરક પડવાનો, અને ઉત્સાહની તરતમતા મુજબ ફળ પણ તરતમતાવાળાજ મળવાના

હરિબળ-માછીમારની દૃઢતા'

નિયમમા દૃઢતા માટે, બીજા કોઈનું નહિ, માછી હરિબળનું ઉદાહરણ વિચારીએ 'જાળમા જે માછલું પહેલું આવે તેને છોડી મૂકવું આટલો જ નિયમ એણે ગુરૂમહારાજ પાસે લીધો હતો માછીમાર હતો, કાંઈ ભણેલો ન હતો, પણ નિયમ લીધા પછી નિયમનો ભંગ ન થાય, તે માટે એની કાળજી કેટલી?, તેણે પણ એક રસ્તો શોધ્યો જાળમા આવનાર પ્રથમ માછલાને નિશાની કરતો, કે જેથી તે મત્સ્ય કરી બીજી વારકી જાળમા આવે તો ઓળખાય જો એમ ન કરવામા આવે તો જે અભયદાન જેને દેવાનું છે, તે બીજીવાર આવવાથી માર્યો જાય તે હેતુ છે હરિબલની આ યુક્તિ નિયમપાલનની તીવ્ર મનોવૃત્તિને આભારી છે આજના નિયમ લેનારાઓ છટવાના બારી બારણા શોધે છે પહેલેથી શોધે તે તો જુદી વાત, પરન્તુ નિયમ લીધા પછી પણ છટક-બારી શોધે છે જ્યારે આ માછીમાર તો નિયમ વાસ્તવિક-રીતિએ પાલન કરવા માટે પેલા મત્સ્યને નિશાની કરે છે માછીમારની દૃઢતાની પરીક્ષા કરવાનું દેવતાને મન થાય છે કોઈ મોટા સંત-સાધુ વગેરેને તપાસવાનું તો મન થાય, પણ દેવતાને માછીમારને ચકાસી જોવાનું મન કયારે થાય?, એની દૃઢતાએ તે દેવતાને પણ કેવો વિસ્મય કર્યો હશે? દેવતા મત્સ્ય થાય છે, કારણ કે દેવો વૈક્રિયરૂપ કરી શકે છે હરિબલે તો પોતાના નિયમાનુસાર તે મત્સ્યને ઓળખાણ માટે નિશાની કરી બીજી વખ

જાળ નાખી, પેલો જ મત્સ્ય એમા આવે છે, કેમકે દેવ માયા છે દેવ ઇરાદાપૂર્વક મત્સ્યરૂપે આવે છે, પરતુ માછીમાર અડગ છે, તેને છોડી મૂકે છે ફરી જાળ નાખે છે, ફરી એજ મત્સ્ય આવે છે માછીમારની દૃઢતા જોવાનો દેવે દાવ માડયો છે દેવે ગોઠવેલી બાજીમા દેવ હારે છે, માછીમારનો વિજય થાય છે દેવ દરેક જાળમા મત્સ્યરૂપે પોતે જ આવે છે, એટલુ જ નહિ, પણ બીજા મત્સ્યને તેમા આવવા દેતો જ નથી છતા માછીમાર લેશ પણ ડગતો નથી, કે ખિન્ન મનવાળો થતો નથી આજના કાયદાબાજ મનુષ્યો તો કહી દે કે "કરી લોને હવે, પછી આલોયણ લેઇ લઈશુ" પણ મહાનુભાવ! એમ ઇરાદાપૂર્વક ભગ કરવાની આલોયણા હોય? આલોયણા તો અકસ્માતાદિ કારણોને અગે વિહિત કરેલી છે અજાણતા માખી મરી જાય, એની આલોયણ, પણ જાણી બૂઝીને માખી મારો, અને કહો કે 'પછી આલોયણ લઈશુ' એમ ધારીને માખી મનાય?, એવી ધારણાથી હિંસા થાય? જરા પ્રસગને સમજો

જુબાન કર્યા પછી જીવન રહે તો શા કામનુ?

જીવનની માત્રા કરતા જુબાનમા માત્રા વધારે છે 'જીવન' શબ્દમા ચાર માત્રા છે, અને જુબાન શબ્દમા પાચ માત્રા છે આજના યુગમા વાતોના તડાકા કેવાય છે જુબાન કર્યા પછી જીવન રહે તે શા કામનુ? પરીક્ષા કરવા આવેલ દેવ દાવ ખેલે જ ગયો, માછીમારની જાળમા બીજા મત્સ્યને ન આવવા દઈને પોતજ આવતો ગયો માછીમાર પણ તેને છોડતો જ ગયો. આખો દિવસ આમ જ ચાલ્યુ, હવે વિચારો કે માછીમારની પરિસ્થિતિ કેટલી કઠ? આજીવિકાની વ્યવહારુ સ્થિતિ કેવી છે?, ઘેરે સાજનુ અનાજ પણ નથી, જાળમા માછલા આવે, તે વેચે, તે રકમથી અનાજ લાવે, ત્યારે રાધેલીમા ઓરાય તેમ છે બાયડી પણ કુભારજા હતી માછીમારે કુભારજા સ્ત્રીના ડરે ઘેર જવાનુજ માડી વાળ્યુ ઘેર ન જવુ કબૂલ, ભૂખ્યા પડી રહેવુ એ મજૂર; પણ નિયમ તે નિયમ!, અને નિયમનુ પાલન કરવુ તેજ જીવન

હરિબલ જગલમા જાય છે, અને રાત્રે ત્યા કોઈ મદિરમા સૂઈ જાય છે હવે વિચારો કે ભાગ્ય-પુણ્ય શુ કામ કરે છે! એકજ માછલાને અભયદાન આપવાના નિયમમા અડગ રહેવાના યોગે ભાગ્યનો પલટો કેવો તત્કાલ થાય છે તે જુઓ રાજકુવરીને એજ નગરના 'હરિબલ' નામના શ્રેષ્ઠી પુત્ર સાથે એજ જગલમા, એજ સ્થલે એજ મદિરમા મળવાનો સકેત થયેલો છે, તે સકેતાનુસાર રાજકુવરી રથમા ત્યા આવે છે, અને હરિબલ, હરિબલ!' કહીને એમ બૂમ મારે છે હવે જે હરિબલ આવવાનો હતો, તે કેમ આવ્યો, શાથી ન આવ્યો? તેણે (આવનાર વણિક પુત્રે) વિચાર્યું, કે 'રાજકુવરી સાથે ભાગવાનો વિચાર તો કર્યો પણ એમા મારી સલામતી નથી રાજાના હાથમા આવ્યા તો બાયડી લતા બાર વાગે' એમ વણિકપુત્ર તો નજ આવ્યો રાજકુવરીએ 'હરિબલ' એવી બૂમ મારી કે પેલો હરિબલ બહાર આવ્યો રાત્રિના અધારામા રાજકુવરીએ કાઈ જોયુ નહિ, જોવાની જરૂર પણ ન જ હોય એટલે તેણે, તો કહ્યુ કે-બેસો!

જલદી રથમાં બેસો! પેલો તો આશ્ચર્ય સાથે રથમાં બેઠો, અને કુંવરીએ રથને મારી મૂક્યો. માછીમાર રથમાં હતો, અને કુંવરી હતી રથ હાંકનાર. પ્રભાત થયું, અજવાળું થયું, કુંવરીએ શું જોયું ?, પિતાને ઠગીને, ગજકુંડળને તજીને જે ધણી માટે નીકળી હતી, તેના બદલે આ તો બીજો જ નીકળ્યો! કુંવરી તો આભી બની ગઈ તેણી કાંઈ વિચાર કરે ત્યાં તો આકાશમાંથી પેલો પરીક્ષકદેવ આવીને કહે છે, અને કુંવરીને સલાહ આપે છે 'હે સુભગે! તારા ભાગ્ય યોગે જ આ સંયોગ સાંપડ્યો છે, અને સુખી થવું હોય તો આને જ વરી લે!' કુંવરીએ એ જ વરનો સ્વીકાર કરી લીધો. હરિબલની કથા તમને ગમે છે ?, હા, તે રાજાની કુંવરી પામ્યો, રાજ્ય પામ્યો, વગેરે બધું તો તમને ગમે છે, પણ શાથી પામ્યો ત્યાં ધ્યાન જાય છે ?, એક જીવના અભયદાનમાં, કટોકટીના સંયોગોમાં કેવી અને કેટલી અડગતા રાખી એ વિચાર્યું ?, દુકાને આવનારા ગ્રાહકોમાં પહેલા ગ્રાહક સાથે પ્રમાણિકપણે જ વર્તવાનો નિયમ રાખ્યો છે ?, હરિબલના આખા દૃષ્ટાંતનું અહિં કામ નથી એ કથાનક પ્રસિદ્ધ છે અભયદાનનું પુણ્ય એને અધિક અધિક સાહ્યબી, રાજ્યાદિ આપે છે, અને એ સદ્‌ગતિનું ભાજન થાય છે આપણો મુદ્દો તો નિયમની અડગતાનો છે પરિણામની વિશુદ્ધિની તીવ્રતાનો ખાસ મુદ્દો છે આ તો એક જીવદયાનું દૃષ્ટાંત દીધું, તે રીતે બીજા દૃષ્ટાંતો સમજી લેવા

ભિન્ન પરિણતિથી ભિન્ન ફલ ભોગવાય છે

ધર્મકાર્યોને અંગે પરિણામની ધારા મંદ, મંદતર, મંદતમ, તથા મધ્યમમાં પણ તારતમ્ય, તેમજ તીવ્રતર તીવ્રતમ માનીએ, તો ફલમાં, ઉદયમાં, પરિણામમાં, ભોગવટામાં પણ મંદ, મંદતમ, તારતમ્યયુક્ત મધ્યમ, તથા તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ વગેરેપણું માનવું જ પડે અહિં પ્રશ્ન થશે કે કર્મોના ભેદો ન રાખતા લેશ્યાના ભેદો કેમ રાખ્યા?, કર્મના રસ, સ્થિતિને અંગે, કષાય સહચરિત લેશ્યા કારણ તરીકે લેવાય છે શુભ લેશ્યાનુસાર, તેમાં પણ પણ તારતમ્ય અનુસાર પુણ્ય ફળના ભોગવટા સ્થાનો પણ તે રીતે ભોગોની તરતમતાવાળા માનવા પડે સમકિતી, બારવ્રતધારી, અને મહાવ્રતધારીને અંગે ભિન્ન ભિન્ન ફલ મુજબ, દેવલોકના ભેદો પણ માનવા જ પડે છે

પાડા લડે એટલે ઝાડોનો ખોડો નીકળે

વૈમાનિક દેવલોકના બે ભેદ ૧ કલ્પોપન્ન, અને ૨ કલ્પાતીત પ્રથમનો ભેદ કલ્પોપન્ન એટલે જ્યાં આચારવાળા મોટા નાનાની મર્યાદાવાળા દેવલોકો છે તે દેવલોક-કલ્પોપન્ન દેવલોકમાં, દશ પ્રકારની વ્યવસ્થા છે એ વ્યવસ્થાવાળા દેવલોકના બાર પ્રકાર છે તેમના નામો આ પ્રમાણે છે ૧ સુધર્મ-દેવલોક, ૨ ઈશાન-દેવલોક ૩ સનત્‌કુમાર-દેવલોક, ૪ માહેન્દ્ર-દેવલોક, ૫ બ્રહ્મ-દેવલોક, ૬ લાંતક-દેવલોક, ૭ મહાશુક્ર-દેવલોક, ૮ સહસ્રાર-દેવલોક, ૯ આનત દેવલોક, ૧૦ પ્રાણત-દેવલોક, ૧૧ આરણ-દેવલોક, અને ૧૨ અચ્યુત-દેવલોક

પહેલા દેવલોકનુ નામ 'સુધર્મ દેવલોક છે દેવતાઓની સુધર્મ નામની સભા છે, તેથી તેને સુધર્મ દેવલોક કહે છે 'સુધર્મ' નામ શાશ્વતુ છે અહિ ગુણ-ક્રિયાને ઉદ્દેશીને સ્થાનનુ નામ છે સુધર્મ નામની સભાથી ઉપલક્ષિત આખો દેવલોક છે તે નામનો સુધર્મ દેવલોક એકરાજ લાબો પહોળો છે તેનો ઇંદ્ર સુધર્મ છે, એ દેવલોક સૌધર્મ દેવલોકને કહેનાય છે, અને સુધર્મ-ઇંદ્રનુ સૌધર્મ-દેવલોક પર આધિપત્ય છે

પાડા ન લડે, એ ઝાડોનુ નશીબ સમજવુ 'પાડે પાડા લડે અને ઝાડોનો ખોડો નીકળે' એ કહેવત પ્રચલિત છે પાડા લડે એટલે ઝાડો પડે, અને ઝાડોનુ નશીબ વાકુ હોય ત્યારેજ ત્યા પાડાઓ લડે છે **પ્રજાનુ પણ નશીબ પાતળુ હોય ત્યારેજ અધિકારીઓ અને રાજાઓ પરસ્પર લડે છે** સામાન્ય દેવતાઓના ક્લેશને ઇંદ્રો દાબી દે છે, પણ ઇંદ્રોના પરસ્પરના ઝઘડાનુ શુ ?, વાઘે માણસ માર્યો તેની ફરિયાદ કયા કરાય ?, સત્તાના લોભ ખાતર સત્તાધીશો લાખો કરોડો મનુષ્યોનો કચ્ચરઘાણ કાઢે છે, તેનો ઇન્સાફ કયા ?, ખરેખર સત્તાનો પ્રભાવ દેખાડવા જે સેનાપતિ વધારે સખ્યામા મારે તેને સત્તાધીશો શાબાશી આપે છે

ઇચ્છાનો છેડો કયા ?

ઇંદ્રો પણ દેવલોકના સત્તાધીશજ છે ને!, ઇંદ્ર એટલે તે તે સ્વર્ગના સ્વામી રાજાઓ વચ્ચે સરહદની તકરાર હોય છે, અગર નવી તકરાર થાય છે, તેવી રીતે સૌધર્મેન્દ્ર દક્ષિણના અર્દ્ધ વિભાગનો માલીક છે, ઇશાનેન્દ્ર પશ્ચિમના અર્દ્ધ વિભાગનો માલીક છે ઇંદ્રોને લોભનો થોભ નથી સરહદ પરના વિમાનો પચાવવાની, અને પોતાની સત્તાની સરહદમા લેવાની લોભવૃત્તિ થાય છે, એટલે એ ક્લેશ શરૂ થાય છે ઇચ્છા-તૃષ્ણાનો છેડો છે કયા ?, છ ખડનો માલીક દેવ પણ ઇચ્છે, અને દેવ દેવતાનુ સ્વામીત્વ-ઇંદ્રપણુ ઇચ્છે છે ઇંદ્રને ગામનુ, નગરનુ, અને દેશનુ ખડનુ નહિ પણ અર્ધ દેવલોકનુ રાજ્ય મળ્યા છતા, એટલા વિભાગનુ સામ્રાજ્ય સપાદન થયા છતા, ઇંદ્રપણુ મળ્યા છતાય, તેઓની ઇચ્છા રોકાતી જ નથી, અને લોભને લાત મરાતી જ નથી ઇચ્છા એ વૃધ્ધિ પામનારી વસ્તુ છે નાના બાળકો તળાવમા કાકરી નાખે, ત્યારે તરત કુડાળુ થાય એ પ્રથમ સપૂર્ણ કુડાળુ નાનુ હોય, તેની પાછળ મોટુ લગોલગ બીજુ કુડાળુ ઉભુ જ હોય છે તે મોટુ થતા જાય ત્યા ત્રીજુ ઉભુ જ હોય, એ કુડાળાઓનો છેડો ઠેક જલાશયને છેડે-કાઠે આવે છે દરિદ્રીને સો મળે એટલે 'ગગા નાહ્યા' માને સો મળ્યા પછી હજાર ઇચ્છે, હજાર ન મળે ત્યા સુધી ઇચ્છા હજારની, પણ હજાર મળ્યા એટલે ઇચ્છા લાખની થાય છે લાખ ન મળે ત્યા સુધી એમ બોલાય છે કે-'લાખ તો ઘણા છે ખાધાય ન ખુટે, લખેસરી થઇએ એ થોડુ છે!' પણ લાખ મળ્યા એટલે ઇચ્છા કરોડને વળગે છે કરોડ ઉપરના ક્રોડને ઇચ્છા કયા સુધી વળગે છે ?, કરોડ નથી મળ્યા ત્યા સુધી હજારનુ ઠેકાણુ નથી, અને લાખનો નિયમ કરે, તે જો બરાબર પળાય તો જ ભાગ્યશાળી હજાર નથી મળ્યા ત્યા સુધી ભલે સતોષ રહે, પણ હજાર મળ્યા એટલે વધ્યા, અને

જલદી રથમાં બેસો ! પેલો તો આશ્ચર્ય સાથે રથમાં બેઠો, અને કુંવરીએ રથને મારી મૂક્યો માછીમાર રથમાં હતો, અને કુંવરી હતી રથ હાંકનાર અજવાળું થયું, અજવાળું થયું, કુંવરીએ શું જોયું ?, પિતાને ઠગીને, રાજકુટુંબને તજીને જે ધણી માટે નીકળી હતી, તેના બદલે આતો બીજો જ નીકળ્યો ! કુંવરી તો આભી બની ગઈ તેણી કાંઈ વિચાર કરે ત્યાં તો આકાશમાંથી પેલો પરીક્ષકદેવ આવીને કહે છે, અને કુંવરીને સલાહ આપે છે "હે સુભગે ! ત્હારા ભાગ્ય યોગે જ આ સંયોગ સાંપડયો છે, અને સુખી થવું હોય તો આને જ વરી લે !" કુંવરીએ એ જ વરનો સ્વીકાર કરી લીધો હરિબલની કથા તમને ગમે છે ?, હા તે રાજાની કુંવરી પામ્યો, રાજ્ય પામ્યો, વગેરે બધું તો તમને ગમે છે, પણ શાથી પામ્યો ત્યાં ધ્યાન જાય છે ?, એક જીવના અભયદાનમાં, કટોકટીના સંયોગોમાં કેવી અને કેટલી અડગતા રાખી એ વિચાર્યું ?, દુકાને આવનારા ગ્રાહકોમાં પહેલા ગ્રાહક સાથે પ્રમાણિકપણે જ વર્તવાનો નિયમ રાખ્યો છે ?, હરિબલના આખા દૃષ્ટાંતનું અહિં કામ નથી એ કથાનક પ્રસિદ્ધ છે અભયદાનનું પુણ્ય એને અધિક અધિક સાહ્યબી, રાજ્યાદિ આપે છે, અને એ સદ્‌ગતિનું ભાજન થાય છે આપણો મુદ્દો તો નિયમની અડગતાનો છે પરિણામની વિશુદ્ધિની તીવ્રતાનો ખાસ મુદ્દો છે આ તો એક જીવદયાનું દૃષ્ટાંત દીધું, તે રીતે બીજાં દૃષ્ટાંતો સમજી લેવાં

ભિન્ન પરિણતિથી ભિન્ન ફલ ભોગવાય છે

ધર્મકાર્યોને અંગે પરિણામની ધારા મંદ, મંદતર, મંદતમ, તથા મધ્યમમાં પણ તારતમ્ય, તેમજ તીવ્રતર તીવ્રતમ માનીએ, તો ફલમાં, ઉદયમાં, પરિણામમાં, ભોગવટામાં પણ મંદ, મંદતમ, તારતમ્યયુક્ત મધ્યમ, તથા તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ વગેરેપણું માનવુંજ પડે અહિં પ્રશ્ન થશે કે કરણીના ભેદો ન રાખતાં લેશ્યાના ભેદો કેમ રાખ્યા?, કર્મના રસ, સ્થિતિને અંગે, કષાય સહચરિત લેશ્યા કારણ તરીકે લેવાય છે શુભ લેશ્યાનુસાર, તેમાં પણ પણ તારતમ્ય અનુસાર પુણ્ય ફળના ભોગવવા સ્થાનો પણ તે રીતે ભોગોની તરતમતાવાળા માનવા પડે સમકિતી, બારવ્રતધારી, અને મહાવ્રતધારીને અંગે ભિન્ન ભિન્ન ફલ મુજબ, દેવલોકના ભેદો પણ માનવા જ પડે છે

પાડા લડે એટલે ઝાડોનો ખોડો નીકળે

વૈમાનિક દેવલોકના બે ભેદ ૧ કલ્પોપપન્ન, અને ૨ કલ્પાતીત પ્રથમનો ભેદ કલ્પોપપન્ન એટલે જ્યાં આચારવાળા મોટા નાનાની મર્યાદાવાળા દેવલોકો છે તે દેવલોક-કલ્પોપપન્ન દેવલોકમાં, દશ પ્રકારની વ્યવસ્થા છે એ વ્યવસ્થાવાળા દેવલોકના બાર પ્રકાર છે તેમનાં નામો આ પ્રમાણે છે ૧ સુધર્મ-દેવલોક, ૨ ઈશાન-દેવલોક ૩ સનત્‌કુમાર-દેવલોક, ૪ માહેન્દ્ર-દેવલોક, ૫ બ્રહ્મ-દેવલોક, ૬ લાન્તક-દેવલોક, ૭ મહાશુક્ર-દેવલોક, ૮ સહસ્રાર-દેવલોક, ૯ આનત દેવલોક, ૧૦ પ્રાણત-દેવલોક, ૧૧ આરણ-દેવલોક, અને ૧૨ અચ્યુત-દેવલોક

પહેલા દેવલોકનુ નામ 'સુધર્મ દેવલોક છે દેવતાઓની સુધર્મ નામની સભા છે, તેથી તેને સુધર્મ દેવલોક કહે છે 'સુધર્મ' નામ શાશ્વતુ છે અહિ ગુણ-ક્રિયાને ઉદ્દેશીને સ્થાનનુ નામ છે સુધર્મ નામની સભાથી ઉપલક્ષિત આખો દેવલોક છે તે નામનો સુધર્મ દેવલોક એકરાજ લાંબો પહોળો છે તેનો ઇદ્ર સુધર્મ છે, એ દેવલો- સૌધર્મ દેવલોકને કહેવાય છે, અને સુધર્મ-ઇદ્રનુ સૌધર્મ-દેવલોક પર આધિપત્ય છે

પાડા ન લડે, એ ઝાડોનુ નશીબ નમજવુ 'પાડે પાડા લડે અને ઝાડોનો ખોડો નીકળે' એ કહેવત પ્રચલિત છે પાડા લડે એટલે ઝાડો પડે, અને ઝાડોનુ નશીબ વાકુ હોય ત્યારેજ ત્યા પાડાઓ લડે છે **પ્રજાનુ પણ નશીબ પાતળુ હોય ત્યારેજ અધિકારીઓ અને રાજાઓ પરસ્પર લડે છે** સામાન્ય દેવતાઓના કલેશને ઇદ્રો દાબી દે છે, પણ ઇદ્રોના પરસ્પરના ઝઘડાનુ શુ ?, વાઘે માણસ માર્યો તેની ફરિયાદ કયા કરાય ?, સત્તાના લોભ ખાત- સત્તાધીશો લાખો કરોડો મનુષ્યોનો કચ્ચરઘાણ કાઢે છે, તેનો ઇન્સાફ કયા ?, ખરેખર સત્તાનો પ્રભાવ દેખાડવા જે સેનાપતિ વધારે સખ્યામા માર તેને સત્તાધીશો શાબાશી આપે છે

ઇચ્છાનો છેડો કયા ?

ઇદ્રો પણ દેવલોકના સત્તાધીશજ છે ને !, ઇદ્ર એટલે તે તે સ્વર્ગના સ્વામી રાજાઓ વચ્ચે સરહદ ી તકરાર હોય છે, અગર નવી તકરાર થાય છે, તેવી રીતે સૌધર્મેન્દ્ર દક્ષિણના અર્દ્ધ વિભાગનો માલીક છે, ઇશાનેન્દ્ર પશ્ચિમના અર્દ્ધ વિભાગનો માલીક છે ઇદ્રોને લાભનો થોભ નથી સરહદ પરના વિમાનો પચાવવાની, અને પોતાની સત્તાની સરહદમા લેવાની લોભવૃત્તિ થાય છે, એટલે એ કલેશ શરૂ થાય છે ઇચ્છા-તૃષ્ણાને છેડો છે કયા ?, છ ખડનો માલીક દેવપણુ ઇચ્છે, અને દેવ દેવતાનુ સ્વામીત્વ ઇદ્રિપણુ ઇચ્છે છે ઇદ્રને ગામનુ નગરનુ, અને દેશનુ ખડનુ નહિ પણ અર્ધ દેવલોકનુ રાજ્ય મળ્યા છતા, એટલા વિભાગનુ સામ્રાજ્ય સ પાદન થયા છતા, ઇદ્રપણુ મળ્યા છતાય, તેઓની ઇચ્છા રોકાતી જ નથી, અને લોભને લાભ મરાતી જ નથી ઇચ્છા એ વૃદ્ધિ પામનારી વસ્તુ છે નાના બાળકો તળાવમા કાકરી નાખે, ત્યારે તરત કુડાળુ થાય એ પ્રથમ સપૂર્ણ કુડાળુ નાનુ હોય તેની પાછળ મોટુ લગોલગ બીજુ કુડાળુ ઉભુ જ હોય છે તે મોટુ થવા જાય ત્યા ત્રીજુ ઉભુ જ હોય, એ કુડાળાઓનો છેડો ઠેઠ જલાશયને છેડે-કાઠે આવે છે દરિદ્રીને સો મળે એટલે 'ગગા નાહ્યા' માને સો મળ્યા પછી હજાર ઇચ્છે, હજાર ન મળે ત્યા સુધી ઇચ્છા હજારની, પણ હજાર મળ્યા એટલે ઇચ્છા લાખની થાય છે લાખ ન મળે ત્યા સુધી એમ બોલાય છે કે-' લાખ તો ઘણા છે ખાધાય ન ખૂટે, લખેસરી થઇએ એ થોડુ છે !' પણ લાખ મળ્યા એટલે ઇચ્છા કરોડને વળગે છે કરોડ ઉપરના કેન્દ્રને ઇચ્છા કયા સુધી વળગે છે ?, કરોડ નથી મળ્યા ત્યા સુધી હજારનુ કે ઇ નથી, અને લાખનો નિયમ કરે, તે જો બરાબર પળાય તો જ ભાગ્યશાળી હજાર નથી મળ્યા ત્યા સુધી ભલે સતોષ હો, પણ હજાર મળ્યા એટલે વધ્યા, અને

લાખ મળ્યા પછી સંતોષ રાખે તો પણ રહેતો નથી લાખ પછી ક્રોડ ની, ક્રોડ પછી અબજની ઇચ્છા, અબજ રીતિએ વધે છે તે પછી ચક્રવર્તીપણાની, દેવતાઈ સંપત્તિની યાને દેવત્વની, ઇંદ્રપણાની એમ ઇચ્છા ઉત્તરોત્તર પેલા પાણીમાના કુંડાળાની જેમ ફેલાતી વધતી જ જાય છે ઇંદ્રપણુ મળ્યુ ત્યા પણ કઈ દશા?, સરહદનો, સરહદ ઉપર સત્તાનો લોભ!, સરહદમાના વિમાનો મેળવવા માટે તજ ઇંદ્રો વચ્ચે ઝઘડાનુ કારણ ઊભુ થાય છે આ પરિસ્થિતિમા યુદ્ધ ન થાય, તે માટે જ વ્યવસ્થા માટે લોકપાલ તથા ત્રયાસ્ત્રિંશત્ વર્ગ છે ઝઘડો વધ્યો તો તે ઇંદ્રો, ઉપરના ઇંદ્રોને સ્મરણ કરીને બોલાવે અને તે કહે છે તે જ ચૂકાદો બેય ઇંદ્રો માન્ય રાખે છે પહેલા દેવલોકના ઇંદ્ર તથા બીજા દેવલોકના ઇંદ્ર વચ્ચેના ઝઘડાનો નિકાલ ત્રીજા દેવલોકનો ઇંદ્ર કરે છે ત્રીજા દેવલોકના ઇંદ્ર તથા ચોથા દેવલોકના ઇંદ્ર વચ્ચેના કલહનુ નિરાકરણ પાચમા દેવલોકનો ઇંદ્ર કરે છે પાચમા વિગેરે દેવલોકમા પોતાનો ચૂકાદો પોતે જ કરે, એ રીતે વ્યવસ્થા સમજવી આ રીતે બાર દેવલોકો ઇંદ્રાદિની વ્યવસ્થા સહિત છે સુધર્મથી યાવત્ અચ્યુત દેવલોક સુધી સમજવુ જે જીવોએ જેવા કર્મ-પુદ્ગલો પરિણમાવ્યા હોય તેવા તેવા સ્થાને તે તે ઉપજે છે વ્યવસ્થાવાળા વૈમાનિક-દેવલોકનુ નામ 'કલ્પોપપન્ન' શાસ્ત્રમા કહ્યુ છે

કલ્પાતીત દેવલોકો કયા?

વૈમાનિક-દેવલોકના બીજા પ્રકારનુ નામ કલ્પાતીત છે જ્યા 'કલ્પ' એટલે આચાર નથી, વ્યવસ્થા નથી, તે દેવલોકનુ નામ 'કલ્પાતીત' છે, અને આ દેવલોકને ઉત્તમ, શ્રેષ્ઠ કહેલ છે અહિં શકા થશે કે જ્યા વ્યવસ્થા જ ન હોય, ત્યા શ્રેષ્ઠતા કઈ રીતે માનવી?, દુનિયામાં દેખીએ છીએ કે જ્યા વસતી છે, ત્યા વ્યવસ્થા હોય છે, પણ જગલીઓમા વ્યવસ્થા હોય જ નહિ જેમ કલ્પાતીત દેવોને વ્યવસ્થા વગરના છતા ઉત્તમ કહ્યા-શ્રેષ્ઠ કહ્યા તેમ વ્યવસ્થા વગરના છતા પાચ અનુત્તરના દેવોને પણ શ્રેષ્ઠ કહ્યા છે નવ ગ્રૈવેયકનુ સ્વરૂપ વિચાર્યા પછી ત્યા વ્યવસ્થાની જરૂર છે કે નહિ તે ખ્યાલમા આવશે મનુષ્યલોકમા મનુષ્યોનો સમુદાય એકઠો થઈને રાજા નિયત કરે છે, પણ સિંહની જાતિમા કયો રાજા?, અને કયો નોકર?, જ્યા બળમા, સયોગો-વગેરેમા તીનના મદતા છે ત્યાજ વ્યવસ્થાની જરૂર છે જ્યા સરખાપણુ છે ત્યા સ્વામીપણુ કે સેવકપણુ હોતુ જ નથી આને અંગે વિશેષ અધિકાર અનેવર્તમાન

卐 卐 卐

દેશના—૨૮

कप्पातीत०, गोयमा ! दुविहा पण्णत्ता, तंजहा–गेवेज्ज कप्पातीत वेमाणिया, अणुत्तरोववाइयकप्पातीतवेमाणिया,

દેવતાઓના ભેદોમા પરિણતિની અસર કારણરૂપ છે

નાનો સરખો ધર્મ પણ તીવ્રતાથી મહાન ફ્લને, યાવત્ મોક્ષને તત્કાલ આપે છે

શ્રી ગણધર મહારાજા, શ્રી શાસનની સ્થાપના પ્રસગે, ભવ્યોના મગલાર્થે, મ ગલમય-શાસનની મર્યાદા ચાલુ રાખવા માટે, શ્રી દ્વાદશાગીની રચના કરે છે એ દ્વાદશાગીમા પાચમુ શ્રી ભગવતીજી સૂત્ર છે, અને તેના આઠમા શતકના પ્રથમ ઉદ્દેશામા પુદ્ગલ-પરિણામ અધિકાર ચાલુ છે

જીવોના મુખ્ય ભેદ બે છે કર્મ-પુદ્ગલના સમર્ગવાળા જીવો સસારી, અને કર્મ રહિત જીવો મુક્તિના સસારી જીવોના પાચ પ્રકાર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય તથા પચેન્દ્રિય પચેન્દ્રિયના ચાર ભેદ—નારકી, તિર્યંચ મનુષ્ય અને દેવતા બાધેલા ઉત્કૃષ્ટ-પાપનુ પરિણામ ભોગવવાનુ સ્થાન નરક છે બાધેલા ઉત્કૃષ્ટ પુણ્યનુ પરિણામ ભોગવવાનુ સ્થાન સ્વર્ગ છે ધર્માનુષ્ઠાન કરનારાઓ, અને પુણ્યોપાર્જન-ક્રિયા કરનારાઓ સમાન પરિણામના ન હોય, એ સમજી શકાય તેમ છે, અને તે વાત વિચારી ગયા છીએ આચાર પ્રવૃત્તિ વ્યવહારથી સમાન દેખાય, પણ પરિણામ ભિન્ન હોઈ શકે છે, એટલે પરિણામમા તારતમ્ય હોઈ શકે છે

શ્રાવક-કુટુબોમા વાતો કઇ હોય?

નાગકેતુએ જન્મનાજ અટ્ઠમ કર્યો એ શી રીતે બન્યુ ?, પર્યુષણપર્વ આવે એટલે તમે તો મોની દરજી ઘોસીને યાદ કરો છો પણ નાગકેતુએ અટ્ઠમ કર્યો એ શી રીતે બન્યુ ?, તે વિચારો ! પૂર્વ ભવના સબધનો અહિં મુદ્દો નથી ભલે એ બાળકે પૂર્વ જન્મના સસ્કારથી-જ્ઞાનથી અટ્ઠમ કર્યો, પણ એ બધુ બનવામા નિમિત્ત રૂપ વાતાવરણનો અહિં મુદ્દો છે પ્રથમના વખતના પર્યુષણ આવે, ત્યારે શ્રાવકના કુટુબોમા 'તપશ્ચર્યા કેટલી કરવી' એ વિચારાતુ હતુ, અને પૃચ્છા પણ એની થતી હતી તે નગરમા .... નામનો શેઠ છે, તેને ત્યા 'નાગકેતુ નામનો બાળક જન્મ્યો

(નામ તો પાછી પડયુ) છે, એટલે એ શેઠ શ્રીમંત હોઇ, ત્યા અન્ય સ્નેહી, સંબંધી શ્રાવકો આવ્યા છે એ પ્રસંગ કયો?, શેઠની સ્ત્રીને સુવાવડનો પ્રસંગ કે છે બીજુ કાંઈ? એ આવનારા કોઇ દેરાસર કે ઉપાશ્રયે નથી આવ્યા કે ત્યા સામાયિક પ્રતિક્રમણ કરવા નથી આવ્યા, છતા આવનારા વાતો કઈ કરે છે? એ જોવા આવનારામાં સામાયિકાદિ કરનારો વર્ગ ઘણો ન હોય, એ પણ દેખીતુ છે, છતા ત્યા વાતો કઈ ચાલે છે?, સુવાવડી શેઠાણીને જોવા ગયા, યાને સબંધને અંગે શેઠાણીની ખબર પૂછવા ગયા છે ત્યા પણ વાતો તો બધા સબંધીઓ નજીક આવનારા પજુસણને અંગે તપશ્ચર્યાની જ કરી રહ્યા છે એ કુલમા કેવો સંસ્કાર હશે?, કે જેથી સુવાવડ જેવા પ્રસંગે પણ નજીક આવનારા પર્યુષણ પર્વ અંગે, તે કુલમા તપશ્ચર્યાની વાતો ચાલે છે આ વાત કયા સ્વરૂપે, કયા પ્રમાણે, કઈ ઢબે થયેલ હશે કે જેથી જન્મેલા બાળકનુ ધ્યાન ત્યાજ દોરાય! કહો કે એક જ એ વાત ચાલતી હોય બીજી કોઇપણ વાત ચાલતી નજ હોય, તો જ બાળકનુ ધ્યાન દોરાય બાલ ના કાનમા 'અઠ્ઠમ તપ' નો શબ્દ પડયો, પછી જાતિ-સ્મરણ જ્ઞાન થયુ, પૂર્વ ભવ જોયો અને ત્યાનો અપૂર્ણ તપ અહિં પૂરો કર્યો

,આપણો મુદ્દો શ્રાવકના કુટુંબોના વાતાવરણનો છે દુનિયામા કહેવત છે કે 'સૂતારનુ મન બાવળીએ!' સૂતાર રસ્તે ચાલ્યો જતો હોય તો શુ વિચારે?, આ ખેતર કોનુ? આ બાવળનુ વૃક્ષ કોનુ?, આનો 'પાટડો તથા થાભલો સારો થાય' વગેરે એનુ મનજ ત્યાં! એજ રીતે જેના મનમા ધર્મ રમી રહ્યો હોય તે બીજા પ્રસંગે પણ વિચારો તો ધર્મનાજ કરે ને! છોકરો ફેર ફૂદડી ફરે પછી ભલે બેસી જાય, તો પણ તેના ચક્કર તો ચાલુ જ હોય છે જેના મનમા ધર્મ એતપ્રોત થયો હોય, ધર્મ જેને વસ્યો કે રુચ્યો હોય તે પછી દુનિયાદારીના ગમે તેવા કામમા રોકાયો હોય, તો પણ સંસ્કારથી ધર્મના જ વિચારો ચાલતા હોય વિચારો કે કેવા વાતાવરણે પેલા બાળકને અઠ્ઠમ કરવાનુ મન થયુ હશે!

પર્વ આવે ત્યારે આજે શાનો વિચાર કરાય છે?

તમારે ત્યા પર્યુષણમા વસ્ત્રો, અલંકારો માટે ધમાધમ અને ઝઘડા! ઘરના જેઠાણી, નણંદ, ભાભી, સાસુ અને વહુ વચ્ચે પર્વ દિવસોમા ઝઘડા શાના?, 'એમણે આ પહેર્યું અને મારે નહિં, અગર મારે માટે આવુ?, આજ વાત કે બીજી કાંઈ?, પર્વ દિવસોમા વસ્ત્રાલંકાર પહેરવાનો પ્રતિબંધ નથી, છૂટ છે, પણ ઝઘડા હોય?, આ તો સ્થિતિ એવી કે પર્યુષણ પહેલા તો દાગીના દાબડામા પડી રહેલા હોય, પર્યુષણ આવે ત્યારે દાબડા ઉઘડે, દાગીના નીકળે, અને એના માટે ખેંચાતાણી, ઈર્ષ્યા કલેશ વગેરે થાય શ્રીપંચા-પચાશકમા વસ્ત્રાભૂષણની છૂટ આપી છે, તે શાસન શોભાની દૃષ્ટિએ સમજવી વિશેષમા બીજાને ધર્મના ફલનુ ભાન થાય, તથા વસ્ત્રાલંકાર ધારણ કરનારના ધર્મ પ્રેમનો દેખનારને ખ્યાલ થાય આ તો ઘરની વ્યક્તિઓમાજ વિગ્રહ થાય એ શુ યોગ્ય છે?, કહેવુ પડશે કે નહિ

તરતના જન્મેલા બાલકનો પુણ્યોદય ધરણેંદ્રને આકર્ષે છે

પેલા ઘોડીઆમા સૂતેલો બાળક જન્મતાજ અઠ્ઠમ કરે છે બાલકનો અઠ્ઠમ એટલે સ્તનપાનનો ત્યાગ!, આજ કાલ તપ વગેરે ન કરવાના બચાવમા 'शरीरमाद्य खलु धर्मसाधनम् !' એ સૂત્ર આગળ કર છે, પણ આ બાળકે તો તપોધર્મની સેવનામા ઝુકાવી દીધુ શરીર ધર્મનુ સાધન ખરૂ, શરીર સાચવવાનુ ખરૂ, પણ ધ્યેય તો ધર્મનુ ને!, પ્રથમ સાચવવાનો ધર્મ, પછી સાચવવાનુ શરીર પ્રથમ રક્ષણીય ધર્મ કે ધર્મના સાધન રૂપ શરીર?, મોક્ષના સાધનો સમ્યગદર્શનાદિ છે, તેનુ કારણુ જણાવતા થકા કહે છે કે 'સાધન' અને 'હેતુ' બે શબ્દો જણાવ્યા છે સાધુના શરીરને મોક્ષનુ સાધન ગણવામા આવ્યુ નથી, પણ મોક્ષના સાધનના હેતુ તરીકે તેને ધારણ કરવાનુ રહે છે જ્ઞાન એ સાધુનુ શરીર, દર્શન એ સાધુનુ શરીર, ચારિત્ર એ સાધુનુ શરીર જડ શરીર જ્ઞાનાદિ સ્વરૂપ બને કેમ?, આ પ્રશ્ન થાય છે, અગર થઈ શકે છે શ્રી હેમચન્દ્રાચાર્યજીને શિષ્ય પ્રશ્ન કરે છે ભલભલા આત્મામા જ્ઞાનાદિ આવતા મુશ્કેલ પડે છે, તો જ્ઞાન, દર્શન, ચારિત્ર એ સાધુનુ શરીર શી રીતે?, સમ્યગજ્ઞાન દર્શન ચારિત્ર સ્વરૂપ આત્મા કયા રહે છે?, સમાધાન આપવામા આવે છે, કે જ્ઞાનાદિ સ્વરૂપ-આત્મા શરીરમા અધિષ્ઠાન કરી રહ્યો છે, માટે જ્ઞાનાદિ ગુણોનુ કારણુ શરીર, તે પણ મોક્ષ સાધનના મુદ્દા એજ છે

नमो अरिहंताण એટલે?, શત્રુઓને હણનારને નમસ્કાર થાઓ?, વાઘે શત્રુને હણ્યો, માટે વાઘને નમસ્કાર એમ?, વસ્તુ સ્વરૂપને સમજ્યા વિના જેઓ મન કલ્પિત અર્થો લાગુ કરીને અનર્થ કરે તેમને કેવા ગણવા?, કર્મરૂપી શત્રુને હણનારને નમસ્કાર છે, નહિ કે અન્ય મનુષ્યાદિ-દુશ્મનને એજ રીતે અભક્ષ્યનુ ભક્ષણકરવાના અને અપેયનુ પાન કરવાના લોલુપીઓ, લોલુપ્યવશાત્ 'शरीरमाद्य खलु धर्मसाधनम्।' કહેવા તૈયાર થાય છે

તત્કાલ જન્મેલો બાલક અઠ્ઠમ કરે છે બાલકના શરીરનુ સામર્થ્ય કેટલુ? શરીર ઢીલુ તો પડેજને! શ્રીમતનો એકનો એક પુત્ર!, તરતનો જન્મેલો બાલક સ્તનપાન ન કરે, ત્યા માબાપ શુ ન કરે?, સ્તનપાન તો શુ, પણ પાણી કે દવા ગળે ઉતરતો નથી, અને છેવટે મૂર્છિત થાય છે તરતના જન્મેલા બાલકનો દેહ સહે કેટલુ? ખલાસ! કુટુંબીઓએ તો મરેલો ધારી લીધો, શ્મશાને લઈ ગયા, અને દાટ્યો તપનો અદ્ભુત પ્રભાવ! દેખીને ધરણેંદ્ર ત્યા આવીને હાજર થાય છે આપણુને દેવતા આવ્યાની વાત ગમે છે, એ વાત ઉપર લક્ષ જાય છે, પણ અઠ્ઠમ કર્યા ઉપર લક્ષ ગયુ?, સામાન્ય લોકો પ્રભાવ તરફ જુએ છે, પરિણતિ તરફ નથી જોતા બાલકની અઠ્ઠમ તપમા અડગતા કેટલી કે જેથી ધરણેંદ્ર સ્વયં હાજર થાય છે

મિત્ર કેવી સલાહ આપે?

જન્મ પામેલાને રમાડવાની રમુજ માટે સૌ દોડે છે. જન્મેલાને રમાડવામાં સૌને રમુજ આવે છે, પણ જણનારીને જન્મ આપવામાં કેવાં જોખમો છે તેનો ખ્યાલ કોઈને નથી તેમ કથાનો, કથાના પુણ્યના પરિણામ દેખાડનાર સુંદર ભાગનો સૌ કોઈ મોજ માણે છે, પણ એવી સુંદર સ્થિતિ ઉત્પન્ન થાય છે શાથી?, એવી કથા રચાઈ શાથી, એનો ખ્યાલ થાય છે?, નાગકેતુના પૂર્વભવ તરફ દૃષ્ટિ કરો! ઓરમાન માતાને વશ પડેલો એ ત્યાં બાળક હતો. શત્રુ ચુલામાં શેકે એતો દુનિયાને દેખાડી શકાય, અર્થાત્ દુનિયા દેખી શકે પણ ઓરમાન માતાના શેકાવાથી પડેલા ડાઘ, ડામ, થતી બળતરાનો ખ્યાલ કઈ રીતે લોકોને કરાવાય? એ ભવમાં એ બાળક ઓરમાન માતાથી શેકાયા જ કર્યો છે, કંઈ પણ ધર્મ કર્યો નથી. સુખ દુઃખનું કારણ શું છે, એની બાળકને સમાગમ ક્યાંથી હોય? આ બાળકે પોતાના એક જરા મોટી વયના દોસ્તને પોતાની રોજની આફતની કથની કહી સંભળાવી. પેલો પણ હતો તો નાની વયનો, પણ આનાથી જરા મોટો, એટલે એણે સામાન્યતઃ પોતાના કુટુંબમાં સાંભળેલું યાદ રહેલું, તે આધારે આણે તેણે સલાહ આપી. કુટુંબોમાં થતી સારી કે નરસી વાતચીતના લાભ અને હાનિ પરંપરાએ પણ કામ કરે છે. મિત્રનું કામ સલાહ આપવાનું છે. વિવેકી મિત્ર સાચી સલાહ આપે છે, અને હિતકર માર્ગ બતાવે છે. અવિવેકી મિત્ર અહિતકર માર્ગ બતાવે છે, માટે વિવેકી મિત્ર મળવો, સારી સલાહ મળવી એ પણ પુણ્યોદયે જ બને છે. પોતાના મિત્રની વાત સાંભળતાં જ તે મિત્રે, કહ્યું કે "જો ભાઈ! ઓરમાન માતા દુઃખ દે છે, એ વાત ખરી પણ પૂર્વ ભવમાં તે ધર્મ નથી કર્યો, પાપ કર્યું છે, જેનું આ પરિણામ છે." બાળકની સલાહ સામાન્ય ભાષામાં, વયને અનુસાર હોય. મિત્રે કહ્યું, કે "હવે ધર્મ કર જેથી ભવિષ્યમાં દુઃખ ન થાય" વર્તમાનને અંગે વિચારીએ તો કાંટાથી દૂર રહેવાનું બને, અને કાંટો વાગ્યો હોય તો કાઢી નાખવો, કે કાં તો સહન કરવું એ જ બને. કાંટો કાઢવાથી પણ ભવિષ્યમાં કાંટો નહિ જ વાગે એમ નથી. વર્તમાનમાં ઉપસ્થિત થયેલો વ્યાધિ દવાથી મટે છે, પરંતુ તેથી ભવિષ્યમાં વ્યાધિ ન જ થાય એમ નથી. ભવિષ્યમાં ન થાય માટે પણ ઉપાયો કરવાની આવશ્યકતા છે.

ધર્મના વિચારે ભવાંતરે અમલ કરાવ્યો

પેલા મિત્રે એને ભવિષ્યના નિરૂપદ્રવપણા માટે તપશ્ચર્યા કરવાની સલાહ આપી. બાળકોમાં પણ તપનું મહત્વ કેટલું વ્યાપેલું હશે કે! મિત્રના મુખથી આ વાત સાંભળીને પેલા બાળકે હૃદયમાં સંકલ્પ કર્યો કે 'પર્યુષણમાં હું અઠ્ઠમ કરીશ' આ વિચારમાં તે બાળક તે દિવસે કંઈ કારણવશાત્, બાજુની એક ઝુંપડીમાં સૂતો. ઓરમાન માતા આ બાળકનો નાશ કરવા લાગ જોયા કરતી હતી, તે તેણીને મળ્યો. તેણીએ શું કર્યું?, અગ્નિ નાખ્યો અને ઝુંપડી સળગાવી!,

અટ્ઠમ હજુ કર્યો નથી, પણ 'અટ્ઠમ કરવો છે' એ ભાવનામા બળી મુઓ, અને શેઠને ત્યા નાગકેતુ રૂપે જન્મ્યો પૂર્વ જન્મમા નથી થયો મહાત્માનો સસર્ગ, નથી કર્યા કોઇ મતના દર્શન, નથી સાભળ્યો કોઈ વ્યાખ્યાતા-મહર્ષિનો ઉપદેશ, એવો કોઈ જોગ જ એને બાલ્ય-કાલ-જીવનમા મળ્યો જ નથી ફક્ત મિત્રની સલાહ અનુસાર ધર્મ કૃત્ય (અટ્ઠમ-તપ)નો વિચાર માત્ર કર્યો છે, તેનુ આ ફલ!, બીજા જ ભવે કેવળજ્ઞાન અપાવી મોક્ષ મેળવાવે છે એવુ ઉત્કૃષ્ટ ફલ, માત્ર જે વિચારથી થાય તે વિચારની તીવ્રતા જ ખ્યાલમા લેવા જેવી છે નાનો સરખો ધર્મ પણ પરિણામની તીવ્રતાએ મહાન્ ફલ આપે છે કેટલીક વખત ધર્મના મહાન્ કાર્યોમા, અલ્પ ફળ મળે એવુ દેખાય છે, ત્યા કારણ પરિણામની મદતાનુ છે નાગકેતુને દેવતા બહાર કાઢે છે, મહિમા તેનો વધારે છે, એજ ભવમા તે કેવળજ્ઞાન પામીને મોક્ષે જાય છે એ પ્રસિદ્ધ છે આપણે તો મુદ્દા પુરતુ દૃષ્ટાત વિચાર્યું છે

આ બધુ ધ્યાનમા લેશો ત્યારે જ દેવલોકમા પણ ભુવનપતિ, વ્યતર, જ્યોતિષી, વૈમાનિક, તેમા પણ, કલ્પોપપન્ન, કલ્પાતીત એવા ભેદો શાથી છે?, તે સમજાશે ધર્મની પરિણતિમા, પ્રવૃત્તિમા રસની ઉલ્લાસની વિચિત્રતાને અગેજ આ ભેદો છે

"ત્યાગમય જૈનશાસન એજ અર્થ, પરમાર્થ અને એના વિનાના તમામ પદાર્થો અનર્થરૂપ (જુલમગાર) છે" આવુ મન્તવ્ય તે જ સમ્યક્ત્વ, સમકિતીની ધારણા શ્રીજિનેશ્વરદેવના પ્રવચન અગે આવી હોય

સમકિતી અવશ્ય વૈમાનિક થાય 'આર્થિક, કૌટુબિક, વ્યવહારિક, સાયોગિક કારણો વિના પાપ ન કરૂ, અને તે કારણોમા પણ બને તેટલુ પાપ ઓછુ કરૂ' આવી ભાવનાથી ત્યાગની દિશાએ વધનાર દેશવિરતિ જીવો બારમા દેવલોક સુધી જઇ શકે છે નવગ્રૈવેયક તથા પાચ અનુત્તર એ ચૌદ સ્થાન કોના માટે નિયત છે? શારીરિક સયોગથી નિરપેક્ષ થઈ પ્રવ્રજ્યા સ્વીકારનાર માટે એ ચૌદ સ્થાનો નિયત છે કાયદો સીવીલ ડેથ એટલે લેણદેણની બાબતમા મરેલો ગણે, પણ આ પોતે તો પોતાને તમામથી અલગ ગણે છે, યાને પોતે તમામને વોસિરાવે છે આવા જીવો કલ્પાતીત દેવલોકના આ ચૌદ સ્થાનને લાયક ગણાય છે સયતપણામા પણ પ્રમત્ત અપ્રમત્ત એવા બે ભાગ છે એથી ફલમા પણ ફરક પડવાનો હવે નવગ્રૈવેયક તથા અનુત્તર વિમાનને અગે ભેદ કેવી રીતે પડે તે અને વર્તમાન

દેશના-૨૯

गेवेज्ज कप्पातीततगा नवविहा पण्णत्ता, त जहा-हेट्ठिम२गेवेज्जकप्पातीतग वेमाणिया जाव उवरिम२ गेविज्जगकप्पातीय वेमाणिया० ।

નવગ્રૈવેયક તથા પાચ અનુત્તર વિમાનમા વ્યવસ્થા શા માટે નથી?

શ્રી શાસન-સ્થાપના માટે શ્રી તીર્થંકર દેવે સમર્પેલી ત્રિપદી માત્રથી શ્રી દ્વાદશાગીની રચના કરતા પચમાગ શ્રી ભગવતીજીના અષ્ટમ શતકના પ્રથમ ઉદ્દેશામા જે પુદ્ગલ-પરિણામનો વિષય છે તેનો અધિકાર ચાલી રહ્યો છે પુદ્ગલના પરિણામના પ્રકારથી માડીને, જાતિ, ગતિ વગેરે સબધમા, પુદ્ગલ-પરિણમનની દૃષ્ટિએ વિચાર કરી ગયા દેવતાઓના ભેદોનો વિચાર ચાલી રહ્યો છે સત્તામા રહેલા શુભાશુભ કર્મનુ ફલ જીવને મળે જ છે દેવલોક એ ઉત્કૃષ્ટ પુણ્યનુ પરિણામ ભોગવવાનુ સ્થાન છે, અને પુણ્યકાર્યોમા, પૂર્વે પરિણતિમા ઉલ્લાસમા જેવું તારતમ્ય હોય તેજ પ્રમાણે દેવલોકના સ્થાન વૈભવાદિની પ્રાપ્તિમા તારતમ્યતા હોયજ એ સ્પષ્ટ છે

હવે વૈમાનિક દેવલોકના બે ભેદ છે તે ૧ કલ્પોપપન્ન, અને ૨ કલ્પાતીત કલ્પોપપન્ન દેવલોકમા દશ પ્રકારની વ્યવસ્થા રહેલી હોય છે, અને કલ્પાતીત દેવલોકમા તે નથી વૈમાનિક-દેવલોકમા વ્યવસ્થાવાળા દેવ અને વ્યવસ્થા વિનના દેવ હોવાથી જ કલ્પ શબ્દના પ્રયોગ વડે બે ભેદ કહેવા પડયા જો તમામ તે દેવો એક સરખા, કા તો વ્યવસ્થાવાળા, કા તો વ્યવસ્થા વગરના હોત તો કાઈ કહેવાની કે ભેદ સ્પષ્ટ કરવાની જરૂર નહતી ત્યા દેવોનો એક પ્રકાર એવો છે, એક સ્થાન એવુ છે કે જ્યાના તમામ દેવો સમાન છે सर्वेऽपि यत्र नेतार । વ્યવસ્થાની અહિં જરૂરજ નથી જ્યા પરસ્પર સઘર્ષણાદિની સભાવના હોય ત્યા વ્યવસ્થાની જરૂરી છે, પરન્તુ જ્યા તેવુ કશુ છે જ નહિ ત્યા વ્યવસ્થાની આવશ્યકતા જ નથી સમાગમ, સબધ, સઘર્ષણ આવું કશુજ જ્યા નથી, ત્યા વ્યવસ્થાની જરૂર નથી જે દેવલોકમા પરસ્પર જવા આવવાનુ છે, પરસ્પર સમાગમ છે, ત્યા સઘર્ષણની સભાવના છે, અને સઘર્ષણને અગે વ્યવસ્થા જોઇએ

નવગ્રૈવેયક દેવોની સ્થિતિ

નવગ્રૈવેયક દેવલોકના દેવતાઓ પોતાના વિમાનમાજ સમસ્ત જીવન વ્યતીત કરે છે વિમાનમાથી બહાર નીકળતાજ નથી પોતાના વિમાનમાથી બહારજ ન નીકળે, એટલે

કોઇનો પણ સમાગમ નથી, સમાગમ નથી, માટે સઘર્ષણ નથી અને સઘર્ષણ નથી, માટે જ વ્યવસ્થા નથી. શ્રીજિનેશ્વર-દેવોના પાચ કલ્યાણકમાથી એક પણ કલ્યાણકમા આ દેવોમાથી એક પણ દેવ ત્યા આવતો નથી ગમે તેવા મહાન્ પ્રસગે પણ એ તો ત્યાજ! માત્ર શય્યામા જ રહ્યા રહ્યા હાથ ઉચો કરી નમસ્કાર કરે છે સાગરોપમો સુધી પોતાની શય્યામાથી તેઓને ઉતરવાનુ પણ નથી, આવી તેમની સ્થિતિ છે અસખ્યાતા વર્ષે એક પલ્યોપમ થય છે દશ ક્રોડાક્રોડ પલ્યોપમે એક સાગરોપમ થાય છે, અને તેવા સાગરોપમના આયુષ્યવાળા તે ગ્રૈવેયક દેવતાઓ છે નવ ગ્રૈવેયક દેવતાઓનુ આયુષ્ય નીચે પ્રમાણે છે

પહેલી ગ્રૈવેયકે ૨૩ સાગરોપમનુ બીજીએ ૨૪, ત્રીજીએ ૨૫, ચોથીએ ૨૬, પાચમીએ ૨૭, છઠ્ઠી એ ૨૮, સાતમીએ ૨૯, આઠમીએ ૩૦, અને નવમી-ગ્રૈવેયકે ૩૧ સાગરોપમનુ આયુષ્ય છે

પાચ અનુત્તર વિમાનમા પહેલા ચારેમા ૩૧ થી ૩૩ સાગરોપમનુ આયુષ્ય છે, અને પાચમા સર્વાર્થ-સિદ્ધ વિમાનમા ૩૩ સાગરોપમનુ આયુષ્ય છે

નવ-ગ્રૈવેયકે તથા પાચ-અનુત્તર વિમાનોના દેવોને વિમાનમાથીજ નીચે ઉતરવાનુ નથી આ દેવો એવી ઉત્તમ કોટિમા છે કે જ્યા વ્યવસ્થાની પણ જરૂરી નથી વ્યવસ્થાની જરૂર ત્યાજ છે, કે જ્યા ધમાધમ હોય, અને મારામાર હોય શ્રીજિનેશ્વર દેવના કલ્યાણક પ્રસગે, નવ ગ્રૈવેયકના દેવો તો નમસ્કાર કરવા માટે હાથ પણ ઉચો કરે છે, પરન્તુ અનુત્તર વિમાનના દેવો તો હાથ પણ ઉચો કરે નહિ, એટલે માત્ર મનથી જ નમસ્કાર કરે છે ત્યા પરસ્પર સમાગમ, સબધ, સઘર્ષણજ નથી, માટે ત્યા વ્યવસ્થાની જરૂર નથી, અને વ્યવસ્થા નથી, છતા ત્યા સર્વે સ્વતત્ર છે કેટલાક જ્ઞાનચિતનાદિમા જ રમણ કરે છે આ દેવો પોતે પણ કોઇના સ્વામી નથી, તેમ તેમના શિરે પણ કોઈ સ્વામી નથી એ દેવોની સ્થિતિ એવી છે કે ન તો પોતે કોઈના સ્વામી થવાનુ ઇચ્છે, ન તો પોતાનો કોઈ સ્વામી હોય તે ચાહે સાધુને સર્વવિરતિ છે, પણ તે અપવાદવાળી છે વિહારમા નદી ઉતરતા, પાણીના વેગમા પડી જવાનુ હોય, અથવા પડી જવાનો પ્રસગ આવે તો સયમાર્થે વૃક્ષાદિની વેલડી પણ પકડી લે નદી ઉતરતા પાણી તથા વનસ્પતિના સ્પર્શનની છૂટી રાખી, પણ એજ સાધુ શુ પૂજા કરી શકે?, ના અનુત્તર વિમાનમા દેવતાઓનો પૂજા કરવાનો સ્વભાવજ નથી નવગ્રૈવેયક તથા પાચ અનુત્તર વિમાનમા દેવોને, સમાગમ સઘર્ષણાદિનો સયોગ જ નથી, તેથી ત્યા સ્વામીપણુ, સેવકપણુ પણ નથી એટલે ત્યા વ્યવસ્થા નથી, માટે તેઓને (તે દેવોને) કલ્પાતીત તરીકે ગણવામા આવ્યા છે

ખાળે ડુચા, દરવાજા મોકળા!

નિરતિચાર બારવ્રતધારી પણ આ દેવલોકે જઈ શકતો નથી, ભલેને

વહી હોય, તો પણ ઉંચામાં ઉંચે તે બારમા દેવલોક સુધી જઈ શકે છે બાર દેવલોક ઉપર નથમી સાધુ, જઇ શક છે પૂજા ભણાવો છો તેમાં તમે વાચ્યું હશે કે જીરણ શેઠના પ્રસંગમાં કથન કરતા, શ્રાવક દેશવિરતિની ઉંચામાં ઉંચી ગતિ બારમા દેવલોક સુધીની પ્રાપ્ત કરી શકે છે 'સાધુ શબ્દ તમને અતિપરિચયથી વાપરો થઇ પડયો છે સાધુ મહાત્માઓ શારીરિક, આર્થિક, અને કૌટુંબિક તમામ વ્યવહાર વોસિરાવે છે તેઓ શરીર પરત્વે પણ નિઃસ્પૃહ છે, અને ત્રસ કે સ્થાવર, સૂક્ષ્મ કે બાદર કોઈ પણ જીવને ત્રિકરણ યોગે વિરાધતા નહિ' આવી પ્રતિજ્ઞા સાધુ મહર્ષિઓની હોય છે, અને તે મર્યાદિત મુદત માટે નહિ, પણ યાવજ્જીવ સમય સુધી! આ પ્રથમ વ્રતની વાત (પાંચ મહાવ્રતને અંગે) જણાવી ને શ્રાવકના વ્રતની કિંમત અમે ઘટાડતા નથી માગતા પણ અણુવ્રત તથા મહાવ્રતનો તફાવત સમજાવીએ છીએ વ્રતધારી શ્રાવક ઉંચામાં ઉંચો છે પણ સ્થિતિ કેવી છે?, ખાળે ડૂચા અને દરવાજા મોકળા જેવી છે વ્રતધારી શ્રાવક કબૂલે છે કે એક કીડીની પણ વિરાધના કરે નહિ, યદિ થઈ જાય તો તેની આલોયણા લે છે, પણ પોતાના જ પુત્રે, શસ્ત્રથી કોઈનું ખૂન કર્યું હોય, પોતે તે નજરો નજર જોયું હોય, અને જો તે પોતાનો પુત્ર પકડાય, અને કોરટમાં કેમ ચાલે તો નાણાની કોથળી લઇને છોડવવા જવાનો કે નહિ? ખૂનનો, અને ખૂનીના કાર્યનો બચાવ કરવા જવાનો કે નહિ?, અહિં પુત્રની વાત કરી, પણ કોઈ પણ સગાસબંધી માટે તેમજ સમજી લેવું કીડીની વિરાધના નહિં કરનાર પણ બીજી બધી હિંસા ચલાવી લેવા આવા પ્રસંગે તૈયાર છે પુત્ર-વગેરે સબંધિને હિંસાના વર્તમાન પ્રવાહથી પણ બચાવવા કટિબદ્ધ થાય છે ને! એક તરફ કીડીની જયણા કરનારો, બીજી તરફ ઘાતકી કાર્યનો બચાવ કરવા કમર કસે છે! લેણ દેણના દાવામાં શું થાય છે? કોરટમાં ચુકાદાનો આધાર સાક્ષી પુરાવા ઉપર છે કોર્ટમાં એમ નથી જોવાતું કે સાચુ છે ત્યાં જુઠું એટલે કાયદાને બંધ બેસતું (પછી ભલે તે જુઠું પણ હોય) તે જોવાય છે હજાર રૂપીઆ લેણા હોય, અને દાવો માંડયો, કોર્ટ સાક્ષી માગે, લખે ધીર્યા હોય, સાક્ષી ક્યાંથી લાવવા?, છેવટે સાક્ષીના અભાવે ગુન્હેગાર છૂટી જાય, અરે કેટલીક વખત ગુન્હેગાર ગુન્હો કબુલે, છતાં આવેલ સાક્ષી સાક્ષી ન પૂરવા માત્રથી તે ગુન્હેગાર છૂટી જાય છે સાક્ષી પુરવાની ચુંગાલમાં સપડાયેલા બીન ગુન્હેગારને પણ કોઈ વખત ભોગવવું પડે છે આ તો કોર્ટની, અને ત્યાંના કામકાજની હાલત! આપણો મુદ્દો એ છે કે કીડીની જયણા કરનાર બીજી તરફ ખુની છોકરાને બચાવવા શું નથી કરતો! જૂઠ્ઠાં દસ્તાવેજ કર્યાના આરોપથી પકડાયેલા પુત્રને બચાવવા પિતા પ્રયત્ન નથી કરતો?, કહેવું પડશે કે તમામ પ્રયત્નો કરે છે

સાધુની પાંચ મહા-પ્રતિજ્ઞાઓ

સાધુની પ્રતિજ્ઞાઓ સર્વથા અને સર્વદા માટે છે છ કાયમાંથી કોઈ પણ જીવની હિંસા મન વચન, કાયાથી, ન કરવી, ન કરાવવી, કરતા કરાવતાની ન અનુમોદવી, તે પણ આખા જીવન સુધી મનથી હિંસા ન કરવી મનથી હિંસા ન કરવવી, મનથી હિંસાને ન અનુમોદવી તેમજ

વાણી તથા કાયાથી એ રીતે નવ પ્રકારે હિંસાથી સાધુને વિરતિ છે પ્રથમ મહાવ્રત, 'પ્રાણાતિપાત વિરમણ' નામનું છે પ્રતિજ્ઞા ગમે તેવી હોય, પણ તેની કિંમત ત્યાં જૂઠું ન હોય તો જુઠ્ઠાને મહાવ્રતમાં અવકાશ નથી ક્રોધી, લોભી, ભયભીત વગેરે તમામને મહાવ્રતમાં અવકાશ છે, પણ જૂઠ્ઠાને અવકાશ નથી આથી બીજુ મહાવ્રત મૃષાવાદ વિરમણ વ્રત છે કે જેમાં મન, વચન, કાયાથી કરવું નહિ, કરાવવું નહિ, અનુમોદવું નહિ, એવી રીતે પ્રથમ મહાવ્રતની માફક જ નવ પ્રકાર છે બીજુ મહાવ્રત હોય તો પહેલું મહાવ્રત ટકે સચિત્ત કે અચિત્ત, થોડું કે ઘણું જંગલમાં કે શહેરમાં કંઈ પણ આપ્યા વિના લેવું નહિ, લેવરાવવું નહિ કે તેમાં અનુમોદન આપવું નહિ ત્રીજુ અદત્તાદાન વિરમણ મહાવ્રત પાળવાવાળો ઉપર જણાવેલી ત્રણ પ્રતિજ્ઞાવાળો હોય, પણ જે પોતાની દૃષ્ટિ સ્થિર રાખી શકે, તેજ ટકી શકે, નહિ તો લપસી જાય હિંસા જૂઠ, ચોરીથી વિરમવું એવી પ્રતિજ્ઞાવાળો પણ જો સંસર્ગમાં ડૂબ્યો તો માનો કે એ ડૂબ્યો! પર્યુષણ પર્વમાં, તમને શ્રીકલ્પસૂત્રના વ્યાખ્યાનમાં સિંહ ગુફાવાસિ મુનિની વાત સાંભળો છો ?, તે પ્રસંગ યાદ છે ને ! એમનામાં મહાવ્રતો બરોબર હતા, અને જેમની તપશ્ચર્યાથી સિંહ સરખા જનાવરો પણ શાંત થઇ જાય એવા તો એ જબરા તપસ્વી હતા ચાતુર્માસ પણ સિંહની ગુફા પાસે રહીને એમણે ઉગ્ર તપશ્ચર્યા કરી હતીને ! આવા માહાત્મા પણ કોશાને ત્યાં ચાતુર્માસાર્થે ગયા, ગયા પણ શા માટે ? પોતાના સામર્થ્યની પ્રતિતી કરાવવા ગયા, છતાં દૃષ્ટિ-ક્ષેત્રમાં સ્થૈર્ય ગુમાવ્યું, અને તેથી મહાવ્રતને અંગેનું ધૈર્ય, સ્થૈર્ય બન્ને ઉડી ગયુંને ! સ્ત્રીનો સમાગમ તો દૂર રહ્યો, પણ તેણીના સમાગમની ઇચ્છા, પણ બધાને પાયમાલ કરી નાખે છે ચાહ્ય દેવતા, ચાહ્ય મનુષ્ય, અને ચાહ્ય તિર્યંચની સ્ત્રી સંબંધી વિષય ભોગનો સર્વથા ત્યાગ તે પણ ઉપર મુજબ નવ પ્રકારે એ ચતુર્થ મૈથુન વિરમણ વ્રત આ ચાર પ્રતિજ્ઞા હોય, પણ પરિગ્રહ વિરમણ વ્રત ન હોય તો બાવાજીની ગીતાવાળું થાય !

બાવાજીની ગીતા !

એક બાવાજીને એક ભક્તે સુંદર દેખાવની સારા પાનાની, સારી છપાઇની, મનોહર ગીતા આપી. બાવાજી ગીતાને સાચવવા લાગ્યા, જ્યારે ગીતા નહોતી, ત્યારે કાંઇ ચિંતા નહોતી, પણ ગીતા આવ્યા પછી ગતિ જ ફરી ગઇ 'વખતે ઉંદર કરડી જાય તો' એમ વિચારી બાવાજી પુરા સુતા પણ નહોતા, ઘડી ઘડી ઉઠે, અને ગીતા તપાસે, ફેરવી ફેરવીને જુએ કે ગીતાને કરડી તો નથી ને ! આથી બાવાજીની તબીયત ઉજાગરાથી બગડવા લાગી, અને ભક્તોએ અસ્વસ્થ પ્રકૃતિનું કારણ પૂછ્યું બાવાજીએ જે હતું તે કારણ કહી બતાવ્યું બધા અજ્ઞાની ! ભક્તોએ ગીતા પાસે ઉંદર ન આવે માટે એક બીલાડી લાવી આપી બીલ્લીને ભક્તો બાવાજી પાસે રાખી ગયા બિલાડી રાખવાથી હવે ઉંદર નહિ આવે, એ કબુલ, પણ બીલ્લીને ખાવા તો જોઇએને ! ભૂખી બીલાડી તો આખી રાત મ્યાઉ મ્યાઉ ન કરે તો બીજુ શું કરે ! આથી બાવાજીને તો કરમે એની એ જ દશા રહી ભક્તોએ બીલાડીના ખાનપાન માટેનો,

માટે રસોઈ કરવા, વ્યવસ્થા રાખવા માટેના માણસનો બંદોબસ્ત કર્યો પછીતો રોજનું ખર્ચ એટલે આવક-ખાણુ ખેતર બાવાજીને આપવામાં આવ્યું એક નાનકડી ગીતામાંથી બાવાજીને તો ગામ જેવો વહીવટ ઊભો થયો ખેતરમાં બાવાજીનું બધું કુટુંબ ખેતરમાં રહેવા લાગ્યું બાવાજીને પરિચય વધ્યો, અને પરિણામ જે આવવું જોઈએ તે જ આવે ને! તાત્પર્ય કે પાંચમું પરિગ્રહ વિરમણ વ્રત પણ ઉપર મુજબ નવ પ્રકારે જોઈએ, નહિતર બાવાજી જેવા હાલ થાય

નવગ્રૈવેયકનો અધિકારી કોણ?

આવી પાંચ પ્રતિજ્ઞાવાળા સાધુઓ નવગ્રૈવેયકે જવાને યોગ્ય થાય સમકિતી શ્રાવક, શ્રી જિનેશ્વર દેવની ભક્તિ તથા પૂજા કરનારો શાસનનો ઉદ્યોત કરનારો છતાં તે ગ્રૈવેયકમાં જઈ શકે જ નહિ શ્રી જિનેશ્વરદેવનું કહેલું હાર્દિક રીતિએ નહિ માનનારો એટલું જ નહિ પણ ઉલટું માનનારો મિથ્યાદૃષ્ટિ કે અભવ્ય નવગ્રૈવેયકે જઈ શકે છે પાંચ મહાવ્રતોનો મહિમા કેવો તે વિચારો! પુણ્ય તથા નિર્જરા એ બે અલગ વસ્તુ છે મહાવ્રતની, પાંચ પ્રતિજ્ઞાથી, અભવ્ય પણ નવગ્રૈવેયકે જઈ શકે છે, તે ઉપરથી ફલિત થયું કે અભવ્ય આત્માઓની અપેક્ષાએ નિર્જરા કરવામાં અસંખ્યાત ગુણો યોગ્ય એવો શ્રદ્ધાળુ શ્રાવક પણ પુણ્યબંધમાં, મહાવ્રતધારી અભવ્યને પણ પહોંચી શકતો નથી, કેમકે તે નવગ્રૈવેયકે જઈ શકતો નથી શ્રદ્ધાવળો હોય કે શ્રદ્ધા નહિ હોય પણ પુણ્યનું ઉપાર્જન જે પાંચમહાવ્રતધારી કરી શકે છે, તેવો શ્રદ્ધાળુ-શ્રાવક કરી શકતો જ નથી નવગ્રૈવેયકે તે જ જઈ શકે કે જેનું પંચમહાવ્રતનું પાલન મજબૂત હોય

દીક્ષા ચૌદ રાજલોકને કલ્યાણપ્રદ, માટે કોઈ પણ સંયોગમાં રોકાય જ નહિ.

દીક્ષા લેનાર વ્યક્તિ પોતાની પાછળના રાજ્ય, પ્રજા કે કુટુંબની પરવા કરતો નથી, એનો સિદ્ધાંત તો પાપથી છૂટા થવાનો જ હોય છે અભયકુમારની દીક્ષાથી, પાછળ શ્રેણિક મહારાજાની શી હાલત થઈ?, ભગવાન્ શ્રી મહાવીરદેવ તો કેવલજ્ઞાની હતા ભવિષ્યમાં શું બનશે, તે જાણતા જ હતા, છતાં દીક્ષા આપી જ છે ને! અભયકુમાર જ્યારે દીક્ષા લે છે ત્યારે સાથે, માતા નંદા પણ દીક્ષા લે છે દીક્ષા લેતી વખતે નંદા માતાએ પોતાની પાસે જે અઢાર સેરનો હાર તથા દિવ્ય કુંડલ છે, તે હલ્લ વિહલ્લને આપે છે અભયકુમારની દીક્ષા થયાથી, પાછળ રાજ્યના ભાગ વહેંચાય છે, તેમાં હલ્લ વિહલ્લને સિંચાણો (સેચનક) નામે હાથી મળે છે તેને રાજ્યનો ભાગ નહિ આપતા હાથી આપવામાં આવે છે, અને વખત પસાર થાય છે કોણિક રાજ્ય લોભે તથા પૂર્વ ભવના દ્વેષ યોગે શ્રેણિકને કારાગૃહે પૂરે છે અને પોતે રાજા બને છે એક વખત હલ્લ વિહલ્લની રાણીઓ સેચનક-હસ્તિ ઉપર આરૂઢ બનીને જલ ક્રીડા કરવા જાય છે, અને એમ છે કોણીકની રાણી પદ્માવતીના મહેલની પાછળ જ આ ક્રીડાનું સ્થળ હતું, કે જ્યાં હલ્લ વિહલ્લની રાણીઓ ક્રીડા કરતી હતી હાથી રાણીને ચડાવે,

ઉતારે છે, એમ કોઈ પ્રકારે રમતગમતમા તે રાણીઓને તે કાણીકની સ્ત્રીએ જોઈ કોણીકની રાણીથી ઇર્ષ્યા યોગે આ જોયુ ગયુ નહિ ઈર્ષ્યામા આવેલી સ્ત્રી અને તેમા રાણી શુ ન કરે?, રાણીએ સેચાનક હાથીની માગણી કોણીક પાસે કરી કોણીકે કહ્યુ કે એ તો એના ભાગ પેટે પિતાજીએ તે હાથી તો હલ્લ વિહલ્લને આપ્યો છે, એટલે શીરીતે મગાય!,' સ્ત્રીને જે વસ્તુની ઇચ્છા થઈ તેને અગે સાચી દલીલ, અગર સાચા સમાધાનનો તેની પાસે અવકાશ રહેતો નથી રાણીએ દલીલ જ કરી, કે 'હાથીની ગણના તો રત્નમા છે, અને રત્ન તો રાજ્યમા જ રહે, અને તે રાજાને જ શોભે વ્હેચણી તો જગ્યાની હોય, આવા રાજ્યરત્નની વ્હેચણી હોય જ નહિ' કોણીકે કહ્યુ કે નવા ઉત્પન્ન થતા રત્નાદિનો માલિક રાજા, પરન્તુ જેના તાબામા છે તે રત્નોને પડાવી લેવા એ ન્યાય નથી રાણીએ તે માન્યુ નહિ, અને તેણે તો હવે આગળ વધીને કહ્યુ કે "મારે એ હાથી, અને નદાએ આપેલા હાર, તથા દિવ્ય કુડલ તો જોઈએજ' કોણિકે કામિનીના કદાગ્રહને વશ થઇને, પોતાના ભાઇઓને હલ્લ-વિહલ્લને કહેવડાવ્યુ કે સેચાનક હાથી, હાર, કુડલ ત્હારે મને કોઈ પણ પ્રકારે આપી દેવા, તેના બદલામા હુ ત્હને રાજ્યનો બીજો ભાગ આપીશ

હલ્લ-વિહલ્લે વિચાર્યુ કે નાત તો એ છે, રાજા તરફજ પ્રજા રાગવાળી હોય, એ સામાન્ય નિયમ છે, પ્રજા રાગવાળી હોય કે રાગ વગરની હોય પણ સત્તાધીશ તો રાજા જ ગણાય, આજે રાજ્ય આપીને કાલે એ પણ તે પડાવી લે તો એને કોણ રોકે?, ભાગમા મળેલા હાથી, હાર તથા કુડલ કે જે પિતાએ આપેલા છે, તે માગતા જેને લજ્જા ન આવે, જેને ન્યાય અન્યાયનો વિચાર ન થાય, તે પોતે આપેલા રાજ્યને ખુચવી લેતા શેનો લજ્જાય?, રાજ્ય લેવામા કાંઈ સાર નથી, તેમજ હાથી વગેરે લીધા વિના એ રહેવાનો નથી, માટે હવે કરવુ શુ?, નિરાધાર બાલકોનુ શરણુ મોસાળ છે હલ્લ વિહલ્લ બને ભાઈઓ વયે ન્હાના હતા રાતોરાત તેઓ પોતાની માતાના પિતાજી ચેડા મહારાજાને ત્યા સીંચાણો હાથી વગેરે પોતાની ત્રણ વસ્તુ લેઇને ચાલ્યા ગયા હલ્લ અને વિહલ્લ એ બન્ને ચેડા મહારાજાના દોહિત્રા હતા, વળી શરણે આવ્યા, શરણાગત થયા, અને કોણિકની માગણી પણ અન્યાયી હતી, એટલે ચેડા મહારાજાએ સપૂર્ણ આશ્વાસન પૂર્વક આશ્રય આપ્યો કોણીકે ચેડા મહારાજાને કહેવડાવ્યુ કે "જો દેશને વ્હાલો ગણતા હો તો, હલ્લ વિહલ્લને મને સત્વર સોપી દો, અને તેમને આશ્રય ન આપો, નહિ તો યુદ્ધની ઉપસ્થિતિ થશે"

ચેડા મહારાજાએ પ્રત્યુત્તર સજજડ મોકલી આપ્યો કે "કાયદો તેનો જ સ્વીકારાય છે, સદેશ તેનો જ સભળાય છે, કે જે તટસ્થ હોય, અને ન્યાયી હોય અમારા રાજ્યમા કોને આવવા દેવો, કોને ન આવવા દેવો, કોને આશ્રય આપવો, કોને આશ્રય ન આપવો, એ અમારી મુખત્યારીની વાત છે" સ્વતત્રપણામા આગ્રહી બીજાના ફરમાનને સામાન્યરીતિએ પણ તાબે ન થાય, તો પછી અવિચારિ-ફરમાનને તાબે થવાનુ તો હોયજ શાનુ?, હલ્લ-વિહલ્લને ભાગમા

મળેલી, અને પિતાએ આપેલી ચીજને માગવાનો તેને હક શ્યો છે ?, એ બન્ને હવે તો મ્હારા શરણાગત છે શરણાગત માટે તો હું વજ્રપિંજર સમાન છું શરણે આવે તે કાંઇ શીકાર છે ?', છેવટના પરિણામે યુદ્ધ થાય છે ચેડા મહારાજા પણ એ યુદ્ધમાં બીજા અઢાર રાજાને એકઠા કરે છે સામાન્ય વાતમાંથી કેવું મોટું યુધ્ધ ! કોણિક પણ પોતાના દશ દશ ભાઇઓ સાથે તે યુધ્ધમાં ઝંપલાવે છે એ યુધ્ધ કાંઇ જેવું તેવું નથી થયું, પણ એમાં કરોડોની કતલ થઇ છે એ વાત પણ પ્રસિધ્ધ છે કે કોણીકે શ્રેણિક મહારાજાને પિંજરામાં પૂર્યા હતા, અને રોજ કોરડાથી માર મારતો હતો કર્મની વિચિત્રતા કેવી ભયંકર છે ! તે આ પ્રસંગથી સમજો

આ બધું શાથી થયું ?, હાથી વિગેરે ત્રણ ચીજ ન આપી, તેથી હલ્લ-વિહલ્લના નિમિત્તે ચેડામહારાજા સાથે યુધ્ધ થયું કરોડોનો સંહાર થવો, શ્રેણિક મહારાજાનું કારાગૃહમાં પુરાવું અને કોણીક દ્વારા કોરડાની કારમી યાતના કાયમ સહન કરવી, આ તમામ જો અભય કુમારને દીક્ષા ન આપી હોત તો પણ ન થાત ?, કારણ કે કેવલજ્ઞાની, સ્વયમ્-તીર્થંકરશ્રી-મહાવીરદેવે આ બનવાનું હતું તો આ દીક્ષા કેમ ન રોકી ?, અહિં જ તત્ત્વ સમજવાનું છે સકલ વિઘ્નને કલ્યાણપ્રદ ગણી રાજલોકને અભયદાનપ્રદ-એવી દીક્ષામાં આપણે વર્ણવી ગયા તે પાંચ પ્રતિજ્ઞાઓ છે કે જે અભવિને પણ નવગ્રૈવેયક અપાવે છે

આપણો મુદ્દો નવગ્રૈવેયકને મેળવે કોણ ?, એ છે પંચમહાવ્રતરૂપ પાંચ પરમપ્રતિજ્ઞાને જીવન પર્યંત, નવ પ્રકારે બરાબર પાળે તેજ નવ ગ્રૈવેયકે જઈ શકે છે જૈન મંદિર બાંધનારા, બાવન પાળનારા પણ આ પ્રતિજ્ઞાપાલનના પુણ્યની તુલના કરી શકતા નથી, અર્થાત્ તેઓ નવગ્રૈવેયક મેળવી શકતા નથી શ્રાવક નિર્જરા કરી શકે છે, પણ પુણ્ય તેટલું ન બાંધે કે જેટલું પાંચ પ્રતિજ્ઞાપાલનારા બાંધી શકે હવે નવગ્રૈવેયક સંબંધિ વધારે વર્ણન અગ્રેવર્તમાન

દેશના-૩૦

अणुत्तरोववाइयकप्पातीतगवेमाणियदेवपंचिंदियपयोगपरिणया णं भंते !, पोग्गला कइविहा पन्नत्ता ?,
गोयमा !, पंचविहा पण्णत्ता, तं जहा-विजयअणुत्तरोववाइय० जाव सव्वट्ठसिद्ध-
अणुत्तरोववाइयदेवपंचिंदिय जाव परिणया ।

અહમિંદ્રપણું મેળવવાનો અધિકાર તેવી શક્તિ કેળવનારને જ હોય

અનેક ભવોના પ્રયત્નોથી મેળવેલી તીર્થંકરપણાની અભૂતપૂર્વ લક્ષ્મીના સ્વામિ શ્રીતીર્થંકર-દેવાધિદેવના શાસનની સ્થાપના સમયે, ભવ્યાત્માઓના કલ્યાણાર્થે શાસનને પ્રવર્તિત રાખવા

માટે પરમોપકારિ શ્રીગણધર-મહારાજા પંચમાંગ શ્રીભગવતીજી સૂત્રના આઠમા શતકના પ્રથમ ઉદ્દેશામાંનો પુદ્ગલ-પરિણામનો અધિકાર કથન કરી રહ્યા છે સંસારી જીવો એકેન્દ્રિયાદિ વિગેરે પાંચ પ્રકારના છે, અને એ પ્રકારે પુદ્ગલના પણ પાંચ પ્રકાર થાય છે પુદ્ગલના મુખ્ય તો ત્રણ પ્રકાર પ્રથમ જણાવવામાં આવ્યા છે, તે આ પ્રમાણે સ્વભાવ પરિણત, પ્રયોગ-પરિણત, અને મિશ્ર-પરિણત એકેન્દ્રિય,વિકલેન્દ્રિય (બેઇન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરિન્દ્રિય) એ ખધા પુદ્ગલ પરિણમન એ જે વિચારણા કરવામાં આવી ગઈ નીચી સ્થિતિથી ઉચ્ચસ્થિતિ જણાવનારો ક્રમ હોય, તેમ ઉચ્ચસ્થિતિથી નીચીસ્થિતિ જણાવનારો ક્રમ પણ હોય છે અને તેનો ક્રમ લઇએ તો ૧ દેવના ૨ મનુષ્ય ૩ તિર્યંચ, નારકી જીવો પોતે કરેલા કર્માનુસાર દેવગતિમાં મનુષ્યગતિમાં, તિર્યંચગતિમાં કે નારકીગતિમાં ઉપજે છે, અર્થાત્ જીવને તેવા તેવા પુદ્ગલના પરિણામો પરિણમે છે, તેથી તે તે જીવોને તે તે ગતિમાં જવું પડે છે, અને ત્યાં ત્યાં જે જે રહેલા સુખ દુ ખ હોય તેનો તેણે અનુભવ કરવો પડે છે મનુષ્યે અને તિર્યંચે કરેલા ચાલુ તીવ્રપાપોના ફલ ભોગવવાનું સ્થાન નરકગતિ છે નરકમાં ઉત્પન્ન થવાનું કારણ તીવ્ર પાપ છે નરકમાં ક્ષુધા, તૃષ્ણા, ઠંડી, તાપ વિગેરે અસહ્ય દુ ખો ચાલુ જ હોય છે મનુષ્ય જે ક્ષુધા, તૃષા, ઠંડી,તાપ, છેદન, ભેદનથી મરી જાય, તે તમામ વેદનાઓ નારકીઓને ચાલુ ભોગવ્યા જ કરવાની હોય છે નારકીથી છૂટાય નહિ, ઈચ્છે તોયે પણ મરાય જ નહિ કરેલા પાપના ફળ ભોગવવાનું આવી જાતનું એક સ્થાન માનવું જ પડે તેમ છે જેવી રીતે ઉત્કૃષ્ટપાપનું પરિણામ ભોગવવાનું સ્થાન નરક છે, અને તેમાં પણ તારતમ્યાનુસાર નરકની વેદનાઓમાં પણ તારતમ્ય હોવાથી નરક સાત છે તેવી રીતે ઉત્કૃષ્ટપુણ્યનું પરિણામ ભોગવવાનું સ્થાન સ્વર્ગ યાને દેવગતિ છે, અને તારતમ્યતાનુસાર ઉત્કૃષ્ટપુણ્યાદિ પણ કાંઈ એક જ પ્રકારના નથી

જીવદયા (અહિંસા), સત્ય, શાહુકારી, બ્રહ્મચર્ય, સંતોષ, ક્ષમા, સરલતા, નમ્રતા, વિનય, વૈયાવચ્ચ, વિગેરે આ તમામ ગુણો એવા છે, કે એમાંનો એક એક ગુણ પણ ઉત્કૃષ્ટપુણ્ય બંધાવે છે એમાંનો એક ગુણ આવી જાય, અને ભલે બીજા ગુણો ન પણ હોય, તોયે પણ તે ગુણ ઉત્કૃષ્ટ પુણ્યબંધનું જરૂર કારણ બને છે શ્રીજિનેશ્વરદેવની પૂજા, શ્રી ગુરૂવંદન, સાધુસેવાદિ કોઈ પણ ગુણ લ્યો, અને કોઇ પણ ગુણની આરાધના કરો, તો ઉત્કૃષ્ટપુણ્ય લક્ષ્મી વર્યા વિના રહેતી નથી એક જ ગુણને અંગે જેના જીવન પુણ્યોદયે આગળ વધ્યા હોય, તેના દૃષ્ટાંત અપાય છે, ઘણા ગુણોના આદરથી પ્રાપ્ત થયેલા ઉત્કૃષ્ટપુણ્યમાં (એ ઉત્કૃષ્ટપુણ્ય ઉત્કૃષ્ટપણામાં પણ અધિક હોય,) કયા ગુણનું ફલ ?, એ નિર્ણય ન થાય એટલે જેના દૃષ્ટાંત હોય, તેમાં જેનું વિવરણ હોય, તેણે સેવેલા ગુણનું વર્ણન હોય જીવદયામાં હરિબલ માછીમારનું દૃષ્ટાંત છે બીજાએ શું જીવદયા નથી પાળી ?, કહેવું પડશે કે કેઈ ગુણી અહિંસા કેઇ આત્માઓએ પાલી છે ત્યારે હરિબલનું દૃષ્ટાંત શા માટે ?, હરિબલના જીવનનો ઉદ્ધાર માત્ર એક જ જીવ દયાના ગુણથી થયો છે, માટે દૃષ્ટાંત આપવામાં એના દૃષ્ટાંતને પ્રથમ સ્થાન મળ્યું શ્રીજિનેશ્વર દેવના એક જ વચનના પ્રભાવે રોહિણીયા ચોરનો ઉદ્ધાર, થયો, માટે શ્રી દેવાધિદેવના વચનના મહિમાને અંગે રોહિણીયાનું દૃષ્ટાંત

કરવામાં આવે છે જેઓએ કર્મોનો ક્ષય કર્યો છે, કરે છે, કરશે તેમાં કારણરૂપ તો શ્રી-જિનેશ્વર દેવના વચનો જ છે, છતાં રોહિણીઆ ચોરનું દૃષ્ટાંત જણાવવામાં આવ્યું છે તેમ દૃષ્ટાંતો પણ એક જ ગુણથી ઉદ્ધારની દૃષ્ટિએ દેવાય છે વિનય, વૈયાવચ્ચાદિ તમામ ગુણોનું સેવન શ્રીજિનેશ્વરદેવના વચનોના આધારે જ છે કર્મક્ષયમાં, પુણ્યબંધમાં, અનુત્તર દેવ લોકમાં જવામાં એટલે તમામમાં શ્રીજિનેશ્વરદેવના વચનોનું જ આલંબન છે, છતાં રોહિણીઆ ચોરનું દૃષ્ટાંત એટલા માટે, કે એનામાં બીજો કોઈ ગુણ હોય કિંવા ન પણ હોય, પણ માત્ર ભગવાનનું એક જ વચન એનું ઉદ્ધારક બન્યું, માટે એનું દૃષ્ટાંત તે ગુણને અંગે, તે ગુણની વિશિષ્ટતા વર્ણવવા માટે કહેવામાં આવ્યું છે ક્રોધના ભયંકર પરિણામને જણાવવામાં ચંડકોશીયાનું દૃષ્ટાંત શાસ્ત્રપ્રસિદ્ધ છે શું બીજાઓએ ક્રોધ નથી કર્યો ?, ક્રોધથી કેઈ નરકે ગયા છે, છતાં પંચમહાવ્રતધારી સાધુ એવા ચંડકૌશિકનું દૃષ્ટાંત કેમ આપ્યું ?, એ સાધુમાં બીજા ઘણા ગુણો હતા શ્રી જિનેશ્વર દેવના વચનો સ્વીકારીને, એ ત્યાગી બન્યો હતો, એણે ઋદ્ધિ સમૃદ્ધિનો મહત્તર ત્યાગ કર્યો હતો, સંયમને જીવન પર્યંત સ્વીકાર્યું હતું, કાયાની દરકારને પણ તિલાંજલિ આપી હતી, તપશ્ચર્યા પણ જેવી તેવી નહિ, પણ ઉગ્રપણે ચાલુ હતી તેવો સાધુ માત્ર ક્રોધના પરિણામે જ ચંડકોશીઓ નાગ, અને તે પણ દૃષ્ટિ વિષ સર્પ થયો જે તીર્થંકરના વચનોથી સંયમી હતો, તેજ ક્રોધના પ્રતાપે શ્રીતીર્થંકર ભગવંતને ખુદને મારી નાખવા તૈયાર થનાર સર્પ થયો ! ક્રોધે એની આ દશા કરી, માટે એનું દૃષ્ટાંત આપવામાં આવે છે ચંડકોશીઓ ત્રણ ત્રણ વખત વિષની જ્વાળા ભગવાનને પ્રજ્વલિત કરવા ફેંકે છે જો કે ભગવાનને તો તેની લેશ પણ અસર થતી નથી, પણ ચંડકોશીઆની ચાંડાલિયતમાં કંઈ કસર છે ?, જેની દૃષ્ટિ માત્રથી સામો મરે, તેને દૃષ્ટિ વિષ સર્પ કહેવામાં આવે છે ત્રણ ત્રણવાર એ ચંડકોશીઆ નાગે ભયંકર દૃષ્ટિ વિષની જ્વાળાઓ ભગવાનને ભસ્મીભૂત કરવા ફેંકી તેની જરા પણ અસર થઈ નહિ, ત્યારે તે ડંખ મારવા તૈયાર થયો આ જીવ માત્ર ક્રોધને અંગે કેટલું પતન પામ્યો ! માત્ર ક્રોધનું જ આટલી હદે પતનની પરાકાષ્ઠાવાળું પરિણામ આમાં છે, માટે એનું દૃષ્ટાંત દેવામાં આવે છે

લિંગની પ્રધાનતા

નવગ્રૈવેયક તથા પાંચ અનુત્તર દેવલોક કોને મળે ? પેટંટ દવાનું રજીસ્ટ્રેશન કરાવો તો તે માર્કાવાળી દવા કોઈ વેચી શકેજ નહિ એમ દુનિયાદારીમાં વ્યક્તિગત રજીસ્ટ્રેશન છે અહિ નવગ્રૈવેયક તથા પાંચ અનુત્તર વિમાનને અંગે રજીસ્ટ્રેશન વ્યક્તિગત નથી, પણ ગુણને અંગે છે આ વિમાનો મેળવનારાઓ પૂર્વ-ભવમાં પંચમહાવ્રતધારી તો હોવા જોઈએ

પોતાને જેમ સુખ પ્રિય છે, સુખના સાધન પ્રિય છે, દુઃખ અપ્રિય છે તેમ તમામ પ્રાણિઓને સુખ પ્રિય હોય, દુઃખ અપ્રિય હોય, તેમ માનીને પ્રાણી માત્ર સાથે એવી માન્યતાનુસાર વર્તે પોતે નિરોગી હોય માટે જગત્ પણ નિરોગી માની કોઈની દવા ન કરવી એમ નહિ

એ તો અનર્થ કર્યો કહેવાય સુખદુ ખે પ્રિયાપ્રિયે આ સૂત્રનો અર્થ એટલો કે જગતના જીવ માત્રને સુખમા પ્રીતિ છે, દુ ખમા અપ્રિતિ છે તેથી કોઈ પણ જીવને દુ ખ ન થાય, સર્વ જીવને સુખ થાય તેમ વર્તવુ જેઓ અર્થ સમજ્યા વિના શબ્દોના સંવેદિક-અર્થાનુસાર અમલ કરે છે, તેઓ બધા દુર્દશાને પાત્ર થાય છે

आत्मवत् सर्वभूतेषु

એક પડિતે પોતાના પુત્રને શીખ યુ કે मातृवत् परदारेषु, परद्रव्येषु लोष्ठवत् પરસ્ત્રીમા માતા જેવી બુદ્ધિ રાખવી, અને પર દ્રવ્યમા પત્થર જેવી બુદ્ધિ રાખવી પેલો પડિતનો પુત્ર તો કાઈ રહસ્ય સમજ્યો નહિ, પણ અમલ કરવાનુ કબુલ્યુ હવે પાડોશમા જ્યા બીજી સ્ત્રીઓ બેઠી હતી, તેમના ખોળામા જઈને બેસી ગયો, સૂવા લાગ્યો, અને તે પછી તેણે માર ખાધો! કોઈની દુકાને જઈને એના પૈસાને પત્થર ગણી ફેંકી દેવા લાગ્યો, ત્યા પણ માર ખાધો મતલબ એ છે કે જેમ માતા તરફ નિર્વિકાર-દૃષ્ટિથી જોવાનુ હોય, તેમજ બીજી તમામ સ્ત્રીઓ ગમે તેવા વસ્ત્રાલકારથી સુસજ્જ હોય તથાપિ, તેમની સામે નિર્વિકાર દૃષ્ટિએ જ જોવુ અને પારકા પૈસા એ પારકા છે, તે લેવા લોભ ન કરવો એ હેતુ માટે એને પત્થર જેવા કહ્યા હતા

એજ રીતે आत्मवत् सवभूतेषुનો અર્થ શો?, પોતે રોગી હોય કે નિરોગી હોય, પોતે મૂર્ખ હોય કે ડાહ્યો હોય, તેમ બધાને માનવા એવો અર્થ નથી એનો અર્થ એટલોજ છે કે જેમ બધા જીવોને સુખ વ્હાલુ છે, અને દુ ખ અળખામણુ છે, તેમ પોતાને સુખ વ્હાલુ છે, અને દુ ખ અળખામણુ છે આથીજ બધા જીવો માટે ઉપર પ્રમાણે સમજવુ એનુ જ નામ आत्मवत् सर्वभूतेषु ।

છાપ વગર નકામુ

શાસ્ત્રના મર્મ સમજીને જેઓ હિંસાનો ત્યાગ કરે, તેઓને લાભ ખરો, પણ અહિં નવ-ગ્રૈવેયકના વિમાનના અધિકારનો વિષય છે તેને અગે કહેવાનુ કે તે વિમાન સહેજે મળે છે એમ નહિ જો ત્યાગ માત્રથી નવગ્રૈવેયકમા જવાતુ હોત, તો તિર્યચો ગ્રૈવેયકનુ ચાળુ ભરી દેત કેઈ તિર્યચો જાતિ સ્મરણ પામીને ધર્મ પામે છે, અને મરતી વખતે અઢાર પાપસ્થાનક વોસિરાવે છે, પણ તેટલા માત્રથી તેમનામા ચારિત્ર માનવામા આવ્યુ નથી અઢાર પાપ સ્થાનક ન કરે તેટલા માત્રથી ચારિત્ર નથી અઢાર પાપ ન કરવા એવી પ્રતિજ્ઞા કરે તો પણ ચારિત્ર નથી

१ इच्छामिच्छातहक्कारो आवस्सिआ य निसीहिआ। आपुच्छणा य पडिपुच्छा छदणा य निमतणा॥ (अनु० गा० १६) १ ઈચ્છા-મિચ્છાદિ દશવિધ સામાચારી તથા ઓઘ સમાચારીવાળો

જ ચારિત્રવાન્ ગણાય દશવિધ ચક્રવાલ સમાચારી, અને પડિલેહણાદિરૂપ ઓઘ સમાચારીવાળો જ ચારિત્રી ગણાય ઘરના વેચાણનો દસ્તાવેજ થયો, પૈસા અપાયા, લેવાયા, પરંતુ સરકાર તો તે વેચાણખત રજીસ્ટ્રેશન થયા પછી જ માને છે દુનિયાદારીમા લેવડદેવડ આ પ્રમાણે સરકારી છાપથી જ યથાસ્થિત ગણાય છે તેજ રીતિએ પાપથી દૂર રહેનારમા પણ સાધુવેષની છાપ ન હોય, તો તે નવગ્રૈવેયકમા કે અનુત્તરમા જઈ શકે નહિ જેઓએ આશ્રવોનો ત્યાગ કર્યો હોય, જેઓ જીન-કથિત સમાચારીમા પ્રવર્તતા હોય, તેઓ જ નવગ્રૈવેયકના અધિકારી છે

મોક્ષનુ સાધન સ્વલિંગજ !

માતાપિતાના સ્વર્ગવાસ પછી, ભગવાન્ શ્રીમહાવીરદેવ પોતાને ઘેર બે વર્ષ સુધી કેવલ ભાવસાધુપણે રહ્યા છે બ્રહ્મચર્ય પાલન, અચિત્ત પરિહાર, પોતાના નિમિત્ત થયેલુ ભોજન પણ ન લેવુ, અને સ્નાનાદિનો ત્યાગ, આ રીતિએ રહ્યા છતા, શાસ્ત્રકારે એ બે વર્ષને ગૃહસ્થપણાના જ ગણ્યા છે, પરંતુ સાધુપણાના ગણ્યા નથી સ્વલિંગે સિદ્ધ, અન્યલિંગે સિદ્ધ, ગૃહિલિંગે સિદ્ધ વગેરે પંદર પ્રકારે સિદ્ધના ભેદ માન્યા છે સ્વલિંગ એ જ સિદ્ધનુ લિંગ છે અન્યલિંગને મોક્ષના ભેદમા ગણ્યુ છે, પણ અન્યલિંગ એ મોક્ષનુ સાધન નથી તે લિંગો ભવની રખડપટ્ટીના જ છે, છતાં કોઈ જીવને એ લિંગમા આત્માની તથાવિધ પરિણતિના યોગે કેવલજ્ઞાન પ્રાપ્ત થઈ ગયુ, તો પણ જો આયુષ્યની સ્થિતિ બે ઘડીથી વધારે હોય, તો તે આત્મા સ્વલિંગ (સાધુવેશ) ગ્રહણ કરીજ લે છે અહિં કોઈ પ્રશ્ન કરે છે કે કેવલજ્ઞાનને, અને મોક્ષને લિંગ સાથે નિયમિત સંબંધ નથી, વળી અન્ય લિંગે કેવળજ્ઞાન પામે છે અને મોક્ષે તો જાયજ છે, તો પછી નવગ્રૈવેયક માટે 'પંચમહાવ્રતધારી જ ત્યા જાય' એવો નિયમ શા માટે ?, સિદ્ધપદને અંગે એટલે કે મોક્ષ પ્રાપ્તિને અંગે આત્માને અધ્યવસાયથી કામ છે મોક્ષનો સંબંધ અધ્યવસાયથી છે એટલે પરિણતિથી છે જ્યારે અનુત્તર તથા નવગ્રૈવેયકનો સંબંધ અધ્યવસાયથી નથી પણ ચારિત્રથી છે, અથાત્ તેવા ઉચ્ચ પ્રકારના પુણ્ય બંધથી કે સ્વલિંગમા રહેનારજ પાંચ અનુત્તરમા તથા નવગ્રૈવેયકમા જઈ શકે છે

નવગ્રૈવેયકમા અભવ્યો પણ જઈ શકે છે

નવગ્રૈવેયકમા તે દેવોને માથે કોઈ સ્વામી નહિ, કોઈ નાયકની પરાધીનતા નહિ, આવા સ્થાનમા કોણ જઈ શકે ?, પહેલાના ભવમા તેવી સ્થિતિ જેઓએ કેળવી હોય, તેઓ જ આ સ્થાન મેળવી શકે, છે સ્વેચ્છાએ સાધુઓ પાપનો પરિહાર કરે છે, સમાચારીનુ પાલન કરે છે, ઉગ્ર તપશ્ચર્યા કરે છે, શ્રી જિનેશ્વરદેવના વચનથી મર્યાદાને સમજીને તે મુજબ પોતે સાધ્યમા ટકે છે, અને પોતે સાધનને ટકાવે છે તેઓ બીજા ભવમા એક સરખી સ્થિતિએ રહે તેમા આશ્ચર્ય શું ?, તેવા આત્માઓજ કલ્પાતીત થઈ શકે છે કલ્પાતીત-દેવલોકમા પણ બે પ્રકાર છે ઇચ્છામિચ્છાદિ-સમાચારીયુક્ત-આચેલા નો એટલો બધો પ્રભાવ છે, કે એના પાલનથી શ્રીજિનેશ્વરના વચનને માનનાર, ન માનનાર, તથા ઉલટુ માનનારા એ તમામ નવગ્રૈવેયકમા

જઈ શકે છે અભવ્ય-જીવો પણ પંચમહાવ્રત પાલનથી નવગ્રૈવેયક મેળવે છે વેષરૂપ મુદ્રાનો આટલી હદ સુધીનો પ્રભાવ અહિં પ્રત્યક્ષ છે પુણ્ય-પ્રકૃતિ એ અલગ વસ્તુ છે નિર્જરા એ અલગ વસ્તુ છે નવગ્રૈવેયકમાં જવામાં જરૂરી નિર્જરા કરતા સમ્યગ્દૃષ્ટિની નિર્જરા અસખ્યાતગુણી છે આનો એવો અર્થ કરવાનો નથી, કે નવગ્રૈવેયકમા અભવ્યો જ ગયા છે, પરતુ ત્યા સમ્યગ્દષ્ટિ એવા ભવ્યાત્માઓ પણ ઘણા છે

પાચ અનુત્તરના અધિકારી કોણ?

પાચ અનુત્તર વિમાનોમા કોણ જઈ શકે? સર્વથા જેઓએ પાપનો પરિહાર કર્યો હોય, અને પડિલેહણાદિક સમાચારીમા જેઓએ લેશ પણ પ્રમાદ ન કર્યો હોય, તેઓ જ અનુત્તર વિમાનના અધિકારી બને છે પાચ અનુત્તરમા શ્રદ્ધાવાળા, અને ત્યાગવાળા જ જઈ શકે છે ગ્રૈવેયકના નવ ભેદો કેમ તે વિચારી સમજવા જેવુ છે પૂર્વ ભવના સયમ પાલનમા જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદ પડાય, અને તેમાય દરેકમા જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ એવા ભેદ પડાય તો ૩×૩=૯ ભેદ થાય જઘન્યમા જઘન્ય, જઘન્યમા મધ્યમ, જઘન્યમા ઉત્કૃષ્ટ એમ જઘન્યના ત્રણ ભેદ છે મધ્યમમા જઘન્ય, મધ્યમમા મધ્યમ, તથા મધ્યમા ઉત્કૃષ્ટ એવા મધ્યમના ત્રણ ભેદ છે ઉત્કૃષ્ટમા જઘન્ય, ઉત્કૃષ્ટમા મધ્યમ તથા ઉત્કૃષ્ટમા ઉત્કૃષ્ટ એવા ઉત્કૃષ્ટના પણ ત્રણ ભેદ છે આ રીતે સયમ પાલનના નવ ભેદોની જેમ ગ્રૈવેયકના નવ પ્રકારો છે પાલન અનુસાર પુદ્ગલ પરિણમનના આધારે ફલનો સાક્ષાત્કાર થાય છે હવે અનુત્તર-વિમાનના દેવોને અગે વિશેષાધિકારનુ કથન અગ્રે વર્તમાન.

દેશના-૩૧

જ્યોતિમા જ્યોતિ સમાય તેમા પુદ્ગલનો પ્રશ્ન જ નથી

સ્થિતિનો ફરક એ પુણ્યના ફરકનો પ્રત્યક્ષ પૂરાવો છે

શ્રીગણધર મહારાજાએ પચમાગ શ્રીભગવતીજી સૂત્રના અષ્ટમશતકના પ્રથમ ઉદ્દેશામા પુદ્ગલ-પરિણામનો અધિકાર ચાલુ કર્યો છે જીવોના ભેદોનુ કારણ, પુદ્ગલોના જેવા સયોગ તેવા જીવોના પ્રકાર જે જીવને એકેન્દ્રિય નામકર્મનો ઉદય હોય, તે જીવ તેવા પુદ્ગલો ગ્રહણ કરી તેવા રૂપે, તેવા આકારે પરિણમાવે છે, આવી રીતે પચેન્દ્રિય પર્યંતના જીવો માટે તે પ્રમાણે સમજી લેવુ પાણી વૃક્ષમા, પણ સિંચાય છે, જનાવર પણ પાણી પીએ છે, તથા મનુષ્ય પણ પાણી પીએ

છે એજ પાણી વૃક્ષમા, જનાવરના તથા મનુષ્યના દેહમા ભિન્ન પ્રકારે પરિણમે છે ને ! અનાજનુ જનાવરને તથા મનુષ્યને ભિન્ન ભિન્ન રૂપે પરિણમન થાય છે પુદ્ગલ-પરિણમનનો આધાર નામ-કર્મના ઉદયને આધીન છે કીડી જે ખોરાક લે છે તે તેને તેના દેહ રૂપે પરિણમે છે, બીજા જનાવરને તે રૂપે પરિણમે છે પુદ્ગલના મુખ્ય ત્રણ પ્રકાર ૧ સ્વભાવ-પરિણત ૨ પ્રયોગ-પરિણત, ૩ મિશ્ર-પરિણત તેમા પ્રયોગ-પરિણત પુદ્ગલના એકેન્દ્રિયાદિ પ્રકારે પાચ પ્રકાર છે તેમા પચેન્દ્રિયમા ચાર ભેદ છે નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા જીવે કરેલા પુણ્ય તથા પાપ પ્રમાણે ફલ ભોગવવાના સ્થાનો માનવા જ જોઈએ દરેક સ્થાનમા ફલ પણ તારતમ્યાનુસાર હોય મધ્યમ કોટિના પુણ્ય પાપના ફલ ભોગવવાનુ સ્થાન તિર્યંચ ગતિ, તથા મનુષ્યગતિ છે પાપ અધિક હોય અને પુણ્ય ઓછુ હોય તો તેથી તિર્યંચગતિ મળે, છે, અને પુણ્ય વધારે હોય તથા પાપ ઓછુ હોય તો તેથી મનુષ્યગતિ મળે છે તિર્યંચગતિમા તથા મનુષ્યગતિમા પણ પૂર્વના પુણ્ય-પાપના રસાદિના પ્રમાણમા જે ફરક હોય, તે જ પ્રમાણે તિર્યંચ તિર્યંચ વચ્ચે, મનુષ્ય મનુષ્ય વચ્ચે ફલમા પણ ફરક સમજી લેવો અધિક પાપનુ પરિણામ ભોગવવાનુ સ્થાન નરક છે અધિક પુણ્યનુ પરિણામ ભોગવવાનુ સ્થાન સ્વર્ગ છે .નમા સ્વર્ગલોક સબધિ અધિકાર ચાલુ છે પુણ્યના તથાવિધ ભેદો મુજબ દેવલોકમા પણ ભેદ પડે છે પૂર્વે જેવુ પુણ્ય બાધ્યુ હોય, પુણ્યનો જેવો બધ કર્યો હોય, તેવુ સ્થાન દેવલોકમા પણ પ્રાપ્ત થાય છે દેવતાઓ કાઈ પૂર્વના સરખા પુણ્યવાળા હોય એમ માનવાનુ નથી સ્થાન, સ્થિતિ વગેરેમાનો ફરક જ પુણ્યના ફરકનો પ્રત્યક્ષ પુરાવો છે

અજ્ઞાન તપશ્ચર્યા કરનારા, પચાગ્નિ તપ કરનારા, ડાભની અણી ઉપર રહે એટલો જ આહાર માત્ર લેનારા, માસખમણ વિગેરે તપસ્યા પોતાની માન્યતાનુસાર કરનારા, આ બધા જીવો તે અનુષ્ઠાનોમા સમ્યગ્દર્શન વિવેકાદિ ભલે ન હોય છતા અકામ-નિર્જરાના યોગે પુણ્ય બધ તો કરે છે તેમને પણ દેવલોકમા યોગ્ય સ્થાન માનવુ જ જોઈએ એવા તપ કરનારાઓને સચિત્તાદિનો પણ ખ્યાલ યદ્યપિ નથી, તથાપિ જે કાઈ તેઓ કરે છે, તેથી જે જાતનુ પુણ્ય બધાય છે, તે મુજબ સ્વર્ગમા તેમને સ્થાન મળે છે જો નિર્મલ-સમ્યક્ત્વ વખતે જ આયુષ્યનો બધ થયો હોય તો આ ઉપર જણાવેલા બધા જીવો વૈમાનિક જ થાય છે, માત્ર આયુષ્યના બધ સમયે આ નિયમ છે સમ્યગ્દૃષ્ટિ જીવો શ્રીવીતરાગ પરમાત્માને પોતાના આદર્શ તરીકે દેવ માને છે એક નકશા ઉપરથી વિદ્યાર્થી બીજો નકશો ચિતરે છે એ જ રીતે સમકિતીઓ શ્રીવીતરાગદેવને આત્માના આદર્શ તરીકે માને છે શ્રીવીતરાગ પરમાત્માની સ્તુતિ શી રીતે થાય છે ?, પ્રશમરસનિમગ્ન૦ ગુરૂ મહારાજ પણ આદર્શરૂપ છે, અને સર્વજ્ઞકથિત ધર્મ પણ આદર્શરૂપ, એવી સમ્યગ્દૃષ્ટિની માન્યતા હોય છે આવી સુદર લેશ્યાવાળાઓ વૈમાનિક થઈ શકે છે, અને આ લેશ્યામા વૈમાનિકનુ જ આયુષ્ય બધાય છે સમકિતવાળો વૈમાનિક વિના બીજુ આયુષ્ય ન જ બાધે

ક્રિયા બીજાની કામ લાગતી નથી

આદરાના નિર્ણય પછી, અને પરિણતિની શુદ્ધિ પછી, આચરણની શુદ્ધિ જોઇએ પારકી ક્રિયા કામ લાગે, એવું જૈનદર્શન માનતુ નથી કથચિત્ જ્ઞાન પારકુ કામ લાગે એક ગીતાર્થનુ સાધુપણુ કહ્યુ છે, તેવુ ગીતાર્થની નિશ્રાએ પણ સાધુપણુ કહ્યુ છે, પરતુ ત્રીજે મા । શ્રીજિનેશ્વરદેવે વિહિત કર્યો જ નથી જ્ઞાનને અગે જ્ઞાનીની નિશ્રાએ અજ્ઞાનીનુ સાધુપણુ માન્યુ ભલે, પણ અવિરતિ એવા જીવનુ સાધુપણુ સાધુની નિશ્રાએ માન્યુ જ નહિ જ્ઞાન બીજાને આલબન આપે છે, પણ ક્રિયા અન્યને આલ બન રૂપ થતી નથી કાયદો જાણનાર વકીલ સલાહ આપશે પણ દ્રવ્ય આપશે નહિ ઉચા આદર્શને માનવા છતા, વર્તાવ ઉચો ન હોય તો નવગ્રૈવેયક મેળવી શકતા નથી, માટે નવગ્રૈવેયક મેળવવા વર્તાવ ઉચો જોઇએ પચ મહાવ્રત પાલનારા, મહાવ્રતની આડે આવનારા કોઇ પણ કાર્યની દરકાર નહિ કરનારા, અને શારીરિક સયોગોની પણ બેદરકારી રાખીને સયમ આચરે, એવા આત્માઓ નવગ્રૈવેયકે જઈ શકે છે દેવલો મા ગ્રૈવેયકના નવ ભેદ છે મનુષ્યાકારરૂપ-ચૌદ રાજલોકમા ગ્રૈવેયકના વિમાન ગ્રીવાના સ્થાને છે ગ્રીવા સ્થાને સ્થિત એવા તે તે ગ્રૈવેયકના જીવો ની માન્યતામા ભિન્ન ભિન્ન માન્યતા હોય છે કેટલાક માત્ર મનુષ્યને જીવ માને છે, કેટલાક માત્ર હાલે ચાલે તેને જીવ માને છે, પરતુ જૈનો તો છએ કાયને જીવ માને છે એ છએ કાયના જીવની રક્ષામા શરીરની પણ સ્પૃહા ન ધરાવાય, તેવી રીતિએ સયમ પાલનારાઓ નવગ્રૈવેયક દેવલોકને હસ્તગત કરી શકે છે ગઈ કાલે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ, એ ત્રણેયમા જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ પુણ્યબધના ભાગા એ નવ ભેદની વિચારણા કરી ગયા, અને તે જ આધારે ફલ પ્રાપ્તિમા ભિન્નભિન્ન સ્થાનોરૂપે પણ નવ ભેદ પાડ્યા

'અનુત્તર' એવુ નામ શાથી?

શ્રદ્ધાશુદ્ધિ કર્યા પછી અને વર્તનની શુદ્ધિ કર્યા પછી પણ કેટલાક જીવો પ્રમાદી હોય છે છકાય રક્ષાને અગે પચમહાવ્રત પાલનમા વાધો નહિ, પણ જરા અનિષ્ટ ગધ આવતા 'અરર!' કરી દે આનુ નામ પ્રમાદ, અને આવા પ્રમાદી જીવોને પ્રમત્ત સયમ ગુણસ્થાનક હોય છે હવે જે જીવો સયમમા પ્રમાદનો ત્યાગ કરે, વિષય-કષાય-પ્રમાદમા ન પડે, અને શુદ્ધ સમ્યકત્વ સાથે પ્રતિજ્ઞા પાલન કરતા હોય, તેવા જીવો અનુત્તર વિમાનમા ઉપજે છે જેનાથી ઉત્તર એટલે શ્રેષ્ઠ ચઢીયાતુ સ્થાન ચૌદ રાજલોકમા બીજુ નથી, માટે જ તેનુ નામ અનુત્તર છે ચૌદ રાજલોકમા ઉત્તમમા ઉત્તમ સ્થિતિ અનુત્તર વિમાનની છે ઉચામા ઉચે એ દેવલોક છે, તેનાથી આગળ બીજો દેવલોક નથી, અને તે પછી આગળ સિદ્ધશિલા છે

કેટલાકો એમ માને છે કે સિદ્ધશિલા ઉપર જીવો નથી, પણ નજીકમા તે પદાર્થ હોવાથી તેનુ નામ સિદ્ધશિલા કહ્યુ છે પદાર્થને દેખાડવા જેમ દૃષ્ટિને ઝાડની ટોચે

પહોચાડવી પડે છે, અને પછી તે પદાર્થ બતાવાય છે, તેમ અનુત્તરવિમાન આગળ સિદ્ધશિલા સિવાય કોઇચીજ નથી, અને તેથી કરીને તે સિદ્ધને ઓળખાવાય છે

સિદ્ધો કયા અને શી રીતે રહ્યા છે?

અઢીદ્વીપ ૪૫ લાખ યોજન લાંબો પહોળો છે, અને તેમા સિદ્ધ શિલા પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ ૪૫ લાખ યોજનની છે સિદ્ધશિલા ઉપર એક યોજન આવે ત્યારે લોકનો છેડો આવે આમા પાચ ભાગ નીચેના બાદ થાય, અને તે પછી છઠ્ઠા ભાગમા તમામ સિદ્ધો રહેલા છે લાકડાની કાચલીઓ પાણીમા ઝબોળ્યા પછી પાણીને જેમ લાકડાનો છેડો તથા કાચલીનો છેડો સરખા છે, તેમ સિદ્ધ લોકનો ઉંચામા ઉંચો પ્રદેશ અને લોકના છેડાનો આકાશ-પ્રદેશ બંને સરખા છે શિલા અને જ્યા સમાન હોવાથી અનાદિ કાલથી જીવો મોક્ષે ગયા તે ત્યા રહ્યા છે, વર્તમાનમા જાય છે, તે ત્યા રહે છે અને ભવિષ્યકાલમા જશે, તેઓ પણ ત્યાજ રહેશે 'એમા બધા સિદ્ધો સમાય?', એવો પ્રશ્ન ન થાય, કારણકે દીવાની જ્યોતમા જ્યોત સમાય છે કે નહિ?, જ્યોતિ એ સ્થાન રોકનારી વસ્તુ નથી દીપક જગ્યા રોકે છે, પણ જ્યોતિ જગ્યા રોકેજ નહિ આથી જ સિદ્ધના જીવો કર્મરહિત હોવાથી જ્યોતિની જેમ સિદ્ધમા સમાય છે દેવલોકમા છેલ્લુ સ્થાન હોવાથી તેનુ નામ અનુત્તર વિમાન છે બીજે બધે લાઈનબંધ વિમાનો છે પણ અનુત્તરમા તો માત્ર પાચ જ વિમાનો છે એ પાચ વિમાનના નામ ૧ વિજય, ૨ વિજયંત, ૩ જયંત, ૪ અપરાજિત, અને ૫ સર્વાર્થસિદ્ધ જગત્મા તમામ ઇષ્ટ પદાર્થોના નામ, અને તેના તમામ સુખનો સંચય કરીએ તો તે તમામ સુખો સર્વાર્થસિદ્ધ વિમાનમા રહેલા જીવોના સુખ પાસે કઇ વીસાતમા નથી તે સર્વાર્થસિદ્ધ વિમાનના આ બધા સ્થાનો, તે તે જીવોએ કરેલા પુણ્યબંધાનુસાર, તેવા તેવા પુદ્ગલ-પરિણમનને યોગે તેઓને પ્રાપ્ત થાય છે, અને તે સબંધિ વિશેષાધિકાર કથન કરાય છે તે અગ્રે વર્તમાન

દેશના-૩૨

પુદ્ગલ-પરિણામ

જ્ઞાનાવરણીયની એ તાકાત નથી, કે જ્ઞાનને સદંતર ઢાંકી શકે.

શ્રીગણધર મહારાજાએ, રચેલી શ્રીદ્વાદશાંગીના પાચમા અંગમા શ્રીભગવતીજીના આઠમા શતકના પહેલા ઉદ્દેશાનો પુદ્ગલ-પરિણામ નામનો અધિકાર અત્ર ચાલી રહ્યો છે સોનાના

મૂલ્યનો આધાર તોલ ઉપર નથી, પરન્તુ તેના સોનાપણા ઉપર છે, તેવીજ રીતે જીવના જીવત્વનો આધાર તેના સ્વરૂપ ઉપર છે ભલે કર્મનો સયોગ છે, છતા તે જીવો પણ સ્વરૂપે તો કર્મ રહિત જીવો સમાનજ છે સૂક્ષ્મ કે બાદર કોઈ પણ જીવ હો, સ્વરૂપે ભિન્ન નથી સૂક્ષ્મ એકેંદ્રિયનો જીવ તથા સિધ્ધ મહારાજનો જીવ સ્વરૂપે બને સમાન છે સ્વરૂપે કેવલજ્ઞાન વગરનો કોઈપણ જીવ નથી આથી તો દરેકને કેવલજ્ઞાનાવરણીય કર્મ માની શકાય છે કમાડે અધારૂ કર્યું, એ ક્યારે કહેવાય છે કે જ્યારે અદર દીપક હોય તોજ બોલી શકાય છે જો બધા જીવો કેવલજ્ઞાન સ્વરૂપ ન હોત તો કેવલજ્ઞાનાવરણી કર્મ બધાને નજ મનાય, અને માનીએ તો સર્વ જીવોને કેવલજ્ઞાન સ્વરૂપ માનવામા આવે જો કેવલજ્ઞાન નજ હોય તો કેવલજ્ઞાનાવરણીય કર્મ રોકશે કોને ? મતિજ્ઞાન શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, અને મન પર્યવજ્ઞાન એ બધા તો ઉજળજ્ઞાનનો એકડાટો છે સૂર્યની ચોતરફ વાદલ હોય તો પણ વાદળમાથી સૂર્યનો પ્રકાશ તો પડે છે, તેમ મતિ આદિ ચાર જ્ઞાનમા પણ સમજવુ વાદલદ્વારા સૂર્યનો પ્રકાશ આવરાયો છે, તો પણ બચેલો પ્રકાશ બારીમાથી આવે છે વાદળાએ આવરાય તેટલો સૂર્યનો પ્રકાશ આવર્યો, તો પણ બચેલો પ્રકાશ બારી વાટે મળ્યો કેવલજ્ઞાન એ જીવનુ સ્વરૂપ, તેને કેવલજ્ઞાનાવરણીય કર્મે ઢાંક્યુ, છતા પણ શાસ્ત્ર કહે છે કે એ કર્મનુ એવુ સામર્થ્ય નથી, કે કેવલજ્ઞાનને-એ સ્વરૂપે, સદતર ઢાકી શકે ગમે તેવા જબરદસ્ત વાદળા હોય, છતા ચદ્રસૂર્યની પ્રભા કઇક કઇક તો પ્રકાશ આપે છે ચદ્ર સૂર્યની પ્રભાનો નાશ કરવાની તાકાત વાદળામા નથી દિવસે ગમે તેટલા વાદલા સૂર્યને ઘેરે, છતા રાત્રિ જેવી સ્થિતિ તો થાય. તો પછી અમાવાસ્યાની મધ્યરાત્રિ જેવી સ્થિતિ તો થાય જ શાની ?, કેવલજ્ઞાનાવરણીય કર્મ ગમે તેવુ ગાઢ હોય, છતા જીવની જ્ઞાનપ્રભાને સર્વથા આવરી શકતુ જ નથી

સસારી જીવને શરીર તો હોયજ

ઇન્દ્રિયથી અને મનથી થતા જ્ઞાનને મતિજ્ઞાન કહ્યુ છે બીજાઓએ જ્ઞાનના વિભાગ સમજવવા પ્રત્યક્ષ, અનુમાન, અને ઉપમાન એ શબ્દોનો ઉપયોગ કર્યો છે આત્માની ક્ષયોપશમ શક્તિ ઉપર ધ્યાન રાખીને કર્મ પ્રકૃતિના વિચારમા જૈનોએ જ્ઞાનના પ્રત્યક્ષ અને પરોક્ષ, એવા બે ભેદ કહીને, પ્રત્યક્ષાવરણીય, પરોક્ષાવરણીય ભેદ ન રાખતા મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય અવધિજ્ઞાનાવરણીય, મન પર્યવજ્ઞાનાવરણીય, તથા કેવલજ્ઞાનાવરણીય એવા ભેદો પાડયા છે સસારી જીવોની ઉત્ક્રાંતિ કઈ રીતે ?, સર્વ સસારી જીવો માટે સર્વ કાલે જે જ્ઞાન થાય છે, તે ઈન્દ્રિયદ્વારા થતુ જ્ઞાન છે એકેન્દ્રિયમા સ્પર્શજ્ઞાન છે, અને તે સ્પર્શનેન્દ્રિયનુ જ્ઞાન સર્વ વ્યાપક છે બીજી ઈન્દ્રિયો વ્યાપ્ય છે, જ્યારે સ્પર્શનેન્દ્રિય વ્યાપક છે વ્યાપક હોય તે ઘણુ સ્થાન રોકે છે, પણ વ્યાપ્ય થોડુ સ્થાન રોકે છે શરીર કરતા, કાન, ચક્ષુ, નાક, જીભ મોટા છે ? ના સ્પર્શનુ જ્ઞાન બધે થાય સસારી જીવોના ભેદમા શરીર વગરનો જીવ મળશે નહિ એકેન્દ્રિયાદિથી યાવત્ પચેન્દ્રિય સુધી ગમે તે જાતિમા, ગમે તે ગતિમા, જીવને શરીર તો

ઉત્ક્રાન્તિ ક્રમ

કરવામા આવેલા કર્મોનો ભોગવટો બે પ્રકારે થાય છે તેમા સમજણ પૂર્વક નિર્જરા કરીને, દુઃખ ભોગવીને પણ પ્રથમના બાંધેલા કર્મો ભોગવાય જ છે જેલની સજા જેટલી ભોગવાય, તે થયેલી સજામાથી તો કપાય જ છે, તેમજ બંધાયેલુ પાપ, ફલ રૂપે જે ભોગવાય તે તો તૂટેજ આ રીતે જૂના કર્મો તૂટે નવા કર્મનો ઓછો બધ થાય તેથી આગલ વધવાનુ થાય, એટલે કે ઉત્ક્રાંતિ થાય એકેન્દ્રિયમાથી આ રીતે જીવને બેઇન્દ્રિય જાતિમા જવાનુ થાય એકેન્દ્રિય જીવને માત્ર સ્પર્શનુજ જ્ઞાન હતુ, તે હવે રસના (જીભ-વિષયક) જ્ઞાન પુરતો ક્ષયોપશમ વધ્યો રસના (જીભ) વગરનુ શરીર હોય, પણ શરીર વગર જીભ હોય નહિ બેઇન્દ્રિયમાથી ઉપર જણાવ્યા મુજબની આ મ નિર્જરાના યોગે જીવનુ તેઇન્દ્રિયમા ઉપજવુ થાય ત્યા ગધના જ્ઞાનનો ક્ષયોપશમ વધ્યો એકેન્દ્રિયથી બેઇન્દ્રિયમા અનતગુણો ક્ષયોપશમ તથા બેઇન્દ્રિયથી તેઇન્દ્રિયના અનન્તગુણો ક્ષયોપશમ સમજવો શરીર તથા જીભ હોય પણ નાસિકા ન હોય તે બને, પણ માત્ર નાસિકા હોય અને શરીર તથા જીભ ન હોય એવો જીવ ન મળે, આ રીતે પચેન્દ્રિય પર્યંત સમજી લેવુ

'પચેન્દ્રિયજીવોના વધથી' નરકમા જવાય એમ શાથી?

શાસ્ત્રકારે પચેન્દ્રિય જીવોના વધના વિપાક ફલમા નરકગતિ જણાવી પ્રાણનો નાશ તો એકેન્દ્રિયમા, વિકલેન્દ્રિયમા તથા પચેન્દ્રિયમા સરખો જ છતા, પચેન્દ્રિયના વધથી નરકગતિ શાથી?, એકજ હેતુ કે પચેન્દ્રિયનો વધ એટલે કેટલા સામર્થ્યનો નાશ?, સાધુની હત્યાથી દુર્લભબોધિ થવાય છે દશ પ્રાણ તો બીજા પચેન્દ્રિયને પણ છે, સાધુની હત્યાથી પાપના પ્રમાણમા, ફલના વિપાકમા આટલી હદે વધારો કેમ? કારણ કે સાધુએ આત્મશક્તિ વધારે કેળવી છે છ કાય જીવોની હિંસાનો સાધુએ કાયમ માટે ત્યાગ કર્યો છે દુનિઆ છોડી, કુટુબ કબીલો છોડ્યા, સુખ સાહ્યબીનો ત્યાગ કર્યો, શરીરની સ્પૃહા નથી રાખી, આ બધુ શા માટે?, છ કાયની રક્ષા માટે પાચ મહાવ્રતની પ્રતિજ્ઞાઓ જીવનભરને માટે સ્વીકારવાનો હેતુ એજ છે સાધુની દયા વીસ વસાની ગણાય છે એની દયામા સ્થાવર ત્રસ, અપરાધી,નિરપરાધી, તમામ આવી ગયા એવીરીતે ભક્તિને અગે પણ ઉચ્ચ ઉચ્ચ શક્તિ પાત્રને હિસાબે વધારે લાભદાયક છે

શ્રાવકની પ્રતિજ્ઞા કેટલી?

શ્રાવકની દયા સવા વસાની છે એની પ્રતિજ્ઞા કેટલી?, "ત્રસ જીવને, નિરપરાધીને, નિરપેક્ષપણે ન મારૂ"

સાપ પણ મનુષ્ય કે જનાવરને શોધી શોધીને મારવાનુ કામ કરતો નથી કોઈ અથડામણમા આવે તો તેને તે ડખે છે શ્રાવકની પ્રતિજ્ઞામા પણ એજ નિયમ કે પોતાના

કૌટુમ્બિક, વ્યવહારિક, આર્થિક, શારીરિક પ્રવૃત્તિમા જે આડે ન આવે, આડે આવવાનો શુ હો ન કરે, તેને મારવો નહિ, અર્થાત્ તેવા ત્રસ જીવને મારવો નહિ સ્થાવર તો આડે આવવાનો જ નથી, તેથી પ્રતિજ્ઞા માત્ર ત્રસને અગે જ છે સ્થાવરની પ્રતિજ્ઞા તો શ્રાવક માટે શકય જ કયા છે ?, હવે ત્રસ જીવ કદી અપરાધી બને, અને શ્રાવક ન મારે તે વાત જૂદી, પણ પ્રતિજ્ઞા તેવી નહિ કરે ! વર્તમાનમા કોઇ જીવ અપરાધ ન કરતો હોય, એવા જીવના સબધમા પણ ભૂતકાળનો અપરાધ માલુમ પડે, અગર ભવિષ્યમા તે અપરાધ કરશે, એમ માલુમ પડે તો પણ પ્રતિજ્ઞા બધનકર્તા નહિ વળી પોતાના કામ કાજે ચાલુ હોય તેમા ત્રસ જીવો મરે એની પણ પ્રતિજ્ઞા નહિ વિચારો ! મૂઠીભર ત્રસ જીવોના અગે પ્રતિજ્ઞામા પણ કેટલી છટકબારીની પોલ ?, એકેન્દ્રિય મારે તેના કરતા બેઇન્દ્રિયની વિરાધનાનુ ઘણુ પાપ છે એમ ઉત્તરોત્તર પાપ વધારે હોઇ, ત્રસ જીવોની વિરાધનાનો ત્યાગ પણ મોટો છે, અનતા એકેન્દ્રિય જીવોની જ્ઞાનશક્તિ કરતા એક બેઇન્દ્રિયની જ્ઞાનશક્તિ વધારે છે, એ રીતે પચેન્દ્રિય પર્યત સમજવાનુ છે ત્રસને ન મારવાની પ્રતિજ્ઞામા પણ પ્રતિજ્ઞા કરનારે ઘણુ કર્યું છે

પ્રતિજ્ઞાની મર્યાદા

સ્થાવર જીવોમા પણ શ્રાવક નિરર્થક હિંસા કરતો નથી પ્રતિજ્ઞા માત્ર સવા વસાની દયા (વિરાધના ત્યાગ) પુરતી છે, પણ દયા તો સર્વ જીવો પ્રત્યે હૃદયમા છે પ્રતિજ્ઞા ત્રસ જીવો પુરતી છે, અને એકેન્દ્રિય જીવોની બધી છૂટી છે, અને ત્રસની બાધા છે, એમ બને ?, દિવસે ન ખાવુ અને રાત્રે જમવુ, અનાજ ન ખાવુ અને માસ જ ખાવુ, પાણી ન પીવુ અને દારૂ જ પીવો, આવી પ્રતિજ્ઞા હોય ?, ન જ હોય કર્મના ક્ષયોપશમની અપેક્ષાએ માસ દારૂની વિરતિના પરિણામ વિના, ત્રસની વિરતિના પરિણામ થયા વિના, આહાર પાણીના પચ્ચક્ખાણ એ તો ધર્મને ધક્કો મારવા જેવુ છે આથી શ્રાવકની દયા સવા વસાની કહેવામા આવી છે

અહિં કોઇ તર્ક કરે કે, સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ પાચ પ્રકારના જીવો કોઇથી હણાતા નથી, અગર તે કોઇને હણતા નથી, તેની વિરતિના પચ્ચક્ખાણમા શ્રાવકને શુ બાધ હતો ? અજવાળુ કોઇનો ધક્કો ખાતુ નથી, અને તે કોઇને ધક્કો મારતુ નથી, તેવી રીતે ચૌદ રાજલોકમા ભરેલા સૂક્ષ્મ જીવોથી, સ્થુલ જીવોને બાદર જીવોના ઔદારિક શરીરાદિને પ્રતિઘાત, ઉપઘાત થતો નથી, તો પછી એની દયાના કારણે પચ્ચક્ખાણ કેમ નહિ સમાધાન – હિમાલય પૂછવો સહેલો છે, ગણવો સહેલો નથી. જેને બાદરની હિંસાની વિરતિ પરિણમી નથી તેવાને સૂક્ષ્મની હિંસાની વિરતિના પરિણામો થતા જ નથી કર્મની અપેક્ષાએ અપ્રત્યાખ્યાનીની ચોકડી ગયા વિના પ્રત્યાખ્યાનીની ચોકડીની વિરતિ થતી જ નથી સજ્વલનાદિ-ચોકડીરૂપ કષાયોના ચાર ભેદો છે ક્રોધ, માન, માયા, લોભ એમ કષાયો ચાર

હોવાથી એને ચોકડી કહેવામા આવે છે ક્રોધ માન, માયા, લોભને ચડાગ ચોકડી કહેવામા આવે છે અનંતાનુબંધની ચોકડી જાય, પછી જ અપ્રત્યાખ્યાનની ચોકડી જાય તેમ બાદરની વિરતિ થાય, પછી જ સૂક્ષ્મની વિરતિ થાય માંસ, દારૂ, અને રાત્રિભોજનના ત્યાગ પછી જ અનાજ પાણી વગેરે દિવસે ખાવાના પચ્ચખાણરૂપે ત્યાગ કરાવી શકાય મૃષાવાદમા 'નાના જૂઠ્ઠા નહિં બોલુ, અને મોટા જૂઠ્ઠા બોલુ' એવી પ્રતિજ્ઞા હોઈ શકે નહિ પ્રતિજ્ઞામા મોટો જૂઠ્ઠા બોલવાનો ત્યાગ હોય, નાના જૂઠ્ઠા બોલવાની કદી છૂટી ન હોય ચોરીમા પણ પહેલા મોટી ચોરીના ત્યાગના પચ્ચખ્ખાણ હોય છે, અને પરસ્ત્રીનો ત્યાગ કર્યા પહેલા સ્વસ્ત્રીના ત્યાગનુ કહેવુ એ કથન બનાવટી ગણાય

પહેલા સ્પર્શનઈંદ્રિયનો ક્ષયોપશમ, પછી જ રસેન્દ્રિયનો ક્ષયોપશમ, પછી ઘ્રાણેન્દ્રિયનો ક્ષયોપશમ ચક્ષુરિંદ્રિયનો ક્ષયોપશમ અને તે પછી શ્રોત્રેન્દ્રિયનો ક્ષયોપશમ હોય છે આથી તો એકેંદ્રિયાદિ પાચ જાતિ કહી છે ઈન્દ્રિય અને મન દ્વારા થતુ જ્ઞાન તે મતિજ્ઞાન, અને તેને રોકનાર તે મતિજ્ઞાનાવરણીય કર્મ

જ્ઞાન તથા આવરણ સબંધિ-વિવરણ

શબ્દના અર્થને વાચ્ય વાચક ભાવે જાણવાનુ કામ ઇંદ્રિઓનુ નથી પણ એ કામ મનનુ છે જે બરફી ખાવાથી એક શ્વાન તરફડીને મરી જાય, તે બરફીમા બીજો શ્વાન મો ઘાલશે નહિ, કારણ કે મન તો જનાવરને પણ છે મતિજ્ઞાન થયા પછી, વાચ્ય વાચક ભાવનુ જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન, સંકેત કે શબ્દાદિ વિના દૂર રહેલા રૂપી પદાર્થોનુ જ્ઞાન તે અવધિજ્ઞાન અને મનવાળા જીવોના મનના વિચારોનુ જ્ઞાન તે મનઃપર્યવજ્ઞાન છે

જીવોના સ્વરૂપ, ક્ષયોપશમ સ્થિતિ પરત્વે ધ્યાન રાખી, શાસ્ત્રકારે આવરણના ભેદ તે રીતે રાખ્યા છે, માટે પ્રત્યક્ષાવરણીય કે પરોક્ષાવરણીય એવા બે ભેદ નથી કહ્યા જીવની ઉત્ક્રાંતિ એટલે ચઢવાનો આ ક્રમ છે સૂર્યનુ અજવાળુ બારીના કાચથી અહિં પણ દેખાય છે કેવલજ્ઞાનના સ્વરૂપે તમામ જીવો છે આવરણની તાત્તવિકતા મુજબ મતિ, અને શ્રુતાદિજ્ઞાન પણ અવરાય, અને જેમ આવરણ ખસે તેમ તેમ તે જ્ઞાન તે તે પ્રમાણે પ્રાપ્ત થાય સર્વથા આવરણ ખસે ત્યારેજ કેવલજ્ઞાન થાય, જેથી સર્વ જીવોના સર્વકાળના સર્વ દ્રવ્યના રૂપી અરૂપીના સર્વ ભાવ જણાય કેવલજ્ઞાન એવું કંઈ પણ જાણવાનુ બાકી રહે નહિ એકેન્દ્રિયાદિની ભિન્ન ભિન્ન શક્તિ વિગેરે કેવી છે?, તે વધુ વર્ણન માટે વિશેષાધિકાર અને વર્તમાન



દેશના—૩૩

મન, વચન, શ્વાસોશ્વાસ પુદ્‌ગલો ગ્રહણ કરે, વિસર્જન કરે પણ ધારણ કરે નહિ

શ્રી ગણધર મહારાજાએ, શાસનની સ્થાપના માટે ભવ્યાત્માઓના ઉપકાર માટે રચેલી દ્વાદશાંગીમાના પંચમાંગ–શ્રીભગવતીજી–સૂત્રના આઠમા શતકના પહેલા ઉદ્દેશાનો પુદ્‌ગલ–પરિણામનો અધિકાર ચાલી રહ્યો છે હવે સંસારી જીવોમા પણ એકેન્દ્રિયાદિ પંચેન્દ્રિય સુધીના પાંચ ભેદો છે, તેમાં ખરૂં કારણ પુદ્‌ગલોના પરિણમનનું છે કલમ સારી હોય કે નરસી હોય, પણ નાનું બાલક શાહીનો તથા કલમનો ઉપયોગ લીટા કરવામાં જ કરે, તેમ જે જીવોને એકેન્દ્રિયનામ કર્મનો ઉદય હોય, તે જીવો જે પુદ્‌ગલો ગ્રહણ કરે, તેને એકેન્દ્રિય શરીરપણે પરિણમાવે છે જે જલ આપણે પીએ છીએ, તેજ પશુ પક્ષી પણ પીએ છે, તેજ જલથી વૃક્ષો, અને વેલડીઓ સિંચાય છે, જલ એક જ પણ પરિણમન ભિન્ન ભિન્ન થાય છે ધાન્યને અંગે, ખોરાકને અંગે મનુષ્ય, તિર્યંચ કે કીડી તમામ એજ ખોરાક લે છે, છતાં પરિણમન પોત પોતાની જાતિ, ગતિ અનુસાર થાય છે પુદ્‌ગલનું પરિણમન જેમ પાંચ ઇન્દ્રિય ને અંગે જણાવ્યું છે, તેમ મન, વચન, શ્વાસોશ્વાસને અંગે પુદ્‌ગલ પરિણમન છતા છે, સાત આઠ ઇન્દ્રિય એવા ભેદ કેમ નહિ ?, ભાષા વર્ગણાના પણ પુદ્‌ગલો તો છે, અને જનાવરો, આર્યો, અને અનાર્યો તમામ એજ પુદ્‌ગલો લઇને ભાષાપણે પરિણમાવે છે તેજ રીતે જઘન્ય, મધ્યમ, ઉત્તમ–પરિણામવાળા પુદ્‌ગલો લઇને, મન રૂપે પણ પરિણમાવાય છે તર્ક કરનાર તર્ક કરે છે કે મન, ભાષા તથા શ્વાસો–શ્વાસમા પણ પુદ્‌ગલ–પરિણમન છતાં, તેને ઇન્દ્રિયોના ભેદની સંખ્યામા કેમ ન ગણ્યા ?, ઇન્દ્રિયના પુદ્‌ગલો પરિણમાવ્યા પછી ઇન્દ્રિયોથી ધારણ કરાય છે, પણ તેને વિસર્જન નથી કરતા, જ્યારે મનમા, ભાષામા તથા શ્વાસોશ્વાસમા પુદ્‌ગલો ગ્રહણ થાય છે, પરિણમાય છે, પણ ધારણ કરવામા આવતા નથી, અર્થાત્ વિસર્જન કરાય છે ત્યાં પુદ્‌ગલનું સ્થાયીપણું ન હોવાથી, એને ઇન્દ્રિયોના પુદ્‌ગલ પરિણમનના ભેદની જેમ ભેદમા ગણ્યા નથી પુદ્‌ગલોનું ગ્રહણ કરી ધારણ કરનારા એકેન્દ્રિયાદિ પાંચ જાતિની અપેક્ષાએ પ્રયોગ–પરિણત પુદ્‌ગલોના પાંચ પ્રકાર છે

ગ્રહણ સૂર્ય–ચંદ્રનું થાય છે, તારા નક્ષત્રાદિનું થતું જ નહિ

જગતનો સ્વભાવ જુઓ ! તારા કે નક્ષત્રોનું ગ્રહણ સાભળ્યું છે ?, કહેવું પડશે કે ના. સૂર્ય તથા ચંદ્રનું જ ગ્રહણ હોય છે મંગલનું, અને બુધનું ગ્રહણ જોયું ?, ના. તારા, નક્ષત્રાદિની ગણના

જ્યોતિષી તરીકેની ખરી, પણ મોટા તરીકે ગણના નથી રાત્રિએ તારાઓ, ગ્રહો, નક્ષત્રો પણ ચળકે છે, અને ચંદ્ર પણ ચળકે છે, છતા નિશાકર તો ચંદ્ર જ છે, અને દિનકર સૂર્ય જ છે **સંપત્તિ અગર વિપત્તિ મોટાને જ હોય છે** દેવતા તથા નારકીનો ભેદ પંચેન્દ્રિયમા જ કેમ ?, ઉત્કૃષ્ટ પુણ્યના વિપાકનો ભોગવટો, તથા ઉત્કૃષ્ટ પાપના વિપાકનો ભોગવટો સંપૂર્ણતયા પંચેન્દ્રિય પણામાં જ થઈ શકે છે ઉત્કૃષ્ટ પાપના વિપાકોને ભોગવવાનુ સ્થાન નરક ગતિ છે, અને ઉત્કૃષ્ટ પુણ્યના વિપાકોને ભોગવવાનુ સ્થાન સ્વર્ગ ગતિ છે દેવલોકને અંગે અત્રે વિવેચન ચાલુ છે પુણ્યસંબધથીજ દેવલોક મળે છે ધર્મ કરનારા જ પુણ્યોપાર્જન કરે છે ધર્મ કરનારા કાંઈ એક પ્રકારના હોતા નથી બમાથ ગુ માટે કુટુ બાદિનો ત્યાગ કર્યા છતા, ધર્મનુ સ્વરૂપ ન સમજે, તેવાઓ ભવનપતિમા ઉત્પન્ન થાય છે સ્વરૂપ સમજે પણ વર્તનમા ન હોય, તેને દેવગતિ મળે ખરી, પણ વર્તનમા હોય તેને ચઢીયાતી દેવગતિ મળે છે વર્તનમા ડામાડોળ સ્થિતિ હોય, તેને તદનુસાર દેવગતિ મળે

લક્ષ્ય એકજ

કેટલાક એવા પણ છે કે જેઓ માન્યતામા દૃઢ છે, વિચારોમા વિશુદ્ધ છે, અને ચોવીશે કલાક ધ્યેયથી ચૂકતા નથી પાણી ભરીને આવતી બાઈ વાતો કરે, હસે, બધુ ખરૂ પણ દૃષ્ટિ માથા ઉપરના પાણીથી ભરેલા બેડા ઉપર છે, એજ રીતે સમ્યગદષ્ટિનુ લક્ષ્ય પણ ધર્મ ક્રિયામા જ હોય છે સંસારની ક્રિયા કરે ભલે પણ એને એ ક્રિયા ગમતી નથી આરંભ-સમારંભથી દુભાય, એના કટુ ફલ ભોગવવા પડે એમ સમકિતી માને છે જરૂર એ અણુવ્રત નથી લેતો છતા એનુ લક્ષ્ય ધર્મ તરફ જ હોય છે, એમના માટે પુણ્ય બંધાનુસાર દેવલોકમા સ્થાન તો ખરૂ જને !

મહાજન મ્હારા માબાપ છે, પણ ખીંટી મારી ખસે નહિ

કેટલાક જીવો એવા હોય છે કે જે, પેલા કણબીએ કહ્યુ કે 'મહાજન મારા માથા ઉપર પણ મારી ખીંટી ફરે નહિ', આવુ જેઓ માને છે; તેઓ 'ધર્મ કલ્યાણકારી, છે, ધર્મ આચરવા લાયક ખરો, પણ મારા આર્થિક, વ્યવહારિક, કૌટુંબિક, શારીરિક સંયોગો પહેલા તપાસવા પછી ધર્મની વાત ધર્મ થાય કે ન થાય, પણ મારા ચાર ખીલા ફરે નહિ આર્થિક, વ્યવહારિક, કૌટુંબિક શારીરિક સંયોગો રૂપી ચાર ખીલા ન જ ખરે એવી રીતે ધર્મને મેળ પણ માનનારાઓને તે મુજબ ફળ મળે છે એવી સ્થિતિમા થતા પુણ્યબંધાનુસાર દેવલોકમા તેને યોગ્ય સ્થાન મળે છે કેટલાકો આ ચાર સંયોગોને વિઘ્નરૂપ માને છે, તેવી શારીરિક સંયોગને અંગે અશક્ત માની, બાકીના ત્રણ સંયોગને ચોસરાવે છે કેટલાકો એવા છે કે 'ધર્મના કાર્ય વિના આંખનો પલકારો પણ ન કરવો ત્યા સુધી વર્તનવાળા એટલે કે શારીરિક સંયોગોની પણ સ્પૃહાને તજવાવાળા હોય છે'

'બહુવેલ સંદિસાહુ' ઇત્યાદિનું રહસ્ય

પૌષધ ઉચ્ચરતી વખતે 'બહુવેલ સંદિસાહુ,' તથા બહુવેલ કરશું ' એવો આદેશ માગો છો, તેનું રહસ્ય સમજશો ત્યારે તમને આત્મ-અર્પણ સમર્પણ એ વસ્તુનું ખરૂં તત્ત્વ સમજાશે ત્યાં પૌષધમાં પ્રવેશ કરનાર ગુરૂને એમ કહે છે, કે આ કાયા આપને અર્પણ કરૂં છું તેથી તેના ઉપર હવે મારો કશો હક્ક નથી આ કાયાથી થતી ક્રિયા પ્રત્યે તમારો હક છે આપની આજ્ઞા વિના એક પણ ક્રિયા હું કરી શકું નહિં તેમાં આંખનો પલકારો થનો, શ્વાસ લેવો, અને નાડીનું સંચાલન થવું વિગેરે ક્રિયાઓના તણું યદ્યપિ આપશ્રીને પૂછવું જ જોઈએ પણ એ ક્રિયાઓ એટલી બધી સૂક્ષ્મ છે, કે દરેક વખતે આપશ્રીને પૂછવું અશક્ય હોઈ પ્રથમથી આપની રજા માગી લઉં છું 'બહુવેલ સંદિસાહુ', અને 'બહુવેલ કરશું' એ બે આદેશમાં તે અશક્ય પ્રસંગો માટે રજા માગેલી છે

સમર્પણ-રહસ્ય

જે પહેલો આદેશ માગ્યો છે, એમાં 'બહુવેલ કરશું' એવી જે પછી રજા માગવાની છે, તેની પણ રજા માગવાનો 'બહુવેલ સંદિસાહુ આદેશ માગ્યો છે રજા માગવી તેની પણ રજા માગવાની છે 'રજા માગું ?' એ માટે પણ મને રજા આપો' કહો કે કેવલ સમર્પણ છે જે મીલકતમાં રીસીવર હોય, તેમાંથી રોજનો ખર્ચ ઉપાડવા માટે બધારણ હોય, તે મુજબ ખર્ચની રકમ વગર પૂછયે મળે જાય, કેમકે રીસીવરે જ એ બધારણ કાયમ માટે નક્કી કર્યું છે અહિં પણ 'બહુવેલ કરશું' એ આદેશ માગ્યો એમાં એ મુજબ બધારણ સમજી લેવું કોર્ટમાં હુકમનામા માટે પણ રજા માગવામાં આવે છે જેમકે ઉપલી કોર્ટમાં અપીલ કરવી હોય, તો પણ નીચલી કોર્ટની રજાથી જ થઇ શકે છે એ રીતે પૌષધમાં 'બહુવેલ સંદિસાહુ' નામના પ્રથમ રજા માગવા રૂપ આદેશની માગણી, સૂક્ષ્મ-ક્રિયાદિ માટે 'બહુવેલ કરશું' નામના આદેશની માગણી માટે છે

રજા માગવી, રજા માગવાની રજા માગવી એવું બધારણ રજા માગનાર માટે છે, પણ રજા માગી માટે ગુરૂએ રજા આપવી જ એમ નથી કોર્ટમાં તો તમે કેસ કરો છો, એટલે કેસ ચલાવવાની રજા માગો છો પણ કોર્ટ તરફથી તેનો ચૂકાદો અગર હુકમ ગમે તેવો પણ અપાય જ છે, કારણકે કોર્ટ પ્રજાને ચૂકાદો આપવા બધાયેલી છે અહિં તેમ નથી 'ઇચ્છાકારી' તથા 'ઇચ્છાકારેણ' શબ્દ પ્રયોગ એ સૂચવે છે, કે રજા માગનાર એકરાર કરે છે, હું રજા માગું છું પણ 'આપ રજા આપો જ' એવું મારૂં દબાણ નથી 'ઇચ્છા હોય તો રજા આપો' કહેવાનું તાત્પર્ય એ છે કે શરીર પણ સમર્પણ થાય છે સ્થંડિલ જવું વગેરે મોટી ક્રિયામાં તો દરેક વખતે રજા માગવાનું શક્ય છે, પણ આંખના પલકારા માટે અશક્ય હોવાથી તેની રજા, બધારણીય રીતિએ, પ્રથમથી માગી રાખવામાં આવે છે ભાડુતથી ઘરમાં ફેરફાર

ન થાય, કાંઈ પણ ફેરફાર માલીક મારફત જ તે કરવી શકે સંથારો કરવાની પણ રજા માગવી પડે સાધુપણામાં તો સાધુએ કાયમ માટે ગુરૂને મન, વચન, કાયા સર્વથા સમર્પણ કરવાના છે

अगाराओ अणगारीय

'મહાવીર ભગવાને દીક્ષા લીધી' એમ કહેવું છે તે સ્થળે પણ 'ઘરમાંથી નીકળીને' એમ શા માટે કહ્યું?, અર્થાત 'अगाराओ अणगारीय' એમ કહ્યું છે, એમ કહીને એ જણાવવું છે, કે ત્યાગી થનારાએ આર્થિક કૌટુંબિક વ્યવહારિક સંયોગોથી દૂર થવું જ જોઈએ આ રીતે આર્થિક કૌટુંબિક, વ્યવહારિક સંયોગોથી દૂર થઈને પ્રવ્રજિત થનારાઓ નવગ્રૈવેયક આદિ દેવલોકના સુખ ભોગવવાને અધિકારી થાય છે પ્રવ્રજિત તો થયા પરંતુ તેમાંય પ્રમાદી વર્ગ હોય તે પણ પ્રતિજ્ઞામાં બાધ ન લાવે, અને પ્રમાદ ન કરે સ્વાધ્યાયમાં, ધ્યાનમાં લીન રહે, સમિતિમાં, ગુપ્તીમાં, પિણ્ડ વિશુદ્ધિમાં લીન રહે અન્યથા છતાં મનમાં ગુંચવાયા કરે, મન અસ્તવ્યસ્ત હોય, ત્યાં પ્રમાદ સમજવો ભલે પ્રવૃત્તિ બાહ્યની ન હોય, પણ મન દોડયા કરે ત્યાં પ્રમાદ સમજવો એક શેઠ સામાયિકમાં બેઠા હતા, પણ તેમનું મન જેમની સાથે વ્યાપાર છે, તેના ઢેડા પાસેના લેણાદેણામાં હતું તે વખતે બહારથી કોઈએ પૂછ્યું કે શેઠ ઘરમાં છે કે?, વહુએ કહ્યું કે શેઠ ઢેડવાડે ગયા છે કહેવાનું તાત્પર્ય કે આર્થિક, વ્યવહારિક, કૌટુંબિક સંયોગોથી પર થયા છતાં, ધ્યેયને અંગે પ્રમાદી રહેનાર વર્ગ છે, અને અપ્રમત્ત વર્ગ પણ છે પ્રમત્ત દશાને અંગે ધનાશાલિભદ્રનું ચરિત્ર શાસ્ત્રમાં પ્રસિધ્ધ છે

શાલિભદ્રને ત્રણ ભવ શાથી થયા?

જ્યારે દીક્ષા લેવાની ભાવના થઈ ત્યાર પછી શાલિભદ્રજી રોજ એકએક સ્ત્રીનો ત્યાગ કરતા હતા, કારણકે તેને બત્રીશ અનિમ્ન્યરૂપવાન્ સ્ત્રીઓ હતી શાલિભદ્રની બહેનને આ વાતની ખબર પડી ગઇ ભાઈ બહેનનો રાગ કેવો હોય! શાલિભદ્ર જેવો વૈભવાન્વિત બંધુ, દિવ્ય-ભોગોનો ભોક્તા બંધુ કલ્પનાથી દિવ્ય નહિ, પરન્તુ દેવલોકોથીજ ભોગોના પદાર્થોની ૯૯ પેટીઓ રોજ આવતી હતી જેને એવો તે બંધુ રોજ એકએક સ્ત્રીનો ત્યાગ કરે છે અને હવે થોડા વખતમાં ઘેરથી ચાલી નીકળશે, એ વિચારે તેની બહેન ધનાજીને નવડાવતી હતી ત્યારે આંસુ આવ્યાં ધનાજીએ રોવાનું કારણ પુછ્યું, અને તેણીએ હતું તે કારણ જણાવ્યું તે વખતે ધનાજીએ શું કહ્યું? તારો ભાઈ શાલિભદ્ર ખરેખર કાયર છે જ્યારે ત્યાગ જ કરવાનો છે, તો પછી એકએકનો ત્યાગ શા માટે? શાલિભદ્રની બહેને કહ્યું સ્વામી! 'બોલવું તો સ્હેલું છે, કરવું મુશ્કેલ છે' એનો જવાબ ધનાજીએ કયો આપ્યો?, ત્યાંથી તુરત ઉભા થઈને ગયા, 'લ્યો આ ઠેયનો આજથી ત્યાગ!' એમ કહીને આઠ આઠ સ્ત્રીઓનો ત્યાગ કરીને નીકળી ગયા શાલિભદ્રને ત્યાં જઈને તેની કાયરતા છોડાવી, અને તરત તેને પણ સાથે

લીધો, અને બન્ને સાળા બનેવીએ સાથે દીક્ષા લીધી છેલ્લે બન્નેએ રાજગ્રહી નગરીમા અનશન પણ સાથે કર્યું છે શાલિભદ્રની માતા કુટુબીજનો સાથે દર્શન કરવાને આવી છે, ત્યા શાલિભદ્રે સ્નેહવશાત્ માતાની સામે સ્હેજ નજર કરી છે આથી તેમના ત્રણ ભવ બાકી રહ્યા, અને ધનાજી તો પોતાના આત્મ ધ્યાનમાજ તલ્લીન રહ્યા, તેથી તેઓ તેજ ભવે મુક્તિ સુદરીને વર્યા છે **આખનો પલકારો માત્ર પણ સાગરોપમનો સસાર વધારે છે**

આવા આખના પલકારાનો પણ પ્રમાદ ન કરવાથી, શરીરની પણ સ્પૃહા મદતર વર્તવાથી, જે પુણ્યબધ થાય તેના યોગે એટલે કે અપ્રમત્ત સયમ યોગે અનુત્તર દેવલોક મળે છે પ્રમાદી સાધુ માટે અનુત્તર વિમાન નથી સાધુપણામા અપ્રમાદી સમકિતી, આયુષ્ય બધ યોગે, અનુત્તર મેળવી શકે છે પુદ્ગલ-પરિણમથી આ રીતિએ જીવોના ભેદો જણાવવામા આવ્યા હવે સૂક્ષ્મ બાદરના ભેદોના વર્ણન માટેનો અધિકાર અત્રેવર્તમાન

દેશના-૩૪

सुहुमपुढविकाइयएगिंदियपयोगपरिणया ण भंते ! पोग्गला कइविहा पण्णत्ता ?, गोयमा! दुविहा पण्णत्ता, पज्जत्तगसुहुमपुढविकाइय जाव परिणया य अपज्जत्तसुहुमपुढविकाइय जाव परिणया य, बादरपुढविकाइयएगिंदिय० जाव वणस्सइकाइया, एक्केक्का दुविहा पोग्गला-सुहुमा य बादरा य, पज्जत्तगा अपज्जत्तगा य भाणियव्वा।

ઉંચી સ્થિતિનો, તથા હલકી હાલતનો પુદ્ગલ-પરિણમનનો પ્રકાર

સિદ્ધના જીવો પુદગલોને ખેચતા જ નથી

શ્રી ગણધર મહારાજાએ શ્રી શાસનની સ્થાપના માટે રચેલી શ્રીદ્વાદશાંગી પૈકી પચમાગ શ્રીભગવતીજીના અષ્ટમ શતકના પ્રથમ ઉદ્દેશામાનો પુદ્ગલ-પરિણામનો અધિકાર ચાલી રહ્યો છે મોક્ષના જીવોને તો પુદ્ગલ-સબધ સર્વથા નથી જ તે સિવાયના તમામ જીવોને પુદ્ગલ સબધ હોવાથી, દરેક જીવમા પરિણમનની ભિન્નતા રહેલી છે પચેદ્રિયના ચાર ભેદમા પણ તેજ નિયમ લાગુ છે નારકી, તિર્યચ, મનુષ્ય અને દેવના એ ચાર ભે. પચેન્દ્રિયના છે નવગ્રૈવેયક સબધી વિવરણ કરી ગયા પછી, અનુત્તર દેવલોકનો અધિકાર

ચાવુ છે ચૌ ગજલોકમા બીજુ એકે એવુ સ્થાન નથી, માટે જ એનુ નામ 'અનુત્તર' છે અનુત્તર દેવલોકમા પાચ જ વિમાન છે કોઈ તર્ક કરે કે 'બધા જીવોના ભેદો જણાવ્યા તે સિદ્ધના જીવો સબધી કેમ કઈ કહેતા નથી ?' મુદ્દો એ છે કે જીવના ભેદોનો અધિકાર પુદ્ગલ-પરિણામનો છે સિદ્ધના જીવો તો પુદ્ગલોને પરિણમાવતા જ નથી એટલે પુદ્ગલ પરિણમન વગરના તે સિદ્ધના જીવો છે, એટલુ જ કહેવુ પર્યાપ્ત છે

અનુત્તર-વિમાન કોને મળે ?

પુદ્ગલ-પરિણમનને અગે પુણ્યના વિપાક રૂપે ઉચામા ઉચો ભેદ અનુત્તર દેવલોકનો છે, આવા સ્થાનને કોણ મેળવે ?

> यथा चित्त तथा वाचा, यथा वाचा तथा क्रिया ।
> चित्त वाचि क्रियाया, च, साधूनामेकरूपता ॥१॥

મન, વચન તથા કાયાથી ત્રિકરણ યોગે એક રૂપે આત્માએ સયમ પાલન કર્યુ હોય કહો કે અપ્રમત્ત સયમ પાળ્યુ હોય એવી ઠ આટલી ટોચને પહોચે જે આત્મા સ્વ-શકિત ફોરવી શકયો હોય તેજ આત્મા અનુત્તર વિમાનને મેળવી શકે છે પૂર્વે જેનુ સમ્યગ દર્શન શુધ્ધ હોય, સમ્યક્ ચારિત્ર શુધ્ધ હોય, તેમા લેશ પણ સ્ખલના ન હોય, તે જીવ અનુત્તર વિમાનને મેળવે છે અનુત્તર વિમાનમા પણ ઉચ્ચ કોટિના એવા દેવો છે, કે જેને 'લવસત્તમ' કહેવામા આવે છે લવસત્તમ' શાથી કહ્યા ?, ૪૮ મિનિટની બે ઘડી એટલે ૧ મુહૂર્ત્ત, અને એક મુહૂર્ત્તના ૭૭ લવ થાય છે અહિ 'લવસત્તમ એટલે માત્ર 'સાતલવ' ઓછા આયુષ્યે 'અનુત્તરમા' આવેલા દેવો તાત્પર્ય એ છે કે પૂર્વ ભવે એ નિર્જરાની ધારા જો સાત લવ વધારે લબાણી હોત, એ ધારાએ આયુષ્ય સમાપ્તિએ પડદો ન પાડ્યો હોત, ફકત સાત જ લવ વધારે આયુષ્ય હોત, તો તે આત્મા મોક્ષે જ જાત એ જ રીતે છઠ્ઠ જેટલો તપ વધારે થયો હોત અથવા છઠ્ઠ તપની નિર્જરા જેટલી નિર્જરા વધારે થઈ હોત, તો તે આત્મા જરૂર મોક્ષે જ જાત. લવસત્તમ એટલે પૂર્વે કાર્ય-સિદ્ધિથી માત્ર સાત લવના અતરે જ રહી ગયેલા, સાતલવ આયુષ્ય વધારે ન હોવાથી મોક્ષે ન જઇ શકાયુ તેવા દેવો, પરંતુ અનુત્તર વિમાનનો અધિકાર તેઓને મળ્યો

પ્રથમના ચાર અનુત્તર, તથા સર્વાર્થસિદ્ધના જીવો અગે મુખ્ય ભેદ

અનુત્તર વિમાનના દેવતાઓના પાચ ભેદ છે ૧ વિજય ૨ વિજયત ૩ જયત ૪ અપરાજિત ૫ સર્વાર્થસિદ્ધ સિદ્ધશિલાથી માત્ર ૧૨ યોજન દૂર અનુત્તર વિમાન છે એમ કહ્યુ છે સૌધર્મ દેવલોકમા ઉવવાઈ ન જણાવ્યુ યાવત્ ગ્રૈવેયકોપપાત પણ ન જણાવ્યુ, ફક્ત અનુત્તર વિમાનને અગે અનુત્તરોવવાઈ શા માટે જણાવ્યુ ?, અનુત્તર દેવોને ઉપપાતની અવસ્થા છે એમનુ આયુષ્ય ૩૩ સાગરોપમનુ તેમા ૧૬।। સાગરોપમ એક પડખે

સુવાનુ, અને ૧૬॥ સાગરોપમ બીજે પડખે સુવાનુ આયુષ્યનો આ રીતે એ દેવોનો ભોગવટો છે ૩૩ સાગરોપમ સુધી એક જ ક્ષેત્રમા સ્થિતિ માટે તે ઉપપાતની મહત્તા છે આવા પુદ્ગલોના પરિણમનને યોગે ત્યા જીવો તેવા દેવપણે ઉત્પન્ન થાય છે

પ્રથમના ચાર અનુત્તરમા તથા પાચમા સર્વાર્થસિદ્ધ-અનુત્તરમા જે મુખ્ય ભેદ છે, તે જરૂર જાણવા જેવા છે સર્વાર્થસિદ્ધ વિમાનમા રહેલો જીવ એકાવતારી જ હોય છે ત્યાથી ચ્યવે એટલે તદ્ભવ મોક્ષગામી એટલે ત્યાથી ચ્યવીને જ્યા અનન્તરે ત્યાથી મોક્ષે જ જાય એ ફરીને અનુત્તરમા આવે એવો નિયમ નહિ, કેમકે ચ્યવ્યો એટલે જ્યા ભવ લીધો એ ભવમાથી મોક્ષે જ જવાનુ નક્કી! પ્રથમના ચાર અનુત્તર વિમાનના દેવોના જીવો ચ્યવીને પરિમિત સખ્યાતા ભવ પછી પણ મોક્ષે જાય, ફરીને અનુત્તરમા આવે પણ ખરા, છતા તેમનો પણ મોક્ષ નક્કી! નવગ્રૈવેયક સુધીના જીવો માટે મોક્ષ નક્કી છે એમ કહેવાય નહિ અનુત્તર વિમાનથી આગળ સિદ્ધશિલા ૪૫ લાખ યોજનની છે, તે નાની નથી, એ દેવના સ્થાન તરીકે નથી, શ્રીસિદ્ધભગવન્તો અલોકને સ્પર્શીને લોકાગ્રે રહેલા છે

જીવની સાથે રહેનારી ભઠ્ઠી

પુદ્ગલ-પરિણમનને અગે જાતિભેદે કરીને આ રીતિએ ભેદો જણાવ્યા એકેન્દ્રિયને પૃથ્વીકાયાદિ જાતિમા શી સ્થિતિ છે તે વિચારીએ આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોશ્વાસ આ ચાર વસ્તુ જીવ માત્રને અગે આવશ્યક છે ચાહે સૂક્ષ્મ હોય, ચાહે બાદર હોય, તાત્પર્ય કે દરેક સસારી જીવને આહાર શરીર, ઇન્દ્રિય અને શ્વાસોશ્વાસ વિના ચાલે તેમ નથી આહાર લેવાનુ સામર્થ્ય તે આહાર પર્યાપ્તિનો ઉદય તૈજસ્-કાર્મણકાયયોગે આહાર ગ્રહણ કરી શરીરપણે પરિણમાવાય છે

પાણીમા લુગડુ પલળે, ભીનુ થાય, પણ ધાતુ નાખો, અને માનો કે તેમા વીંટી નાખી રાખો કલાકો સુધી રાખો તો શુ તે ભીની થાય?, અગર શુ તે વીંટીને નીચોવાય?, તેમાથી પાણીનુ ટીપુ પણ પડે?, કહેવુ પડશે કે ધાતુ પાણીને પકડે નહિ ધાતુને પાણી વળગી શકે નહિ એક સ્થળે એજ પાણીમા લુગડુ તથા વીંટી નાખો, છતા લુગડુ પલળશે, વીંટીમા પાણીનો પ્રવેશ થશે નહિ તેવી જ રીતે શ્રીસિદ્ધ ભગવન્તો જે સ્થળે બિરાજમાન છે, ત્યા જ સૂક્ષ્મ-અપ્કાય, સૂક્ષ્મ-તેઉકાય, સૂક્ષ્મ-વાઉકાય, સૂક્ષ્મ-વનસ્પતિકાય છે સૂક્ષ્મ-પૃથ્વીકાયાદિને તૈજસ કાર્મણનો ઉદય હોવાથી તેઓ પુદ્ગલ-ગ્રહણ કરે છે સિદ્ધના જીવોનો તે સ્વભાવ નથી, કે કર્મ ગ્રહણ કરે સૂક્ષ્મ કે બાદર, કોઈપણ પ્રકારનો સસારી જીવ તૈજસ કાર્મણવાળો હોવાથી તે તેના યોગે પુદ્ગલો ગ્રહણ કરે છે, અને પરિણમાવે છે નિરોગી પણ ખોરાક ખાય છે, અને સગ્રહણીના વ્યાધિવાળો પણ ખોરાક ખાય છે, પણ સગ્રહણીવાળાની જઠરાગ્નિ ખોરાકને પચાવી શકતી નથી

કારણ કે અનાજ જવાની શકિત નથી નિરોગી શરીરવાળાની જઠર પુદ્ગલને (ખોરાકને) પચાવે છે, ગ્રહણ કરે છે તૈજસ, અને કાર્મણ શરીર નામકર્મ હોય તેના જીવો પુદ્ગલોને ખેંચી લે છે, તેનુજ નામ આહાર જીવ ઓદારિક પુદ્ગલોને ગ્રહણ કરે છે, અને તૈજસ્ કાર્મણની ભઠ્ઠી દરેક સંસારી જીવની સાથેજ રહે છે અગ્નિનો સ્વભાવ છે કે બળતણને પકડે છે, અને પોતે ટકે છે પણ બળતણથીજ તેજ રીતે તૈજસ્ રૂપ શરીર આ જીવની જોડે વળગેલી ભઠ્ઠી છે ભવાંતરે બધું સાથે જ જાય છે, અને જીવની સાથે રહેલી ભઠ્ઠી ખોરાકને ખીંચે છે, અને ખોરાકથી ટકે છે જેનુ નામ આહાર તે શરીર ખોરાક પકડે છે, પણ અંદર ભસ્મક હોય, એટલે ખાઇ જાય, પણ બધુ તે સી તરૂપે થાય વીર્યના ખોરાકના (આહારના) પરિણમનથી શરીર બને છે, તે વખતે શરીર નામકર્મથી શરીર બને છે ત્યાર બા ઇન્દ્રિયોને પોષણ ખોરાકમાથી મળે છે ખોરાકના રસમાથી શરીર રૂપે પરિણમન થાય અને એમાથી ઘણો થોડો ભાગ ઇન્દ્રિય રૂપે પરિણમે છે, પછી શ્વાસોશ્વાસની તાકાત પ્રાપ્ત થાય, અને ત્યાર પછી એકેન્દ્રિય જીવો પર્યાપ્તા ગણાય છે એકેન્દ્રિય જીવોને આ ચાર ચીજ હોય છે, અને તેના નામ આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોશ્વાસ

હલકામા હલકી હાલત

જીવ જ્યારે સાથી પ્રથમ નીચામા નીચી હાલતે હોય તે વખતે અનતા જીવો સાથે મળીને ખોરાક લે છે, અને શરીર બનાવે છે ઘણા શરીરનો જથ્થો એકઠો થાય છતા દેખાય નહિ તેનુ નામ સૂક્ષ્મ વરાળ ભાજનમા દેખાય છે પણ વિખરાતા પુદ્ગલો દેખાતા નથી સૂક્ષ્મ-પૃથ્વીકાયના જીવો એકઠા થાય તોપણ નજરે દેખી શકતા નથી ત્યા શરીર અંગુલના અસખ્યાતમા ભાગનુ હોય છે આનથી હલકી હાલત બીજી કઈ?, કોઈ કદાચ તર્ક કરે અગર પૂછે કે અસખ્યાતમો ભાગ કેમ કહ્યો, અનતમો ભાગ કેમ નહિ?' શરીરપણે ગ્રહણ થનાર પુદ્ગલો અનતમા ભાગે હોય જ નહિ તેનુ કારણ એ છે કે અસખ્યાતા આકાશના પ્રદેશોનો છે ચૌદ રાજલોકના આકાશ-પ્રદેશો અનતા નથી કેવી હલકી હાલત! અંગુલના અસખ્યાતમા ભાગનુ શરીર, ન દેખાય તેવુ શરીર, એટલી સાથે જ્યા આહાર, શ્વાસોશ્વાસ લેવાય તેવુ શરીર, અરે! સહીયારૂ શરીર!, સાધારણ વનસ્પતિ, અનતકાય સૂક્ષ્મ-વનસ્પતિકાયની દુનિયામા ગણતરી નથી, અને વ્યવહારમા પણ નથી

અનાદિના આવા સૂક્ષ્મપણાની સ્થિતિમા અકામ નિર્જરા યોગે ઘણુ દુ ખ વેઠાયુ નવુ પાપ ન બધાયુ, ત્યારે જીવ ત્યાથી બાદરમા આવ્યો, પરતુ બાદરમા પણ અનતા જીવોની ભાગીદારી છે, ત્યા પણ એટલી સાથે જન્મ છે ત્યા પણ અંગુલના અસખ્યાતમા ભાગનુ શરીર છે, પણ ફેર માત્ર એટલો કે તે શરીર દેખાય છે શરીર દેખાય તેવુ છે, માટે તે સૂક્ષ્મ નહિ પણ બાદર આ શરીર પણ અનતા ભાગીદારોના સહાયક પર્યાયનો ભેગો થયેલુ છે જૈનો કદમૂળ શાથી નથી ખાતા?, જૈન દર્શન શાથી તે ખાવાની ના કહે છે, તે આવા

સમજાશે પ્રત્યેક પૃથ્વીકાય, પ્રત્યેક અપ્કાય, પ્રત્યેક તેઉકાય, પ્રત્યેક વાઉકાય, પ્રત્યેક વનસ્પતિકાય, નારકી, દેવતા, તિર્યંચ, મનુષ્ય તથા સૂક્ષ્મ અને બાદર સાધારણ, વનસ્પતિ વિનાની તમામ વનસ્પતિકાયના આ તમામ જીવો યાવત્ સિદ્ધના જીવો ભેળા કરીએ તો એનાથીયે અનંતગુણા જીવો, સોયની અણી ઉપર રહે છે, અને તેટલા કંદમૂળના શરીરના કોઇ વિભાગમાં જીવો છે આ સંબંધમાં વિશેષ અધિકાર અને વર્તમાન

દેશના—૩૫

અરૂપી આત્મા સાથે રૂપી કર્મનો સંબંધ શી રીતે?

શ્રી ગણધર ભગવાને નિરૂપણ કરેલ પંચમાંગ શ્રી ભગવતીજીના આઠમા શતકનો પ્રથમ ઉદ્દેશામાનો પુદ્ગલ પરિણામનો અધિકાર ચાલી રહ્યો છે સંસારી જીવોમાં તથા મોક્ષના જીવોમાં સ્વરૂપે કશો ફરક નથી ચાહે સૂક્ષ્મ એકેન્દ્રિયમાં રહેલો જીવ હો, ચાહે સિદ્ધિમાં રહેલ જીવ હો, પરન્તુ સ્વરૂપે તો બન્ને સમાન જ છે ખાણમાનું સોનું, તથા લગડીનું સોનું, બન્ને સુવર્ણરૂપે સરખા જ છે જે સોનું શોધાય છે ત્યાં એમ નથી માનવાનું કે ભઠ્ઠીનું સોનું ઉત્પન્ન કરે છે ખાણના સોનામાં માટી રજ મળેલી છે, જ્યારે લગડીનું સોનું માટીથી અલગ થયેલું છે તદ્દન ચોખ્ખા સોનાને ચાદ્દર બેકનું સોનું કહેવાય છે, અને ભેળવાળા સોનાને અશુદ્ધ સોનું કહેવામાં આવે છે તે જ રીતિએ સંસારી જીવમાં તથા સિદ્ધના જીવમાં જીવ-સ્વરૂપની દૃષ્ટિએ રતિભાર પણ ફરક નથી કર્મથી લેપાયેલ તે સંસારી જીવ, અને કર્મથી મુક્ત તે મુક્તિના (સિદ્ધના) જીવ જેને સત્તામાં, બંધમાં, ઉદયમાં, ઉદીરણામાં કર્મ હોય તે સંસારી જીવ તથા જેને સર્વથા તે કર્મ નથી તે બધા મુક્તિના જીવ. સંસારી જીવમાં કર્મ ભળેલું છે કર્મના ભેળસેળને લીધે શરીરની પણ ભેળસેળ થાય કાનો વળગે છે, માટે એનો આ થાય છે હાથ પકડે તો અને ખસવું હોય, જવું હોય તો પણ ખસી કે જઈ શકે નહિ, તેવી રીતે જીવ શરીરે બંધાઇ રહ્યો છે શરીર ન છૂટે ત્યાં સુધી જીવ ખસી શકતો નથી, જીવ આખા શરીરમાં વ્યાપેલો છે

પ્રશ્ન થશે કે 'અરૂપી આત્મા તથા રૂપીકર્મ' એ બેનો સંબંધ શી રીતે થાય?, બીજાઓએ તો કર્મને દ્રવ્ય નથી માન્યું, પણ ગુણ માન્યો છે, જ્યારે જૈનોએ તો કર્મને દ્રવ્ય માનેલું છે ગુણ માનો તો ગુણની કાંઇક અવસ્થા તો હોવી જોઇએને! કારણ કે સુખગુણનો નાશ

હોય નહિ જૈન શાસન તો કર્મના નાશથી જીવની મુક્તિ માને છે જો કર્મને ગુણ માને તો તો મોક્ષમા પણ જીવની સાથે જ કર્મને માનવુ પડે કર્મ પુદ્ગલ છે, ગુણ નથી આકાશને અને આત્માને સુખ દુખ નથી કરતુ, કેમકે અરૂપી ચીજ સુખદુખનુ કારણ થઈ શકતી નથી આત્મા અરૂપી છે, અને આત્માને તમામ દર્શનકારો અરૂપી માને છે આત્માને અરૂપી માનવામા કોઇનો મતભેદ નથી જેને શબ્દ રૂપ, રસ ગધ વર્ણ નથી આવો આત્મા અરૂપી છે આવા અરૂપી આત્માને રૂપી કર્મો વળગ્યા શી રીતે?, અરૂપી આકાશને ચદન કે કચરો સ્પર્શતો નથી નથી તો ચદનના થાપા થતા, નથી કચરો વળગતો આવી શકા કરનારે ધ્યાનમા રાખવુ, કે જે વસ્તુ પ્રત્યક્ષ હોય તેને અગે 'કેમ' એ પ્રશ્ન ઉઠી શકે જ નહિ 'પાણી તૃષા કેમ છીપાવે છે, અગ્નિ કેમ બાળે છે' આવા પ્રશ્નો હોય જ નહિ વ્યવહારે પ્રત્યક્ષસિદ્ધ વસ્તુને અગે આ આમ કેમ' એવી શકાને સ્થાન હોતુ કે રહેતુ નથી સ્વરૂપ જાણવા માટેના પ્રયત્નની વાત અલગ છે આત્મા તથા શરીર પરસ્પર એવા વ્યાપેલા છે, કે તમામ શરીરથી ભિન્ન નહિ અને શરીર આત્માથી ભિન્ન નહિ સયોગથી સર્વ અવયવો જીવ સાથે સકલિત છે ઔદારિક એવા સ્થુલ પુદ્ગલો જ્યારે આત્માને વળગેલા અનુભવીએ છીએ, પછી અરૂપી આત્માને રૂપી કર્મ વળગે કે નહિ' એ પ્રશ્ન જ રહેતો નથી શરીરના સર્વ પ્રદેશોમા આત્માના સર્વ પ્રદેશો વ્યાપેલા છે આત્માએ પોતે જ તે પુદ્ગલો ગ્રહણ કરેલા છે, અને પરિણમાવેલા છે આત્માએ પોતે જ આ શરીર બનાવ્યુ છે જન્મ વખતે આ શરીર એ વેતને ચાર આગળનુ હતુ અત્યારે પાચ હાથનુ કેમ? જીવ પોતે જ શરીર બાધે છે કોશીગના કીડાની ચારે તરફ જાલ કોણ રચે છે? અજ્ઞાનવશાત્ પોતાનુ બધન પોતે જ ઉભુ કરે છે ને!

'કરે તે ભોગવે' એટલુ જ માત્ર નથી

અન્ય મતવાળા તમામ કહો કે આખુ જગત્ એમ માને છે, બોલે છે કે 'કરે તે ભોગવે, વાવે તે લણે' જૈન દર્શન એટલેથી અટકતુ નથી, એથી આગળ વધે છે અન્ય દર્શનો ઈશ્વરને જગતના બનાવનાર માને છે, જ્યારે જૈનદર્શન ઇશ્વરને જગત બતાવનાર માને છે જૈન શાસનમા અને ઇતર દર્શનોમા આ મોટો ફરક છે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સવર, નિર્જરા, બધને મોક્ષ આ તત્ત્વો, ભવનુ સ્વરૂપ કર્મનુ સ્વરૂપ, દ્રવ્યોનુ સ્વરૂપ વગેરે બતાવનાર ઈશ્વર છે એમ જૈનો માને છે સસારને તથા મુક્તિને ઓળખાવનાર ઈશ્વર છે, એ જૈનોને કબૂલ છે ઇતરો ઈશ્વરને જીવાજીવ તમામ પદાર્થોના, સસાર માત્રના બનાવનાર તરીકે માને છે જૈનો 'કરે તે ભોગવે' તથા વાવે તે લણે' એ તો માને છે જ પણ એટલેથી નહિ અટકતા આગળ વધીને કહે છે, - કરવાથી વિરમે નહિ (ભલે તે ન પણ કરે) તે પણ ભોગવે એટલે પાપ કરવાની પ્રતિજ્ઞા લે નહિ અને પ્રતિજ્ઞા પૂર્વક પાપ કરના અટકે નહીં, તે પણ ભલે પાપ ન કરે તો પણ તેઓ પાપ કર્મ બાધે છે પાપ ભોગવેછે દશ પ્રાણ,

છ પર્યાપ્તિ તમે પામ્યા છો સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ જીવો અનાદિથી દશ પ્રાણ છ પર્યાપ્તિ હજી પામ્યા નથી, છતા તેઓ કયા પાપે રઝળે છે?, સૂક્ષ્મની સ્થિતિ તો એવી છે, કે તેઓ નથી તો પોતે કોઈની હિંસા કરતા કે નથી તો પોતાની હિંસાનુ કોઈને કારણ રૂપ થતા અજવાળાને કાચ રોકતુ નથી અજવાળાને કાચનો પ્રતિઘાત નથી બાદર જીવોને કર્મ લગાડવામા સૂક્ષ્મ જીવો કારણરૂપ થતા નથી કેવલજ્ઞાનીને વાયુનો સ્પર્શ થાય, ઝપાટાથી સ્પર્શ થાય તેથી જીવો હણાય, પણ પોતે હિંસાનુ કારણ નથી બાદરને સૂક્ષ્મને પરસ્પર પ્રત્યાઘાત નથી અનાદિથી સૂક્ષ્મનિગોદમા સ્થિતિ કયા કારણે?, જો માત્ર 'કરે તે ભોગવે' એમ મનાય તો અનાદિથી સૂક્ષ્મનિગોદમા સ્થિતિ માની શકાશે નહિ જે જીવો બહાર નીકળ્યા જ નથી, ત્યા કઈ કારણ માનવુ તો પડશેને! એ જીવોને નથી હિંસા કરવાની, નથી મૃષા બોલવાનુ, નથી ચોરી, લૂટ કરવાના, નથી સ્રીગમન, નથી પરિગ્રહ મેળવવાના નથી ક્રોધાદિ એ જીવો વ્યવહારથી જ પર છે છતા ત્યા સ્થિતિ કેમ?, કહો કે પ્રતિજ્ઞાપૂર્વક પાપથી 'વિરમે નાહ તે પણ પાપ ભોગવે છે આજ સિદ્ધાંત મિથ્યાત્વની સાથે અવિરતિને પણ કર્મબધના કારણમા ગણી તે રાત્રિભોજન ન પણ કરે, છતા ન કરવાના પચ્ચખાણ ન લે તો પણ પાપ કર્મ ચાલુ વળગ્યા કરે છે પાપથી વિરતિ કરવાનુ શાથી ન મળ્યુ? એ પણ ચોક્કસ કર્મના ઉદયેજ માનવાનુ જેમ રસોળી મોટી થાય છે, ત્યા તે મોટી થાય એવો વિચાર પણ નથી, તેમજ મોટી થાય તેવો કોઈ પ્રયત્ન પણ નથી, છતા લેવાયલા ખોરાકમાના પુદ્ગલો તેને પણ પોષણ આપે છે, તેમ કર્મના પુદ્ગલો અવિરતિને પણ પોષણ આપે છે એનાર્કિસ્ટની ટોળીમા નામ નોધાયેલુ હોય, એટલે એણે શુ હો કર્યો હોય કે ન પણ કર્યો હોય, ગુન્હામા સડડાયેલો જ છે એને ઘર જમિ લાવવામા એની હાજરીની જરૂર નથી એ ટોળીમાથી રાજીનામુ દઈ છૂટો થાય પછી જ બચાવ છે જૈનતરો કષાય તથા યોગને કર્મબધનુ કારણ માને છે, પણ અવિરતિને કર્મબધનુ કારણ માનતા નથી

નિષેધની સિધ્ધિ કઠીન છે

આ જીવ કોશીગના કીડાની જેમ પોતે શરીર રચે છે, બાધે છે પુદ્ગલોને ગ્રહણ કરી શરીરપણે પરિણમાવે છે, તેવીજ રીતે જીવ પોતે જ શરીર બાધે છે, ટકાવે છે, રક્ષણ કરે છે, અને વધારે છે, સત્તાદિ વડે કર્મોદયવાળા જીવો તે સસારી જીવો છે જે જીવ લીધેલા પુદ્ગલોને એકેન્દ્રિપણે પરિણમાવે (જેવા નામ કર્મના ઉદયે) તેથી તે એકેન્દ્રિય તેવી જ રીતે યાવત્ પચેન્દ્રિય પર્યંત સમજી લેવુ આજનુ વિજ્ઞાન પણ હવે નવી તાજી માટીમા જીવ માનવા તૈયાર છે બાદર પૃથ્વીકાય જીવના એ શરીરો છે ચૌદ-રાજલોકમા પૃથ્વીકાય યોગ્ય પુદ્ગલો કયા નથી? 'છે' એમ સાબીત કરવુ સહેલુ છે, પણ નિષેધ સાબીત કરવો મુશ્કેલ છે નિષેધ કરનારને શિરે જવાબદારી વધારે છે 'છે' એમ સિદ્ધ કરવામા જે બુદ્ધિ જોઈએ તેના કરતા 'નથી' એમ સિદ્ધ કરવામા વિશેષ બુદ્ધિ વગેરે જોઈએ 'નથી' એમ કહેવામા જગત્ આખાના

નાનની જવાબદારી ગણે વગેરે છે વિધાન કરનારને દાર્થનું થોડું જ્ઞાન, થોડા ભેદનું જ્ઞાન પર્યાપ્ત છે દાળડી જોઈ 'તે દાળડી છે' એમ કહી શકે પણ 'દાળડી નથી' એમ કયારે બોલા લાય ? આખા જગતમાં દાળડી નથી, એમ ખાત્રી થાય તેને !

આસ્તિક નાસ્તિકને કહે છે કે મારૂં જશે શું ?

એક નગર બહાર એક તપસ્વી મહાત્મા પધાર્યા છે દુનિયા ત્યાગ, વૈરાગ્યતપો, ધર્મ તરફ સ્હેજે આકર્ષાય છે ભલે ત્યાં માને કે ન માને પણ ખેંચાય તો છે જ ત્યાગમાં વૈરાગ્યમાં, તપમાં એવું આકર્ષણ છે આથી તો તપસ્વીને પણ પ્રભાવકની ગણનામાં લીધા છે પધારેલા મહાત્મા મહાન્ તપસ્વી છે અને આતાપના લઈ રહ્યા છે તેઓના આવતા ની ખબર પડતા તમામ લોકો ત્યાં દર્શને ઉમટ્યા શીલ ધર્મની મહત્તા દુનિયામાં જેને શીલ ન્હાનું હોય તે વર્ણવે છે તે પણ કુલગાદિ વેશ્યાને તો ખટકે જ ! શીલ ધર્મનો મહિમા દુનિયામાં ગવાય એજ વેશ્યા માટે શલ્ય આખું નગર મહાત્માને પગે લાગવા ચાલ્યું, એ જોઈને એક નાસ્તિકના દિલમાં ઉકાપાત થયો, પણ કરે શું ? આખા ગામમાં તે નાસ્તિક પોતે એ એક જ એ મતનો હતો, એટલે એની વાતને સાંભળે જ કોણ ?, તેણે તપસ્વીના કાનમાં જઈને ફૂંક મારી મહાત્માજી ! આ બધું કષ્ટ કરો છો તો ખરા પણ ભવની ખબર કઈ છે ? આત્માજીના નિશ્ચય વિના ફૂડી શાની લખો છો ? પરભવ નહિ હોય તો તમારૂં થશે શું ? મહાત્માએ ધ્યાન મુક્ત થતા બાદ તેને મધુર વચનોથી સમજાવ્યું કે ભાઈ ! તું સાંભળવા તૈયાર તો છે ને ?" એ યાદ રાખજો કે કટ્ટર નાસ્તિકો માનતા કે ન માનતા છતાં સાંભળવા તો તૈયાર રહેતા હતા તેણે પોતાની સાંભળવાની તૈયારી બતાવી એટલે મહાત્મા કહે છે બેશક ! સ્વર્ગ, નરક મેં જોયા નથી પણ શાસ્ત્રના આધારે નિશ્ચય કર્યો છે - પરભવ છે અને તેથી નરકની વેદનાથી બચવા માટે, અને સ્વર્ગના સુખોના અનુભવાર્થ, શાસ્ત્રે હું તપશ્ચર્યાદિ કરૂં છું ભલા 'સ્વર્ગ કે નરક નથી' એમ તું શા આધારે કહે છે ? તને ત્યાં કઈ ગયું છે કે 'સ્વર્ગ તથા નરક નથી ?' તારી દૃષ્ટિએ તો તારે જાતેજ ચૌદ બ્રહ્માંડમાં ફરી વળવું જોઈએ, અને પછી ન દેખાય તો 'નથી' એમ કહી શકે છે હવે માન કે એ વખત સ્વર્ગ કે નરક ન પણ હોય તો મારૂં ગયું શું ?

"सन्दिग्धेऽपि परे लोके याज्यमेवाशुभं बुधैः ।
यदि नास्ति ततः किं स्यादस्ति चेन्नास्तिको हतः"॥१॥

आचारांगसूत्र प्रथमविभागे-पृ, १२२ पु १-५-१० ।

ભાવાર્થ —

ચીજમાં મતાંતરમાં પણ તત્પરતા ધરાવનારા લોક હોવે છતે પંડિત પુરૂષોએ તે અશુભ છોડવા લાયક છે, જો નથી તો પછી તેનાથી શું થાય ? અર્થાત્ પુણ્ય-પાપ

દેવલોકમા વિમાનની ભૂમિઓ આધારભૂત, છતા ત્યા વિકલેન્દ્રિય જીવો ઉત્પન્ન થતા નથી દેવલોકમા દુર્ગંધ ન હોય, પણ દશે દિશા સુગંધિ કરી દે તેવી ઉત્કૃષ્ટ સુગંધ ત્યા હોય છે પુણ્ય-વિપાક ભોગવવાનુ સ્થાન હોવાથી, ત્યા સુગંધજ હોય કોઈને તક થાય કે ત્યારે શુ તે જીવો ચૌદ રાજલોકમા વ્યાપક ન હોય તેમા આશ્ચર્ય નથી? વિકલેન્દ્રિયજીવોથી મા નિ પંચેન્દ્રિય સુધીના જીવો આધારે રહેનારા હોવાથી, તેઓ સર્વ જગ્યાએ ન માનીએ, તેમા અડચણ નથી

સૂક્ષ્મ એટલે?

બાદરપૃથ્વીકાયાદિ વ્યાઘાત કરનારી ચીજને વ્યાપક નહીં ન માની શકાય પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, પ્રત્યેક વનસ્પતિકાય વ્યાઘાત કરનારા છે સંયમ ગંધની જેમને જરૂર નથી એના આધાર વગર રહી શકનાર પાચે સૂક્ષ્મ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ચૌદરાજલોકમા વ્યાપેલા છે આધારની દરકાર સ્થૂલને હોય, અને પતનનો ભય પણ સ્થૂલનેજ હોય છે સૂક્ષ્મને તેવી પતનાદિની દરકાર કે તેવો ભય હોતો નથી સૂર્યોદય વખતે જાળીયામા ઝીણા ઝીણા કણીઆ તડકામા (સૂર્યના પ્રકાશના) ઉડતા દેખાય કે કહો કે એ કણીઆને પડવાનો ભય છે?, એ કણીઆમા કેટલાક આમ જાય છે અને કેટલાક તેમ જાય છે વાયરો હોય તો જુદી વાત નહીં તો એક પ્રકારની તેમની ગતિ નથી, પણ બારીક હોવાથી તેઓની ગતિ અનિયમિત છે

આ તો સ્થૂલના નિર્ણયમા અન્ય મતવાળા થાકયા, એટલે તેઓએ જાળીઆના તેજમા દેખાતા અણુના ત્રીશમા ભાગે પરમાણુ કહ્યો વર્તમાન વિજ્ઞાનની શોધે તે કણીઆના બે ક્રોડ ઉપર કટકા, ય નથી ધ્યાનમા નક્કી કયા છે પેલા બીચારા ઋષીઓ યોગીઓ, ધ્યાની કહેવરાવનારાઓની દૃષ્ટિ માત્ર ત્રીશમા ભાગ સુધીજ પહોચી! એમણે તો કહ્યુ છે કે-

जालान्तरगतभानौ, यत्सूक्ष्मं दृश्यते रजः तस्य त्रिंशत्तमो भागः, परमाणुः प्रकीर्तितः ॥१॥

જૈનોમા વપરાતો 'અસખ્યાત' ક 'અનત' શબ્દ સાભળી ઈતરો ઉપહાસ્ય કરે છે, પરતુ પરમાણુને સમજવા માટે લક્ષણ જ એ છે કે, અનતા સૂક્ષ્મ પરમાણુ એકઠા થાય, ત્યારે વ્યવહારિક પરમાણુ થાય, ત્યાર પછી અનતાનત વ્યવહારિક પરમાણુથી રજ, એમ જેણ મને છે જેઓ રૂપીમા માચા નથી ગણતા, તેઓ અરૂપીમા કયાથી સાચા હોવાના છે?

દરેક જીવને ચાર પર્યાપ્તિ હોય

થતી નથી કાચ અજવાળાને વ્યાઘાત પ્રત્યાઘાત ન કરે, તેમ ઘાત કરી શકતુ નથી સૂક્ષ્મને જેમ ચીજની આડ નથી,

દેશના-૩૬

बइंदियपओगपरिणया ण पुच्छा, गोयमा !, दुविहा पन्नत्ता, त जहा—पज्जत्तगबेंदियप० य अपज्जत्तगबेंदियप० जाव परिणया य एव तेइंदियावि, एव चउरिंदियावि ।

પાત્રાનુસાર પુદ્ગલોનુ પરિણમન

શ્રીગણધર મહારાજ પચમાગ શ્રીભગવતીજીના આઠમા શતકના પ્રથમ ઉદ્દેશામા પુદ્ગલ-પરિણમન અધિકાર કહી રહેલા છે તેમા જણાવી ગયા કે કેટલાક જીવો સમજણ ધરાવતા હોય, પણ વર્તન ન કરી શકતા હોય, ભોગ ન આપી શકતા હોય, કેટલાક-જીવો સમજણ વિના વર્તન કરતા હોય કેટલાક જીવો વિપરીત સમજણ તથા વિપરીત વર્તનવાળા હોય, કેટલાક સુદર પ્રવૃત્તિશીલ હોય પણ પ્રમાદી હોય કેટલાક અપ્રમત્તપણે સાધક હોય, એ રીતિએ વિપાકમા પણ ભોગવવા માટે દરેકેદરેક ગતિમા ભિન્ન ભિન્ન સ્થાન માનવા જ પડે

એક વાત મગજમા બરાબર સમજી લ્યો કે જગતમા અમુક જગ્યાએ જીવો છે, તથા પુદ્ગલો નથી, એવો એક પણ પુદ્ગલો નથી ચૌદરાજ-લોકમા જીવો અને પુદ્ગલો ઠાસીઠાસીને ભરેલા છે, અને એનો ખ્યાલ આપના શાસ્ત્રકારે કાજલની દાબડીનુ દૃષ્ટાત આપ્યુ છે કાજલથી દાબડી જેમ ઠાસીને ભરેલી છે, તેમજ ચૌ૦ રાજલોકમા જીવો તથા પુદ્ગલો માટે સમજવું સર્વ જાતના પુદ્ગલો સર્વ લોકમા વ્યાપેલા છે જ્યારે જગત આખામા જીવો તથા પુદ્ગલો વ્યાપેલા છે, તો પછી જીવ નથી એમ કહેવનો શો હક ?, જીવ તથા પુદ્ગલો બન્નેથી સર્વ લોકાકાશના સર્વ પ્રદેશો ભરેલા છે, અને વ્યાપેલા છે, સર્વપ્રકારના સૂક્ષ્મ જીવો લોકમાત્રમા વ્યાપી રહેલા છે વિકલેન્દ્રિય (બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય) જીવો તદન સ્વચ્છ હવામા કે તદન સ્વચ્છ પુદ્ગલોમા ઉપજી શકતા નથી મધ્યમપ્રકારની હવા કે મધ્યમ પ્રકારના પુદ્ગલોનો આધાર હોય તોજ તેઓ ઉપજી શકે છે તેથી વિકલેન્દ્રિય જીવો તિર્છા લોકમા જ ઉપજી શકે છે

ચૌદરાજલોકમા અવ્યાપક-જીવો

નરકમા તિર્યંચ ઉપજી શકતા નથી, કારણ કે નરકની હવા ઘણીજ ઠડી, અને તાપ ઘણો સખ્ત હોય તેથી એ જીવો માટે અસહ્ય છે એ જીવો ઉર્ધ્વલોકમા પણ ઉત્તમ, સ્વચ્છ હવામા પણ ન રહી શકે વિકલેન્દ્રિય જીવો નુકશાનકારક હોવાથી, ઉત્તમ સ્થાને તેવા નુકશાનકારક જીવો ન હોય

દેવલોકમા વિમાનની ભૂમિઓ આધારભૂત, છતા ત્યા વિકલેન્દ્રિય જીવો ઉત્પન્ન થતા નથી દેવલોકમા દુર્ગંધ ન હોય, પણ દશે દિશા સુગંધિ કરી દે તેવી ઉત્કૃષ્ટ સુગંધ ત્યા હોય છે પુણ્ય-વિપાક ભોગવવાનુ સ્થાન હોવાથી, ત્યા સુગંધજ હોય હોઈને તર્ક થાય - ત્યારે શુ તે જીવો ચૌદ રાજલોકમા વ્યાપક ન હોય તેમા આશ્ચર્ય નથી? વિકલેન્દ્રિયજીવોથી માડીને પંચેન્દ્રિય સુધીના જીવો આધારે રહેનારા હોવાથી, તેઓ સર્વ જગ્યાએ ન માનીએ, તેમા અડચણ નથી

સૂક્ષ્મ એટલે?

બાદરપૃથ્વીકાયાદિ વ્યાઘાત કરનારી ચીજને વ્યાપક તરીકે ન માની શકાય પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, પ્રત્યેક વનસ્પતિકાય વ્યાઘાત કરનાર છે સૂક્ષ્મ જીવની જેમને જરૂર નથી એના આધાર વગર રહી શકનાર પાચે સૂક્ષ્મ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ચૌદરાજલોકમા વ્યાપેલા છે આધારની દરકાર સ્થૂલને હોય, અને પતનનો ભય પણ સ્થૂલનેજ હોય છે સૂક્ષ્મને તેવી પતનાગ્નિની દરકાર કે તેવો? હેતો નથી સૂર્યોદય વખતે જાળીયામા ઝીણા ઝીણા કણીઆ તડકામા (સૂર્યના પ્રકાશમા) ઉડતા દેખાય છે કહો કે એ કણી માને પડવાનો ભય છે? એ કણીઆમા કેટલાક આમ જાય છે અને કેટલાક તેમ જાય છે વાયરો હોય તો જૂદી વાત નહીં તો એક પ્રકારની તેમની ગતિ નથી, પણ બારીક હોવાથી તેઓની ગતિ અનિયમિત છે

આ તો સ્થૂલના નિર્ણયમા અન્ય મતવાલા થાકયા, એટલે તેઓએ જાળીઆના તેજમા દેખાતા અણુના ત્રીશમા ભાગે પરમાણુ કહ્યો વર્તમાન વિજ્ઞાનની શોધે તે કણીઆના બે ક્રોડ ઉપર કટકા, યંત્રથી હાલમા નક્કી કર્યા છે પેલા બીચારા ઋષીઓ, યોગીઓ, ધ્યાની કહેવરાવનારાઓની દૃષ્ટિ માત્ર ત્રીશમા ભાગ સુધી જ પહોચી! એમણે તો કહ્યુ છે કે-

जालान्तरगतभानौ, यत्सूक्ष्मं दृश्यते रजः तस्य त्रिंशत्तमो भाग, परमाणुः प्रकीर्तितः ॥१॥

જૈનોમા વપરાતો 'અસખ્યાત' કે 'અનંત' શબ્દ સાભળી ઈતરો ઉપહાસ્ય કરે છે, પરતુ પરમાણુને સમજવા માટે લક્ષણ જ એ છે કે, અનંતા સૂક્ષ્મ પરમાણુ એકઠા થાય, ત્યારે વ્યવહારિક પરમાણુ થાય, ત્યાર પછી અનંતાનંત વ્યવહારિક પરમાણુથી રજ, ત્રસ, રેણુ બને છે જેઓ રૂપીમા સાચા નથી ઠરતા, તેઓ અરૂપીમા કયાથી સાચા ઠરતા છે?

દરેક જીવને ચાર પર્યાપ્તિ હોય

સૂક્ષ્મને કશાની અસર થતી નથી કાચ અજવાળાને વ્યાઘાત પ્રત્યાઘાત ન કરે, તેમ અજવાળુ કાચને વ્યાઘાત પ્રત્યાઘાત કરી શકતુ નથી સૂક્ષ્મને જેમ ભીંતની અસર નથી,

તેમ સૂક્ષ્મ પણ સ્થૂલને અંતર કરી શકતા નથી પાંચેય પ્રકારના સૂક્ષ્મો આખા જગતમાં વ્યાપેલા છે એમ શ્રી સર્વજ્ઞ ભગવતે કહેલું તે માનવું જ પડશે સંસારી જીવોને આહાર શરીર ઇન્દ્રિય અને શ્વાસોશ્વાસ ચાર પર્યાપ્તિ તો માનવીજ પડે એકેન્દ્રિય કહેવાનો વખત ક્યારે આવે? એકેન્દ્રિયપણે શરીર પરિણમવાય ત્યારે ને! આહાર પરિણમન વિના શરીર શાનું બંધાય? આહાર પછી શરીર, ઇંદ્રિય અને શ્વાસોશ્વાસ પર્યાપ્તિ સૂક્ષ્મ કે બાદર, દરેક જીવને આહાર, શરીર ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ તો માન્યા વિના છૂટકો જ નથી ચાર પર્યાપ્તિ કમમાં કમ દરેક જીવને હોય જ કે ચાર પર્યાપ્તિથી ઓછી પર્યાપ્તિવાળી કોઈ જાતિ નથી જેને ચારેય વસ્તુ મળી ગઈ તે જીવો પર્યાપ્તા કહેવાય જેને બે, ત્રણ કે ચાર પર્યાપ્તિ પૂરી નથી મળી, તે જીવો પર્યાપ્તિ મેળવના કહેવાય, એટલે અપર્યાપ્તા કહેવાય પંચેન્દ્રિયમાં મનની શક્તિ મેળવે ત્યારે તે મનવાળો કહેવાય, અને મેળવતો હોય ત્યાં સુધી પર્યાપ્તો ન કહેવાય સૂક્ષ્મમાં બાદરમાં પર્યાપ્તા, અપર્યાપ્તા છે, યાવત્ વનસ્પતિ સુધી તેમ સમજી લેવું બેઇંદ્રિય જીવોમાં સૂક્ષ્મપણું રહી શકતું નથી સૂક્ષ્મપણું એકેન્દ્રિયમાં જ રહી શકે છે રસના ઇંદ્રિય આવી કે સૂક્ષ્મપણાને અવકાશ રહેતોજ નથી બેઇન્દ્રિય જીવો ચૌદ રાજલોકમાં વ્યાપક માની શકાય તેમ નથી બેઇંદ્રિય જીવોમાં પર્યાપ્તા, અપર્યાપ્તા એમ બે ભેદ પડે છે બેઇન્દ્રિય તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય જીવોના પર્યાપ્તા, અપર્યાપ્તા એવા ભેદો પડે છે હવે પંચેન્દ્રિયના પેટા ભેદોને અંગે પર્યાપ્તા, અને અપર્યાપ્તાનો વિભાગ કેવી રીતે તે અગ્રે વર્તમાન

દેશના—૩૭

रयणप्पभापुढविनेरइय॰ पुच्छा, गोयमा !, दुविहा पन्नत्ता, तं जहा-पज्जत्तगरय णप्पभ पुढवि जाव परिणया य अपज्जत्तगजावपरिणयाय, एवं जाव अहे सत्तमा ।

લોક તથા અલોકનો ભેદ

શ્રી ગણધર મહારાજ પંચમાંગ શ્રી ભગવતીજીના આઠમા શતકના ઉદ્દેશામાંનો પુદ્ગલ-પરિણામ નામનો અધિકાર કહી રહ્યા છે

ગઈ કાલે સૂક્ષ્મ બાદર મળધી પર્યાપ્તા અને અપર્યાપ્તાની વિચારણા કરી સર્વ લોકમા રહેલા જીવો સર્વ લોકમા રહેલા યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરીને પરિણમાવે છે જે જીવો બીજાથી ઉપઘાત પામે નહિ, તથા બીજાને ઉપઘાત કરે નહિ, તેને સૂક્ષ્મ જીવો કહેવામા આવે છે અજવાળુ કાયને કે કાચ અજવાળુ કાયમાથી પસાર થતા છતા, નુકશાન કરી શકે તેમ નથી જગતમા કહો કે ચૌદ રાજલોકમા પૃથ્વી, અપ્, તેઉ, વાયુ વનસ્પતિએ સૂક્ષ્મપણે પરિણમાવેલા શરીરો એવા સૂક્ષ્મ છે કે પોતે બીજા જીવોથી આઘાત પામી શકતા નથી, અને પોતે બીજા જીવોને આઘાત કરી શકતા નથી જ્યારે સર્વ જાતના પુદ્ગલો અનત આકાશ પ્રદેશોમા છે, અને એકેન્દ્રિયના જીવો તે સ્થળે માનીએ તો પછી તે જીવો તે પુદ્ગલો ન લે તેમા કાઈક કારણ તો માનવુ પડેને! લોક અને અલોક આનાથી માનીએ પણ યુક્તિથી અલોક શી રીતે માનવો? જો અલોક ન હોત તો સ્કધ જ ન થાત અલોક એટલો બધો મોટો છે, અનતો છે, કે જેમા પરમાણુ છુટા છવાયા વીખરાઈ જાય તો બીજા પરમાણુને ફેર મળવાનો વખત ન આવે વાડકીમા પાણી હોય તેમા લોટની મૂઠી નાખીએ તો ફેકુ બધાય, પણ દરીઆમા નાખીએ તો ફેકુ કે ગાગડી ન બધાય તેજ રીતે પરમાણુ પરમાણુ વીખરાઈ જઈ અલોકમા ચાલ્યા જાય તો સ્કધ થવાનો વખત ન આવે જો એમ અલોકમા જવાય તો આ જે જીવો ભેગા થયા છે, તે થાય જ નહિ ત્યારે સમજી લ્યો કે જીવ તથા પુદ્ગલને ગતિ કરવા લાયક બધુ ક્ષેત્ર નથી જીવ તથા પુદ્ગલને રહેવા લાયક ક્ષેત્ર તે લોક રહેવાને ગતિને લાયક નહિ એવુ ક્ષેત્ર તે અલોક

અયોગાધીન જીવોની ઉત્પત્તિ

જીવો તથા પુદ્ગલો ચૌદરાજલોકમા ઠાંસીઠાંસીને ભરેલા હોવાથી એક ઠામમા અનતા જીવો, એક સ્કધમા અનતા પરમાણુઓ રહેલા છે સૂક્ષ્મ-પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય આદેય રાજલોકમા છે તેમાનો એક પણ ભાગ તેનો ખાલી નથી કે જેમા સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ પાચે ન હોય જીવ અને પુદ્ગલની વ્યાપકતા હોવાથી જીવ અહિંસા વ્યાપકતા માનવી મુશ્કેલ પડશે અગ્નિને આપણે જ ઉત્પન્ન કરીએ છીએ નાશ પણ આપણે જ કરીએ છીએ લાકડા મગાવ્યા, અગ્નિકાયના જીવો ઉત્પન્ન થયા, ઓલવ્યો એટલે નાશ થયા પુદ્ગલનો નાશ ઉત્પત્તિ આપણે આધીન હોય પરંતુ જીવોની ઉત્પત્તિ તથા નાશ આપણે આધીન શી રીતે? પુદ્ગલના સયોગે જીવ ઉત્પન્ન થાય છે આખુ જગત નામકર્મના ઉદયવાળુ છે સયોગ મળે ત્યારે ગ્રહણ કરે, અને સયોગ ટળે ત્યારે ચવવુ જાય ગદકીમા કીડા ઉત્પન્ન થાય છે ગંદકી આપણે કરીએ તેથી ગદકીની ઉત્પત્તિ તથા નાશ આપણ આધીન, તેથી તેમા ઉત્પન્ન થતા જીવો આપણે ઉત્પન્ન કર્યા તેમ નથી તે તો ગદકીનો સયોગ મળ્યો એટલે ઉ

સૂક્ષ્મ તથા બાદરની સમજણ

આખા જગતમા જે જે જીવો વ્યાપેલા છે, તેમા પૃથ્વીકાયના નામ કર્મના ઉદયવાળા હોય તે જે પુદ્ગલો ગ્રહણ કરે તે જીવો તે પુદ્ગલોને પૃથ્વીકાયપણે પરિણમાવે આવુ આવુ પરિણમન બધા પ્રકારના જીવોને અગે છે, પણ અહિં વાત પૃથ્વીકાયથી વનસ્પતિ કાય સુધીની છે કમકે સૂક્ષ્મ તથા બાદરનો વિષય છે એકેન્દ્રિય વિના સૂક્ષ્મ તથા બાદર એવા બે ભેદ બીજે નથી પૃથ્વીકાયથી વનસ્પતિકાય પર્યંતના જીવોને સ્થાવર જીવો કહેવામા આવે છે બેઈન્દ્રિયથી પચેન્દ્રિય સુધીના તમામ જીવોને ત્રસ એટલે હાલતા ચાલતા જીવો કહેવામા આવે છે

આહાર, શરીર ઇન્દ્રિય શ્વાસોશ્વાસ એમ ચાર પર્યાપ્તિ દરેક જીવને હોય ચાર પર્યાપ્તિ જે જીવો પૂરી પામી ચૂક્યા હોય તે પર્યાપ્તા કહેવાય, અને બાકીના અપર્યાપ્તા કહેવાય પૃથ્વીકાયપણામા ઉત્પન્ન થયા છતા શરીરે ઇન્દ્રિયે શ્વાસોશ્વાસની તાકાત મેળવી નથી તે અપર્યાપ્તા નવો જીવ ઉત્પન્ન થાય તે એકદમ બધી શક્તિ મેળવી શકે નહિ પર્યાપ્તા તથા અપર્યાપ્તા એ બેય ભેદ, સૂક્ષ્મ તથા બાદર બન્નેના જાણવા પૃથ્વીકાયથી વનસ્પતિકાય પર્યંત સૂક્ષ્મ બાદર તેમાય પર્યાપ્તા તથા અપર્યાપ્તા એ રીતે દરેકના ચાર ચાર ભેદો જાણવા અનતા કે અસખ્યાત-જીવોના અસખ્યાતા શરીર ભેગા થાય તો ચર્મ ચક્ષુથી દેખાય નહિ, તેના જીવો સૂક્ષ્મ કહેવાય ચર્મ ચક્ષુથી શરીર જો દેખાય તે બાદર કહેવાય પૃથ્વીકાયથી વનસ્પતિ કાય સુધી આ રીતે બાદર બે થાય વાયુ કાય કે જેનો સ્પર્શ જણાય છે, તે વાયુકાય બાદરમા ગણાય

પર્યાપ્તા તથા અપર્યાપ્તા કોને કહેવા?

સ્થાવરને અગે જેમ પર્યાપ્તા તથા અપર્યાપ્તા એવા ભેદ પડે છે, તેમ તે ભેદો ત્રસમા પણ રહેલા છે બેઇંદ્રિય જીવોમા પણ શક્તિ મેળવેલી હોય તેવા (પર્યાપ્તા), તથા શક્તિ મેળવતા હોય તે (અપર્યાપ્તા) એમ બે પ્રકાર છે ભમરીઓ કીડાઓને લાવીને માટીમા ઘાલે છે, પછી ડખ દે છે એટલે પેલા કીડાઓ ભમરી બની જાય છે ત્યા 'ભમરી થતી' અને 'ભમરી થઈ' એમ બે ભેદ સ્પષ્ટ છે ને! વિકલેંદ્રિય (બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય)મા પણ પર્યાપ્તા તથા અપર્યાપ્તા બે પ્રકાર સમજવા જે જીવોએ શક્તિ મેળવેલી છે તે પર્યાપ્તા, અને મેળવી નથી, મેળવતા છે તે અપર્યાપ્તા આહારાદિ પર્યાપ્તિઓ વિગેરે શક્તિઓ અનુક્રમે મેળવાય છે

વૈક્રિયશરીર એ અનતગુણી મજાના ભોગવટા માટેનુ સાધન છે

પચેન્દ્રિય જીવોમા નારકીજીવ જ્યારે ત્યા ગયો ત્યારે વૈક્રિય પુદ્ગલો લેવાની તાકાતવાળા

હોય છે, અર્થાત્ એવી તાકાત સાથે જ તેઓ ઉત્પન્ન થાય છે, એટલે ઉત્પન્ન થાય કે બીજા સમયથી તેઓ વૈક્રિયપુદ્‌ગલો ગ્રહણ કરે છે ઔદારિકશરીર ક્રમે વૃદ્ધિ પામે છે અને અનુક્રમે વધે છે અગ્નિની જ્યોતમાં અનુક્રમ નથી વૃક્ષને અંગે, 'આટલા વર્ષે આટલું વધ્યું' એમ કહેવાય છે, કાગળ કે ત્યાં વધવાના ક્રમનો, અનુક્રમનો નિયમ છે ઔદારિક શરીરમાં ક્રમિકવૃદ્ધિ હોવાથી શક્તિ પામતા તથા શક્તિ પામેલા, એટલે કે પર્યાપ્તા તથા અપર્યાપ્તા એવા બે ભેદ પાડી શકીએ અગ્નિને અંગે, એ પ્રગટ થાય કે આખા મકાનમાં ઝાકઝમાળ અજવાળું પ્રસરે છે ત્યાં પ્રસરવામાં ક્રમ નથી એ પ્રકાશ પહેલેથી છેલ્લે સુધી સરખી રીતે પ્રસરે છે વૈક્રિય શરીર ઔદારિક શરીર માફક ક્રમિક વૃદ્ધિવાળું નથી સમુદ્‌ઘાતથી વૈક્રિય થાય છે, ઔદારિક થાતા નથી ઔદારિક શરીરથી સહન ન થઈ શકે તેવા ક્ષુધા, તૃષા ટાઢ ગરમી વેદના, વ્યથા પીડા, કદર્થના, માર, ઘાત, છેદન, ભેદન, દહન વગેરે વેદનાઓ નારકીઓ તેમનું વૈક્રિય શરીર હોવાથી સહન કરે છે અહિં, પૂર્વ કરેલા પાપોનું સો ગુણું, હજાર ગુણું, લાખ ગુણું અસંખ્ય ગુણું અનંતગુણું ફલ નારકીમાં આ રીતે ભોગવી શકાય છે ઔદારિક દેહ હોય તો સજાના એ વખતના ભોગવટામાં ખલાસ!

આ લોકમાં ખૂનીએ ચાહ્યા તો એક ખૂન કર્યું હોય કે સો ખૂન કર્યા હોય પણ ફાંસી તો એકજ વાર ને! ગુન્હા ઘણા છતાં તેથી સજા ઘણી વખત કરવી તે સત્તાની બહાર છે ત્યારે શું તે ગુન્હાઓ માફ થયા? રદ બાતલ થયા? ના, એવા કોઈ સામટા ગુન્હાઓના વિપાકના ભોગવટા માટે નરક નિયત છે આ લોકની રાજસત્તા માણસમાંથી છટી ગયેલો કુદરતના સાણસામાંથી છૂટી શકતો નથી નારકીને જો વૈક્રિય શરીર ન મળ્યું હોત તો તે ગુન્હામાંથી ગુન્હેગાર છૂટી શકત, પણ એ બનેજ કેમ? અનંતગુણી પીડા ભોગવવા માટે તો વૈક્રિય શરીરનો વગાડ છે ખુબી કે છેદાય નહિ, મરાય પણ નહિ એ તો વગાડ તે વગાડ! પાણીના કણ કણ જુદા કરો, પણ પાછા ભેગા થઈ એકરૂપ થાય છે, તેમ નારકીના દેહ કાપીને ખણ્ડે ખણ્ડ કરો તોય પાછા જોડાઈ જાય અને બીજી વેદના ભોગવવા તૈયાર!

આવું વૈક્રિય શરીર જે જીવોને પહેલીજ ક્ષણથી મળે છે તેને માટે શક્તિ (પર્યાપ્તિ) પામ્યા કે પામતા એનો વખત જુદો કયાં? વૈક્રિયપણે વૈક્રિય પુદ્‌ગલો પરિણમાવાય પછી ને શરીરમાં ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા તથા મનની શક્તિ ક્રમિકજ થાય છે આથી નારકીમાં પણ પર્યાપ્તા અપર્યાપ્તા બે માનવા જ પડે દરેક નરકમાં તેવા બે ભેદ છે, એટલે કે સાતેય નરકમાં આ બે ભેદો સમજી લેવા હવે તિર્યંચ, મનુષ્યો તથા દેવતાઓને અંગે, આ ભેદો માટેનું વર્ણન અને વર્તમાન.



દેશના-૩૮

संमुच्छिमजलयरतिरिक्खपुच्छा, गोयमा ! दुविहा पन्नत्ता, तं जहा-पज्जत्तग० अपज्जत्तग० एवं गब्भवक्कंतियावि, समुच्छिमचउप्पयथलयरा एवं चेव गब्भवक्कंतिया य एवं जाव संमुच्छिम खहयरगब्भवक्कंतिया य एक्केक्के पज्जत्तगाय अपज्जत्तगाय भाणियव्वा ।

દેખી શકાય તે બાદર અને ન દેખી શકાય તે સૂક્ષ્મ

શ્રી ગણધરમહારાજા પંચમાંગ શ્રી ભગવતીજીસૂત્રના અષ્ટમ શતકના પ્રથમ ઉદ્દેશામાં પુદ્ગલ-પરિણમનનો અધિકાર જણાવતા, જીવોના ભેદોને અંગે એકેન્દ્રિયાદિ જાતિ, અને પૃથ્વીકાયાદિ ભેદો પુદ્ગલના સંયોગોની વિચિત્રતાને લીધે જ એ વિચારણા કરતા આવી અહિં એક પ્રશ્ન ઉપસ્થિત કરાયો કે જેમ મૂલભેદો પુદ્ગલને આભારી છે, તેમ પેટાભેદો પણ પુદ્ગલને આભારી ખરા કે નહિ? એ પ્રશ્નને અંગે જ પ્રશ્ન ઉભો રહે છે કે મૂલભેદો જો પુદ્ગલની વિચિત્રતાને આભારી હોય તો પેટાભેદો માટે પણ એમજ હોય એમાં પ્રશ્ન શાથી?, જ્યારે પૃથ્વીકાયાદિને પુદ્ગલની વિચિત્રતાને આભારી ગણવામાં આવે, તો પછી તેમાં વળી સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા, અપર્યાપ્તા એવા ભેદો કહેવાની જરૂર શી? ભલે પ્રશ્નમાં પ્રશ્ન થયો, પરન્તુ પ્રશ્નકારે એક વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે કે મૂલભેદમાં સૂક્ષ્મ તથા બાદર એ બે ભેદો છે શાથી?

ફરીને સૂક્ષ્મ તથા બાદરની વ્યાખ્યા સમજી લેવી પૃથ્વીકાયના અસંખ્યાતા શરીરો એકઠા થાય છતાં પણ ન જોઈ શકાય તે સૂક્ષ્મ, અને પૃથ્વીકાયના ઘણા શરીરો એકઠા થાય અને તે દેખી શકાય તે બાદર પૃથ્વીકાય દેખાવાના સ્વભાવવાળા તે બાદર, અને ન દેખાવાના સ્વભાવવાળા તે સૂક્ષ્મ જ્યારે કોથળા ભરવાથી રેત કે અનાજનો ભાર લાગે ત્યારે એક દાણામાં પણ અગર રેતના એક રજકણમાં પણ અમુક વજન તો માનવું પડે, પરન્તુ એક દિવાનું તેજ આપણા ઉપર પડે કે લાખો દિવાનું તેજ આપણા ઉપર પડે, તો આપણે દબાઈએ ખરા? ના કેમકે એ પુદ્ગલો તેજને, વજનને યોગ્ય નથી રેતનું અને અજવાળાનું તો સમજવા માટે દૃષ્ટાંત આપ્યું દૃષ્ટાંતો વસ્તુનો ખ્યાલ સહેલાઈથી લાવવા માટે અપાય છે બાદર પૃથ્વીકાય એક હોય તો ન દેખાય ભારની ચીજ છતાં બારીક હોવાથી ભાર ન લાગે દૂર પડેલો એક વાળ ન દેખાય પણ વાળનો જથ્થો દેખાય બાદર પૃથ્વીકાયના કેઈ જીવોના શરીર એકઠા થાય ત્યારે દેખી શકાય એક પૃથ્વીકાયનું શરીર પણ દેખતા

યોગ્ય છે સૂક્ષ્મ અને બાદર એ ભેદો પુદ્ગલ પરિણામની વિચિત્રતાને લીધે માનવા પડયા સ્થાવર દેખાવા યોગ્ય છના બે પ્રકાર માનવા પડે પૃથ્વીકાય તથા અપ્કાય ચક્ષુથી દેખાય છે, પણ વાયુકાય બાદર હોય તે દેખી શકાતો નથી પ્રભા, તેજ માત્ર ચક્ષુથી ગ્રાહ્ય છે, સ્પર્શથી ન જણાય દેખવા લાયકના બે વિભાગ, નહિં દેખવા લાયકના સંયોગથી ન દેખવા લાયક ના બન્યા અને દેખવા લાયકના સંયોગથી દેખવા લાયક ના બન્યા હાઇડ્રોજન અને ઓક્સીજનની સ્થિતિ વિચારો વાયુરૂપે તે પાણી રૂપે અને પાણી રૂપે તે વાયુરૂપે થયુ ને! અહિં કોઇ તર્ક કરે કે 'જ્યારે વાયુ એજ પાણી, પાણી એજ વાયુ તો એ ભેદ જૂદા શા માટે માનો છો? સ્થાનના ચાર ભેદ માનોને! બાલક જુવાન થાય તેથી શુ જુવાનનો જીવ જૂદો માનો? આપણે તો સયોગે ઉત્પત્તિ માનીએ છીએ. કેટલીક વખત વાવવાથી પણ ધાન થાય, અને વગર વાવ્યે પણ ધાન થાય માટે ધામ માન્યા વિના છૂટકો નથી વાયુમાથી પાણી થાય એટલે વાયુના જીવો મરી જાય છે અને પાણીના જીવો ઉપજે છે

જૈન દર્શનમા સયોગથી ઉત્પત્તિ માનેલ છે

માટીમા ઉત્પન્ન થયેલા અનાજ દ્વારા આ મનુષ્યનુ શરીર પણ બંધ્યુ ને? બાળીને રાખ થયા પછી પાછી માટી! ક્ષણિક સાયોગિક ઉત્પત્તિ તથા નાશ માનવામા જૈનોને વાધો નથી. આપણે આમ આધુનિક વિજ્ઞાનને અંગે કહીએ છીએ તેમ નથી, પરન્તુ શ્રી સૂયગડાગ સૂત્રની ટીકામા કહ્યુ છે કે અપ્કાય વાયુ ઉપાદાન કારણ તથા વાયુ નિમિત્ત કારણ છે લુગડાનુ ઉપાદાન કારણ સૂતર, ઘડાનુ ઉપાદાન કારણ માટી ઘણીવાર ઉપાદાન તથા નિમિત્ત કારણ જુદા હોય છે, તેમ અહીં નથી પાણીમા ઉપાદાન તથા નિમિત્ત કારણ બન્નેના કારણભૂત વાયુજ છે બાદર પૃથ્વીકાય એટલે એક આગળ જેટલી જગ્યામા અસખ્યાત એક । થાય તોજ દેખાય, પણ ગમે તેટલો ઘોઘાટ જબરા હોય, તો પણ શબ્દ નજરથી નથી દેખાતો જેમ એક શબ્દના તેમ ઘણા શબ્દોના પુદ્ગલો પણ જોઇ શકાતા નથી તેજ રીતે સૂક્ષ્મનુ શરીર એકનુ હોય કે અનેક સૂક્ષ્મોના શરીરો તો પણ જોઈ શકાય નહિ સ્થૂલ પૃથ્વીકાયના પુદ્ગલોની જેમ બાદર પૃથ્વીકાયના પુદ્ગલોનુ પરિણમન છે

આખા જગતમા વ્યાપક માત્ર પાચ સ્થાવર જ છે

શક્તિ મેળવવાનો સમય તે અપર્યાપ્તાપણુ, અને શક્તિ મેળવ્યા પછી પર્યાપ્તાપણુ સૂક્ષ્મ બાદર, પર્યાપ્તા તથા અપર્યાપ્તા એવા ચાર ભેદો પાચે સ્થાવરમા એટલે એકેન્દ્રિયમા છે બેઇન્દ્રિયમા સૂક્ષ્મ કે બાદર એવા ભેદ નથી બેઇન્દ્રિય કયારે કહેવાય?, રસનાઇન્દ્રિય પ્રાપ્ત થાય ત્યારે બેઇન્દ્રિય કહેવાય રસના ઇન્દ્રિયવાળો રસનો અનુભવ કરે છે સૂક્ષ્મને રસ ગમ્ય ન હોય આથી રસના ઇંદ્રિય સ્થૂલમા જ મા

થી એજ નિયમ આગળ પંચેન્દ્રિય પર્યંત સમજી શકાય તેમ છે બેઇન્દ્રિયાદિ જીવોનું આ રીતે આખા જગતમાં વ્યાપકપણું રહેલું નથી માત્ર સ્થાવર જ જગતમાં વ્યાપક છે

કુંભીથી શરીર મોટું !

પંચેન્દ્રિય જીવોના ચાર ભેદમાં પ્રથમ નારકીના છે " દૃષ્ટાંત વિપાકને બોમકરનું સ્થાન ૧૩ છે નરકમાંના જીવો ત્યાંથી મરણ તમે પૂછશો કે " જીવને તમે નારકી કયાંથી કહો છો? મનુષ્યગતિ કે તિર્યંચગતિમાંથી મરીને જ્યારે નરકમાં ઉપજે ત્યારથી? અહિંથી કઇ વખતના ઉદયે એ જીવ ત્યાં ગયો? અર્થાત્ નારકાયુષ્યના ઉદયના સમયથી મનુષ્ય કે તિર્યંચ પંચેન્દ્રિય આયુષ્ય સમાપ્ત થયું કે બીજા જ સમયથી નારકી નારકી મરીને ફરી નરકમાં ન ઉપજે મનુષ્ય કે તિર્યંચ પંચેન્દ્રિયનું આયુષ્ય પુરૂં કરું ચાલ્યે નરક તરફ પ્રયાણ કરનારો જીવ રસ્તામાં નરકાયુ ભોગવે છે રસ્તાના સમય, બે કે ત્રણ સમય જેટલો છે નરકાયુ અહિંથી ઉદયમાં આવે છે એટલે પાપકર્મ અહિંથી જ ઉદયમાં આવે છે પણ કાર્મણ શરીર સૂક્ષ્મ હોવાથી સાથે જ છે વૈક્રિય કર્મનો ઉદય શરીરના સાધન વિના હોતા નથી જીવ જો પર્યાપ્તિઓ ભવિષ્યમાં પૂરી કરવાનો હોય તો તે એક અપેક્ષાએ લબ્ધિ પર્યાપ્તા કહેવાય, અને જો ન કરવાનો હોય તો લબ્ધિ અપર્યાપ્તા કહેવાય

ફરીને વિચારો નારકીના જીવો, નરકમાં જતા, વચમાં નરકાયુ ભોગવે છે, છતાં સ્થૂલ શરીર ન હોવાથી વેદનાનો અનુભવ હોતો નથી વેદનાઓ ઉપજે ત્યાં અન્તર્મુહૂર્તમાં તો વધીને એવા જેવા થઇ જાય છે તેમ નારકી જીવ કુંભીમાં ઉત્પન્ન થાય શરીર કુંભી કરતાં વધે બાઇને પેટ કરતાં ગર્ભ મોટો થઇ જાય તો શી દશા? ત્યાં તો ઔદારિક શરીર એટલે બાઇના શરીરને નુકસાન થઇ મારનું મોત થાય પણ નારકીની કુંભી વજ્રની એટલે તેને કાંઇ અસર થાય જ નહિ માટેનું પાત્ર તેમાં કંઇ ગમે મૂકું હોય અને હાંકણું સજ્જડ હોય તો ગુંગળાઈ મરે તેમ ગને નહિ નારકીઓ કુંભીમાં ઉત્પન્ન થાય, કુંભી કરતાં શરીર મોટું હોય તેથી ત્રાડે ત્રાડ પાડે, એટલે પરમાધામીઓ તેના શરીરના કટકા કરીને તેને બહાર કાઢે છે એ કટકા પાછા પારાની કણીઓની જેમ ભેગા થઇ જાય છે નારકી જીવોની આ દશા છે આ નારકીમાં પણ પર્યાપ્તા તથા અપર્યાપ્તા એવા બે વિભાગ છે

તિર્યંચને અંગે

તિર્યંચને પંચેન્દ્રિયના ત્રણ ભેદો જલચર, સ્થલચર, ખેચર જળચરો પુદ્ગલોને જળચરરૂપે પરિણમાવે છે જલચર પણ પર્યાપ્તા અપર્યાપ્તા બે ભેદે છે સમૂર્છિમ જલચરો પણ પર્યાપ્તા તથા અપર્યાપ્તા એમ બે ભેદે છે નર-માદાના સંયોગથી ઉત્પન્ન થનારા જલચરો ગર્ભજ કહેવાય છે મનુષ્ય સ્ત્રીઓના ગર્ભાશયમાં મનુષ્યની તેમજ ડીંગાઓની પણ

ઉત્પત્તિ છે ને! ગર્ભાશયમા વ્યાધિ થાય, તે સડે ત્યારે કીડા ઉત્પન્ન થાય છે, અને એ જ ગર્ભાશયમા પુત્ર કે પુત્રીની ઉત્પત્તિ થાય છે જીવો પુદ્ગલો લઈ પરિણમાવે તેવુ પરિણમન થાય છે, માટે ત્યા સ્વભાવ કામ ન લાગે, નહીંતર ગાડી માના ગાડા, અને ડાહી માના ડાહ્યા થવા જોઈએ ગર્ભાશયમા નામકર્મના ઉદયે જે જીવ ઉત્પન્ન થાય તે નામકર્મના ઉદયાનુસાર તેવા પુદ્ગલો ગ્રહણ કરે, તથા તે રૂપે પરિણમાવે છે ગર્ભવ્યુત્ક્રાંતિમા પર્યાપ્તા તથા અપર્યાપ્તા એવા બે ભેદ પડે છે સ્થલચરમા ચતુષ્પદ, ભુજપરિસર્પ તથા ઉરપરિસર્પ એવા ત્રણ ભેદ છે ચતુષ્પદમા પણ સમૂર્છિમ્ તથા ગર્ભજ એવા બે પ્રકાર છે અને તે દરેકમા પર્યાપ્તા તથા અપર્યાપ્તા એવા બે ભેદ છે એજ મુજબ ભુજપરિસર્પ તથા ઉરપરિસર્પ માટે સમજી લેવુ ખેચર માટે પણ એ જ રીતે સમજી લેવુ હવે મનુષ્યના ભેદોને અગેનુ કથન અગ્રે વર્તમા।

દેશના-૩૯

मणुच्छिममणुस्सपंचिंदियपुच्छा, गोयमा! एगविहा पन्नत्ता अपज्जत्तगा चेव

જૈનોનો મોક્ષ સાકડો નથી

શ્રી ગણધર મહારાજાએ, શાસનની સ્થાપના માટે રચેલી દ્વાદશાગીમાના પચમાગ શ્રી ભગવતીજી સૂત્રના આઠમા શતકના પ્રથમ ઉદ્દેશામાનો પુદ્ગલ-પરિણામ નામે અધિકાર ચાલુ કરતા જણાવે છે કે સ્વરૂપે તમામ જીવો સરખા છે સ્વરૂપ દૃષ્ટિએ જોવો સૂક્ષ્મ એકેન્દ્રિયનો જીવ તેનોજ સિદ્ધ મહારાજનો જીવ છે જીવ માત્ર સ્વરૂપે સમાન છે સમ્યક્ત્વની શરૂઆત અહિંથીજ થાય છે, અને તે એ છે કે 'તમામ જીવ સ્વરૂપે સમાન છે' એ માન્યતામા સમ્યક્ત્વની જડ છે ઈતરો પોતપોતાના નિયત દેવ, ગુરૂ, ધર્મને માને છે, પણ તેમા હેતુ સ્વર્ગ પ્રાપ્તિનો અને સસારિક સુખ મેળવવાનો છે

આ જીવ જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોથી ઘેરાયેલો છે એ કર્મોનો નાશ કરવાનો તથા આત્માને જ્યોતિ સ્વરૂપ બનાવવાનો હેતુ જૈનદર્શનમા છે તેથી જેઓએ કર્મોનો નાશ કર્યો છે, જેઓએ પોતાના આત્માને જ્યોતિ સ્વરૂપ બનાવ્યો છે, તેઓએ કર્મ નાશનો, આત્મ સ્વરૂપ પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો છે તેમને જૈનો દેવ માને છે તેથી જ સુદેવ, સુગુરૂ, સુધર્મ માનવામા સમકિત છે જૈનદર્શન તો ઈચ્છે છે કે તમામ જીવો સમકિતી થાય, કારણ કે જૈનદર્શને

માનેલા મોક્ષમા સંકડામણ નથી 'અમુક સંખ્યામાજ જીવો રહી શકે, સંખ્યા વધશે તો વાંધો આવશે, અમારી જગ્યા નહિ રહે,' આવુ મોક્ષનુ સ્થાન જૈનો માનતા નથી આખાય જગતના તમામ જીવો એક અવગાહનામા આવી જાય તો પણ જૈનેને બાધ નથી ક્ષેત્રનુ રોકાણ થઇ જવાથી બીજાને સ્થાન ન મળે, તેવી સ્થિતિ નથી "જગત આખુ મોક્ષ પામો" એ જૈનોની સદૈવ ભાવના હોય છે જૈનદર્શનનો એ તો કાયમી મનોરથ છે અમુક જીવ મોક્ષે ન જાય, તેવી ઇચ્છા કે મનોરથ તેવુ વચન કે ઉપદેશ તથા તેવી પ્રવૃત્તિ આ એકાન્ત મોક્ષ માર્ગ માટેના જૈન શાસનમા નથી

जिनपन्नत तत्त शाथी ?

ઇતરોમા તથા જૈનોમા આવો ફરક શાથી? બીજાઓ આત્માના સ્વરૂપને ઓળખતા નથી કોઈ પણ આત્મા ભલે અવમ દશામા હોય છતા તે જ્યોતિ સ્વરૂપ છે સિદ્ધ સ્વરૂપ છે, આવુ કોઇ પણ બીજા મતવાળા માનતા નથી બીજાઓ દેવને પણ કલંક આપીને માને છે જૈનોમા દેવ નિષ્કલંક જ છે બીજાઓ દેવને કર્મ કરાવનાર, પ્રેરક માને છે જૈનો કર્મની જવાબદારી જોખમદારી જીવની માને છે બીજાઓ ઇશ્વરને જગતને બનાવનાર માને છે, જૈનો ઇશ્વરને પદાર્થ બતાવનાર માને છે આચાર્ય, ઉપાધ્યાય, તથા સાધુઓ ત્રણ જ્ઞાનવાળા હોય તોજ ઉપદેશ દે, તેવો નિયમ નથી શ્રી તીર્થંકર દેવ તો ગર્ભથી ત્રણ જ્ઞાન ધરાવે છે, અને દીક્ષા લેતા તેમને ચોથુ જ્ઞાન થાય છે, છતા તેમને ઉપદેશનો અધિકાર નથી તેઓ ઉપદેશ કેવલજ્ઞાન પ્રાપ્તિ પછી જ આપે આચાર્યાદિને ઉપદેશ આપવામા હરકત નથી કેમકે તેઓ પોતાના ઘરનો કાંઇ ઉપદેશ આપતા નથી તેઓ તો શ્રીતીર્થંકર દેવના ગુમાસ્તાનુ કામ કરે છે મામ રૂપીઆનો પગાર દાર ગુમાસ્તાની મારફત લાખનો ચેક આપે છે કે નહિ? પણ એમા એને શુ? નથી ત્યા પોતાની જવાબદારી કે જોખમદારી એણે તો માત્ર ચેકવાળુ રસીદીયુજ આપ્યુ છે ચેક લખનાર તો બીજો જ છે આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુઓ, શ્રી તીર્થંકર ભગવાને પ્રરૂપેલા તત્ત્વોનો ઉપદેશ આપે છે, અને તે પણ તેમનાજ નામે 'હુ કહુ છુ' એમ કહેવાનો હક છે 'केवली कहीओ सुहानओ धम्मो' तथा जिन पन्नत्त तत्त સૂત્રનો અર્થ એજ વાત સાબીત કરે છે

આચાર્યાદિએ અખતરો કરવાનો નથી, પણ શ્રી જિનેશ્વરદેવના માલનો માત્ર વેચવાનો છે– હેચવાનો છે તીર્થંકર દેવો, ચારિત્ર અને ઘોર તપદ્વારા કેવલજ્ઞાન પામ્યા પછી જ ઉપદેશ આપે છે આદર્શ રૂપ બનવા પૂરી તૈયારી કરી પછી જ બહાર આવે સામાન્ય સૈનિક લડવાને માટે ગમેતેવો તલપાપડ થાય, પણ પૂરની તૈયારી વિના જનરલ કદી પણ વોર ડીકલેર કરશે નહિ શ્રીતીર્થંકરદેવે તો તીર્થ પ્રવર્તાવવુ છે પોતાના વચને લોકોને માર્ગે પ્રવર્તાવવા છે, માટે પ્રથમ આદર્શરૂપ બનવુ હોય જોઇએ. આ શરૂપ બનવુ હોય તેને આદર્શને અનુકુળની ભૂમિકાનુ ચારિત્ર

લઈને કેવલજ્ઞાન મેળવે, અને કેવલજ્ઞાન મળ્યુ એટલે નક્કી થયુ, કે જાણવાનુ કાર્જ બાકી રહેતુ નથી, પછીજ તીર્થંકરો ઉપદેશ દે છે, અને તીર્થ સ્થાપે છે

નિસર્ગ તથા અધિગમ સમ્યકત્વ

મુલ વાતમા આવો દરેક આત્મા સ્વરૂપે સિદ્ધ સમાન છે જીવ માત્ર સ્વરૂપે સિદ્ધ ભગવન્તના જીવ જેવા છે જીવ આટલી ઉંચી હદે સૂક્ષ્મ એકેન્દ્રિયપણાથી આવ્યો છે ઘેન્થી અહ્દ સુધી પગેથી ચાલીને જઈ શકાય પણ મોટી ખાડી કે મોટી નદી ઉતરવામા પગથી કામ આવે નહિ, નાવ જોઈએ જ અકામ નિર્જરાથી વધીને અમુક ઉંચી હદે અવાય, પછી શ્રીતીર્થંકર દેવના વચનોનુ આલબન જોઈએ, અને તે વિના આગળ વધી શકાય નહિ યથા પ્રવૃત્તિકરણ સુધી વચનની જરૂર નથી યથાપ્રવૃત્તિકરણથી આગળ વધી અપૂર્વકરણમા જઈએ, ત્યા શ્રીતીર્થંકર દેવના વચનોથી વીર્યોલ્લાસ પ્રગટ્યા વિના છૂટકો નથી કદીક એવુ બને કે વચન વિના વીર્યોલ્લાસ થઇ જાય, પણ તે અપવાદ છે, એ માર્ગ નહિ કહેવાય અન્ય ધર્મીને તમે જૈન ધર્મના તત્ત્વો સમજાવો છો, તેમા ભલે ઈતર બુદ્ધિમાન્ તે તત્ત્વોને સમજી શકે છે, જ્યારે તમારૂ બાલક કાંઈ તત્ત્વ સમજતુ નથી, છતા જૈનધર્મ પરત્વે તેની અભિરૂચિ કુલાચારે છે જ બોલનારનુ મો બધ થઇ ન શકે, કારણકે કોઈ એમ પણ પથરો ગબડાવે છે કે, 'કુલાચારથી યતો ધર્મ તો દ્રવ્ય ધર્મ છે,' પણ એમ બોલવામા ભૂલ છે જ્યા આત્માના કલ્યાણની બુદ્ધિ ઉત્પન્ન થઈ, ત્યા તેને દ્રવ્ય ધર્મ કહી શકાય નહિ દેરે જવામા કલ્યાણ ન માનતો હોય, અને 'નહિ જાઉં તો માતા પિતા લડશે' એમ ધારીને જાય તો ત્યા દ્રવ્ય-ધર્મ ખરો, પણ દ્રવ્યધર્મ પણ નિષ્ફલ તો નથી જ, એ પણ ભાવમા પરિણમવામા સભવિત છે રોહિણીઆ ચોરે તો કાનમા આગળી રાખી હતી, કે 'રખે મહાવીરનુ વચન સભળાઈ જાય!' છતા કાંટો કાઢવા જતા સભળાઈ ગયુ તો પણ તે પામી ગયો! ધર્મ પામી શક્યો 'મારૂ કલ્યાણ થાય, પાપથી બચુ' આવી ભાવના જ્યા હોય ત્યા ભાવ ધર્મ છે માબાપ સાથે ન હોય, છતા ય શ્રાવકના બચ્ચા માર્ગમા જતા, કોઇને કીડી, મંકોડી મારતા જુએ, તો તેને કમકમાટી છુટે છે રોકવા પ્રયત્ન કરે છે, સામો ન માને તો પોતાને ધ્રુજારી છુટે જ છે ને! એ શાથી? દયા કુલાચારે આવી છે, પણ તે ભાવરૂપે થાય છે ને! જૈનકુલમા અવતરેલાને નિસર્ગ સમ્યકત્વ કહ્યુ છે, એટલે સ્વાભાવિક સમ્યકત્વ કહ્યુ છે જીવાદિક નવ તત્ત્વનો ખ્યાલ એને સહજ આવી જાય જરા પૂજા, સામાયિક, પ્રતિક્રમણ પૌષધ આદી આચારો પ્રચલિત છે, એના જૈનકુલમા જન્મેલો બાળકો સવર તથા મોક્ષ તત્ત્વમા આદરવાળા સહેજે થાય છે તેમજ પાપથી આશ્રવથી, બધથી સહેજે દૂર રહેનારો થાય છે જે વૈષ્ણવો તમારા પરિચયમા હોય, તેઓ તો તમારા તત્ત્વોને ઓછે વત્તે અશે પણ જાણે છે પરતુ જે વૈષ્ણવોને બીલકુલ શ્રાવકનો પરિચય ન હોય તેઓ ન જ જાણે આવાઓ ઉપદેશથી સમકિત પામે, તેને અધિગમ સમ્યકત્વ કહેવામા આવે છે

આલંબન વિના ચાલે?

શબ્દો વાંચ્યા કે સાંભળ્યા વિના પ્રાપ્ત થતા સમ્યકત્વને નિસર્ગ સમકિત કહે છે હવે જ્યારે એને ખ્યાલ આવે કે, આલંબનની આવશ્યકતા છે, એટલે આલંબનનો આદર કરે છે જ સૂક્ષ્મ નિગોદમાંથી અહિં સુધી તો અવાયું પણ હવે આલંબન વિના એક ડગલું પણ ચાલે તેમ નથી, એમ થાય એ આત્મા આલંબન રૂપ દેવગુરૂની પૂજા, સેવા, ભક્તિ બહુમાન કરે, કરે અને કરેજ જેને શસ્ત્રનું મૂલ્ય છે, જેનામાં ક્ષાત્ર ખમીર છે તે તલવારની પૂજા કર્યા વિના રહે! તલવાર સાધન છે છતાં તેને પૂજેજ ચક્રરત્ન સાધન છતાં ચક્રવર્તી જે તેનો સ્વામી છે, તે તેનો મહોત્સવ કરે છે ને! છ ખંડ કાંઈ ચક્ર સાધતું નથી, સાધક તો ચક્રવર્તી છે શ્રી જિનેશ્વરદેવોની ભક્તિથી પૂર્વ સંચિત કર્મોનો ક્ષય થાય છે કેવલજ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોનો ક્ષય કરવામાં કેવલજ્ઞાન મેળવવામાં શ્રી જિનેશ્વરદેવની ભક્તિ, એ સાધન છે જૈન દર્શન એમ માને છે કે સૂક્ષ્મ એકેન્દ્રિયનો જીવ તથા શ્રી સિદ્ધ ભગવંતનો જીવ, સ્વરૂપે સમાન છે પરન્તુ આવરણનો ફરક છે, તે આવરણ દૂર કરનાર સાધન શ્રી જિનેશ્વર દેવની ભક્તિ છે જે વિદ્યાર્થીઓને કલમ કેમ પકડવી તે પણ ન આવડે, તેમને માટે ધોરણમાં દાખલ થવું મુશ્કેલ છે તેવી રીતિએ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય ચૌરિન્દ્રિય એ ચારેય જાતિના યદ્યપિ જીવો છે સ્વરૂપે અનંતજ્ઞાનવાળા છે પણ જ્ઞાનાવરણી યાદિથી એવા અવરાયેલા છે એવી સ્થિતિમાં મૂકાયેલા છે, કે તેઓ કેવલજ્ઞાન મેળવવાના માર્ગ ઉપર આવી શકતા નથી પચેન્દ્રિયજ માત્ર તે માર્ગે ચઢી શકે છે પચેન્દ્રિયમાં પણ જે વ્યસનાદિની આધીનતાથી પરતંત્ર હોય, જે બીજી વ્યક્તિને આધીન હોઈ પરતંત્ર હોય, તે પોતાનું કામ કરી શકતો નથી રૂડીઆથી કે કોઈથી દુનિયાનું દારિદ્ર ફીટે તેમ નથી દેવતાઓ વિલાસમગ્ન છે, માટે પરાધીન છે, નારકીઓ વેદનાની પરાકાષ્ઠા ભોગવવામાંજ સબડે છે, એટલે એમની વેદના, પરાધીનતાની પરાકાષ્ઠા તો ત્રાસદાયક છે એ જીવને તો મોક્ષના માર્ગની કલ્પનાને પણ અવકાશ ક્યાં છે? તિર્યંચની પરાધીનતા તો પ્રત્યક્ષ છે! મોક્ષમાર્ગ માટે કેવલ મનુષ્યજ પ્રયત્ન કરી શકે છે

કમનશીબીની પરાકાષ્ઠા!

મનુષ્યમાં પણ સંમુચ્છિંમ મનુષ્ય થાય તો? લેપમાં બળગેલી દોરડી આકારે દોરડીજ દેખાય, પણ જરા ધક્કો વાગતા રાખ ખરી પડે, તેમજ ગર્ભજ મનુષ્યના શુક્ર, લોહી, રૂધિર, વિષ્ટાદિ મલીન અશુચિ પદાર્થોમાં સંમુચ્છિંમ મનુષ્યો ઉપજે છે આકાર ગર્ભનોજ પણ જાતિએ સંમુચ્છિંમ! મનુષ્ય ગતિનું નામ કર્મ છે, પચેન્દ્રિય જાતિનો પણ નામ કર્મમાં ઉદય છે, પણ એવી વિચિત્ર કમનશીબી છે કે એવી વિચિત્રતા બીજા કોઈમાં નથી સૂક્ષ્મમાં બાદરમાં વિકલેન્દ્રિયમાં સંમુચ્છિંમ ખેચરાદિકમાં જે કમનશીબી નથી, તેવી કમનશીબી અહિં

છે, કેમકે તેઓ કદાપિ પર્યાપ્તા થાયજ નહિ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, જલચર સ્થલચર, તિર્યંચ પર્યાપ્તા થાય, પણ સમુર્ચ્છિમ્ મનુષ્યો કદાપિ પર્યાપ્તા થાય જ નહિ પ્રશ્ન થશે કે તો તેને લાભ શો? ચોગ્ને ચકોરાઈ મળી તેમા લાભ શો? આપણે પાપાનુબંધી પુણ્ય માનીએ છીએ પંચેન્દ્રિય જાતિ મળી, મનુષ્ય ગતિ મળી, પણ જે દુર્ભાગ્ય બીજે નથી તે દુર્ભાગ્ય સમુર્ચ્છિમ્ મનુષ્યપણામા છે, એ જીવો પુરી પર્યાપ્તિ ન જ મેળવે અપૂર્ણ શક્તિએ અતર્મુહૂર્તમા તો કાલ કરે=મરે કાલ કરે ત્યાં જ બીજા ઉપજે તેનો છેડો નથી વનસ્પતિમા સચિત્ત વધારે વખત રહે છે પ્રત્યેક વનસ્પતિકાયની સ્થિતિ ૧૦૦૦૦ વર્ષની છે સર્વ સાધારણ તથા સમુર્ચ્છિમ્ અતર્મુહૂર્ત આયુષ્યવાળા છે તે ધ્યાનમા રાખો બીજી વનસ્પતિને કાપીશું, છેદીશુ ત્યારે અચિત્ત થશે, પણ કદમૂળમા તો કાપ્યા છેદ્યા વિના અગર કાપી છેદી લાવ્યા હો તો પણ, (અતર્મુહુર્ત્ત આયુષ્યનો શબ્દ ભલે પકડયો છતા) ત્યા બીજા ઉપજે છે, કુવેરના પાઠાને કાપી લાવીને લટકાવો એને નથી મળતુ પાણી, નથી મળતી માટી છતા તે વધે છે તાત્પર્ય એ કે અતર્મુહુર્ત્તમા પહેલાના જીવો મરી જાય છે, અને વધનારા બીજા જીવો ત્યા ઉત્પન્ન થાય છે સમયે સમયે જીવોની ઉત્પત્તિની વાત જેઓ ભૂલી જાય, તેને સમજ શી રીતે પડે? શ્લેષ્માદિમા મનુષ્યોના જે જીવો સમૂર્ચ્છિમ્ ઉપજ્યા, તે અતર્મુહુર્ત્તમા મરે, પણ તેથી વિરાધના બધ થાય, તેમ ન સમજવુ, કારણ કે ત્યા નવા નવા જીવ ઉપજે છે દેડકાઓ દેડકાના અવયવોમા જ ઉપજે છે, અગર સ્વતત્ર પણ ઉપજે ગર્ભજ મનુષ્યના માસ, પીત્ત, ળેઠી, લોહી, પીશાબ, વિષ્ટા વગેરે અશુચિ પદાર્થોમા સમુર્ચ્છિમ્ મનુષ્યો ઉપજે છે, તે દશ પ્રાણોની પુરી પર્યાપ્તિને નથી જ પામી શકતા, તેથી તેઓ એકજ પ્રકારના છે એવો ઉત્તર દેવાય હવે ગર્ભજ મનુષ્ય વગેરેના ભેદોનો અધિકાર કહેવાશે તે, અગ્રે વર્તમાન.

દેશના—૪૦

गब्भवक्कंति य मणुस्सपंचिंदिय पुच्छा, गोयमा ! दुविहा पन्नता,
त जहा—पज्जत्तग गब्भवक्कतियावि अपज्जत्तग गब्भवक्कतियावि ।

ગર્ભની પરિસ્થિતિ

સમૂર્ચ્છિમ મનુષ્યોની કમનશીબી !

શ્રી ગણધર મહારાજા પંચમાગ શ્રી ભગવતીજીના અષ્ટમ-શતકના-પ્રથમ ઉદ્દેશામા પુદ્ગલ-પરિણામ નામનો અધિકાર વર્ણવી રહેલા છે તેમા ગઈકાલે સમુર્ચ્છિમ મનુષ્ય પંચેન્દ્રિયજીવનની કમનશીબી વિચારી ગયા કે, એ બીચારો પર્યાપ્તો થઈ શકે જ નહિ

ગર્ભથી જે ઉત્પન્ન થાય તે ગર્ભજ જેની ઉત્પત્તિમાં સંયોગની જરૂર નથી, ગર્ભસ્થાનની જરૂર નથી તે સમુચ્છિમ. ગર્ભજ મનુષ્યના શુક, શ્લેષ્મ વિષ્ટાદિ અશુચિ પદાર્થોમાં સમુચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે દેડકાના ચૂરણમાં દેડકા ઉત્પન્ન થાય છે જેમને પ્રાય કષાયો પાતળા હોય એવા જુગલીઆઓ (યુગલિક મનુષ્યો) ના શ્લેષ્માદિમાં પણ સમૂચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે દેડકાના અવયોમાં નવા પાણીના સંયોગે જેમ દેડકાની જાતિ ઉત્પન્ન થાય છે તેમ ગર્ભજ મનુષ્યોના અશુચિ અવયવોમાં (પદાર્થોમાં) સમુચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે ઉપજવાના સ્થાન વિષ્ટાદિ ચૌદ હોઈ તેમને ચૌદ સ્થાનકીઆ જીવો કહેવામાં આવે છે માત્રાને રોકવું પડે છે શ્લેષ્મ ન કરાય સમુચ્છિમ મનુષ્યને આહારાદિક પર્યાપ્તિ ખરી માત્ર મનપર્યાપ્તિ નથી ભાષા સુધી પહોંચી જાય તો પર્યાપ્તા થાય, પણ તેમ બનેજ નહિ ભાષા સુધી પહોંચવાના સામર્થ્ય સુધી એ જીવેજ નહિ જીવન એટલું અલ્પ છે, અને ઉપરની આવી દશાને અનુભવે છે એજ તેઓની કમનશીબી છે

જ્યાં હકનો હક નથી ત્યાં નાહક ખોટી થવું !

એક જીવ મનુષ્ય પંચેન્દ્રિયના ગર્ભમાં આવ્યો આઠમે મહિને ગર્ભ પડી ગયો આ જીવને પંચેન્દ્રિય જાતિ મનુષ્યગતિ મળી કે આર્યક્ષેત્ર પણ મળ્યા છતાં બીચારાનું વળ્યું શું ? શ્રી ઋષભદેવજી ભગવાન અઠ્ઠાણું પુત્રોને એજ ઉપદેશ આપે છે, કે જીવનનો ભરૂસો નથી એ અઠ્ઠાણું આવ્યા છે તો પ્રભુજીને એ પૂછવા કે વડીલભાઈ ભરતનું સાર્વભૌમત્વ સ્વીકારવું, કે યુદ્ધ કરવું ? ભગવાન્ એ અઠ્ઠાણુંનેય બીજીજ દિશા બતાવે છે આ જગત્‌માં સૌથી અધિક ચંચળ ચીજ વાયુ છે આ જીવન શ્વાસવાયુના આધારે છે હવે આવા જીવનવાળા સંસારમાં જીવે કયા ભરૂસે રહેવું ? કેઈ જીવો ગર્ભમાંથી ચાલ્યા જાય છે, કેઈ (બાલ્યવયમાં) જાય છે કેઇ ભરયૌવને જાય છે, તો કેઈ વૃદ્ધાવસ્થા અનુભવીને પણ જાય છે તો પછી કોઈ ન જાય એમ નથી જવું, જવું, જવું તો સાચું જ દુનિયામાં લેણા માટે તો ત્રણ વર્ષ સુધી હકની મુદત છે, પણ જીવનને અંગે કાંઈ હક છે ? જ્યાં હકનો હક નથી ત્યાં નાહક જોયા કરવું ? એક પળ પણ નિશાન રાખી શકાય તેમ નથી ત્રીજા આરાના છેડે શ્રીઋષભદેવજી ભગવાને પોતાના ૯૮ પુત્રોને આ ચંચળ સ્થિતિ જણાવી, તો આપણા જેવાની શી વાત !

'ગર્ભ વ્યુત્ક્રાંતિ' એટલે ?

સમુચ્છિમ મનુષ્ય પર્યાપ્તા થઈ શકે જ નહિ બીજી જાત હોય તો ત્યાં ઓળખાવવા વિશેષણ કહેવું પડે દેવતામાં સમુચ્છિમ નથી દેવતામાં તથા નારકીમાં માત્ર 'ઉપપાત જાત' સ્થિતિ છે, દેવતા ઉપપાત-શય્યામાં ઉત્પન્ન થાય છે, નારકી કુંભીમાં ઉત્પન્ન થાય છે મનુષ્યો માટે ગર્ભજ તથા સમુચ્છિમ એવા બે વિશેષણો, બે પ્રકારે ઉત્પત્તિ હોવાથી કહેવા પડે વ્યાકરણમાં એ નિયમ છે કે સૂત્ર રચનામાં જો અર્ધ માત્રા પણ ઓછી વાપરવાથી કામ સરે તો તે સૂત્રકારો, 'વૃદ્ધાવસ્થામાં પુત્રોત્પત્તિ સમાન ઉત્સવ માને છે', જ્યારે આમ છે

ત્યારે 'ગર્ભજ'ને બદલે લાંબી માત્રાવાળો 'ગર્ભવ્યુત્ક્રાન્તિ' શબ્દ કેમ રાખ્યો? અહિં વિચારવું જોઈએ ગર્ભમાં માત્ર પર્યાપ્તિઓ થઈ જાય એટલે પોતાની મેળે પોષણ મેળવે તેમ નથી. અમુક મુદત સુધી ગર્ભમાં પોષણ જોઈએ. શરીર સંપૂર્ણ થયા પછી પોષણની જરૂર નથી ગર્ભમાં પરિપક્વ દશા જોઈએ ગર્ભ રહ્યો તે દિવસે શરીર બાંધ્યુ, અને અંતર્મુહૂર્તમાં બધી પર્યાપ્તિઓ તૈયાર થઈ ગઈ કેટલાકો માને છે કે અમુક મહિનાઓ સુધી જીવ ન આવે તો પછી કેવી રીતે પુદગલો શરીરપણે પરિણમે છે, અથવા પુદ્ગલો બહાર નીકળી જાય નહિ તો સડવાપણું થાય વાગ્યા ઉપર લોહી બહાર ન નીકળે તો પાકે છે ને! હવે જો જીવ જ ન હોય તો શરીર પરિણમાવશે કોણ? શરીરનો ગઠ્ઠો કર્યો કોણે? પ્રથમ સમયે જ જીવની ઉત્પત્તિ છે એના વિના શરીરનું બંધારણ જ નથી કેટલાકો જીવનું આવવું બીજે, ત્રીજે, ચોથે માસ માને છે, પણ તેમ નથી ગર્ભોત્પત્તિ જીવોત્પત્તિ બન્ને સાથે જ ઉત્પત્તિમાં જેમ માન્યુ, તેમ મર્યા પછી પણ શરીરમાં જીવનું શૂન્યપણું માન્યુ છે સંસારી જીવ દરેક ક્ષણે ૭-૮ કર્મ બાંધે છે પ્રથમના બાંધેલા અત્યારે ઉદયમાં આવે છે ગર્ભમાં ઉત્પન્ન થતા પછી બે ઘડી થઈ એટલે તો જીવ છ પર્યાપ્તિવાળો થઈ ગયો, છતા એટલાથી એનું જીવન નથી ગર્ભમાં અમુક મહિના સુધી પોષણ જોઈએ, અને પોષણ મળે તો જ તે નિરાબાધ રહી શકે મનુષ્ય માટે જ એવો નિયમ એમ નહિ, જનાવર માટે પણ તેવો જ નિયમ છે 'ગર્ભમાં આખી તૈયારી' એ હેતુ જણાવવા 'ગર્ભવ્યુત્ક્રાન્તિ' શબ્દ જણાવ્યો છે પોષણમાં ખામી રહેવાથી કસુવાવડ થાય છે ગર્ભવ્યુત્ક્રાન્તિમાં પણ પર્યાપ્તા તથા અપર્યાપ્તા એવા બે ભેદ છે જેઓ શક્તિ મેળવતા હોય તે અપર્યાપ્તા, અને મેળવી લીધી હોય તે પર્યાપ્તા કાગળ, કલમ, શાહી તો એના એ જ, પણ વાંકા અક્ષર કાઢનાર વાંકા જ કાઢશે સીધા અક્ષર કાઢનાર સીધા કાઢશે, તેજ રીતે અહિં પણ અપર્યાપ્તાવસ્થામાં અપર્યાપ્તા, પર્યાપ્તાવસ્થામાં પર્યાપ્તા સમજવા, જીવ તો એ જ

આગળના (ભવિષ્યના) ભવનું આયુષ્ય બાંધ્યા વિના કોઈ પણ જીવ મરે નહિ આગના ભવના આયુષ્ય બંધન માટે આહાર, શરીર, ઈન્દ્રિય એ ત્રણની જરૂર છે આટલી હદ પર્યાપ્તો થાય તો જ ભાવિગતિ માટે અહિંથી જઈ શકે અપર્યાપ્તાવસ્થામાં નરક કે સ્વર્ગનું આયુષ્ય બંધાતું નથી ગર્ભમાં રહ્યો થકો પર્યાપ્તો, દેવતાનું આયુષ્ય બાંધે તો દેવતામાં ઉપજે ધર્મ લાગણી પ્રધાન માતાના ગર્ભમાંનો જીવ, પૂર્વ ભવના સંસ્કારથી, આચાર્યનો ઉપદેશ પણ સમજી શકે છે તે મરી જાય તો દેવલોકે જાય ગર્ભમાં લડાઈની વાત સાંભળે તે વૈક્રીય શરીર કરી અપર્યાપ્તાવસ્થામાં આયુષ્ય બાંધે તો દેવલોકનું કે નારકીનું આયુષ્ય ન બાંધે આહારમાંથી જે રસ કાનમાં પડે તે કાનરૂપે પરિણમે, આંખમાં પડે તે આંખરૂપે પરિણમે, નાસિકામાં પડે તે નાસિકા રૂપે પરિણમે તેજ રીતિએ પર્યાપ્તા તથા અપર્યાપ્તા એ ભેદોમાં પુદ્ગલ-પરિણમન સમજી લેવું દેવતાના ભેદોને અંગેનો અધિકાર અને વર્તમાન



દેશના—૪૧

असुरकुमार-भवणवासिदेवाण पुच्छा, गोयमा ! दुविहा पन्नत्ता, त जहा—पज्जत्तग असुर कुमार० अपज्जत्तग असुर०, एव जाव थणियकुमारा पज्जत्तगा अपज्जत्तगाय, एव एएण अभिलावेण दुयएण भेदेणं पिसाया य जाव गधव्वा, चदा जाव तारा विमाणा० सोहम्मकप्पोवगा जाव अच्चुओ, हिट्ठिमहिट्ठिमगेविज्जगकप्पातीय जाव उवरिमउवरिम गेविज्ज०, विजयअणुत्तरो० जाव अपराजिय० सव्वट्ठसिद्धकप्पातीय पुच्छा, गोयमा ! दुविहा पन्नत्ता, त जहा—पज्जत्तसव्वट्ठसिद्ध-अणुत्तरो० अपज्जत्तग सव्वट्ठ जाव परिणयावि २ दडगा

પુદ્‌ગલ-પરિણમન વચિત્ર્યથી જીવના અનેક ભેદો છે

શાસ્ત્રકાર ભગવતો વારવાર એક વાત તરફ લક્ષ્ય ખેચે છે કે તમામ જીવો સ્વરૂપે સમાન છે હલકામા હલકી સ્થિતિનો જીવ, એટલે કે સૂક્ષ્મ એકેન્દ્રિયમા સબડતો જીવ, તથા અનતજ્ઞાન, અનતદર્શન વીતરાગમય સ્વરૂપ, અનતસુખ, અનત વીર્યમા શાશ્વત્ રમમાણ શ્રી સિદ્ધ ભગવન્તો જીવ એટલે કે ઉત્કૃષ્ટમા ઉત્કૃષ્ટ કોટિનો જીવ બન્ને સ્વરૂપે સરખા છે તર્કવાદી તર્ક કરે કે જો જીવ સ્વરૂપે સરખા છે તો પછી સસારી તથા મોક્ષના એવા બે મુખ્ય ભેદ કેમ તથા બીજા અનેક ભેદો (સસારીમા) શાથી? સમાધાન એક જ કે કર્મથી સદતર મુક્ત જીવ તે મુક્તિના જીવો તથા કર્મથી વીંટળાયેલા તે સસારી જીવો સસારી જીવોના અનેક ભેદો કર્મ પુદ્‌ગલની અનેક પ્રકારની વિચિત્રતાને આભારી છે એકેન્દ્રિય નામકર્મના ઉદયવાળા જીવો જે પુદ્‌ગલો ગ્રહણ કરે છે, તે બધાને એકેન્દ્રિયપણાએ પરિણમાવે છે એ પ્રમાણે યાવત્ પચેન્દ્રિય પર્યંત સમજવુ

સમૂર્ચ્છિમ મનુષ્યમા ‘પર્યાપ્તા’ ભેદ છે જ નહિ

મનુષ્યના બે પ્રકાર ગર્ભજ તથા સમૂર્ચ્છિમ મનુષ્યગતિ પામવા છતા પાચ ઇન્દ્રિઓની પ્રાપ્તિ થઈ છતા મનના પુદ્‌ગલો લઈ મનપણે પરિણમાવવાની શક્તિ જે જીવોએ મેળવી નથી, તેઓ સમૂર્ચ્છિમ કહેવાય છે ગર્ભજ મનુષ્યોના વિષ્ટાદિ અપવિત્ર અવયવોમા સિચા । સમૂર્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે દેડકાના અવયવમા દેડકા ઉત્પન્ન થાય છે, તે તો જાણીતો છે ગર્ભજ મનુષ્યોના વિષ્ટાદિ ચૌદ સ્થાનોમા સિવાય આ જીવો ઉત્પન્ન થાય છે,

ત્યારે 'ગર્ભજ'ને બદલે લાંબી માત્રાવાળો 'ગર્ભવ્યુત્ક્રાન્તિ' શબ્દ કેમ રાખ્યો? અહિં વિચારવું જોઇએ ગર્ભમાં માત્ર પર્યાપ્તિઓ થઈ જાય, એટલે પોતાની મેળે પોષણ મેળવે તેમ નથી અમુક મુદત સુધી ગર્ભમાં પોષણ જોઈએ. શરીર સંપૂર્ણ થયા પછી પોષણની જરૂર નથી ગર્ભમાં પરિપક્વ દશા જોઈએ ગર્ભ રહ્યો તે દિવસે શરીર બાંધ્યું, અને અંતર્મુહૂર્તમાં બધી પર્યાપ્તિઓ તૈયાર થઈ ગઈ કેટલાકો માને છે કે અમુક મહિનાઓ સુધી જીવ ન આવે તો પછી કેવી રીતે પુદ્ગલો શરીરપણે પરિણમે છે; અથવા પુદ્ગલો બહાર નીકળી જાય નહિ તો સડવાપણું થાય વા ઘા ઉપર લોહી બહાર ન નીકળે તો પાકે છે ને! હવે જો જીવ જ ન હોય તો શરીર પરિણમાવશે કોણ? શરીરનો ગઠ્ઠો કર્યો કોણે? પ્રથમ સમયે જ જીવની ઉત્પત્તિ છે એના વિના શરીરનું બંધારણ જ નથી કેટલાકો જીવનું આવવું બીજે, ત્રીજે, ચોથે માસે માને છે, પણ તેમ નથી ગર્ભોત્પત્તિ જીવોત્પત્તિ બન્ને સાથે જ ઉત્પત્તિમાં જેમ માન્યું, તેમ મર્યા પછી પણ શરીરમાં જીવનું શૂન્યપણું માન્યું છે સંસારી જીવ દરેક ક્ષણે ૭-૮ કર્મ બાંધે છે પ્રથમના બાંધેલા અત્યારે ઉદયમાં આવે છે ગર્ભમાં ઉત્પન્ન થયા પછી બે ઘડી થઇ એટલે તો જીવ છ પર્યાપ્તિવાળો થઇ ગયો, છતાં એટલાથી એનું જીવન નથી ગર્ભમાં અમુક મહિના સુધી પોષણ જોઈએ, અને પોષણ મળે તો જ તે નિરાબાધ રહી શકે મનુષ્ય માટે જ એવો નિયમ એમ નહિ, જનાવર માટે પણ તેવો જ નિયમ છે 'ગર્ભમાં આખી તૈયારી' એ હેતુ જણાવવા ગર્ભવ્યુત્ક્રાન્તિક' શબ્દ જણાવ્યો છે પોષણમાં ખામી રહેવાથી કસુવાવડ થાય છે ગર્ભવ્યુત્ક્રાન્તિકમાં પણ પર્યાપ્તા તથા અપર્યાપ્તા એવા બે ભેદ છે જેઓ શક્તિ મેળવતા હોય તે અપર્યાપ્તા, અને મેળવી લીધી હોય તે પર્યાપ્તા કાગળ, કલમ, શાહી તો એના એ જ, પણ વાંકા અક્ષર કાઢનાર વાંકા જ કાઢશે સીધા અક્ષર કાઢનાર સીધા કાઢશે, તેજ રીતે અહિં પણ અપર્યાપ્તાવસ્થામાં અપર્યાપ્તા, પર્યાપ્તાવસ્થામાં પર્યાપ્તા સમજવા, જીવ તો એ જ

આગળના (ભવિષ્યના) ભવનું આયુષ્ય બાંધ્યા વિના કોઈ પણ જીવ મરે નહિ આગલા ભવના આયુષ્ય બંધન માટે આહાર, શરીર, ઈન્દ્રિય એ ત્રણની જરૂર છે આટલી હદે પર્યાપ્તો થાય તો જ ભાવિગતિ માટે અહિંથી જઈ શકે અપર્યાપ્તાવસ્થામાં નરક કે સ્વર્ગનું આયુષ્ય બંધાતું નથી ગર્ભમાં રહ્યો થકો પર્યાપ્તો, દેવતાનું આયુષ્ય બાંધે તો દેવતામાં ઉપજે ધર્મ લાગણી પ્રધાન માતાના ગર્ભમાંનો જીવ, પૂર્વ ભવના સંસ્કારથી, આચાર્યનો ઉપદેશ પણ સમજી શકે છે તે મરી જાય તો દેવલોકે જાય ગર્ભમાં લડાઈની વાત સાંભળે તે વૈક્રીય શરીર કરી અપર્યાપ્તાવસ્થામાં આયુષ્ય બાંધે તો દેવલોકનું કે નારકીનું આયુષ્ય ન બાંધે આહારમાંથી જે રસ કાનમાં પડે તે કાનરૂપે પરિણમે, આંખમાં પડે તે આંખરૂપે પરિણમે, નાસિકામાં પડે તે નાસિકા રૂપે પરિણમે તેજ રીતિએ પર્યાપ્તા તથા અપર્યાપ્તા એ ભેદોમાં પુદ્ગલ-પરિણામ સમજી લેવું દેવતાના ભેદોને અંગેનો અધિકાર અગ્રે વર્તમાન



દેશના—૪૧

असुरकुमार–भवणवासिदेवाण पुच्छा, गोयमा ? दुविहा पन्नत्ता, त जहा–पज्जत्तग असुर कुमार० अपज्जत्तग असुर०, एव जाव थणियकुमारा पज्जत्तगा अपज्जत्तगाय, एव एएण अभिलावेण दुयएण भेदण पिसाया य जाव गध वा, चदा जाव तारा विमाणा० सोहम्मकप्पोवगा जाव अच्चुओ, हिट्ठिमहिट्ठिमगेवेज्जगकप्पातीय जाव उवरिमउवरिम गेविज्ज०, विजयअणुत्तरो० जाव अपराजिय० सव्वट्ठसिद्धकप्पातीय पुच्छा गोयमा ! दुविहा पन्नत्ता, त जहा–पज्जत्तसव्वट्ठसिद्ध-अणुत्तरो० अपज्जत्तग सव्वट्ठ जाव परिणयावि २ दडगा

પુદ્ગલ–પરિણમન વચિત્ર્યથી જીવના અનેક ભેદો છે

શાસ્ત્રકાર ભગવન્તો વારવાર એક વાત તરફ લક્ષ્ય ખેચે છે કે તમામ જીવો સ્વરૂપે સમાન છે જગમા હલકી સ્થિતિનો જીવ એટલે કે સૂક્ષ્મ એકેન્દ્રિયમા સબડતો જીવ, તથા અનતજ્ઞાન, અનતદર્શન વીતરાગમય સ્વરૂપ, અનતસુખ, અનત વીર્યમા શાશ્વત્ રમમાણ શ્રી સિદ્ધ ભગવન્તો જીવ એટલે કે ઉત્કૃષ્ટમા ઉત્કૃષ્ટ કોટિનો જીવ બન્ને સ્વરૂપે સરખા છે તર્કવાની તર્ક કરે કે જો જીવ સ્વરૂપે સરખા છે તો પછી સસારી તથા મોક્ષના એવા બે મુખ્ય ભેદ કેમ તથા બીજા અનેક ભેદો (સસારીમા) શાથી ? સમાધાન એક જ કે કર્મથી સહતર મુક્ત જીવ તે મુક્તિના જીવો તથા કર્મથી વીંટળાયેલા તે સસારી જીવો સસારી જીવોના અનેક ભેદો કર્મ પુદ્ગલની અનેક પ્રકારની વિચિત્રતાને આભારી છે એકેન્દ્રિય નામકર્મના ઉદયવાળા જીવો જે પુદ્ગલો ગ્રહણ કરે છે, તે બધાને એકેન્દ્રિયપણાએ પરિણમાવે છે એ પ્રમાણે યાવત્ પચેન્દ્રિય પર્યત સમજવુ

સમૂર્ચ્છિમ મનુષ્યમા 'પર્યાપ્તા' ભેદ છે જ નહિ

મનુષ્યના બે પ્રકાર ગર્ભજ તથા સમૂર્ચ્છિમ મનુષ્યગતિ પામવા છતા પાચ ઇન્દ્રિઓની પ્રાપ્તિ થઈ છતા મનના પુદ્ગલો લઈ મનપણે પરિણમાવવાની શક્તિ જે જીવોએ મેળવી નથી, તેઓ સમૂર્ચ્છિમ કહેવાય છે ગર્ભજ મનુષ્યોના વિષ્ટાદિ અપવિત્ર અવયવોમા બિચારા સમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે દેડકાના અવયવમા દેડકા ઉત્પન્ન થાય છે, તે તો જાણોછો ! ગર્ભજ મનુષ્યોના વિષ્ટાદિ ચૌદ સ્થાનોમા બિચારા આ જીવો ઉત્પન્ન થાય છે,

તેથી તો તેમને ચાદ સ્થાનકીઆ જીવ કહેવામા આવે છે સમૂર્ચ્છિમની ઉત્પત્તિ માટે જલ ચર, ખેચર ગર્ભજ, ખેચરાદિ વગેરેની અશુચિમા એ નિયમ નહિ, પણ મનુષ્ય ગતિમા તો એ નિયમજ છે કે ગર્ભજ મનુષ્યના ચૌદ અશુચિ સ્થાનોમા, એ ચૌદ અપવિત્ર પદાર્થોમાજ સમૂર્ચ્છિમ મનુષ્ય ઉપન્ન થાય, અને પર્યાપ્તા ન જ થાય તિર્યચ ગતિના સમૂર્ચ્છિમ જીવો તો પોતાને લાયકની પર્યાપ્તિ પૂરી કરી પણ શકેછે, પરતુ સમૂર્ચ્છિમ મનુષ્યો કદી પણ પર્યાપ્તા થઈ શકતા નથી પર્યાપ્તિ પૂરી કરી શકે તેટલો વખત તે બીચારાઓ જીવીજ શકતા નથી, તેથી તેનો એકજ ભેદ અને તે અપર્યાપ્તા પણાનો. ગર્ભજ મનુષ્યમા ઉત્કૃષ્ટમા ઉત્કૃષ્ટ સખ્યા લઈએ તો બત્રીશ આકથી વધારે ન જાય આક એટલે શુ ?, એકમ, દશક એ એમ ગણતા લાખના છ આક, તે રીતે બત્રીશ આકની સખ્યા સમજવી એકના બે બેના ચાર, ચારના આઠ એમ છન્નુ વખત બમણા બમણા કરતા જાય અને જે સખ્યા આવે તેટલી સખ્યા ગર્ભજ મનુષ્યોની આખા અઢીદ્વીપમા સમજવી સમૂર્ચ્છિમની ઓછામા ઓછી સખ્યા અસખ્યાતાની સમજવી. અસખ્યાતા ઉપજે છતા તેમા એક પણ જીવ પર્યાપ્તો થઇ શકે નહિ, પૂરી પર્યાપ્તિની પ્રાપ્તિ પર્યન્ત જીવી શકે નહિ, એવી એમના કમનશીબી છે ભાષા-વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરવા સમયે સામર્થ્ય ટકતુ નથી સમૂર્ચ્છિમ-મનુષ્યો અપર્યાપ્તાજ હોય મનુષ્યોના ૩૦૩ ત્રણસે ત્રણ ભેદ કહ્યા છે પન્નર કર્મભૂમિના, ત્રીશ-અકર્મ-ભૂમિના, તથા છપ્પન-અતરદ્વીપના એમ એકસો અને એક ભેદ તેમા ગર્ભજના પર્યાપ્તા તથા અપર્યાપ્તા એટલે ૧૦૧×૨=૨૦૨ થયા, તથા સમૂર્ચ્છિમ મનુષ્યો માત્ર અપર્યાપ્તા હોવાથી ૨૦૨+૧૦૧ =૩૦૩ ભેદ થયા, સમૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્પત્તિ અઢીદ્વીપની બહાર નથી કારણકે ગર્ભજ મનુષ્યોના દુર્ગંધિ અવયવો બીજે હોય નહિ માટે સમૂર્ચ્છિમની ઉત્પત્તિ બીજે કયાથી હોય? ગર્ભજ મનુષ્ય માટે પર્યાપ્તા તથા અપર્યાપ્તા એવા બન્ને ભેદ છે

યુગલિકમા પણ બે ભેદ પર્યાપ્તા અપર્યાપ્તા

અકર્મભૂમિરૂપ-યુગલિક-ક્ષેત્રમા જવા છતા અભાગીઆઓના ભાગ્યમા યુગલિકપણુ હોતુ નથી ગર્ભના નવ લાખ જીવો ઉત્પન્ન થાય, તેમાથી તૈયાર માત્ર બે થાય, બે જન્મના પામે બાકી ૮૯૯૯૯૯૮ બધા મરી જાય પર્યાપ્તા થવાનો વખત માત્ર બે જીવનેજ આવે, બાકીના તમામ અપર્યાપ્તા અવસ્થામાજ મરી જાય અકર્મભૂમિનુ ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમનુ છે આવા આયુષ્યવાલા સ્થાને જવા છતા સરવાળે ૦ શૂન્ય!, કાણી હાલ્લી કયારે ભરાય ?, અર્થાત્ ભરાતી નથીજ

દરેક દેવતાના ભેદમા પર્યાપ્તા, તથા અપર્યાપ્તા એવા બે ભેદ છે

અત્યત પુણ્યનો વિપાક ભોગવવાનુ સ્થાન સ્વર્ગ છે દેવલોકમા સ્વ શકિત મેળવનારા અને મેળવેલી હોય તેવા એટલે કે પર્યાપ્તા તથા અપર્યાપ્તા બે ભેદ તો છે

भवनपतिमां पहेला असुरकुमार भवनपति देवो बे प्रकारे पुद्गलो परिणमावे छे एक ते पर्याप्ता तथा बीजा अपर्याप्ता, भाषा अने मन देवतामां भेगा छे मनुष्यमां तथा तिर्यंचना भाषा पर्याप्ति तथा मन पर्याप्ति जूदी गणी छे स्वतंत्र गणी छे, ए पर्याप्तिनु नाम भाषा-मन पर्याप्ति छे नूपाभरेवाळि पांच प्रकारे पर्याप्तभावने पामे छे मनुष्यथी देवतामां ए शक्ति अधिक जे शक्ति भाषामां काम लागे छे, तेज शक्ति मनना पुद्गलो लेवाना काममां लागे छे मनुष्य ज्ञानी, घाजाने श्रवणेन्द्रिय जूदीछे नापने कान एज आख, आख एज कान छे आप माटे चक्षुनु निमाण छे, तेज श्रोत्रनु निमाण छे जुओ कोइ काव्यमां एने चक्षुश्रवा कहेला छे देवतामां पण जे शक्ति भाषामां तेज शकित मनना पुद्गलो लेवामां काम करेछे शकितए बे छतां भेळी गणीने तेने भाषा मनपर्याप्ति कही छे एकज स्थाने बे कार्य करे छे देवत पांच पर्याप्तिए पर्याप्त असुरकुमारमां केटला पर्याप्ता केटलाक अपर्याप्ता छे आ भे असुरकुमार एकलाने ? नक टेडो यन्याये बीजाना बे भेदो कह्या नथी एम नहि कौंडिन्य नामने ब्राह्मण हतो 'तक्रकौंडिन्य' न्याये आपजे, कहेवाथी बधा ब्राह्मणने आपवानी सूचनानुसा केने कढि आपवु अने केने छाश आपवी ते नक्की छे भवनपतिना दश भेदोमां, यावत स्तनितकुमार ए दशमो भेद छे, त्यां सुधी दरेकमां पर्याप्त तथा अपर्याप्त एवा बे भे लई लेवा व्यंतरमां पिशाचमां यावत् गंधर्वमा ए बे भेदो समजी लेवा ज्योतिषीओन चंद्र विमानमां यावत् तारांना विमानमां ए बे भेदो समजी लेवा बारेय देवलोकमां पण ए बे भे छे नवग्रैवेयकमां पण बे भेद छे अनुत्तरमां यावत् अपराजित सुधी बे भेद समज लेवा पांचमु सर्वार्थसिद्ध विमान एटले तो नानी मुक्ति ! ज्यां सर्व पदार्थोना सुखोन सिद्धि छे त्यां पण बे भेद छे, हवे पुद्गलोना विभाग परिणामने अंगे अत्रे वर्तमान

देशना-४२

जे अपज्जत्ता सुहुमपुढवीकाइय एगिंदियपयोगपरिणया ते ओरालियतेयाकम्मगसरीरप्पयोग परिणया जे पज्जत्ता सुहुम० जाव परिणया ते ओरालियतेया , एवं जाव चउरिंदिय पज्जत्ता, नव जे पज्जत्तबादरपुढवीकाइय एगिंदिय पयोगपरिणया त ओरालियवेउव्वियतेयाकम्मसरीर जाव परिणत सेसं त चेव,

પુદ્ગલોનુ પરસ્પર પરિણામન્તર શાથી ?,–
તૈજસ શરીરથી

શ્રીગણધર મહારાજા પચમાગ–શ્રીભગવતીજીના અષ્ટમ શતકના પ્રથમ ઉદ્દેશામાનો પુદ્ગલ-પરિણામ અધિકાર જણાવતા સસારી જીવોમા એકેન્દ્રિયાદિ જાતિના, પચેન્દ્રિયમા નારકી આદિ ગતિના જે ભેદો પાડે છે, તે કર્મપુદ્ગલની વિચિત્રતાને આભારી છે જો તેમ ન હોય તો જાતિ-કાય વગેરેનો ભેદ રહેત જ નહિ જાતિ એટલે વૈશ્ય, શુદ્ર એમ ન સમજતા એકેદ્રિયાદિ જાતિ, તથા પૃથ્વીકાયાદિ કાય, એ જાતિ તથા કાયનો ભેદ થયો તે કર્મ પુદ્ગલની વિચિત્રતા ન હોત તો થાત જ નહિ આ બધા ભેદોની વિચારણામા આગળ વધતા પર્યાપ્તા અપર્યાપ્તાની વિચારણા ચાલે છે જે જીવોમા આહાર પરિણમાવવાની, શરીર બનાવવાની, ઇન્દ્રિય બનાવવાની વગેરે પર્યાપ્તિઓ મેળવવાની પૂરી કરવાની તાકાત આવી ગઈ હોય તે પર્યાપ્તા પર્યાપ્તિ મેળવવાની અવસ્થાને પર્યાપ્તાવસ્થા કહે છે જુદી જુદી જીવાયોનિને અગે જુદી જુદી કાયાઓ રહેલી છે પૃથ્વીકાયથી વનસ્પતિકાયમા સૂક્ષ્મ બાદરમા પર્યાપ્તા અપર્યાપ્તા એ બે ભેદ છે વિકલેન્દ્રિય પર્યાપ્તા અપર્યાપ્તા સામાન્ય રીતે ઔદારિક-કાયાવાળા દેખાય છે પૃથ્વીના વનસ્પતિપણે, વાયુના પાણીપણે, અને પાણીના વાયુપણે પરિણમે છે પરસ્પર પરિણમનમા એક જાતની વર્ગણા માનવી પડે છે પૃથ્વી પાણી થાય, અને વાયુપાણી થાય વિકલેન્દ્રિયના પુદ્ગલો મનુષ્યના જનાવરના શરીર પણે પરિણમે છે જે કાયનુ પૃથ્વીનુ શરીર છે, તેજ આપણુ શરીર છે આપણુ શરીર કાળાતરે ભલે રાખ થાય, પછી માટીપણે પરિણમે પણ છે, તે બન્ને એક જાત હોય એ વાત નવી નથી છએકાયના પુદ્ગલો આપણા શરીરપણે પરિણમે છે અને જાણે આપણા જ પુદ્ગલો છે એ કાયપણે પરિણમે છે આ બધાની કોઈ એક જાત હોવી જોઈએ જેથી 'અ'નુ 'આ' થાય અને 'આ'નુ પણ 'આ' થાય માટી કે મીઠાના પુદ્ગલો મોમા નાખ્યા, પાણી કે ખોરાકના પુદ્ગલો લીધા, એટલે શરીર કેમ બની ગયુ ? પાક કરવાની (રાંધવાની) તાકાત હોય, તેજ પરિણામાન્તર કરી શકે અગ્નિમા પકાવ્યા વિના માટીનો ઘડો બની શકે ?, ના 'પાણી લાગ્યુ હવા લાગી' એમ કહેવામા આવે છે ને ! પકવવાની તાકાત વિના મૂલ પદાર્થનું પરિપકવપણુ થતુ નથી જો પકવવાની તાકાત ન હોય તો શરીરમા પડેલુ મીઠુ તે મીઠુ જ રહે, માટી પણ માટીપણે જ રહે સગ્રહણીનો વ્યાધિ જેને થયો હોય તે ખોરાક લે છે, પણ પચાવી શકતા નથી કેમકે દુન્યવી દૃષ્ટિએ કહેવાય છે કે તેની જઠરમા અગ્નિનુ જોર હોતુ નથી તેજ રીતે પકવવાની તાકાત હોય તો જ શરીરમા ગયેલ મીઠુ, અનાજ, પાણી વગેર પરિણામાન્તર પામે, અને સાત ધાતુરૂપે પરિણમે છે મુદ્દો એ છે કે આ શાથી થાય છે ?, એવી કોઈ પાક ક્રિયા છે ?, આવુ પરિણામાન્તર કરનાર તૈજસ્ શરીર છે લીધેલા ખોરાકને પકવ-દશામા લાવવુ, પરિણામાન્તર કરવુ તે કામ તૈજસ શરીરનુ છે ઝાડના ડાળા મૂળાડીયા પણ પૃથ્વીકાય રૂપ બની જાય છે ને !, માટે પુદ્ગલોનુ પરિણામાન્તર કરનાર તૈજસ્ શરીર છે

કાર્મણ શરીર

તૈજસના પણ અનેક જાતના પુદ્ગલો છે. આપણને ખોરાક પચાવવો મુશ્કેલ પડે છે, અને કબુતરો ઝીણી કાકરી ખાય, તોય પચી જાય છે, તે શાથી? જઠરની તાકાતને અંગે જ તે બને છે. મનુષ્યમાંય મંદ જઠરવાલાને હલકો ખોરાક, અરે પ્રવાહી ખોરાક પણ પચતો નથી, અને સારી જઠરવાળો એકલા વાલ ખાય, તો પણ હરકત આવતી નથી. જઠરના પુદ્ગલો પણ એક જાતના નથી. પૃથ્વીકાયાદિના તમામ ઔદારિક શરીરોમાં તૈજસ શરીરને સહાય કરવા, એટલે તેની નિર્મલતાને અંગે સહાય કરવા કાર્મણ શરીર રહેલું છે. કોઈ પણ જીવ જન્મે કે તૈજસ તથા તેની સાથે રહેલા કાર્મણ શરીરના સંયોગે આહાર ગ્રહણ કરે છે. ચોવીશ દંડકમાં, પાંચેય ગતિમાં, છએ કાયમાં, જ્યાં જ્યાં શરીરો હોય, ચાહે ઔદારિક, વૈક્રિય કે આહારક શરીર માન્યા હોય, તો પણ બધાયમાં સાથે તૈજસ શરીર તથા કાર્મણ શરીર તો માનવા જ પડે. ઔદારિક, વૈક્રિય તથા આહારકનો તે તે તરીકે પરિપાક કરવાનું કામ તૈજસ કાર્મણનું છે. તૈજસ તથા કાર્મણ વગર તે શરીરો બને જ નહિ. તૈજસના તથા કાર્મણના પુદ્ગલો સાથે હોવા જ જોઈએ, અને તે પછી જ ઔદારિક વગેરે પુદ્ગલો ગ્રહણ કરે.

પરસ્પર-પરિણમન

અપર્યાપ્તા સૂક્ષ્મપૃથ્વીકાયના પુદ્ગલો કેટલી જાતના પુદ્ગલો પરિણમાવે છે? પોતાની સંપૂર્ણ શક્તિ પૂરી ન મેળવે ત્યાં સુધી ભલે તેઓ અપર્યાપ્તા છે. શરીર માત્ર બનાવી દે, ઇન્દ્રિયો તથા શ્વાસોશ્વાસની પ્રાપ્તિ ન થઈ, તો પણ શરીરના પુદ્ગલો તો લીધા જ છે. તે પુદ્ગલો કેટલી જાતના પરિણમાવે છે? ઔદારિક, તૈજસ તથા કાર્મણ પુદ્ગલો, તેને પણ હોય છે. સૂક્ષ્મ પૃથ્વીકાયના જીવો અપર્યાપ્તા હોય તો પણ ત્રણ પ્રકારે પુદ્ગલવાળા હોય અને પર્યાપ્તા થાય તો પણ ત્રણ પ્રકારના પુદ્ગલવાળા થાય. જેમ બાલક ખોરાક લે, તે પણ અને વૃદ્ધ ખોરાક લે તે પણ સાત ધાતુ રૂપે પરિણમે છે, તેમ અપર્યાપ્તા પૃથ્વીકાયે ગ્રહણ કરેલા પુદ્ગલો, તેમજ પર્યાપ્તા પૃથ્વીકાયે ગ્રહણ કરેલા પુદ્ગલો ત્રણ શરીરપણે જ પરિણમે છે.

એવં યાવત્ વનસ્પતિ વિકલેન્દ્રિય અપર્યાપ્તા પર્યાપ્તા આમ ૧૬ ભેદો સામાન્ય રીતે જણાવી દીધા. એકેન્દ્રિયના પૃથ્વીકાયાદિ પાંચ, વિકલેન્દ્રિના ત્રણ, બધાના પર્યાપ્તા તથા અપર્યાપ્તા, માત્ર વાયુકાય ઔદારિક શરીરને વૈક્રિયપણે પરિણમાવે છે. નાનાનું મોટું રૂપ થવું, તથા મોટાનું નાનું રૂપ થવું તે વૈક્રિય શરીરને આભારી છે. ઔદારિકમાં ક્રમ દશા હોય છે. વિવિધા ક્રિયા, અનેક પ્રકારની ક્રિયા, દૃશ્યનું અદૃશ્ય થવું, અદૃશ્યમાંથી દૃશ્ય થવું, મોટાનું નાનું થવું, નાનાનું મોટું થવું, ટુંકામાં વિક્રિયા કરવી તે વૈક્રિય શરીરને લઈને છે. ઔદારિક શરીર મોટું તો વધે, પણ એકદમ ન થઈ શકતાય. માત્ર વાયરામાં એમ થાય છે. કોઈ ન હોય અને વંટોળીઓ આવીને ગમણભમણ કરી દે છે ને! તેવી સ્થિતિ પૃથ્વી, પાણી, વનસ્પતિ, વિકલે-

ક્રિયમા નથી. પૃથ્વીકાયમા ભવે મોગા પહાડો થઈ જશે, પણ તે ક્રમે થશે આસનસોલ પાસે કોલસાની, અમરખની ખાણોમાથી કોલસા અમરખ કાઢી લેવામા આવે છે, પછી ખાણના એ ખાડામા નદીની રેત ભરવામા આવે છે, પછી અમુક વર્ષે તે જ રેત કોલસા તથા અબરખ રૂપે પરિણમે છે મીઠાના અગરમા લોઢાની કડછી નાખો તો બે પાચ વર્ષે લોઢુ મીઠુ થઈ જાય છે પૃથ્વીકાયના પુદ્ગલો આવેલા પુદ્ગલોને પોતાના જેવા પરિણમાવગવે છે 'જગતનો કર્તા ઇશ્વર છે' એ રીતે જગતને દોરવામા દોરનારનો બીજો જ મુદ્દો છે પૃથ્વીકાયાદિપણે પરિણમેલા પુદ્ગલો ક્રમેક્રમે વધે છે એકદમ વધવુ ઘટવુ ઔદારિક શરીરથી બનતુ નથી એ કામ વૈક્રિય શરીરનુ છે, અને તે વાયુકાયમા તે શકિત છે બાદર વાઉકાય પર્યાપ્તા એકેન્દ્રિ વૈક્રિય શરીરપણે પણ પુદ્ગલો પરિણમાવે છે, અને શકિતવાળા ઔદારિક વૈક્રિય તૈજસ કાર્મણ શરીરપણે પણ પુદ્ગલો પરિણમાવે છે સોળ ભેદોમા ત્રણ શરીર માનવામા આવ્યા હતા તેમાથી એક ભેદ બહાર કાઢો તેના ચાર પ્રકારના પુદ્ગલો લેવા પર્યાપ્તા વાયુકાય સિવાયના ત્રણ પ્રકારે પુદ્ગલો પરિણમાવે છે હવે પચેન્દ્રિયના ભેદોના અગે નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવના કઇ કઈ કાયાપણે પુદ્ગલોને પરિણમાવે છે, તેને અગે અગ્રે વર્તમાન

દેશના—૪૩

जे अपज्जत्तरयणप्पभापुढविनेरइयपंचिंदियपयोगपरिणया ते वेउव्वियतेयाकम्मसरीरप्पयोगपरिणया, एवं पज्जत्तयावि, एवं जाव अहेसत्तमा। जे अपज्जत्तगसंमुच्छिमजलयर जावपरिणया ते ओरालियतेयाकम्मासरीर जाव परिणया एवं पज्जत्तगावि, गब्भवक्कंतिया अपज्जत्तया एवं चेव पज्जत्तयाणं एवं चेव नवरं सरीरगाणि चत्तारि जहा बादरवाउकाइयाणं पज्जत्तगाणं, एवं जहा जलचरेसु चत्तारि आलावगा भणिया, एवं चउप्पयउरपरिसप्पभुयपरिसप्प खहयरेसुवि चत्तारि आलावगा भाणियव्वा।

વૈક્રિય શરીરનો હેતુ

પર્યાપ્તાપણું શકિત પ્રાપ્તિની પૂર્ણતાએ સમજવુ

શ્રીગણધર મહારાજાએ રચેલી શ્રીદ્વાદશાગીના પાચમા અગે શ્રીભગવતીસૂત્રના આઠમા શતકનો પ્રથમ ઉદ્દેશો નિરૂપણ કરી રહ્યા છે, જેમા પુદ્ગલ-પરિણામનો અધિકાર

ચાલુ છે પુદ્ગલ-વિજ્ઞાન તો મહાન્ વિજ્ઞાન છે જગત આખાની વિચિત્રતાજ પુદ્ગલને આભારી છે જીવોના પર્યાપ્તા તથા અપર્યાપ્તા ભેદોનો અધિકાર ચાલુ છે જીવ નવી નવી શક્તિ રૂપ અવગ્રહ, ઈહા, ધારણા, આદિ નવા નવા બલ મેળવતો હોય, એ અપેક્ષાએ જીવ, જીવનના છેડા સુધી સંપૂર્ણ શક્તિવાળો થયો ગણાય નહિ, પણ શક્તિ મેળવે તોજ ગણાય જીવ જન્મ સાથે બધી શક્તિ મેળવી શકતો નથી શરીરની અપેક્ષાએ પછી જ જ્ઞાનાદિ ઉપયોગ સંબંધિ બધી શક્તિ મેળવે છે આખી જીંદગીમાં શક્તિ મેળવતો જ હોય એ દૃષ્ટિએ તો જીંદગીના છેડે પર્યાપ્તા થાય જીવનનો કોઈ પણ ભાગ નવી શક્તિ મેળવવા વગરનો હોતો નથી આથી જીવનના છેડે જ આ દૃષ્ટિએ પર્યાપ્તો ગણાય જ્ઞાનની, ગુણસ્થાનકની અપેક્ષાએ શક્તિ મેળવવાનું જીંદગીના છેડે અપ્રમત્ત પ્રમત્ત ગુણસ્થાનક છે લે સમયે પણ હોય એટલે એક સમયે છઠ્ઠુ ગુણસ્થાનક મનાયું સમયની સ્થિતિ કાલ કરવાને લીધે જ હોય, નહિતર અંતર્મુહૂર્ત્તથી ઓછો ઉપયોગ કાલ જ નથી પ્રમત્ત ગુણસ્થાનક પ્રાપ્ત થવાને બીજે સમયે જ કાલ કરી જાય તેથી અપ્રમત્ત ગુણસ્થાનક એક જ સમય ત્યારે શું પહેલા પર્યાપ્તો ન થાય? જો સામાન્ય શક્તિને અંગે વિચાર કરીએ તો જીંદગીના છેડે જ પર્યાપ્તો ગણાય અને તે પહેલા અપર્યાપ્તો ગણાય પર્યાપ્તા તથા અપર્યાપ્તાનો વિચાર જે દૃષ્ટિએ છે, તે વિચારવાની જરૂર છે બહારના પુદ્ગલોને પોતાના આહારપણે લેવાની તાકાતથી આહાર લેવાય છે વૃક્ષની ચોતરફ જલસિંચન કરીએ તો વૃક્ષ તે જલને ચૂસી લે છે, અને આહારપણે પરિણમાવે છે ક્યારામાં પારો નાખીએ તો ઝાડ આહારપણે ગ્રહણ કરતું નથી દરેક જીવોને અંગે તેવી રીતે સમજી લેવું ગમે તેટલી તૃષા લાગી હોય, છતાં જનાવર પીશાબના કુંડામાં મોં નહિ ઘાલે કીડીઓ ઘી ઉપર આવે છે, પણ દીવેલથી ભાગી જાય છે, કેમકે તે પુદ્ગલો આહારપણે ગ્રહણ કરી શકતા નથી આપણા પેટમાં ખોરાક જાય છે તેને જઠર પચાવે છે, અને સાત ધાતુ રૂપે પરિણમાવે છે, પણ ખોરાક ભેળા ધાતુ કે કાકરી પેટમાં જાય તો વિના પરિણમે નીકળી જાય છે જઠર ખોરાકના પુદ્ગલોને જ આહારપણે ગ્રહણ કરી શકે છે આહારને લાયકના પુદ્ગલોના પરિણમન પછી રસ થાય છે પછી સાત ધાતુપણે શરીરમાં પરિણમાવવાની શક્તિ, તેને શરીર પર્યાપ્તિ કહેવામાં આવે છે મેળવવા યોગ્ય શક્તિ મેળવી લીધી હોય તે પર્યાપ્તા, અને ન મેળવી લીધી હોય, મેળવતા હોય તે અપર્યાપ્તા પર્યાપ્તાપણું અહિં છ શક્તિની અપેક્ષાએ સમજવું ઔદારિક શરીરને તૈજસ તથા કાર્મણ ઉભુ કરે છે, તૈજસ કાર્મણ તથા ઔદારિક આ ત્રણ શરીરપણે પુદ્ગલોને પરિણમાવે છે આમાં પર્યાપ્ત વાયુ કાયનો ભેદ, (ફક્ત એક ભેદ) અપવાદ તે વાયુકાયને ચાર પ્રકારે શરીરનું પરિણામ હોય ઔદારિક, તૈજસ, કાર્મણ તથા સાથે વૈક્રિય પણ હોય

ભવસ્વભાવ

વિકલેન્દ્રિય ગર્ભજ તિર્યંચો, મનુષ્યો સંમૂર્ચ્છિમ હોય તો પણ વાયુ કરતા વધારે પુણ્યશાળી છે છતાં તેને વૈક્રિય શરીર કેમ નહિ? તદ્દન સ્થાવર વાયુકાયને વૈક્રિયદેહ હોય

અને ત્રસને વૈક્રિય નહિ ? વાયુકાયમા સામા ય વાયુમાથી મોટા વટોળીઓ થઈ પણ જાય, અને ઘડીકમા આખો વટોળીઓ શમી પણ જાય પૃથ્વીકાયાદિમા તેમ બનતુ નથી પુર આવે ત્યારે પાણી વધતુ નજરે પડે છે, તે વાત જુદી પણ એકદમ વધવુ અને શમી જવુ, તે પૃથ્વીકાયમા, અપ્કાયમા, અગ્નિકાયમા, વનસ્પતિકાયમા, વિકલેન્દ્રિયમા, મનુષ્યમા નથી બનતુ માત્ર વાયરામા છે વાયુકાયને અગે દેખાય છે કે કદીક પાદડુ પણ ન હાલે, અને કદીક છાપરાના છાપરા ઉડાડી દે છે આ સ્થિતિમા વક્રિય માન્યુ હોય તો નવાઈ નથી આ તો આપણે યુક્તિથી કહીએ છીએ ઝઝાવાત ગુજાવાત સ્વાભાવિક હોય છે ક્ષણમા ઉત્પાત, ક્ષણમા શાતિ, આ સ્થિતિ વાયરામા છે પુણ્યની શક્તિ અલ્પ તેમા આ ક્યાથી ? ભવસ્થિતિ ! એક મોભથી બીજે મોભે કુદવાની તાકાત આપણામા નથી વાદરામા છે માટે તેને શુ વધારે પુણ્યવાન્ માનવા ?, એ તો ભવસ્વભાવજ છે પક્ષીઓમા ઉડ્ડયન શક્તિ, વાદરામા કુદવાની શક્તિ ભવસ્થિતિને અગે છે તે જ રીતે વાયુકાયમા વૈક્રિયની શક્તિ ભવ સ્વભાવને લીધે છે તેમા ન્યૂનાધિક પુણ્ય કારણભૂત નથી વાયુકાયને ઔદારિક શરીર પણ છે, અને થોડા ભાગમા વૈક્રિય પણ છે

સાત નરકોમા પ્રથમ નરક રત્નપ્રભામા ઉપજેલા નારકીઓ જેવી શક્તિ મેળવી નથી, તે પણ પુદ્ગલ ત્રણ પ્રકારે પરિણમાવે છે નારકીઓ શરીર બાંધે ત્યારેજ વૈક્રિય પુદ્ગલ માટે ગ્રહણ કરે છે સોનાની ખાણમા થનારૂ સાનુ અનુકૂળ પુદ્ગલો લે છે એક આગળનો લાકડાનો ટુકડો લ્યો, તેટલો જ ઈંટનો ટુકડો લ્યો, તેટલા જ ચાંદીનો ટુકડો લ્યો, તેટલો જ સોનાનો ટુકડો લ્યો એ ચારેય ટુકડાના વજનમા ફેર પડશે લાકડાના પુદ્ગલો સ્થૂલ હોય છે તેનાથી ઈંટના ટુકડામા પુદ્ગલો બારીક છે, તેનાથી ચાંદીના ટુકડામા પુદ્ગલો વધારે બારીક છે, તેનાથી સોનાના ટુકડામા પુદ્ગલો એ કદમ બારીક છે સોનાના જીવ બારીક જ પુદ્ગલો લીધા તેમ નારકીના જીવો વૈક્રિય જ પુદ્ગલો ગ્રહણ કરે ચૌદરાજલોકમા તમામ જાતના મળી ૮ વર્ગણાના પુદ્ગલો ભરેલા છે આપણી જઠર તેજ હોય તો વાલ ચણા પણ પચી જાય, અને લોહીપણે પરિણમન પામે, અને જઠર મદ હોય તો દુધ ઘી પણ ન પચે અને ધાતુ રૂપે પરિણમન ન પામે નારકીઓ વક્રિય નામ કર્મનો ઉદય હોવાથીજ વૈક્રિય પુદ્ગલો ગ્રહણ કરે છે તેની પરિપક્વતા માટે તૈજસ્ કાર્મણનુ જોડે પરિણમન ખરૂ જ ના કીઓ પહેલી નરકે પર્યાપ્તા અપર્યાપ્તા પણ વૈક્રિય, તૈજસ, કાર્મણ, પુદ્ગલો પરિણમાવે તેજ પ્રમાણે સાતમી નરક સુધી સમજી લેવુ

દેવતા તથા નારકીને વૈક્રિય શરીર શા માટે ?

હવે નારકીને વૈક્રિય શરીરની શી જરૂર ?, પ્રથમ જણાવવામા આવ્યુ છે તેમ જાણી લ્યો, કે અગ્નિ [illegible] નુ સખ્યાત ગુણુ, અસખ્યાત ગુણુ [illegible] ભોગવી

શકે તેવું શરીર હોય, તોજ પાપનો ભોગવટો થાય ને ! આ લોકમાં તો એક માણસે એક હજાર ખૂન કર્યા, તેને અંગે ફાંસી તો એક વખત થઈ, પણ ૯૯૯ ખૂનની સજા કયાં ગઈ? ગુન્હાની સજાના ભોગવટામાંથી કુદરતના મકજામાંથી છુટી શકાતું નથી શાસ્ત્રકાર કહે છે, કે પાપ બાંધ્યામાં ઓછું દશ વખત ક્રોડાક્રોડીગુણું પણ ઉદયમાં આવે જઘન્ય પણે દશગુણું તો ભોગવવું જ પડે મધ્યમાં સંખ્યાત અસંખ્યાત વખત પણ ભોગવવું પડે હવે તે અનંતગુણું ભોગવવું શી રીતે ભોગવાય? આ લોકની સત્તામાં તો ભોગવટાની મર્યાદા અતીવ સંકુચિત છે ખુનમાં તો ફાંસી એકજ વખતને! ચાહે તેટલા ખુન પણ ફાંસી તો એક જ વાર ને! નારકીમાં તો શરીર જ એવું કે ગમે તેટલી વાર બાળો, કાપો, છેદો, કટકા કરો પણ પાછું શરીર ભેગું થઈ, બીજી સજા ભોગવવા તૈયાર એ શરીરને બાળવાથી, કાપવાથી, છેદવાથી તળવાથી જીવનો છુટકારો થતો નથી આયુષ્ય સંપૂર્ણ થાય નહિ ત્યાં સુધી છુટકારો જ નથી સજાના ... ના ભોગવવા માટે નારકીને વૈક્રિય શરીર છે નારકી જીવને ઉત્પન્ન થાય ત્યારથી, અપર્યાપ્તાપણામાંથી જ વૈક્રિય એટલે સજા ખમનારૂં શરીર હોય ઔદારિક શરીર પાણીના પોરા જેવું છે પોરો પાણી વિના ન રહે, ધનેડું ધાન્ય વિના ન રહે, તેમ ઔદારિક શરીર અનાજ પાણી વિના ટકી શકતું નથી ઔદારિક શરીરથી અનંતી ભૂખ, ટાઢ, તૃષા, છેદન ભેદનાદિ સહન થઈ શકે નહિ પહેલી નરકથી સાતમી નરક સુધી એક જ નિયમ બધે જ પર્યાપ્તા તથા અપર્યાપ્તા હોય અને તે દરેકને ત્રણ શરીર વૈક્રિય, તૈજસ, કાર્મણ માખીને છુટ બધે બેસવાની શરીર ઉપર ભલે ગમે ત્યાં બેસે, બેસી શકે તેમજ બીજે પણ ચાહે ત્યાં બેસી શકે પણ તે બેસે કયાં? કાં તો ગડગુમડ ઉપર, કાં તો વિષ્ટા, શ્લેષ્માદિ ઉપર આ રીતે નારકી જીવો પુદ્ગલો જ એવા ગ્રહણ કરે કે જે પુદ્ગલો ઉલટી ક્ષુધા, તૃષા, પીડાને વધારે ત્યાં પાણી જ તપેલું મળે જેથી તૃષા વધારે લાગે

જેમ નારકીમાં આનો નિયમ, તેમ પુણ્યના ભોગવટાને અંગે દેવલોકમાં તેવા પુદ્ગલોનો નિયમ પુણ્યનું ફળ પણ જઘન્યથી દશગુણું ભોગવવાની તક છે જ તૃષિતમુનિ જંગલમાં ભેટ્યા, તેમને ફાસુ જળ વહોરાવ્યું તે વખતે એ સંયમી મહાત્માને જે શીતલતા થાય, તેથી જે પુણ્ય બંધાય તે વિપાકમાં સેંકડો ગણી શાતા આપે નારકીમાં જેમ દુઃખ ભોગવવા માટે વૈક્રિય શરીર છે, તેમ દેવલોકમાં કાયમ અતિ સુખ, ઉંચા પ્રકારે સુખ ચાતુ ભોગવ્યા કરવા માટે વૈક્રિય શરીર છે ભોગવવાનું સામર્થ્ય પણ આવશ્યક છે કમજોર મગજ વાળો અતિસુખ જીરવી શકતો નથી તીવ્ર પાપ-વિપાક ભોગવવાને તેમજ તીવ્ર પુણ્ય-ફળ ભોગવવાને તીવ્ર સાધનો જોઈએ એ જ હેતુથી દેવતાઓને તથા નારકીઓને વૈક્રિય શરીર વળગેલું છે

તિર્યંચમાં વૈક્રિય શરીર છે

અપર્યાપ્તા તથા પર્યાપ્તા સમૃર્છિમ્ જલચરો પણ ઔદારિક, તૈજસ્ અને કાર્મણ

પુદ્ગલો ગ્રહણ કરે છે તેજ રીતે ગર્ભજ-પર્યાપ્તા તથા અપર્યાપ્તા જલચરો પણ ઔદારિક તૈજસ્ અને કાર્મણ પુદ્ગલો ગ્રહણ કરે છે પર્યાપ્તા-ગર્ભજ જલચરોમાં પણ વૈક્રિયની લબ્ધિ હોય છે, એટલુ વધારે સમજવુ વાયુકાયને જેમ ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ માન્યા, તેમ પર્યાપ્તા-ગર્ભજ-જલચરને પણ ચાર પ્રકારના શરીર માનવા ચતુષ્પદ તિર્યંચોમા ઉરપરિસર્પમા યાવત્ ખેચરમા ચારે આ નાવા કહેવા દરેક ગર્ભજ પર્યાપ્તા સ્થાનમા ચાર શરીર લેવા અહિ પ્રશ્ન થઈ શકે છે કે દેવતા તથા નારકીમા તો વૈક્રિય શરીર માનવાને તત્વ કારણ હતુ, પણ જનાવરમા વૈક્રિય શરીર માનવાનો પ્રસંગ શા માટે છે?, સીચાણાની હકીકત સાંભળી છે?, જુઓ-સીચાણો (સેચનક) હાથી હલ્લવિહલ્લે કોણિકને ન આપ્યો, આથી તો મોટો સંગ્રામ થયો તે સંગ્રામમા બાર વર્ષ ઘેરો રહ્યો ચેડામહારાજા વૈશાલીમા ભરાઈ ગયા કોણિકે ઘેરો ઘાલ્યો, અને તે બાર વર્ષ રહ્યો હલ્લવિહલ્લ રોજ રાત્રે સેચનક હાથીને લઈને નીકળતા અને એ હાથી પણ કોણીકના (હલ્લવિહલ્લને) સિપાઈઓ જ્યા સૂતેલા હોય ત્યા લઈ જતો ત્યા સિપાઈઓનો સંહાર કરીને હલ્લવિહલ્લ પાછા વૈશાલીમા પેસી જતા હતા આવુ તો કઈ કાલ સુધી ચાલ્યુ કોણિકે શુ કર્યુ?, શહેરની ચારે તરફ ખાઈ ખોદાવી, અંદર ધગધગતા અંગાર રખાવ્યા, ઉપર થોડી માટી રખાવી સેચનક હાથી બહાર નીકળતો નથી, આથી હલ્લવિહલ્લ તેનો તિરસ્કાર કરે છે – "જેવી રીતે કોણિક કુલદ્રોહી થયો, તેમ તુ પણ નિમકહરામ થયો?, તારા માટે તો રાજ્યની તજી, દાદાને દુઃખ તણુ તાન લીધે જને!" આ સાંભળીને તે હાથી ચાલ્યો તો ખરો ખાઈ પાસે આવ્યા પછી એક ડગલુ પણ ભરતો નથી ફરી હલ્લવિહલ્લે અતિ તિરસ્કાર કર્યો હવે શુ થાય?, હાથીને પણ લાગ્યુ કે 'આવુ અપમાનિત જીવન શા માટે જીવવુ?' એટલે સુંઢથી હલ્લવિહલ્લને નીચે ઉતારી પોતે ઝંપાપાત કર્યો, અને હાથી પોતે બળી મુઓ આને અંગે એમ કહેવાય છે કે તે હાથીને વિભંગ જ્ઞાન હોવથી તે આગળથી બધુ જાણતો હતો જનાવરોમા પણ વિભંગ-જ્ઞાન તથા અવધિજ્ઞાન માનવુ પડે છે વિભંગજ્ઞાનથી અને અવધિજ્ઞાનથી વૈક્રિય વર્ગણા જાણવાનો અધિકાર થાય, અને તેથી વૈક્રિય વર્ગણા જાણવાનો અધિકાર મળે છે આથી વૈક્રિય પુદ્ગલોને ગ્રહણ કરવાનુ સાધન તેમની પાસે રહે છે, તેથી પર્યાપ્તા ગર્ભજ-પંચેન્દ્રિય તિર્યંચને પણ વૈક્રિય શરીર માનવુ પડે પર્યાપ્તામા જ અવધિજ્ઞાન તથા વિભંગજ્ઞાન માનેલા છે વૈક્રિયની તાકાત તેમા માનવામા આવી છે તેથી તેમને ચાર શરીર જણાવ્યા છે હવે મનુષ્ય તથા દેવતાના અંગેના અધિકાર માટે અગ્રે વર્તમાન

દેશના-૪૪

ज संमुच्छिममणुस्सपंचिंदियपयोगपरिणया ते ओरालियतेयाकम्मासरीर जाव परिणया, एवं गब्भवक्कंतियावि अपज्जत्तगावि पज्जत्तगावि एवं चेव, नवरं सरीरगाणि पंच भाणियव्वाणि,—

અમર અગ્નિરાજની રૂપવિકુર્વણા

શરીરોની પ્રાપ્તિ પણ નામ કર્મના ઉદયને આભારી છે

પંચમાંગ શ્રીભગવતીજી સૂત્રમાના આઠમા શતકના પ્રથમ ઉદ્દેશામા પુદ્ગલ-પરિણામ અધિકાર ચાલુ છે ભિન્ન ભિન્ન નામકર્મના ઉદયે સંસારી જીવોમા અનેક ભિન્ન ભિન્ન ભેદો છે પુદ્ગલોના ભેદથી જ જીવોમા જાતિનો ગતિનો, કાયાનો ભેદ પડે છે, અને એમા વળી બબ્બે ભેદો જણાવ્યા છે ૧ પર્યાપ્તા અને ૨ અપર્યાપ્તા શક્તિ મેળવી લીધી હોય તેવા જીવોને પર્યાપ્તા કહેવામા આવે છે અને મેળવતા જીવોને અપર્યાપ્તા કહેવામા આવે છે એકેન્દ્રિય સૂક્ષ્મ બાદર જીવોને ઔદારિક શરીર હોય છે માત્ર પર્યાપ્તા-વાયુકાયના જીવો વૈક્રિય શરીર કરે છે વિકલેન્દ્રિય પર્યાપ્તા અપર્યાપ્તા જીવો ત્રણ જ પ્રકાર પુદ્ગલો ગ્રહણ કરે છે પંચેન્દ્રિય તિર્યંચોમા પર્યાપ્તા અપર્યાપ્તા હોય તેમા પર્યાપ્તા ગર્ભજ જલચર, ચતુષ્પદ, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ, અને ખેચરો, વૈક્રિય પુદ્ગલોથી વૈક્રિય શરીર બનાવે છે ગર્ભજ મનુષ્યોના અશુચિમા થતા સમૂર્છિમ મનુષ્યો અપર્યાપ્તા જ હોય છે અને તે ત્રણ શરીર પરિણમાવે છે અને એ જીવો પોતાની શક્તિ પૂરી મેળવ્યા વિના જ મરી જાય છે ઔદારિક, તૈજસ્ અને કાર્મણ, આ ત્રણ શરીર તે જીવોને પ્રાપ્ત હોય છે ગર્ભજ પર્યાપ્તા તથા અપર્યાપ્તા મનુષ્યો પણ આજ ત્રણ શરીર રચે છે, અને તેને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરે છે આ બધામા નામ કર્મનો ઉદય જ કારણરૂપ છે, અને આ ત્રણ શરીરોનો આધાર ત તે નામ કર્મને આભારી છે

મનુષ્યને અંગે બીજા પણ બે શરીરો છે લબ્ધિ અને નામકર્મ બન્ને હોય તો જ તેવા પુદ્ગલો ગ્રહણ કરી શરીરરૂપે પરિણમાવી શકે આંખ હોય અને અજવાળુ હોય તો જ ચક્ષુથી રૂપ દેખાય રૂપ જોવામા આંખ તથા અજવાળુ, બન્નેની જરૂર છે બિલાડા, ઉંદર, વનિચર ચામાચીડીઆ વગેરેને અજવાળાની મદદ વગર દેખતુ હોય, પણ આપણા માટે તો અજવાળુ આવશ્યક છે દેવતા, નારકી, તથા વાયુકાયજીવો ભવ-સ્વભાવે વૈક્રિય શરીર મેળવે છે, પણ મનુષ્ય ભવ-સ્વભાવથી વૈક્રિય ન મેળવે મનુષ્યની આંખ અજવાળાની મદદ વગર દેખી શકતી નથી અહિ પણ સ્વભાવની વિચિત્રતા છે દેવતાઓ,

નારકીઓ, વાયુકાયના જીવો ભવ-સ્વભાવથી જ વૈક્રિય પુદ્ગલો ગ્રહણ કરે છે, અને તેને તેવા શરીરપણે પરિણમાવે છે, ત્યારે મનુષ્યોમા તે નથી મનુષ્યોને લબ્ધિથીજ વૈક્રિય શરીર બને છે, પણ લબ્ધિ જોડે નામ કર્મ જરૂર જોઈએ વૈક્રિય લબ્ધિ ઉત્પન્ન થઈ હોય તો પણ કર્મનો ઉદય હોય તોજ, લબ્ધિથી વૈક્રિય શરીર બનાવી શકે છે, પણ મનુષ્યમા તે શક્તિ સ્વભાવિક નથી તેમનામા ઓદારિક, તૈજસ્ તથા કાર્મણ માટેની શક્તિ સ્વાભાવિક છે પાચમા શરીરનુ નામ આહારક શરીર છે ક્ષાયોપશમિક ગુણ જબરજસ્ત થયો હોય, અને લબ્ધિ થાય, તથા આહારક નામ કર્મનો ઉદય હોય, તો આહારક શરીર બને છે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયો પશમ થયો હોય, લબ્ધિ થઈ હોય, અને નામકર્મના ઉદય હોય તો વૈક્રિય કે આહારક શરીર બનાવે

સુલસાને ધર્મલાભ ?

અબડ પરિવ્રાજક સુલસાથી સમ્યકત્વમા દૃઢ થયો હતો એ પરિવ્રાજક કેઈક વખત જૈન ધર્મમા સ્થિર થયો, અને કેઈ વખત ખસી ગયો ગગા ગયે ગગાદાસ, જમના ગયે જમનાદાસ જેવી તેની હાલત હતી જ્યા ગગા જમના નદી મળે છે, ત્યા કેટલાક પડયાઓ ગગાના કાઠે હક ધરાવતા હોય છે, કેટલાક પડયાઓ જમનાના કાઠે હક ધરાવતા હોય છે કેટલાક પડયા એવા હોય કે કોઈ વખત ગગાને કાઠે શ્રાદ્ધ સરાવે, અને કોઈક વખત જમનાને કાઠે શ્રાદ્ધ સરાવે એ પડયાઓ પેટના નામે ફાવતુ બોલે છે, કાઈ શાસ્ત્ર બોલતુ નથી એ કહેવત મૂલ તો કેટલાક પડયાઓની આવી સ્થિતિ હોઈને પડયાઓએ કાઢી છે, પરન્તુ અનવસ્થિત સ્થિતિ જણાવવા આ કહેવત શરૂ થઈ છે અબડ પરિવ્રાજક પણ અસ્થિર મનનો હતો નાના બાલકના હાથમા પેડો હોય પણ જો રમકડુ સારૂ આપીએ તો પેડો મૂકી દે પછી સુશોભિત ઘટડી આપીએ તો રમકડુ મૂકી દે છે એ બાલકના મનમા દુષ્ટતા નથી, પણ ચાચલ્ય છે ઘડીકમા માને વળગે અને ઘડીકમા બાપ માતાને વળગે અબડ પરિવ્રાજકની કઢગી હાલત પણ તેના મનની ચચલતાને લઈને હતી

એક વખત તેણે ભગવાન શ્રી મહાવીર દેવને વદનાદિ કરી કહ્યુ –' ભગવાન ! હુ રાજગ્રહી નગરી જાઉ છુ" ભગવાને તેની ચચલતાનો દોષ ટાળવા, ધર્મમા દૃઢ કરવા, સુદૃઢ મનવાળા સુલસાનો પરિચય કરાવવા, તેને કહ્યુ કે " સુલસાને ધર્મલાભ કહેવા " માર્ગમા અબડ પરિવ્રાજક હૃદયગત વિચાર કરે છે, શ્રેણિક સરખા રાજાને ધર્મલાભ નહિ, અભયકુમાર સરખા મત્રીને ધર્મલાભ નહિ, ધનાશાલિભદ્ર જેવા શ્રેષ્ઠિઓને ધર્મલાભ નહિ, અને આ સુલસા શ્રાવિકાને ભગવાને ધર્મલાભ કહેવરાવ્યા, માટે જરૂર પાત્ર વિશિષ્ટ હોવુ જોઈએ, છતા તપાસ કરવામા શુ

જાય છે! વાત વાતમાં મારૂ મન તો માનો તોયો થઈ જાય છે, તો આ આ જાતિનું મન કેવું સુદૃઢ હશે!”

બ્રહ્મા!

અંબડ પરિવ્રાજકે તો રાજગૃહી જઈને માયા પ્રયોગની શરૂઆત કરી પહેલે દિવસે બ્રહ્માનું રૂપ કરીને સુંદર થઈ જાય તો ચારમુખ, સાવિત્રિ સાથે, તેનું પાન ચતુ, આવો દેખાવ રચ્યો ગામમાં વાત ફેલાઈ કે રાજગૃહીમાં નગરજનથી સાક્ષાત્ બ્રહ્માજી પધાર્યાં છે નગરમાંથી ટોળા બંધ મનુષ્યો આવે છે પરિવ્રાજક વેદ પાઠ બોલ્યેજ જાય છે, પણ તેની નજર તો એ જોવામાં રોકાઈ છે કે ‘સુલસા આવી છે કે નહિ? મુલમાં શુદ્ધ સમ્ય ક્ત્વધારી શ્રાવિકા શાની જાય?, અંબડ પરિવ્રાજક તો એમ વિચાર્યું કે આ જાતિને તે સાંભળવાનો અધિકાર નથી, એમ સમજીને તે ન આવી હોય તે સ્વાભાવિક છે’ માટે બીજું નવું રૂપ કરૂં

વિષ્ણુ!

બીજે દિવસે દક્ષિણ દિશામાં અંબડે વિષ્ણુનું રૂપ રચ્યું ગરુડ, ભગવન તો ગજર ગોપીઓ, ગનમદ્રાદિ ચાતૂનોના દેખાવો વિકુર્વ્યો, અને નગરમાં માડી નગરમાં વાત ફેલાઈ ‘અહો! ધન્ય ભાગ્ય આ નગરના છે કે સાક્ષાત્ શ્રી વિષ્ણુ નગરમાં પધાર્યા છે!’ આમ હીના જોવા આવનારાઓની સંખ્યામાં પૂછવું શું! આખો દિવસ નાટકીલા નાટકનો પ્રયોગ ચાલ્યો, પણ પરિવ્રાજકના નેત્રોએ સુલસાને ન જ જોઈ સુદૃઢ સમ્યક્ત્વધારી પરમ શ્રાવિકા સુલસા જેવીને ધ્યાનમાં પણ આ હોય?, પરિવ્રાજકે તો એમ વિચાર્યું કે, ‘કુવતી આ રાસનીના જોવા ન આવે એ બનવા જોગ છે,’ પ્રયોગ પણ પોતે રચ્યો છે, અને આવું સમાધાન પણ પોતે મનમાનતું ઊભું કરી મનને મનાવી લે છે

શંકર!

ત્રીજે દિવસે મહાદેવનું રૂપ વિકુર્વ્યું જટાધારી મહાદેવની પાસે પાર્વતીજી તો હોય જ ને!, મસ્તકમાં ગંગા વહી રહી છે મહાદેવને નૃત્ય પ્રિય છે, એટલે પોતે ખંજરી બજાવે છે, અને પાર્વતીનું નૃત્ય ચાલુ છે આવો દેખાવ વિકુર્વ્યો શ્રી શંકર સ્વયમ્ પૃથ્વી ઉપર પધાર્યા છે! આવી વાત નગરમાં ચાલી, અને નાટકને, નૃત્યને જોવાની પડાપડી થઈ, આખો દિવસ ચાલી, અને નાગારભ આખો દિવસ ચાલ્યો પરિવ્રાજક અંબડ તે દિવસે પણ સુલસાને જોવાની આશામાં નિરાશ જ થયો સુદૃઢ સમ્યક્ત્વધારી સુલસાના એક રૂવાડે પણ આવો પ્રયોગ અસર કરી શકે?, નહિ જ કોઈ એમ ન માને કે એને ખબર ન પડી હોય, અરે! ખબર પડવાની વાત કયાં છે?, આડોશી-પાડોશીઓએ તો ખૂબ ખૂબ પ્રેરણા કરી છે, અને ન આવવા

માટે તેને ગાડી ગણી છે એ પરમ શ્રાવિકા હતી, અને એનામા વિશુદ્ધ સસ્કાર હતો પરિવ્રાજક અબડે આજે મનને એવી રીતે મનાવ્યુ કે-'સ્ત્રી તથા બાલક તો તેના મગજમા જે ઠસાવવામા આવ્યુ હોય તે મુજબ પકડી રાખે છે, અને વર્તે, છે, લાભ કે હાનિનો વિચાર કરે નહિ બ્રહ્મા વિષ્ણુ અને મહાદેવ એ કુદેવ છે એવા સસ્કાર જ એને જૈનકુલમા હોવાથી છે એ લે તે ન આવે તે બનવા જોગ છે'

હાર્યો જુગારીની છેલ્લી હોડ

હાર્યો જુગારી બમણુ રમે! એને પોતાની હારનો, હાનનો ખ્યાલ જ હોતો નથી ચોથે દિવસે અબડે માયાજાળથી તીર્થંકરનુ રૂપ ધારણ કર્યું ઉત્તરદિશામા દેખાવ ઉભો કર્યો સમવસરણ, પર્ષદા, ઇંદ્રો વગેરે તમામ દેખાવ ઉભો કર્યો આખો દિવસ ગયો પણ સુલસા નહિ તે નહિ જ! તે દિવસે અડગતા શી રીતે રહી હશે તે વિચારો! આ અવસરે તો એને કેકે દબાણ કર્યું છે 'આજે તો ચાલ! જો તો ખરી, સાક્ષાત્ ભગવાન પધાર્યા છે' સુલસાને તો ભગવાન કયા હતા તેની ખબર હતી સુલસાનો સ્વામિ રાજા શ્રેણિકને ત્યા નોકરી હતો કાસદીયાની સુવ્યવસ્થિત-યોજનાદ્વારા શ્રેણિક મહારાજાને ત્યા ભગવાનના વિહારની, (યા છે તેની) ખબર રોજરોજ આવતી હતી પ્રથમના વખતમા શ્રદ્ધાળુ રાજાઓ, શ્રીમત શ્રાદ્ધવર્યો ભગવાનની ખબર જાણવાને અગે કાસદીયાઓ નાખતા હતા 'પ્રવૃત્તિવાહક' અધિકાર શ્રીઉવવાઇમા છે સુલસાએ લોકોને જણાવ્યુ 'આ કોઇ મોટો પાખડી આવ્યો લાગે છે, ભગવાન કયા વિરાજમાન છે, તે મને બરાબર ખબર છે આ ઢોગી ત્રણ ત્રણ દિવસ જુદો જુદો ઢોગ કરી ન ધરાયો, તે વળી આજ તીર્થંકર બન્યો! ભગવાન ગઇકાલે કયા હતા અને આજે કયા વિરાજમાન છે, તે મને કયા ખબર નથી? ભગવાનનો માયાવી સ્વાગ સજનાર ઢોગી, પાખડીને તે વળી જોવા જવાનુ હોય?," આ હૃદય છે સુલસાનુ! ઇંગીતેશનનુ ધરેણુ પહેરીને દેખાવ કરનારની આબરૂ કેટલી? એવામા જનાગઓ ઉત્તેજકજ ગણાયને! જૈન દેખાવ જોઇને ભોળપણથી જાય ત્યા પણ નામમાત્ર જૈન ધર્મ કહેવાય, કેમકે બીજે દિવસે સાચુ માલુમ પડે ત્યારે કઇ અસર થાય! સાચુ તો સાચુ જ છે, પણ લોકો વિચાર કરનારા હોતા નથી, એ દૃષ્ટિએ સાચાપણાની પ્રતિષ્ઠા જોખમાય છે ને!

અબડનુ કુતુહલ

અબડને હવે ખાત્રી થઈ કે 'આ બાઈ જબરી છે, ધન્ય છે સ્ત્રી જાતિમા આવા પાત્રને કે જે મનને આટલી હદે દૃઢ રાખી શકે છે! અરે! તીર્થંકરનુ રૂપ કર્યું તોય ન આવી, કેટલી બુધ્ધિમાન્! ભગવાને કાઇ અમથા ધર્મલાભ થોડા જ કહેવરાવ્યા હશે! એક સ્ત્રી જાતિની રગેરગમા આટલી હદે સમ્યક્ત્વ, એનુ રૂવિશાભિસરણ સમ્યક્ત્વ અગે રક્ત અને હુ પુરૂષ, પરિવ્રાજક છતા મારા મનની કેવી અસ્થિર હાલત! વદન હો ભૂરિભૂરિ

આ ભગવાનના ચરણકમલમાં કે જેઓશ્રીએ મને સુલસાના બાનાથી સુદૃઢ કર્યો!, આથી તે સમ્યક્ત્વમાં દૃઢ થયો, આ વાત સુપ્રસિદ્ધ છે ત્યાર પછી તો અંબડ શ્રાવક તરીકે સુલસાને ત્યાં ગયો છે પછીનું સુલસાનું વર્ણન વળી બીજુંજ છે, ઈત્યાદિ વૃત્તાંત જાણીતો છે આ પહેલો મુદ્દો બીજો કે અને તે હવે આવે છે જે મુદ્દો સમજાવવા દૃષ્ટાંત રજુ કરવામાં આવ્યું છે, તે હવે જોઈએ સમ્યક્ત્વમાં તો એ દૃઢ થયો પણ કુતુહલ વૃત્તિ ક્યાં જાય? જમવાના વખતે સો સો ઘેર ભાણાં મંડાવતો હતો અને એકી વખતે દરેક ઘેર વૈક્રિય રૂપ ધારણ કરીને જમતો હતો એ રીતે ચમત્કાર દેખાડતો હતો

ચૌદ પૂર્વનો ખ્યાલ

પર્વાધિરાજ પર્યુષણમાં શ્રી કલ્પસૂત્ર શ્રવણ કરો છો, તેમાં ચૌદ પૂર્વનો ખ્યાલ આપવા શાહીનું પ્રમાણ બતાવ્યું છે તે યાદ કરો મહાવિદેહના એક હાથીના દેહ જેટલી શાહીથી પહેલું પૂર્વ લખાયું છે બે હાથીના દેહ જેટલી શાહીથી બીજું પૂર્વ લખાયું, ચાર હાથીના દેહ જેટલી શાહીથી ત્રીજું પૂર્વ લખાયું, આઠ હાથીના દેહ જેટલી શાહીથી ચોથું પૂર્વ લખાયું સોળ હાથીના દેહ જેટલી શાહીથી પાંચમું પૂર્વ લખાયું, બત્રીશ હાથીના દેહ જેટલી શાહીથી છઠ્ઠું પૂર્વ લખાયું, ચોસઠ હાથીના દેહ જેટલી શાહીથી સાતમું પૂર્વ લખાયું એકસો અઠાવીસ હાથીના દેહ જેટલી શાહીથી આઠમું પૂર્વ લખાયું, બસે છપ્પન હાથીના દેહ જેટલી શાહીથી નવમું પૂર્વ લખાયું, પાંચસે બાર હાથીના દેહ જેટલી શાહીથી દશમું પૂર્વ લખાયું, એક હજાર ચોવીશ હાથીના દેહ જેટલી શાહીથી અગીઆરમું પૂર્વ લખાયું, બે હજાર અડતાલીશ હાથીના દેહ જેટલી શાહીથી બારમું પૂર્વ લખાયું, ચાર હજાર છન્નુ હાથીના દેહ જેટલી શાહીથી તેરમું પૂર્વ લખાયું, અને આઠ હજાર એકસો બાણું હાથીના દેહ જેટલી શાહીથી ચૌદમું પૂર્વ લખાય દરેક પૂર્વ હાથીની સંખ્યાનું પ્રમાણ બમણું છે એ રીતે સોળ હજાર ત્રણસે ચોરાશી હાથીના દેહ જેટલી શાહીથી ચૌદ પૂર્વો લખાયા છે, આ હાથી તે અહીં દેખાય છે તે દેહવાળો નહિ ત્યારે?, શ્રીઋષભદેવજી ભગવાનના સમયનો હાથી લેવો અગર તો શ્રીમહાવિદેહનો હાથી સમજવો મહાવિદેહ ક્ષેત્રમાં સર્વકાલે આયુષ્ય તથા શરીર પ્રમાણ એક સરખું છે, અહીં તેમ નથી અહીં તો ઉત્સર્પિણીમાં શરીર-પ્રમાણ વધે છે, અને અવસર્પિણીમાં ઉતરે છે

આહારક શરીર રચવાનો હેતુ

આહારક લબ્ધિને અંગે આ વિષય જણાવવો પડે છે આવા મહાન પ્રમાણવાળા ચૌદ પૂર્વોનું જેને જ્ઞાન હોય, તેમનેજ આહારક લબ્ધિ ઉત્પન્ન થાય છે જ્ઞાનાવરણીય કર્મોનો આટલી હદે ક્ષય કર્યો હોય, અને જેને તેવી લબ્ધિ ઉત્પન્ન થઈ હોય, તેને આહારક શરીર રચવાની શક્તિ સાંપડે છે બધા ચૌદ પૂર્વી તેવી લબ્ધિવાળા હોય નહિ જેને તેવી લબ્ધિ હોય

તેને તે ઉપરાત આહારક નામ કર્મનો ઉદયપણુ જોઇએ સભિન્ન ચૌદપૂર્વીને છટ્ઠાણ-વડીયાએ કરી અનત ગુણ વૃદ્ધિને જાણનારાને આહારક શરીર કરવાની શક્તિ હોય નહિ અસભિન્ન ચતુર્દશ પૂર્વધરોને આહારક લબ્ધિ હોય છે આહારક વર્ગણા ગ્રહણ કરી આહારક શરીર રચવાની તેમનામા શક્તિ છે પ્રશ્ન થાય છે કે આવા મહાજ્ઞાની, ચૌદ ચૌદ પૂર્વ જાણનારાને વળી આહારક શરીર રચવાની શી જરૂર ?, કોઇક એવો જ વખત આવે કે જગત અપકાયથી ભાવિત થાય ત્યારે, પ્રાણીની દયાનો પ્રસગ ઉભો થાય ત્યારે, તેઓ જીવદયા માટે આહારક શરીર બનાવે દેવાધિદેવ શ્રી જિનેશ્વર દેવનુ સમવસરણ નજરોનજર નિહાળવા માટે, શાસનની સ્થિતિ દેખવા માટે, સૂક્ષ્મ પદાર્થનુ અવગાહન કરવા માટે, સૂક્ષ્મ શકાનુ સમાધાન કરવા ભગવાન પાસે મહાવિદેહાદિ ક્ષેત્રમા જવા માટે ચૌદપૂર્વી આહારક-લબ્ધિવાળાઓ આહારક શરીર બનાવે છે મુઠીવાળી રાખીએ તેવો હાથ મુડો ગણાય આહારક શરીર મુડાહાથ જેટલુ હોય આ આહારક શરીર પ્રયોગ-પરિણત શરીર ગણાય શ્રી ગણધર મહારાજા ફરમાવે છે કે ગર્ભજ પર્યાપ્તા મનુષ્યોને અગે પાચે શરીર સમજવા ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ્ અને કાર્મણ હવે દેવતાઓના ભેદોમા કયા ભેદોમા કાયાના પુદ્ગલો પરિણમે છે તેને અગે અગ્રે વર્તમાન

દેશના-૪૫

जे अपज्जत्ता असुरकुमार भवणवासि जहा नेरइया तहेव, एव पज्जत्तगावि, एव दुयएण भेदेण जाव थणियकुमारा एव पिसाया जाव गधव्वा चदा जाव तारा विमाणा सोहम्मो कप्पो जाव अच्चुओ हेट्ठिम-गेवेज्ज जाव उवरिम-गेवेज्ज० विजयअणुत्तरोववाइए जाव सव्वट्ठसिद्धअणु० एक्केकणं दुयओ भेदो भाणियव्वो जाव जे पज्जत्तसव्वट्ठसिद्ध-अणुत्तरोववाइया जाव परिणया ते वेउव्विय तेयाकम्मा सरीरपयोग परिणया, दण्डगा ३॥

મનુષ્ય ગતિમા જ પાચ શરીર છે અહારક શરીર માત્ર મનુષ્ય ગતિમા જ છે

સપૂર્ણ દશ પૂર્વ સાથે સમ્યક્ત્વ નિશ્ચિત છે, તે પહેલા નિયમ નહિ

શ્રીગણધર મહારાજા પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્રના આઠમા શતકના પ્રથમ ઉદ્દેશામા પુદ્ગલ-પરિણામનો અધિકાર નિરૂપણ કરતા કહે છે કે સૂક્ષ્મ એકેન્દ્રિયના જીવ, તથા મુક્તિનો જીવ સ્વરૂપે ઉભય સરખા છે ભેદ જે છે તે કર્મના પુદ્ગલો અંગે છે જીવો ના મુખ્ય બેજ ભેદ ૧ સંસારી, ૨ મોક્ષના કર્મ પુદ્ગલોથી લેપાએલા તે સંસારી જીવો, અને કર્મ પુદ્ગલોથી મુક્ત થયેલા તે મુક્તિના જીવો પુદ્ગલ-પરિણામની અનેક પ્રકારની વિચિત્રતાનુસાર સંસારી જીવોના અનેક ભેદો છે એકેન્દ્રિયાદિ ભેદોમા પુદ્ગલનીજ વિચિત્રતા છે ને! અહિ પર્યાપ્તા અપર્યાપ્તા સંબધિ તથા ઔદારિકાદિ શરીર પરત્વે વિચારણા ચાલુ છે સંમૂર્ચ્છિમ મનુષ્યો મિથ્યાત્વ અપર્યાપ્તાજ હોય છે ગર્ભજ પર્યાપ્તા મનુષ્ય વિના બીજો કોઈ પણ જાતિનો કે ગતિનો જીવ એવો નથી કે જે પાચે શરીર પરિણમાવી શકે ઔદારિક, તૈજસ, અને કાર્મણ શરીર સવ સાધારણ રીતે દરેક મનુષ્ય પરિણમાવે છે વિશેષથી જો લબ્ધિ ઉત્પન્ન થઈ હોય, તો તે વૈક્રિય વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરીને વૈક્રિય શરીર રચે છે જ્ઞાનનો ક્ષયોપશમ થયો હોય આહારક લબ્ધિ પ્રાપ્ત થઈ હોય, આહારક શરીર નામકર્મનો ઉદય હોય તો, તે જીવ આહારક શરીર પણ બનાવી શકે છે ક્ષયોપશમ ચૌદ પૂર્વ જેટલો આવશ્યક છે યાવત્ તેર પૂર્વ સુધી ભણ્યો હોય તેને આહારક લબ્ધિ ઉત્પન્ન થતી નથી ચૌ૦ પૂર્વીઓ પણ તેવી લબ્ધિવાળા હોય તેવુ નથી દશ પૂર્વની સાથે સમ્યક્ત્વની લબ્ધિ નક્કી છે આમા ય શ્રુતજ્ઞાન પ્રાપ્તિ સુધી સમ્યક્ત્વ હોય કે ન પણ હોય આચારાગ સૂયગડાગ યાવત્ કાઈક ન્યૂન દશ પૂર્વનુ જ્ઞાન મેળવ્યુ હોય, ત્યા પણ સમ્યક્ત્વ હોય એવુ ચોક્કસ નહિ આટલે સુધી ભણ્યા પછી પણ સમ્યક્ત્વને અંગે નિર્ણય શાથી? વકીલ લાખ રૂપીઆના દાવાનો કેસ જીતે હુકમનામુ થાય પણ તેને તો માત્ર ફીજ મળે છે જવાબદાર જોખમદાર તો અસીલજ જીત થાય કે હાર થાય, ફીનો માલીક વકીલ હાર જીત અસીલના શિરે છે વકીલ બોલે પણ એમજ કે 'મારો અસીલ આમ કહે છે' વગેરે પોતાના અસીલને ફાયદો હુકમ થાય તો તેમા વકીલને કાઇ લાગે વળગે છે? ત્યારે આવા આત્મામા પણ જીનવચનને પરિણમન ન થાય અને 'શાસ્ત્રકાર આમ કહે છે' એ સ્થિતિ સુધી વાત હોય તો સમ્યક્ત્વનો નિશ્ચય શી રીતે કહેવાય? ક્ષણ પહેલાનો વૈમાનિક દેવના ક્ષણ બાદ એકેન્દ્રિયમા પણ ચાલ્યો જાય છે અધ્યવસાયની વિચિત્રતા આવી છે જીવાજીવાદિ તત્ત્વોનુ જ્ઞાન માત્ર અનુવાદરૂપે હોય ત્યા સમ્યક્ત્વનો નિર્ણય શી રીતે થાય? દશપૂર્વ સંપૂર્ણ થયા બાદ સમ્યક્ત્વ જ સમજવુ આમા મહત્તા સમ્યક્ત્વની કે દશપૂર્વની? સમ્યક્ત્વ હોય તોજ દશ પૂર્વ પૂરા થાય, અન્યથા ન થાય દશમુ પૂર્વ સમ્યક્ત્વ વિના પુરૂ ન જ થાય દશપૂર્વ થવાથી સમ્યક્ત્વ પૂર્ણ એમ હોય તો તો દશપૂર્વ પ્રાપ્તિ માનવી પડે દશમુ, અગીયારમુ યાવત્ ચૌદમુ આ પૂર્વો જેના આત્મામા સમ્યક્ત્વ પ્રાપ્ત થયુ હોય તેનેજ પૂરા થાય સમ્યક્ત્વવાળાને દશ પૂર્વનુ પુરૂ જ્ઞાન થાય તેમા આ એક સ્વભાવ નિયમ છે નવ પૂર્વ કે તેથી અધિક જ્ઞાન હોય, દશપૂર્વનુ પુરૂ જ્ઞાન હોય, પણ ન્યૂન હોય તેનામા સમ્યક્ત્વ હોય પણ ખરૂ, અને ન પણ હોય, નિયમ નહિ દશપૂર્વનુ જ્ઞાન જેને હોય તેને માટે તો એ નિયમ કે એનામા સમ્યક્ત્વ હોયજ

ચૌદપૂર્વનાજ્ઞાનવાળાને જ આહારક લબ્ધિ હોયછે.

તેવી રીતે આહારક શરીર માટે પણ એ નિયમ છે, કે ક્ષયોપશમ થવાથી જેઓએ ચૌદ-પૂર્વનુ જ્ઞાન મેળવ્યુ હોય તેઓને જ આહારક લબ્ધિ હોય છે, અને તે વિના આહારક શરીરની લબ્ધિ હોતી જ નથી આપણે એ વિચારી ગયા છીએ કે પ્રાણીની દયાનો પ્રસંગ પ્રાપ્ત થાય, અગર તીર્થંકરના સમવસરણની ઋદ્ધિને સાક્ષાત્કાર રૂપે જોવાની હોય, સૂક્ષ્મ-સંશયાદિ પૂછવાના હોય, ત્યારે શ્રી જિનેશ્વર દેવ પાસે જવા માટે આહારક શરીરની રચના કરવામા આવે છે

અનંત ગુણ વૃદ્ધિ અર્થ ધારણ કરનાર તે ચૌદપૂર્વીઓ પ્રરૂપણામા, અને દેશનાની શક્તિમા કેવલીઓ સરખા જ હોય છે તેમની પ્રરૂપણા અને કેવલીની પ્રરૂપણા સરખી હોય માટે તો ચૌદ-પૂર્વીને અને દશ-પૂર્વીને શ્રુતકેવલી કહેવામા આવે છે નિરૂપણ અભિલાપ્ય પદાર્થોનુ હોય, અનભિલાપ્ય પદાર્થોનુ નિરૂપણ હોય નહિ કહેવા લાયક પદાર્થોનુ સ્વરૂપ જેવુ કેવલી કહે છે, તેવુ જ શ્રુતકેવલી પણ કહે છે, અને ચૌદપૂર્વીઓ મનુષ્યોના અતીત, અનાગત અસખ્યાતા ભવોને કહેવાનુ સામર્થ્ય ધરાવે છે ક્ષયોપશમની વિચિત્રતાના કારણે અવધિજ્ઞાનમા તથા શ્રુતજ્ઞાનમા અસખ્યાતા ભેદ છે જે વસ્તુને અગે શ્રોતાઓ જે જે પ્રશ્ન કરે તે તે તમામ વસ્તુને શ્રુતકેવલીઓ યથાસ્થિત નિરૂપણ કરે છે શ્રોતાગણમા જેને અવધિજ્ઞાન કે વિશિષ્ટ જ્ઞાન હોય તેની વાત જૂદી છે, પણ તે વિના ચૌદપૂર્વી-નિરૂપકને અગે કોઈ જાણી શકેજ નહિ કે આ છદ્મસ્થ છે તાત્પર્ય એ છે કે શ્રુતકેવલીની દેશના કેવલી પરમાત્માની દેશના સદૃશ છે કેવલીઓએ ત્રણ કાલના કથન કર્યા મુજબના પદાર્થને કથન કરાય તે અભિલાપ્ય

દશપૂર્વીઓ અને ૧૪ પૂર્વીઓ દેશનામા કેવળી સરખા હોય છે

જોષીઓ શાસ્ત્રના આધારે ભવિષ્ય કથન કરે છે શ્રુતકેવલીઓ પણ શાસ્ત્રના બલે ભૂતકાલના તથા ભવિષ્યના ભવો કહી શકે છે કેવલીમા કેવલજ્ઞાન છે, શ્રુતકેવલીમા હજી કેવલજ્ઞાન નથી, પણ પ્રરૂપણામા બન્ને સમાન છે, પણ આ વાત ત્યારે જ સમજાશે અને ખ્યાલમા આવશે કે શ્રીતીર્થંકર મહારાજાઓ પહેલા પહોરે દેશના દે છે, બીજે પહોરે ગણધર મહારાજાઓ દેશનાના હકદાર કેમ હોય છે? કહેવુ પડશે કે બન્નેની દેશના એક સરખી હોય છે પ્રરૂપણામા જેવી પ્રથમ પહોરે શ્રીતીર્થંકર દેવની પ્રરૂપણા હોય છે, તેવી જ બીજે પહોરે શ્રી ગણધર મહારાજની પ્રરૂપણા હોય છે, ત્યારે નિયમ એ છે કે જેવી કેવલીની દેશના તેવી જ શ્રુતકેવલીની દેશના, તથા જેવી શ્રુતકેવલીની દેશના તેવી જ કેવલીની દેશના

આહારક શરીરને અગે.

સશય વિચ્છેદાર્થે, નવા પદાર્થ જાણવા માટે, અસભિન્ન ચૌદ પૂર્વીને, શ્રીતીર્થંકરદેવ પાસે મોકલવા માટે આહારક શરીર કરવાની છૂટ અનુત્તરના દેવતાઓ પુણ્યમા ચઢીઆતા છતા

એમનામા આહારક શરીર બનાવવાનુ સામર્થ્ય નથી એ શરીર તો મનુષ્ય ગતિમા ચૌદ પૂર્વધરોજ બનાવી શકે છે આહારક નામ કર્મના ઉદયે તેવા પુદ્ગલો ગ્રહણ કરી આહારક શરીર રચવામા આવે છે આહારકશરીર પહાડ વચ્ચેથી પસાર થયા છતા પહાડમા કાણું પડતુ નથી, તેમજ પહાડને લીધે આહારક શરીરને પણ ધક્કો વાગતો નથી એ શરીરને કશાથી સ્ખલના થતી નથી, અગર એ પણ કોઈને સ્ખલના કરતુ નથી, એટલા એ પુદ્ગલો સૂક્ષ્મ હોય છે ઔદારિક શરીર પાપના પોટલા બધાવે છે સાતમી નરકને લાયક વેદનીય તથા આયુષ્ય કર્મ ઔદારિક શરીર બધાવે છે વૈક્રિય શરીર સાતમી નરકને લાયક વેદનીય કે આયુષ્યનો બધ કરી શકતુ જ નથી વૈક્રિય શરીરધારી સાતમીનુ આયુષ્ય ભોગવે છે, પણ બધતો ઔદારિક શરીરથીજ થયેલો છે તેજ કર્મ-બધ ભોગવે છે સ યતને-પાપોની પ્રતિજ્ઞા કરનારને જ આહારક લબ્ધિ હોય આહારક શરીર પાપના અનુબધવાળુ નથી આહારક શરીર પાપથી દૂર રહેનાવાળુ જ છે, તેથી શુભ, સ્વચ્છ, અને અવ્યાઘાતિ છે સૂર્યનો પ્રકાશ જેમ કાચમા સ્ખલના પામતો નથી, કારણકે પ્રકાશના પુદ્ગલો કાચના પુદ્ગલો કરતા બારીક છે, તેવીજ રીતે આહારક શરીરના પુદ્ગલો પણ પહાડ વિગેરેના પુદ્ગલ કરતા બારીક છે, જેથી આરપાર સોસરા તે શરીરો વગર સ્ખલનાએ કાણુ પાડયા વગર નીકળી શકે છે

નરકમા, સ્વર્ગમા કે તિર્યંચગતિમા પાચ પ્રકારના શરીરો નથી પાચ પ્રકારના શરીરો માત્ર મનુષ્ય ગતિમાજ છે આહારક શરીર હોય ત્યારે વૈક્રિય શરીર ન હોય, અને વૈક્રિય શરીર હોય ત્યારે આહારક શરીર ન હોય બાકીના ત્રણ શરીરો તો સામાન્ય છે

દેવતાઓને અગે અસુરકુમારોમા જેઓ અપર્યાપ્તા છે નારકીમા વૈક્રિય, તૈજસ્, કાર્મણ શરીર કહ્યા તેવી રીતે અસુરકુમારાદિમા બધુ કહી દેવુ યાવત્ સ્તનિતકુમાર, વ્યતર, પિશાચથી માડી ગાધર્વ સુધીના ૮ ભેદો, જ્યોતિષીમા ચન્દ્રથી તારા સુધી, સૌધર્મ દેવલોકથી માડી અચ્યુત દેવલોક સુધી પર્યાપ્તા અપર્યાપ્તા બન્ને ભેદો લઈ લેવા, અને નવગ્રૈવેયકમા પણ બે ભેદ, આ બધા વૈક્રિય તૈજસ, કાર્મણ કાયયોગવાળા સમજવા પાચ અનુત્તર વિમાનમા પણ એક એકના બબ્બે ભેદો પર્યાપ્તા, અને અપર્યાપ્તા છે ત્યા પણ શરીર વૈક્રિય, તૈજસ્, કાર્મણ એમ ત્રણ પ્રકારે છે

હવે કાય વિભાગ જણાવ્યા છતા, ઇન્દ્રિયપણે પુદ્ગલો ન પરિણમાવે તો ભૂગા લોઢા જેવી સ્થિતિ થાય ભૂગા લોઢાના શરીરમા અગોપાગનો વિભાગજ નહતો એવી રીતે ઇન્દ્રિયોનો વિભાગ શરીરમા ન હોય તો તે શીના અથવા લોઢા જેવુજ શરીર થાય હવે ઇંદ્રિયના પુદ્ગલોના પરિણમન અગે અગ્રે વર્તમાન

દેશના-૪૬

जे अप्पज्जत्ता सुहुमपुढविकाइय एगिंदियपयोगपरिणया ते फासिंदियपयोगपरिणया जे पज्जत्ता सुहुमपुढविकाइया एव चेव, जे अपज्जत्ता बादरपुढविकाइया एव चेव, एव पज्जत्तगावि, एव चउक्कएण भेदेणं जाव वणस्सइकाइया, जे अपज्जत्ता बेइंदियपयोगपरिणया ते जिब्भिदियफासिंदियपयोगपरिणया जे पज्जत्ता बेइंदिया एव चेव, एव जाव चउरिंदिया, नवर एक्केक्क इंदिय वड्ढेयव्व जाव अपज्जत्ता रयणप्पमापुढविनेरइया पंचिंदियपयोगपरिणया ते सोइंदियचक्खिंदियघाणिंदियजिब्भिंदियफासिंदियपयोगपरिणया एव पज्जत्तगावि, एव सव्वे भाणियव्वा, तिरिक्ख जोणियमणुस्सदेवा जाव जे पज्जत्ता सव्वट्ठसिद्धअणुत्तरोववाइय जाव परिणया ते सोइंदिय चक्खिंदिय जाव परिणया ॥ १ ॥

મરણ કરતા અધિક રૂ જન્મનો હોવો જોઇએ

ઇન્દ્રિય-પરિણમન-વિચાર અને ઇન્દ્રિય-પર્યાપ્તિ

શ્રીગણધરમહારાજા પચમાગ શ્રીભગવતીજીમાના આઠમા શતકના પ્રથમ ઉદ્દેશામા પુદ્ગલ પરિણામ અધિકારમા શરીર પરિણમન અધિકાર જણાવીને, હવે ઇન્દ્રિયને અગે પરિણમનનો અધિકાર જણાવે છે દરેક ઇન્દ્રિયમા ચાર ચાર ભેદ સમજી લેવા દરેક ઇન્દ્રિયમા બહારની શક્તિ તથા રચના, તેમજ અદરની શક્તિ તથા રચના એમ ચાર ચાર ભેદ સમજવા પ્રશ્ન થશે કે શક્તિ તથા રચનામા ફરક શો ?, લોઢાને તપાવીને તરવારનો ઘાટ તો ક[illegible] ધાર તો પાણી પાવાથી જ થાય ધારમા કાપવાની શક્તિ પાણી પાઇને લેવાય [illegible] રચના અને શક્તિ એમ બે જૂદા છે કાનથી સભળાયજ, સુગધ લેવાનુ કામ [illegible] નાકથી શબ્દ સભળાતો નથી, કારણ કે એતો સુઘવાની તાકાત ધરાવે છે રચના [illegible] કરે છે, મતલબ કે દ્રવ્ય ઇન્દ્રિય ત્યારેજ કામ કરે, છે કે જ્યારે ભાવ ઇન્દ્રિય [illegible] ઇન્દ્રિયમા બહારની તથા અદરની રચના તથા શક્તિના ભેદ પાડયા હવે [illegible] કેહવી ?, ભાવ ઇન્દ્રિયના બે ભેદ આત્માને જે જે કર્મોનો ક્ષયોપશમ, અને [illegible] ઇન્દ્રિયની બાહ્ય રચના પુદ્ગલોની છે અભ્યતર પુદ્ગલોમા શક્તિ [illegible] જોઇએ, છતા ઉપયોગ પણ જોઇએ ઉપયોગ ન હોય તો, ક્યા શબ્દ [illegible] ઉપયોગ હોય તેજ જાણી શકાય ભાવ ઇન્દ્રિયમા ક્ષયોપશમ [illegible] જોઇએ દરેક ઇન્દ્રિયને અગે

અભ્યન્તર શક્તિ, ક્ષયોપશમ તથા ઉપયોગ આ ૭ વસ્તુ હોય ત્યારે ઇન્દ્રિઓ કામ કરે છે શરીર બનાવ્યા પછી પણ પ્રથમ પર્યાપ્તિનું કામ, ખોરાક ને સાત ધાતુપણે પરિણમાવવાનું કામ શરીર પર્યાપ્તિનું છે ઇન્દ્રિઓની રચનાને અંગે બાહ્ય અભ્યંતર ઉપકરણ ઇન્દ્રિયનું આખું પ્રકરણ શરીર કરતા નિરાળું હોવાથી શરીર સાથે તરત ઇન્દ્રિઓ થઈ જતી નથી ખોરાકમાથી સાત ધાતુના પરિગમન માત્રથી ઇન્દ્રિય રચના થઇ જતી નથી આથી જેમ આહાર પર્યાપ્તિ માની, શરીર પર્યાપ્તિ માની છે, તેવીજ રીતે ઇન્દ્રિય પર્યાપ્તિ પણ માની છે

સત્તાની મોટી કેવી જબરી છે?

કર્ણેન્દ્રિય કરતા ચક્ષુરિન્દ્રિયનો ક્ષયોપશમ ઓછો, એનાથી ઓછો ક્ષયોપશમ ઘ્રાણેન્દ્રિયનો, એનાથી ઓછો ક્ષયોપશમ રસનેન્દ્રિયનો, એનાથી ઓછો ક્ષયોપશમ સ્પર્શેન્દ્રિયનો સો શીખતા પહેલાં ૧ થી ૧૦ તો શીખવાજ પડે છે જેને ૧૦૦ સુધી આવડતું હોય તેને દશ સુધી ન આવડે તેમ ન બને અહિં જરા વિચારવાનું છે સ્પર્શ તથા રસનાનો ક્ષયોપશમ ન હોય તો ઘ્રાણ (નાસિકા) નો ક્ષયોપશમ ન હોય તેમ ન બને જો એમ બને તો સાભળનારો, અંધ કે બોબડો ન હોઈ શકે સો સુધી શીખેલાને દશ શીખવવાના ન હોય, તેમ શ્રોત્રવાળાને તીવ્ર ક્ષયોપશમ થયેલો હોવાથી ચક્ષુવાળાને ક્ષયોપશમ થાય એવું કઈ નથી ઉપકરણની ઇન્દ્રિયમા ખામી હોવાથી તે કાર્ય ન કરી શકે

જે ઘણ મારવાથી પત્થરના કટકા થાય, તે ઘણ મારવાથી ઇંટના કટકા થાયજ છે તેમ જે આત્મા શ્રોત્રેન્દ્રિયના ક્ષયોપશમવાળો થયો, તે ચક્ષુના ક્ષયોપશમવાળો જરૂર હોય છે, એટલે ક્ષયોપશમના પરિણામ તો થાય જ છે, પણ બહેરાપણું, અંધપણું તો અશુભ નામ કર્મના ઉદયે પુદ્‌ગલોની ગોઠવણી યથાસ્થિતિ ન થવાથી છે

પહેલા નિવૃત્તિ ઇન્દ્રિય બની હોય તોજ ઉપકરણેન્દ્રિયનો ક્ષયોપશમ અને ઉપયોગ કામ કરનારા થાય ગમે તેવો શ્રીમંત કે રાજા હોય, પણ મિલ્કત કે રાજ્ય ઉપર રીસીવર બેઠો, કે મેનેજમેન્ટ થયું, તો તેને તે મિલ્કત કે રાજ્યની વ્યવસ્થા કરવાનો સ્વતંત્ર હક નથી, રીસીવર કે મેનેજમેન્ટ અધિકારીના હુકમથી મળે એટલું ખરૂં તેજ રીતિએ આ આત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત સુખ, અનંત વીર્યનો સ્વામી છે, પણ મિથ્યાત્વ, અવિરતિ કષયાદિના દદામા પડી, કર્મનો એવો કરજદાર બની ગયો છે કે તેની તમામ ઋધિ સમૃદ્ધિ રીસીવરને આધીન છે આત્મા તો કેવલજ્ઞાનનો માલીક, અને કેવલજ્ઞાન એટલે ત્રણે કાલના સર્વ લોકના સ્વભાવો પર્યાયાદિ જેનાથી જણાય તે કેવલજ્ઞાન હવે એ આત્માની આજે શી દશા?, શીત કે ઉષ્ણ સ્પર્શ જાણવો હોય તો સ્પર્શેન્દ્રિયની મદદ લેવી પડે એની મદદ વિના તેનું જ્ઞાન ન થાય દરેક ઇન્દ્રિયની મદદથી જ તે તે વિષયનું જ્ઞાન થાય સત્તાની મોટી કવી જબરી છે, તે આથી સમજશો

મોક્ષમા કરવુ શુ ?

કેટલાકો કહે છે કે 'મોક્ષમા જઈને કરવુ શુ ?, ત્યા નહિ ખાનપાન, ક ભેવુ, માભળવુ ત્યા કરવાનુ શુ ?" નાનુ બાળક બાપને કહે છે કે, "બાપાજી ! આબરૂ આબરૂ શુ બોલ્યા કરો છો ! આબરૂ નથી ખવાની નથી પીવાની, નથી પહેરવાની, નથી ઓઢવાની એ આબરૂ શા કામની ?" બાલક માત્ર ખાવા પીવામા, કુદવા નાચવામા, ધુળમા રમવા ગાવામાજ મગ્ન છે, તેને બિચારાને આબરૂ એ વસ્તુનો ખ્યાલ ક્યાથી આવે ?, તેજ રીતે આ જીવ પણ પુદ્ગલમા ગુથાયેલો હોવાથી પુદ્ગલદ્વારા સુખની કિમત આકે છે, અને તેથી તે ખાના પીવા પહેરવા ઓઢવા દ્વારા એ મોક્ષની કિમત આકે છે ! પુદ્ગલથી નિર્લેપ થયા વિના કર્મની મેનેજમેન્ટ ઉડવાની નથી અને મોક્ષ મળવાનો નથી

પીંજરાથી ટેવાયલુ પક્ષી !

પીંજરૂ એ છે તો કેદખાનુ, પણ પીંજરામાજ ઉછરેલા પખીઓ પોપટ વગેરેને પીંજરા બહાર કાઢો તો તરફડે છે એને પીંજરામાજ નિર્ભયતા દેખાયછે ત્યાજ એને શાન્તિ, આનદ, કલ્લોલ લાગે છે, કેમકે એ ટેવાઈ ગયેલ છે આ જીવની પણ એ દશા છે કે એને કાયા રૂપી પાજરા વિનાની દશાનો ખ્યાલ પણ આવતો નથી, તેથી મોક્ષમા શુ છે ?, એમ બોલે છે આત્માની સમૃદ્ધિનો વાસ્તવિક ઉપયોગ મોક્ષમાજ છે અહિ તો જ્ઞાનાદિનો ઉપયોગ ઈંદ્રિય તથા મનને આધીન છે, એટલે કે મિલ્કત ઘરેણે મૂકાઇ છે કેવળજ્ઞાનાદિ આત્માની મિલ્કત છતા આપણે ઇન્દ્રિયો રૂપી શીમીવરોને તાબે રહેવુ પડે છે

જ્યા ભુખ તરસ નથી, ત્યા ખાનપાનનો પ્રશ્નજ ક્યા છે ?

સ્વાધીન દશા દૂર થાય તેથી એનુ જ નામ સિદ્ધ દશા રાખી છે પોતાની મિલ્કતની વ્યવસ્થા અને કબ્જાનો હક મેળવવો તેજ મોક્ષ જો ખાવામા સુખ હોય તો દશ વીશ ચાલીશ લાડવા લઈને બેસો ખાધેજ જાઓ, અને હાથ આડો ન કરશો ! જો તેમા સુખ હોય તો હાથ આગો કેમ કરવો પડે છે ?, તૃષ્ણાને અગે શુ સુખ છે ?, કોઈકને ખાવાનો શોખ, કોઈકને ખાવાનો શોખ, કોઈકને ગાવાનો શોખ, પરતુ સુખ ખાવામા, ખાનામા કે ગાવામા નથી મોક્ષમા જ્યા તૃષ્ણાની ઉત્પત્તિજ નથી, ત્યા ખાવા પીવાનો પ્રશ્ન જ ક્યા છે ?, જ્યા ક્ષુધા નથી, જ્યા તૃષા નથી ત્યા ખાનપાનનો પ્રશ્ન જ ક્યા છે ?,

દુનિયા મરણથી ડરે છે, ત્યારે સમકિતી-જીવ જન્મથી ડરે છે

દુનિયા મરણથી ડરે છે, ત્યારે સમજુ મનુષ્ય જન્મથી ડરે છે કીડી મંકોડી જનાવર વગેરે તમામ મરણથી તો ડરે છે એ ડર ભોગો છે ડરો અને પણ ડરવાથી

પંજામાંથી છૂટી શકાય તેમ નથી કીડીથી માંડી ઇન્દ્રો સુધી ભલે બધા મોતથી ડરે પણ મોતના પંજામાંથી છૂટ્યું કોણ?, જેનાથી છૂટકારો નથી તેનો ડર રાખવો ના કામનો? શ્રીતીર્થ કરો, કેવળીઓ, ચક્રીઓ, કોઈ મૃત્યુથી બચી શક્યું નથી, એટલે છૂટી શકતું જ નથી ઉંદર સાપથી ડરે, દેડકું ભોરીંગથી ડરે, પણ જેના પંજામાંથી છૂટી શકે તેમ નથી તો તરફડવું શા કામનું? કેવલ મનની નબળાઈથી આખું જગત મરણથી ડર છે મનુષ્યે ડર ત્યાં સુધી જ રાખવો, કે જ્યાં સુધી ભય નક્કી ન થયો હોય પરંતુ ભય સામે આવીને ઉભો છે, પછી તો ધીર પુરૂષે સહન કરવું જોઈએ આથી તો સાધુ તથા શ્રાવક માટે સંલેખનાનો વિધિ કહ્યો છે 'થવું હશે તે થશે, થવું હશે ત્યારે થશે,' આવી મક્કમ ધારણાની સ્થિતિમાં જે આવે, તેજ અનશન તથા સંલેખના કરી શકે છે જીવવાની તથા મરવાની ઈચ્છા પણ દૂષણ છે, કારણ કે તે કાંઈ તાબાની વાત નથી શાસ્ત્રકાર સમકિતીમાં તથા દુનિયામાં એજ ફરક જણાવે છે, કે આખી દુનિયા જ્યારે મરણથી ડરે છે, ત્યારે સમકિતી જ મથી ડરે છે

जातस्यहि ध्रुव मृत्यु

જન્મેલો છે તેને માટે મૃત્યુ તો નક્કી જ છે

મૃત્યુ ટાળી શકાય તેમ નથી ટાળી શકાય તો જન્મજ ટાળી શકાય જન્મને ટાળવો એજ સમકિતીનો ઉદ્દેશ જન્મ ટળે એટલે મરણ ટળેલું જ છે જન્મ અને જન્મ માટે ગર્ભમાં વસવાનો જ સમકિતીને ભય છે ચૌદ રાજલોકમાં એવું એક પણ સ્થાન કે પ્રદેશ નથી કે જેમાં જન્મ અને મરણ અનંતી વખત દરેકે કર્યા ન હોય સિદ્ધ-દશા (મોક્ષ) માં જ જન્મ મરણ નથી કાયાની કેદથી છૂટાય, કર્મની સત્તાથી છૂટાય એનુંજ નામ મોક્ષ જીવ પણીને કાયારૂપી પીંજરાની કેદ ન હોય એવી એક ગતિ, જાતિ કે યોનિ નથી માત્ર મોક્ષ જ જીવ માટે કેદ વગરનું સ્થાન છે મોક્ષ એટલે પોતાની કેવલજ્ઞાનાદિ ઋદ્ધિ સમૃદ્ધિ શાશ્વત્ ટકે એવું સ્થાન આજ સુધી અનંતા જીવો કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા છે, તે બધાના જ્ઞાનાદિ ગુણો સમાન જ હોય છે લેશ પણ ઘસારો ન થાય એવું સ્થાન એક મોક્ષજ છે કાયાની કેદ વગરનું, કર્મની મેનેજમેન્ટ વગરનું સ્થાન મોક્ષ જ છે ચક્રવર્તીને માથે મેનેજમેન્ટ બેને અને એ ચક્રવર્તીને પૈનાની ભાજી માટે કાલાવાલા કરવા પડે એ તેની કઈ દશા! તેમજ અનંત જ્ઞાનના માલીક આત્માને આજે સામાન્ય સ્પર્શ, રસાદિના જ્ઞાન માટે ઇંદ્રિયો તથા મનની મદદ ની જરૂર પડે એ કેવી દશા?, ભાજી માટે પૈસો એ તો ચક્રવર્તિની સમૃદ્ધિનો અસંખ્યાતમો ભાગ છે જ્યારે અહિં ઇંદ્રિયને અંગેનું જ્ઞાન તે તો આત્માના અનંતજ્ઞાનનો અનંતમો ભાગ છે સિદ્ધ દશાથી સંસારી દશા કેટલી હલકી છે કે તેને માટે પર્યાપ્તિ, ઇંદ્રિઓ વગેરે જોઈએ સ્પર્શેન્દ્રિયપણેજ એકલા સૂક્ષ્મ

એકેન્દ્રિયના જીવો પુદ્ગલો પરિણમાવી શકે છે આમ દરેક ભેદો જાતિય પર્યાપ્તિને અંગે જણાવ્યા છે, તે કઈ કઈ ઈન્દ્રિયપણે પરિણમાવે છે તે અંગે અત્રે વર્તમાન

દેશના-૪૭

આત્મપ્રદેશમાં કર્મ-પ્રવેશ શી રીતે થઈ શકે?

સંસારીની જેમ સિદ્ધો પણ કર્મના કોઠારમાં હોવા છતાં નિર્લેપ શી રીતે?

શ્રી ગણધર મહારાજાએ શાસનની સ્થાપના સમયે, ભવ્ય જીવોના હિતાર્થે શાસન પ્રવૃત્યર્થે રચેલી શ્રી દ્વાદશાંગીમાંના પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્રના આઠમા શતકનો પ્રથમ ઉદ્દેશ ચાલે છે, અને તેમાં પુદ્ગલ-પરિણામ એ વિષયનો અધિકાર આવે છે

જીવસ્વરૂપે સિદ્ધના જીવોમાં અને સંસારી જીવોમાં જરા પણ ફરક નથી જેવું સ્વરૂપ શ્રી સિદ્ધ ભગવન્તનું છે, તેવું સ્વરૂપ સૂક્ષ્મ એકેન્દ્રિયનું છે જે ભેદ છે તે પુદ્ગલને અંગે છે એક પુદ્ગલથી મુક્ત છે તે સિદ્ધ, એક છે પુદ્ગલ-સંગી, પુદ્ગલ-રંગી તે સંસારી ખાણના સોનામાં તથા લગડીના સોનામાં સોનારૂપે કશો ફેર નથી, પણ ખાણનું સોનું મેલું છે, અને લગડીનું સોનું ચોકખું છે સંસારી જીવો તમામ કર્મના મિશ્રણવાળા છે આત્માની આ સ્થિતિ જણાવવા અપાયલું સુવર્ણનું દૃષ્ટાન્ત એક દેશીય છે, પણ સર્વ દેશીય નથી માટીનો પરમાણુ સોનામાં મળી જતો નથી, માત્ર વળગેલો છે, સંયોગ સંબંધથી જોડાએલા છે, પ્રમાણને વધારનારો છે, પણ તન્મય નથી. જ્યારે આત્માને લાગેલું (વળગેલું) કર્મ આત્મ પ્રદેશથી જુદું નથી, પણ આત્માના પ્રદેશની અંદર, તેજ આકાશ પ્રદેશમાં છે એક ક્ષેત્રા વગાહરૂપે જે આકાશ પ્રદેશમાં આત્માના પ્રદેશો રહેલા છે તેજ આકાશ પ્રદેશમાં કર્મો રહેલા છે એ સમજાવવા બીજું દૃષ્ટાંત એ છે કે લાલ રંગના અજવાળા સાથે પીળા રંગનું અજવાળું આવે તો તે પીળા રજકણો લાલને વીંટાતા નથી, પણ પરસ્પર મળી જાય છે જ્યાં લાલ ત્યાંજ પીળું, અને પીળું ત્યાંજ લાલ, એટલે બેનો અવકાશ એકજ જગ્યાએ હોય છે તેમ આત્મનો તથા કર્મ પ્રદેશનો અવકાશ એકજ છે ક્ષીરનીરનું દૃષ્ટાન્ત પણ લઈ શકાય દૂધ તથા પાણી એકમેકમાં મળી જાય છે, એટલે દૂધના ભાગમાંજ પાણી ભળે છે દૂધમાં પાણી ભેળવતાં

પ્રમાણુતો વધે છે, તોલ વધે છે લોઢાનો ગોળો એવો કડણ છે કે તેમા સોય પણ ખોસી શકાની નથી, છતા તેને તપાવીએ ત્યારે તેમા અગ્નિના પુદ્ગલો કયા કયા પ્રવેશે છે તે વિચારી લ્યો આ રીતે આત્મ પ્રદેશોમા કર્મપ્રવેશ માની શકાય

કર્મના દરિયામા સસારી ડૂબ્યા છે, તેવી રીતે સિદ્ધો પણ ડૂબેલા કે ચમકતા નહિ, ઉતાવળા થતા નહિ, ભાવ સમજજો ચૌદ રાજલોકમા ડાબડીમા અજન માફક કર્મ વર્ગણા ભરેલી છે તેમા તમામ જીવો સસારી, તથા સિદ્ધોના જીવો રહેલા છે જ્યા સિદ્ધ જીવો કહોકે મુક્તાત્માઓ કહો રહેલા છે, ત્યા પણ પાચેય સૂક્ષ્મકાય રહેલા છે ત્યાજ તેજ આકાશમા કર્મ વર્ગણાઓ પણ પુષ્કળ રહેલી છે ત્યારે ફરક શો? એજ સમજવાનુ છે પાણીના વાસણમા લુગડુ નાખીએ, અને પૈસા કે ધાતુ નાખીએ, તો પાણીને ખેચશે કોણ? ગ્રહણ કરશે કોણ? લુગડુ પાણીથી ભીંજાશે, પણ પૈસો કાસાની ગોળી કે કોઈ પણ ધાતુને પાણીનો લેપ સરખો લાગશે નહિ લુગડાનો કકડો ભીંજાશે પણ ધાતુની તો એ હાલત હશે કે તેને પાણીમાથી બહાર કાઢી લુગડાથી લૂછો તો ભીંજાય નહિ સિદ્ધ ભગવન્તના આત્મામા આઠે કર્મમાથી એક પણ કર્મ, કર્મનો અશ પણ નથી, જેથી તેઓ એક પણ કર્મવર્ગણાને ગ્રહણ કરતા નથી કાસાની લખોટી પાણીમા જેમ કોરી રહે છે, તેમ સિદ્ધના જીવો કર્મના દરિયામા છતા કોરા રહે છે સસારી જીવો કર્મના યોગવાળા હોવાથી કર્મવર્ગણા ગ્રહણ કરે છે

જીવ કર્માધીન થયો શા માટે?

તર્કને છેડો ન હોય તર્ક (પ્રશ્ન) થશે કે ત્યારે જીવે કર્મ બાધ્યા શુ કરવા? અનત સામર્થ્ય ધરાવનાર જીવ કર્માધીન થયો શા માટે? મહાનુભાવ! અનત સામર્થ્ય પ્રગટ થયુ નથી એજ વાધો છે એ જો પ્રગટયુ હોત તો કર્મ બધાત જ નહિ જીવ જો મિથ્યાત્વ વગરનો હોત, અનત જ્ઞાન દર્શનમય હોત તો, તેને કર્મ વળગત જ નહિ સ્વરૂપે તે તેવો છે પણ સ્વરૂપ પ્રગટ થયુ નથી મિથ્યાત્વાદિનો યોગ હોવાથી કર્મનો વળગાડ ચાલુ છે, અને આ રીતે પરપરા ચાલે છે

પરસ્પર કાર્ય-કારણ ભાવ

તર્ક થશે કે પહેલા જીવ કે કર્મ? તર્કની સામે તર્ક યાને પ્રશ્ન સામે પ્રશ્ન થઈ શકે કે પ્રથમ બીજ કે અકુર? બીજ અને અકુરાની પરપરા અનાદિની છે જેમા પરસ્પર કાર્ય કારણ ભાવ હોય તેને અનાદિ માન્યા વિના છુટકો નહિ રાત્રિ પ્રથમ કે દિવસ? પ્રથમ કુકડી કે ઈંડુ? જે સ્વતત્ર નહિ પણ પરસ્પર કાર્ય કારણ રૂપ હોય તેની પરપરા અનાદિની માનવીજ પડે બીજ તથા અકુર સ્વતત્ર તથા પરસ્પર કાર્ય રૂપ પણ છે, કારણરૂપ છે,

માટે તેની પરંપરા અનાદિની મનાય તેજ રીતે જીવને અંગે જીવ તથા કર્મમાં પ્રથમ કોણ એ પ્રશ્નજ નથી, કારણ કે ત્યાં પણ પરસ્પર તેમજ સ્વતંત્ર કાર્ય કારણ ભાવ વિદ્યમાન હોવાથી અનાદિની પરંપરા રૂપે બન્ને છે જો જીવની ઉત્પત્તિ પંચભૂતથી માનીએ, તો જેટલી વખત અસંયમ (પુરુષસ્ત્રી સમાગમ) તેટલી વખત ગર્ભોત્પત્તિ હોવી જોઇએ બધી વખત કેમ નહિ? જ્યારે જીવ ઉત્પન્ન થાય ત્યારે શરીરપણે પુદ્ગલોને ગ્રહણ કરે છે અને પરિણમાવે છે પરસ્પર તથા સ્વતંત્ર કાર્યકારણ રૂપની પરંપરા અનાદિની માનવી પડે

પાપના પચ્ચક્ખાણ કરે તો જ પાપથી બચે

મિથ્યાત્વ, અવિરતિ, કષાય, તથા યોગ એ ચાર પરિણતિ કાર્યરૂપ તથા કારણરૂપ છે પહેલાના કર્મોના કાર્યરૂપ અને ભવિષ્યના કર્મોને અંગે કારણરૂપ છે અન્ય-મતાનુયાયિએ માં તથા જૈનમતાનુયાયીઓમાં અહિં જ મન્તવ્ય ભેદ છે જૈનેતરો એમ માને છે કે કરે તે ભોગવે એટલું જ માનવા જૈનો તૈયાર નથી, પણ જૈનો એને અધુરી માન્યતા કહે છે, અને આગળ વધીને કહે છે, કે કરે તે તો ભોગવે, પણ ન કરે છતાં જેને પાપના પચ્ચક્ખાણ ન હોય તે પણ ભોગવે, એટલે કે તેને પણ કર્મ લાગે જ છે દુનિયાનું દૃષ્ટાન્ત લ્યો એક જગાએ એક હજાર રૂપીઆ સાચવી મૂકો 'પછી લઈ જઈશ' એમ કહીને રાખો તો વ્યાજ મળે? અનામત રકમનું વ્યાજ મળતું નથી વ્યાજે રાખ્યા હોય તો વ્યાજ મળે છે અનામત રકમ તથા વ્યાજુ રકમમાં ફરક છે દુનિયાદારીમાં જો આ નિયમ માન્ય હોય તો આ માર્ગે અંગે પણ માન્ય હોવોજ જોઇએ શાસ્ત્રની વાત કબુલવામાં વાંધો શો?, પાપના પચ્ચક્ખાણ વિના, વિરતિનો લાભ ન મળે અવિરતિ ટાળ્યા વિના, અને અવિરતિથી દૂર રહેવાની કબુલાત કર્યા વિના, વિરતિનો સ્વીકાર કર્યા વિના ફળ મળે શી રીતે?

ચોર તે ચોર! તેમ પચ્ચક્ખાણ વગરનો તે પાપી જ ગણાય

જે પાપ નથી કરવું તેવા પાપના પણ પચ્ચક્ખાણ કેમ નથી કરવામાં આવતા? ચોર કાંઈ ચોરી કરવા આખો દિવસ ભટકતો હોતો નથી એ પણ ચોરી કરવાનો અનુકુલ વખત જુએ છે ત્યારે બાકીના વખતે એને શાહુકાર કહેવો? લાગ મળ્યા વિના કોઈ ચોર ખાતર પાડતો નથી, પણ તેથી ખાતર ન પાડવાના સમયમાં તે શાહુકાર તો ગણાતો જ નથી ચોર તે ચોર! ભલે તે ચોરી નથી કરતો પણ ચોરી કરવાનો લાગ તો તાકે છે ને? પચ્ચક્ખાણ ન કરનારની પણ એજ હાલત છે પાપ ન કરે એ ઠીક પણ પ્રસંગ પ્રાપ્ત થાય તો કરે કે નહિ? તરત કહીદે કે, 'મારે ક્યાં પચ્ચક્ખાણ છે?' આથી જૈન-દર્શનનું માનવું સમુચિત છે કે પાપના પચ્ચક્ખાણ ન કરે તેને કર્મ તો વગર વ્યાજે કરે છે પચ્ચક્ખાણ નહિ કરનાની પોલ રાખવી અને ફલ મળે એ શી રીતે બને? જૈન દર્શનની અને ઈતર દર્શનની માન્યતામાં આજ ભેદ છે

ભોગવટાને અંગે ચતુર્ભંગી


જૈન દર્શનકારની આને અંગે આ રીતે ચતુર્ભંગી છે અને તે ચાર ભાગા આ પ્રમાણે છે ૧ કરે તે ભોગવે ૨ કરે તે ન ભોગવે ૩ ન કરે તે ન ભોગવે ૪ ન કરે તે ભોગવે ન એ ચતુર્ભંગી સમજવાય છે જેઓ કરે તે ભોગવે આ તો સીધી વાત છે, પણ તે બધાને લાગુ છે 'કરે તે ન ભોગવે' એ શી રીતે? પ્રદેશી રાજાએ પંચેંદ્રિય જીવોની યાવત્ મનુષ્યોની હિંસા પ્રયત્ન હિંસા વાળા પાપ વાળાને જોયું જ નથી એના હાથો હંમેશા લોહીથી ખરડાયેલા જ રહેતા છતા આવા હિંસક ક્રિયાના પાપોથી નિરપેક્ષ તે દેવલોકે શી રીતે ગયો? કરેલા કર્મો શુભ ધર્મથી, તપથી ધ્યાનથી વિનયથી, વૈયાવચ્ચથી, પ્રતિક્રમણથી આલોચન નિંદન ગર્હાદિથી તૂટી શકે છે એક માણસને બીજાની ઠેસ વાગે ત્યારે આક્રોશ પણ થાય છે અને વિનયપૂર્વક ગમ ખાય જણ શાન્તિ પણ રાખી શકે છે ને! જેની ઠેસ વાગે તે માફી માગે છે અને તે શાન્ત પડી પાછા જાય છે, અરે ઉલટો જેને વાગ્યું હોય તે કહે છે 'ભાઈ! તમને તો વાગ્યું નથી ને!' આલોચનાદિ કરવાથી પ્રથમના પાપો પણ પલાયન થઈ જાય છે આથી 'કરે તે ભોગવે' ખરૂં પણ 'કરે તે ભોગવેજ' એવો નિયમ નથી ધર્મશી પનો ક્ષય થાય છે 'ન કરે તે ભોગવે' એ શી રીતે?, પોતે કરતો નથી પણ પાપ કરનારને વખાણે છે બીજો ન કરતા હોય તો તેને ઉશ્કેરે છે, સાધનો પૂરા પાડે છે તો તેને પણ ભોગવવું પડે 'કરનાર જ ભોગવે' એવો નિયમ નહિ પણ ન કરનાર પણ પાપના અનુમોદનથી, મદદથી, અને સાધન આપવાથી ભોગવે છે અવિરતિવાળો ભલે ન કરે, છતા તેને ભોગવવું પડે છે, અવિરતિના કારણે તે કર્મો બાંધે છે અને ભોગવે છે

ગુમડું તથા રસોળીના દૃષ્ટાંતો

તર્ક થશે કે જેમાં મન વચન કાયાનો યોગ-પ્રયોગ નથી, ત્યાં કર્મ કેમ વળગે? ગુમડું થયું એ વધે એવો વિચાર નથી, એવો વાણી વ્યવહાર નથી, એવો પ્રયત્ન નથી, છતા તે કેમ વધે છે? લોહીની અંદરનો વિકાર, વિના વિચારે, વિના ઉચ્ચારે વિના આચારે વિકૃત દશાને પામે છે અને વધે છે તેજ રીતે આત્માને વળગેલું અવિરતિ કર્મ વધે છે જેમ મિથ્યાત્વ કર્મ બંધનું કારણ છે, તેમ અવિરતિ પણ કર્મબંધનું કારણ છે આથી એમ નહિ કે 'કરે તેને કર્મ ન થાય' એ તો થાય એ વાત સ્પષ્ટ છે, પણ અવિરતિપણું હોય ત્યાં સુધી તો ન કરવા છતાય કર્મબંધન થાય જ છે આથી અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાનાવરણીય, તથા સંજ્વલનની ચોકડીનું સ્વરૂપ સમજી શકાશે

રસોળી શી રીતે વધે છે? એને વધવા કોઈ કહેતું નથી રસોળી કપાય નહિ ત્યાં સુધી, તે વધે તેવો આપણો વિચાર ઉચ્ચાર કે પ્રયત્ન ન હોય છતાય તે વધવાનીજ વિરતિ ન

થાય, ત્યા સુધી અપ્રત્યાખ્યાનીના કષાયો પુષ્ટ થવાના જ છે પાપકર્મ ન કરવાની વિધિ પૂર્વક પ્રતિજ્ઞા ન કરો, અર્થાત્ વિરતિ ન લો ત્યા સુધી કર્મથી બચી શકાતુ નથી અવિરતિનુ વર્તન તે કર્મ બધનુ કારણ છે જે આકાશ પ્રદેશમા કર્મ રહેલા છે, ત્યાના કર્મો આત્મ પ્રદેશોને વળગે છે મિથ્યાત્વ, અવિરતિ, કષાય તથા યોગ ખસ્યા વિના કર્મબધન અટકતુજ નથી શ્રી સિદ્ધભગવતોમા મિથ્યાત્વાદિ ચોકડી ન હોવાથી તેમને કર્મ વળગતા નથી સિદ્ધના જીવોમા તથા સસારી જીવોમા દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી ફરક નથી અસખ્યાત પ્રદેશી જીવ સિદ્ધનો કે સસારી, એક સ્વરૂપેજ છે અને એ બેમા ફરક ભાવસ્વરૂપે નથી શ્રી સિદ્ધભગવતો મિથ્યાત્વાદિ પરિણતિ વિનાના છે, અને સસારી જીવો તે ચોકડીવાળા છે, અને તેથી સસારી જીવો કર્મ બાધે છે હવે એકેન્દ્રિય થી પચેન્દ્રિય સુધીનો ફરક ઇન્દ્રિયના લીધે કેવી રીતે છે તે અગે અગ્રે વર્તમાન



દેશના-૪૮

પુદ્ગલ-પરિણામ

તમામ પર્યાપ્તિનો આરભ સાથેજ છે, અને પૂર્ણાહુતિ અનુક્રમે છે

બીજા કર્મોને પલટાવી શકાય છે, પણ આયુષ્ય કર્મનો પલટો થતો નથી

શ્રી ગણધર મહારાજાએ, શાસનની સ્થાપના સમયે, ભવ્યાત્માઓના ઉપકારાર્થે, શાસન પ્રવૃત્ત્યર્થે રચેલી દ્વાદશાગીમાના પચમાગ શ્રી ભગવતીજી સૂત્રના આઠમા શતકના પ્રથમ ઉદ્દેશામાનો પુદ્ગલ-પરિણમન અધિકાર ચાલુ છે

જીવોની એકેન્દ્રિયાદિ પાચ જાતિ છે ૧ એકેન્દ્રિય, ૨ બેઇન્દ્રિય ૩ તેઇન્દ્રિય ૪ ચૌરિન્દ્રિય, અને ૫ પચેન્દ્રિય જીવોએ તે તે જાતિમા પુદ્ગલો ગ્રહણ કર્યા, તેથી પાચ જાતિના જીવો તે તે અપેક્ષાએ ગણાયા. તેમા દરેકમા પર્યાપ્તા તથા અપર્યાપ્તા એવા બબ્બે ભેદ છે શક્તિ મેળવનારા વર્ગનો એક ભેદ, અને બીજો ભેદ, જેણે છએ શક્તિ (પર્યાપ્તિ) મેળવી છે તે, અને તેથીજ શાસ્ત્રકારો તેનેજ અપર્યાપ્તા તથા પર્યાપ્તા કહે છે આ બન્ને પ્રકારના જીવો દરેક ક્ષણે પુદ્ગલો ગ્રહણ કરે છે ખોરાક તથા હવાના ગ્રહણ કરેલા પુદ્ગલોને જેમ સાત ધાતુ તથા

આઠમા ભાગ તરીકે આપણે પરિણમાવીએ છીએ તેવી રીતે જીવ પણ જે કર્મવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે તે દરેક સમયે તેના સાત કે આઠ વિભાગ કરેજ છે સાત આઠ વિભાગ એમ કેમ કહ્યુ ? આ પ્રશ્નના જવાબમા જણાવવાનુ કે કર્મના સાત વિભાગ તો કાયમ હોય છે પણ આયુષ્યનો બંધ તો આખાભવમા એકજ વખત હોય છે ભવિષ્યની એકજ જિંદગી આયુષ્યભોગવનારી હોય માટે વર્તમાનની જિંદગી એક જ વખત આયુષ્ય બાંધે આ ભવમા જે આયુષ્ય બંધાય તે એકજ જાતનુ બંધાય આયુષ્ય અધ્યવસાય પ્રમાણે બંધાય, તેથી તેવા અધ્યવસાય (આયુષ્ય બંધાય તેનો) આત્માને એક વાર થાય બીજા કર્મો એક ગતિમા ભોગવાય છે, પરંતુ આયુષ્ય તો તેજ ગતિના ભોગવાય છે, પરંતુ આયુષ્ય બીજી ગતિમા ન ભોગવાય બંધાયેલાં પાપને શુભ પરિણામથી પુણ્યમા પલટાવાય છે ઝેરનો પ્યાલો પણ તે પ્રકારે કેળવવાથી ઔષધનો પ્યાલો બની જાય છે અફીણ તથા સોમલને દવામાં ઔષધ તરીકે વાપરવામા આવે છે નાળીએરનુ પાણી અમૃતરૂપ છે પણ તેમા કપુર ભળવાથી તેજ પાણી વિરૂપ બની જાય છે પાપ તથા પુણ્યના પુદ્ગલોનો ફેરફાર થઈ જાય છે, મતિજ્ઞાનાવરણીય હોય તે શ્રુતજ્ઞાનાવરણીય થઈ જાય છે શાતાવેદનીય અશાતામાં પલટાઈ જાય છે, અને ઉચ્ચગોત્ર-કર્મ નીચગોત્ર પણ બની જાય છે અરે ! તીર્થંકર નામકર્મ પણ પલટાઈ જાય છે

તીર્થંકર નામકર્મ પણ પલટાય

એક વખતે માળવામાં નવા દહેરા ઘણા હતા ત્યાં રહેતી જાતિઓના સમુદાયમા વિવાદ થયો કેટલાક ... ની ... વી દહેરાની સંભાળ લેવી વગેરેને કરવા લાયક કહે છે, અને કેટલાકો નહિ કરવા લાયક કહે છે કેટલાક કહે અત્યારનો ગૃહસ્થ વર્ગ આ દહેરા વગેરે સંભાળી શકે તેમ નથી માટે ત્યાગી ધર્મ સંસ્થાની જરૂર છે ધર્મ આત્માની સાક્ષીનો છે પણ સંસ્થાઓ ચાલતી હોય તો બાલ બચ્ચા જુવાન વૃદ્ધો દહેરે જવા વગેરેની પ્રણાલિકા ચાલુ રહે દેહરા ઉપાશ્રય જેવી સંસ્થા ચાલુ ન રહે તો બાલ બચ્ચાઓના ધર્મનુ આલંબન તૂટી જાય જીવ આલંબન વગર ... એક વર્ગ એમ કહે છે કે-'જીવોને આલંબન માટે, તીર્થની સ્થિરતા માટે, શાસનની વૃદ્ધિ માટે, દહેરાની પૂજા, રક્ષાદિ કરવાજ જોઈએ બીજા વર્ગે પોતાની દલીલો આગળ કરી વિરોધ કર્યો ખેંચાતાણી થવા લાગી, અને અમુક પ્રસિદ્ધ આચાર્યને નિર્ણયાર્થે બોલાવવાનુ ઠર્યુ

કમલપ્રભાચાર્યે જણાવ્યુ કે સાધુઓએ આ કરવા લાયક નથી, કારણ કે ધર્મ કરતા કર્મ વધી જાય છે એ વખતે કોઈક એમ વિનતિ કરી કે 'આપ વિચરના કરો તો આપ માટે એક દેહેરૂ બંધાવી દઉં' ત્યા બધા ગોરજીઓ પણ બેઠા છે અને બધા હાજીપતિ છે ત્યા કમલ પ્રભાચાર્યે વિના દાક્ષિણ્યે સ્પષ્ટ જણાવી દીધુ "યદ્યપિ શ્રી જિનેશ્વર દેવનુ દેવાલય બંધાવાય તે પુણ્યનુ કાર્ય છે, તથાપિ જો અમારે માટે બંધાવાય તો તે સાવદ્ય છે" દાક્ષિણ્ય રાખ્યા વિના સત્ય કહેવાથી તેમણે તે વખતે તીર્થંકર નામ બાંધ્યુ છે

એક દિવસ હર્ષથી વંદન કરતા કરતા જતનીએ તે આચાર્યના પગને સ્પર્શ કરી દીધો. આચાર્યશ્રીએ જ્યારે પ્રરૂપણામા એમ કહ્યુકે, તીર્થંકરો પણ સ્ત્રી સંઘટ્ટ કરે તો તીર્થંકરપણુ ચાલ્યુ જાય, ત્યારે એકે પ્રશ્ન કર્યો, કે 'પેલી જતની અડકી ગઈ તે શુ? ત્યા જો મરવાનાથી આચાર્યશ્રી પોતાનો અનુપયોગ જણાવે તો કાંઈ પણ વાંધો ન હતો, પણ એમ ન કહેતા 'જૈન શાસન તો સ્યાદ્વાદ છે,' એમ કહ્યુ, આથી બંધાયેલુ તીર્થંકર નામકર્મ વિખરાઈ ગયુ

સ્યાદ્વાદ એટલે ફેરકુદડી?

આજકાલ લોકો સ્યાદ્વાદનો અર્થ ફાવની 'ફેરકૂદડી' એવો કરે છે, પણ એમ નથી એક મનુષ્ય બાપની અપેક્ષાએ પુત્ર છે, પુત્રની અપેક્ષાએ પિતા છે, આનુ નામ સ્યાદ્વાદ છે જેની અપેક્ષાએ વસ્તુ જેવી હોય તેવી તે અપેક્ષાપૂર્વક બતાવવી તે સ્યાદ્વાદ આ રૂપુ આગળીમા વચલી, તે મોટીથી નાની અને નાનીથી મોટી છે એક આગળા મોટી જ છે એમ પણ નથી, નાની જ છે એમ પણ નથી સ્યાદ્વાદ એટલે સ્યાત્+વાદ એટલે અપેક્ષાએ વાદ પાપ બાંધેલુ હોય અને પાછળથી પુણ્યની પરિણતિ થાય તો તે બધુ-પાપ પુણ્યરૂપે પરિણમે અર્થાત્ પલટાઈ જાય પુણ્ય બાંધેલુ હોય અને પાછળથી પાપ પરિણતિ થાય તો તે બધુ પુણ્ય પાપમા પલટાય આયુષ્યના બંધમા એ નિયમ નથી નારકીનુ આયુષ્ય બાંધ્યુ હોય તો નરકે ગયેજ છૂટકો દેવતાનુ આયુષ્ય બાંધ્યુ હોય તો સ્વર્ગે જવુ જ પડે ઉત્તર પ્રકૃતિમા પણ માહોમાહે સંક્રમ નહિ દેવતાના આયુષ્યમાથી મનુષ્યનુ આયુષ્ય ન થાય બીજા કર્મોમા અરસપરસ પલટો થાય, પણ આયુષ્યકર્મમા પલટો થતો નથી આખા ભવમા આયુષ્ય એકજ વખત બંધાય, અને તે વખતે ગ્રહણ થયેલા પુદ્ગલોના આઠ વિભાગ પડે છે બાકીના વખતે સાત વિભાગ સમજવા સમયે સમયે જીવ કર્મપુદ્ગલો ગ્રહણ કરે છે

ઉકળતા પાણી માફક આત્મપ્રદેશો ફર્યાજ કરે

શરીરમા લોહી કેટલા વેગથી ફરે છે! જેવો વેગ તેવી વીજળી-ગરમી ઉષ્ણતા પેદા થાય હથેળીને ઘસવાથી ઉષ્ણતા આવી જાય છે આયુષ્ય જ્યા સુધી હોય ત્યા સુધી લોહીનુ ફરવુ થાય, અને લોહીનુ ફરવુ થાય ત્યા સુધી આત્મપ્રદેશનુ ફરવુ થાય છે લોહી તથા આત્મપ્રદેશો મળેલા છે લોહીની માફક આત્મપ્રદેશોને ફરતા માનવાજ પડે છે લોહીમા સ્વાભાવિક રહેલી વીજળી શક્તિ છે, અને તેથી પુદ્ગલોને પકડે એ સ્વાભાવિક છે બહારના પ્રદેશો વીજળીથી ખેંચાય તો પછી એનાથી આકાશપ્રદેશમા રહેલા પ્રદેશો ખેંચાય તેમા નવાઈ નથી કેવળ નાભિપ્રદેશના આઠ પ્રદેશ સ્થિર રહે છે, તે સિવાયના આત્મપ્રદેશો ઉકળતુ પાણી ખદબદે તેમ ઉંચા નીચા પ્રયાણ કરે છે

આહાર, શરીર ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ ભાષા અને મન એ છ શક્તિ જેણે મેળવી છે તે પર્યાપ્તા, અને એ છ શક્તિ મેળવના હોય તે અપર્યાપ્તા આ બને ભેદો તેવા તેવા પુદ્ગલો ગ્રહણ કરીને ઇન્દ્રિય રૂપે પરિણમાવે છે

જે ઔદારિક પુદ્ગલો મનુષ્યે ગ્રહણ કર્યા તે મનુષ્યો મનુષ્યપણે પરિણમાવે છે અને તેજ પુદ્ગલો જનાવર કે વૃક્ષ લે છે તો તે રૂપે પરિણમાવે છે

જીવ યોનિ ક ગર્ભસ્થાનમા આવ્યા પછી આહાર માટે અશક્ત કે અપર્યાપ્તો ગણાય નહિ વક્રગતિ સ્થાન વિના આહાર માટે અશક્ત કોઇ જીવ નથી ઉપજે ક તરતજ આહાર ગ્રહણ કરે ઉપજવાનો તથા આહારનો સમય જુદો નથી સ્થાનમા રહેવો જીવ અનાહારી હોતો જ નથી, પરતુ અનાહારી ત્રણ સમય શકિત પૂરી થવાનો સમય અતર્મુહુર્તનો પણ બધી પર્યાપ્તિનો આરભ તો સાથે જ છે આહાર, શરીર, ઇન્દ્રિય આદિ છએ પર્યાપ્તિનો આરભ સાથે હોવાથી ઇન્દ્રિય-પરિણમન માનેવુ જ છે અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયને પણ ઇન્દ્રિય-પરિણમન સ્વીકારેવુ જ છે હવે ઇંદ્રિય પરિણમ કઇ રીતે તે અને વર્તમાન-

દેશના-૪૯

સર્વજ્ઞના વચન વિના છ એ કાયમા જીવ માની શકાય એમ નથી
પ્રથમના કર્મોનો વિપાક બલવત્તર હોય ત્યા, સુધી પછીના કર્મોનો વિપાક પડયો રહે, પણ એનો સમય થયે તો ઉદયમા આવે જ!
સ્પર્શનેન્દ્રિય વ્યાપક છે, બીજી ઇન્દ્રિઓ વ્યાપ્ય છે

શ્રીગણધર મહારાજાએ, શાસનની સ્થાપના સમયે, ભવ્ય જીવોના હિતાર્થે, રચેલી દ્વાદશાગીમાના પચમાગ શ્રીભગવતીજી સૂત્રના આઠમ શતકના પ્રથમ ઉદ્દેશાનો પુદ્ગલ-પરિણામ નામનો અધિકાર ચાલુ છે જીવને પુદ્ગલો વળગેલા એ જણાવવાજ શાસ્ત્રકાર મહારાજા વારવાર એ વાકય તરફ અગુલિનિર્દેશ કરે છે, કે સ્વરૂપે તો સૂક્ષ્મ એકેન્દ્રિયના સમગ્ના જીવ તથા શ્રી સિદ્ધભગવતનો જીવ સમાન છે સસારી જીવો તથા મુકિતના જીવોના સ્વરૂપે ફરક નથી પણ જે ફરક છે તે પુદ્ગલને અગે છે સસારી જીવો તથા મુકિતના જીવો દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી, સમાન છે, પણ ભાવથી ભેદ છે કર્મ સયોગથી લેપાયેલા જીવો તે સસારી, અને કર્મ સયોગથી સદતર મુક્ત બનેલા જીવો તે સિદ્ધ

સસારી જીવોમા પણ એકેન્દ્રિયાદિ પાચ જાતિના પાચ ભેદ છે આપણે જન્મ્યા ત્યારે શરીર એક વેત ને ચાર આગળનુ હતુ, એમાથી પાચ પુરનુ કેમ થયુ ? આહારના પુદ્ગલોને પરિણમાવતા ગયા, અને શરીર મોટુ થતુ ગયુ એજ રીતે જીભ, કાન, નાક, તથા આખ પણ નાનાજ હતાને ! ત્યા પરિણમાવનાર પણ આ જીવજ છે ને ! શરીર તથા ઇન્દ્રિઓને મોટા કરવા કાઈ બીજુ આવે તેમ નથી શરીર, ઇન્દ્રિઓ, હાડકા, માસ, લોહી વધે છે તો ચોક્કસ તે શાથી ? કર્મના ઉદયથી, એટલે મનુષ્યગતિ નામ કર્મના ઉદયથી આ ઉપરથી એક વસ્તુ સિદ્ધ છે કે, આત્માનો ઉપયોગ હોય કે ન હોય, આવડત હોય કે ન હોય પણ પરિણામ પ્રમાણે કર્મો બધાય જ છે બધાયેલા કર્મોના ઉદય પ્રમાણે શરીરનુ બધારણ બનુ જ જાય છે જીવ કોઈ માથામા માને, છાતીમા માને, નાભિમા માને, પણ તેમ નથી એમ માનવુ ખોટુ છે જ્યા જ્યા સ્પર્શ ગ્રહણ કરવાની તાકાત, ત્યા ત્યા બધે

જીવ પ્રદેશો છે જીવ પ્રદેશ ન હોય તો સ્પર્શ જાણી ન શકાય પાકો નખ કપાય, અને કાચો નખ કપાય તેમા શુ ફરક નથી?, કાચો નખ કપાતા વેદના થશે જો કે બન્ને પ્રકારના નખો એકજ શરીરના અવયવો છે, છતા એકમા પીડા થાય અને એકમા પીડા ન થાય તેનુ કારણ શુ?, કારણ એજ છે કે પાકા નખ એ જીવના પ્રદેશથી છુટા પડેલા છે વાળને ખેંચવાથી ઉખેડવાથી શરીરને વેદના થાય છે, પણ કાપી નાખે તેમા કાંઇ વેદના થાય છે?, લોચમા જો કે વેદના છે, પણ તમે નાકના વાળ તોડો, અને તેની સાથે એ વેદનાની ગણત્રી કરો તો તે પ્રમાણમા વેદના નથી બાલ સાધુ શી રીતે લોચ કરાવતા હશે?, શુ શોખથી લોચ કરાવાય છે? લોચમા પણ કલાથી લોચ કરાય તેમા વેદના એટલી થતી નથી ઉપરનો વાળ ખીંચાતા વેદના નથી થતી, પણ અંદરનો એક જવ જેટલો વાળનો ભાગ ઉખેડાય તો પીડા થાય છે, કારણ કે ત્યા આત્મ પ્રદેશો વળગ્યા છે વધેલા ઉપરના વાળમા, પાકા નખમા આત્મ-પ્રદેશોને સબંધ નથી જીવ આખા શરીરમા વ્યાપીને રહેલો છે, માટે બધે જ વદના થાય છે, એને સ્પર્શની સાથે અસર થાય છે આથી જ શાસ્ત્રકારોએ સ્પર્શેન્દ્રિયને વ્યાપક ગણી છે, જ્યારે બીજી ચાર ઇન્દ્રિઓને વ્યાપ્ય ગણી છે રસના (જીભ) શરીરના અમુક ભાગમા, ઘ્રાણ શ્રોત્ર, ચક્ષુ અમુક ભાગમા જ્યારે સ્પર્શનેન્દ્રિય આખા શરીરમા વ્યાપક છે

વૈશેષિકો તથા નૈયાયિકો ચામડીના છેડે સ્પર્શનેન્દ્રિય માને છે, પણ તેમ હોય તો ગરમ કે ઠંડી વસ્તુની અસર છાતીમા કે પેટમા શી રીતે થાય? આખા શરીરમા સ્પર્શનેન્દ્રિય વ્યાપક છે, અને બાકીની ચારેય ઇન્દ્રિયો વ્યાપ્ય છે સ્પર્શ કયા ન જણાય? ઠામ કયા ન લાગે? રસના, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત વિનાના જીવો છે, પણ સ્પર્શનેન્દ્રિય વગરના જીવો જોયા? એકેન્દ્રિયથી માંડી તમામ જીવોના, પચેન્દ્રિય પર્યંત જીવ માત્રમા સ્પર્શનેન્દ્રિય વ્યાપક છે સ્પર્શનુ જોર બીજા જોરને હઠાવી દે છે તમે બીજી કોઇ પણ ઇન્દ્રિયના વિષયમા કે મનના વિષયમા લયલીન બન્યા હો, પણ એક કાંટો ભોંકાય તો! ત્યાનુ લક્ષ શરીરમા ખીંચાશે સ્પર્શનેઇન્દ્રિયનો વિષય પણ વિષયની બળવત્તરતાની અપેક્ષાએ બધાને બાધ કરે છે તેને કોઈ બાધક નથી સારામા સારી ગંધ મળે, સાભળવાનુ, ખાવાનુ, જોવાનુ સારામા સારૂ સાંપડ્યુ હોય, પણ તે વખતે કોઈ ડામ દે તો બીજા વિષયોને બાધ આવે ફોલ્લો થયો હોય, દાઝયા હોઈએ, તે વખતે રૂપ, રસ ગંધ કે શબ્દમા ચિત્ત દોરાતુ નથી, પણ બીજા વિષયો સ્પર્શને બાધ કરી શકતા નથી જીવ વિચારમા, તત્ત્વાર્થમા, નવતત્ત્વોમા પ્રથમ જીવના વિચારમા પહેલો ભેદ એકેન્દ્રિયનોજ લેવો પડે છે ક્રોડની સખ્યા સુધી પહોચો પણ ૧ (એક) એ સખ્યાનુ વ્યાપકપણુ બધેય છે, તેજ રીતે સ્પર્શનેન્દ્રિય સર્વત્ર વ્યાપક છે

સમકિતની વ્યાખ્યા

શ્રીસિધ્ધસેન-દિવાકરે સમ્યકત્વની વ્યાખ્યામા જણાવ્યુ છે કે 'છ એ જીવનિકાયની શ્રધ્ધા તે સમ્યકત્વ પૃથ્વી, અપ્, તેઉ, વાઉ વનસ્પતિ, ત્રસકાયને જીવપણે માનવુ તે સમ્યકત્વ'

છોકરો આખ ગોખતા ૫×૯=૪૫ બોલે તો શુ થાય? દશનો ફરક છે, ખોટુ છે

માટે આવેશ આવે છે! અહિં છોકરાને પૂછો કે 'જીવ કોને કહે?' અને તે કહે કે 'હાલે ચાલે તે જીવ' તો તમને કાંઈ થાય છે! ત્રસ વિનાના બીજામાં જૈનનું બાલક જીવ ન માને? જૈનોના બચ્ચામાં શું આ સંસ્કારો? હાલે ચાલે તે ત્રસ જીવ એમ કહેવાય

જીવતા જીવનું શરીર પણ શરીર, અને મડદું તે પણ શરીર તો કહેવાય, પણ એમાં જીવની હાજરી તથા ગેરહાજરીનો ફરક છે શરીર માત્ર જીવના જ કરાયેલા છે ચાંદી, પિત્તળ, સોનું, માટી, કથીર ગમે તે લ્યો પણ તે તમામ શરીરો જીવના જ છે આ ખ્યાલ શું મોટાઓને પણ આવ્યો છે? 'હાલે ચાલે તે જીવ' કહીએ તો સ્થાવરનો આખો જથ્થો ગેપ! સોયની શકુકારી અને ગાડીની ચાલી! મૂઠી ભર ત્રસને જીવો માનવા અને સ્થાવરના અનંતાનંત જીવોને ગણત્રીમાં જ ન લેવા?

શ્રીસિદ્ધસેનજી દિવાકર કહ્યું કે એ છ એ કાયમાં જીવો મનાય તોજ સાચી શ્રદ્ધા, તોજ સમ્યક્ત્વ મનાય પૃથ્વીકાય અપ્કાય, તેઉકાય, વાઉકાય, અને વનસ્પતિકાયમાં જીવ સર્વજ્ઞના વચન વિના મનાય તેમ નથી સર્વજ્ઞના વચનથીજ છએ કાયમાં જીવ મનાય, અને આ છએ કાયમાં જીવ મનાય તોજ શ્રદ્ધા, તોજ સમ્યક્ત્વ જે પુદ્ગલો ગ્રહણ કરવામાં આવે છે તેને એકેન્દ્રિય જીવ તે રૂપે પરિણમાવે છે જે જલને વૃક્ષ, વૃક્ષરૂપે પરિણમાવે છે તેજ જલને મનુષ્ય મનુષ્ય રૂપે પરિણમાવે છે જીવ કર્મોદયાનુસાર પુદ્ગલો ગ્રહણ કરે છે આંધળો ખનખાન [illegible] ચક્ષુદર્શનાવરણીય કર્મોદયે, નિર્માણ નામ કર્મના અભાવથી તે ખાનમાં [illegible] પરિણમાવી શકતો નથી

નાનપણમાં વાગ્યું જુવાનીમાં ન જણાય પણ ઘડપણમાં તો સાલેજ!

ગ્રહણ કરાયેલ [illegible] લાથી, પરિણામાનુસાર પરિણતિ થાય છે મન, વચન, કાયાના યોગે જેના [illegible] તેનું પરિણમન થાય છે મિથ્યાત્વ અવિરતિ, કષાય, અને યોગ આ ચારને [illegible] હોય તેના પુદ્ગલોને જીવ પરિણમાવે છે જ્યારે તે કર્મો ઉદયમાં આવે ત્યારે ભોગવવા પડે છે દુનિયામાં કાંધાની રકમ પ્રમાણે મુદત હોય છે પાંચ હજારનું લેણું હોય તેમાં મહિને બબ્બે રૂપીઆ કાંધું કરો ખરા? પચીશનું પણ કાંધું સોનું પાંચ [illegible] હજારનું પણ કાંધું કાંધા કાંધામાં ફરક તો ખરોને! ભારે કર્મનું આંતરૂ પણ ભારે હોય એક કોડાકોડી સાગરોપમે સો વર્ષનું આંતરૂ હોય એક માણસને નાનપણમાં વાગ્યું પછી મટી ગયું જુવાનીમાં ન જણાયું અને ઘડપણમાં પાછું કળતર થવાથી દુખવા માંડ્યું, શાથી? દેખાવમાં સોજો વગેરે કાંઈ નથી કે જેથી વૈદ્ય કાંઈ અનુમાન કરે એકજ વાતનું અનુમાન થય છે કે નાનપણમાં વાગ્યું હોય તે જુવાની વખતે જુવાનીના લોહીના જોરમાં ન જણાયું પણ વૃદ્ધાવસ્થામાં જણાયું આજ દાખલો ધ્યાનમાં લઈને વિચારી લ્યો કે પ્રથમના બંધાયેના કર્મોનો વિપાક અનન્તર હોય તે વખતે પછીના બંધાયેના કર્મોના વિપાકનું જોર ક્યાંથી ચાલે?, એ કર્મો પણ પછી ઉદયમાં તો આવવાના જ અને ભોગવવા પડવાના જ છે આ રીતે પુદ્ગલપરિણામને વિચારીને, અને પરિશીલન કરીને આત્મકલ્યાણના માર્ગે જેઓ જોડાશે તેઓ આ ભવ પરભવમાં ઉત્તરોઉત્તર સારા સંયોગાદિ પામીને પરમપદના ભોક્તા બનશે

નારકી ગતિ અને તેના દુઃખો.

લેખક.—પં શ્રી હેમસાગરજી

અનંત જ્ઞાની વીતરાગ પરમાત્માએ આ સંસારને ચાર ગતિ સ્વરૂપ જણાવતા પ્રથમ નારકી ગતિ જણાવે છે. બીજી ગતિઓ તિર્યંચ, મનુષ્ય અને દેવના રૂપ ત્રણ ગતિ તો પ્રત્યક્ષ છે જ્યોતિષ મંડળ સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારાઓ સાક્ષાત્ દેખાય છે તેમજ ભગવંતના સમોસરણમાં પણ દેવતાઓ આવે છે તેથી પ્રત્યક્ષ પણ આપણે જોઈ કે જાણી શકીએ છીએ પરંતુ નારકી સંબંધી શ્રદ્ધા માન્યતા પરોક્ષ અનુમાન અને આગમ પ્રમાણ સિવાય કર્યા સિવાય છુટકો નથી યુક્તિથી વિચાર કરીએ તો જે કંઇ પણ શુભાશુભ કર્મ આ જીવ કરે છે, તેનું ઓછામાં ઓછું ૧૦ ગણું ફળ તો દરેક જીવને અનુભવવું પડેજ અને ૯૯ આપણું મગજ કામ ન કરે તેવું અનંતગણું ફળ પણ ભોગવવુજ પડે હવે વિચારો કે જગતમાં પણ એક ગુનેગાર પુરવાર થયો. તેને સજા તેના આયુષ્યના ભોગવવા દરમ્યાનજ ભોગવવાની હોય સજાની મુદ્દત પુરી થયા પહેલા જો ગુનેગાર મરણ પામે તો રાજ્ય સત્તાની સજા અધુરી રહી, પણ કર્મસત્તાની સજા કદાપિ અધુરી રહેતીજ નથી કર્મસત્તાની સજા તો ચાહે ત્યાં આ જીવ હોય ત્યાં વહેલી કે મોડી ગમે તે પ્રકારે ભોગવ્યા સિવાય છટકોજ નથી તેમાં ચાહે તેવો પરાક્રમી, પુન્યશાળી તીર્થંકર ચક્રવર્તી કે વાસુદેવ હોય, તો પણ તેમાથી બાકાત રહી શકતા નથી

એક મનુષ્ય અહીં એવું પાપ કર્મ કરે છે, જેથી અનેક જીવોનો એકી સાથે સંહાર અનેક જીવોને ત્રાસ-દુઃખ થાય છે, એટલુંજ નહિં પરંતુ વર્તમાન કાળમાં અણુબોંબના શોધકની વિચારણા કરીએ, તો એ શોધકની શોધ જ્યાં સુધી પૃથ્વીપર અસ્તિત્વ રહેશે, ત્યાં સુધી તે બોંબ દ્વારા ભવિષ્યકાળમાં અનેક જીવોનો સંહાર ત્રાસ આદિ હૃદયને કમકમાટી ઉપજાવનાર ઉપદ્રવો થવાના તે તમામ આત્માઓને જે ભય, દુઃખ, ત્રાસ ઉપદ્રવો થશે તેનું મૂળ કારણ મૂળ શોધકજ ગણાશે હવે અહીં એ વિચારવાની જરૂર છે કે રાજ્યસત્તા એક વખતના ખુનની સજા વધારે તો કરી શકતી નથી રાજ્ય સત્તાની તાકાત નથી માટે તેવીજ રીતે વધારે ખુન કરનાર ગુનેગારને પણ એક વખતજ ફાંસીની સજા કરે કેમકે ત્યાં રાજ્ય-સત્તાની વધારે સજા કરવાની તાકાત નથી હવે ગુનેગાર કદી ચોરી પ્રપંચાદિથી રાજના ગુનાથી છટકી પણ જાય, અગર વકીલ બેરીસ્ટરોની બુધ્ધિથી નિર્ગુનેગાર જાહેર થાય, તો પણ કર્મ સત્તાની સજાથી કોઇપણ ભલભલો પરાક્રમી કે સત્તાશાળી બચી શકતો નથી હવે એક જીંદગીમાં અનેકના ખુન કર્યા, અનેક જીવોને ત્રાસ ઉપદ્રવ ભયભીત બનાવ્યા તે ગુનાની શિક્ષા ગુના કરતા અનેકગણી ભોગવવાનું સ્થાન એક એવું માનવું પડશે, કે જ્યાં

મરણાધિક દુઃખ અનેક વખત અનુભવવુ પડે અને આયુષ્ય પણ એવુ ત્યાનુ લાબુ માનવું પડે, કે જેથી તમામ શિક્ષાઓ ત્યા પુરી કરી શકાય એવી જ રીતે શુભ કર્મનુ ફળ પણ ઉત્તમ અને દીર્ઘકાળ સુધી ભોગવાય તેવા સ્થાનો પણ સાથે સાથે માનવાજ પડે તેવા સ્થાનો દેવલોકના છે

હવે પ્રસ્તુત આપણો અધિકાર નારકી વિભાગ સબધી હોવાથી આગળ ચાલીએ દરેક મતના શાસ્ત્રોમા નારકી તો મનાયેલીજ છે તેમા સર્વજ્ઞ ભગવતોએ યથાર્થ નારકીનુ સ્વરૂપ જણાવેલ છે તે સબધી શાસ્ત્રોમા ક્યા ક્યા શુ શુ વર્ણન જણાવેલુ છે તે જેટલુ જેટલુ જ્યાથી જાણવા મળેલુ છે તેનો ટુકો આછો મારી બુદ્ધિ અનુસાર પરિચય આપવા પ્રયત્ન કરીશ

नारकदेवानामुपपात त रा (अ २ सू ३५) नारकसंमूर्छिनो नपुसकानि (२–५०)

नारकणा च द्वितीयादिषु (४-३४) बह्वारंभपरिग्रहत्व च नारकस्यायुष (६–१६)

ઉપરોક્ત તત્ત્વાર્થ સૂત્રોમા જણાવ્યા પ્રમાણે ઘણી જગો પર નારક શબ્દ આવે છે

હવે નરક શબ્દના નિક્ષેપા વિચારીએ, નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, એમ છ નિક્ષેપા જણાવ્યા છે નામ સ્થાપના તેમજ દ્રવ્યના કેટલાક નિક્ષેપા ચાલુ પ્રકરણમા તેટલા ઉપયોગી ન હોવાથી ઉપેક્ષા કરી, જરૂરી માત્રનો વિચાર કરીએ, દ્રવ્યનારક તેને કહેવાય કે અહીં મનુષ્યગતિ કે તિર્યંચગતિના જે આત્માઓ નરકગતિમા અનુભવવા પડે તેવા દુઃખના કારણભૂત પાપકર્મ બાધે છે અહીંથી મરીને જેઓ કાલસૌકરિક કાળીઓ કસાઈ સુભૂમ બ્રહ્મદત્ત ચક્રવર્તિ વિગેરે મરીને નરકે જવાના તે દ્રવ્ય નારકો કહેવાય અથવા તો અહીંજ એવી જેલો કે નિવાસ સ્થાનો એવા હોય કે જ્યા રહેનારાઓને ભય, દુઃખ, ત્રાસ ઉપદ્રવો ઘણા વડવા પડતા હોય તે પણ દ્રવ્ય નારકો ગણાય છે

ક્ષેત્રથી કેડે હાથ રાખી વૈશાખ સસ્થાને ઉભા રહેલા પુરૂષાકૃતિ સમાન ૧૪ રાજ લોકમા તિર્છાલોકની નીચેના ભાગમા નીચે નીચે પહોળી એવી સાત નારકીઓ છે તેમજ કાલ મહાકાલ રૌરવ મહારૌરવ અપ્રતિષ્ઠાનાદિ નામના ૮૪ લાખ પ્રમાણ નરકાવાસાઓ છે

કાલ નરક તેને કહેવાય કે જે નારકીની જેટલી સ્થિતિ (આયુષ્ય કાળ) હોય ભાવ નરક જેઓ નારકીનુ આયુષ્ય ભોગવી રહ્યા છે તેમજ નારકીના દુઃખો અનુભવી રહ્યા છે કહેવાની મતલબ એ કે નારકીમા રહેલા જીવો નારકીનુ આયુષ્ય અને અશાતા વેદનીય આદિ કર્મોના ઉદયથી ભોગવતા દુઃખો અશાતાએ ભોગવે તે બન્ને ભાવ નારક ગણી શકાય

ત્યા વેદના કેવા પ્રકારની હોય તે વેદનાનુ યથાર્થ સ્વરૂપ તો અહીં તેવી ઉપમા આપવા લાયક પદાર્થો ન હોવાથી કેવળજ્ઞાનીઓ પણ સમજાવી ન શકે છતા દેવતાઓ પણ જે વેદનાનો પ્રતિકાર (શાન્ત કરવાનો ઉપાય) કરી શકતા નથી [illegible]

ઉષ્ણ વેદના ઉત્પન્ન કરનાર નિરૂપમ એકાંત અશુભ સ્પર્શ, રસ, રૂપ અને ગંધવાળી પૃથ્વી હોય છે પહેલી ત્રણ નારકીમા ૧૫ પરમાધામીએ કરેલી મોગર, તલવાર, ભાલા, કરવત, કુંભિપાકાદિકથી વધતી વેદના અનુભવે છે પોતે કરેલ પાપના પૂજો શરણ રહિતપણે લાબા કાળ સુધી ભોગવે છે બાકીની ચાર નારકીમા પરમાધામી ન હોય તો પણ તે ક્ષેત્રના પ્રભાવથી તથા માહોમાહે મારામારી કરી તીવ્ર વેદના અનુભવે છે

અમ્બ નામના પરમાધામિક દેવતા પોતાના ભવનમાથી ક્રીડા કરવા માટે નારકીમા જઈને શરણ વગરના એવા નારકી જીવોને કુતરાની માફક શૂલ ખીલા વીગેરેના પ્રહાર કરી દોડાવે છે અનાથ બિચારાને ઘાચીના બળદ માફક ભમાવે છે આકાશમા ઉંચો ફેંકીને નીચે પાડે છે, પડ્યા પછી ઉપર ઘણના માર મારે છે, ભાલાની તીક્ષ્ણ અણીથી વીંધે છે સાડસાથી સજ્જડ પકડીને ઉંધા મુખે નીચે પાડે છે વળી તલવાર ભાલાથી અતિશય હણેલા મુર્છા પામેલાને કરવત વડે ચીરે છે અને શરીરના નાના ટુકડાઓ કરી નાખે છે

વળી શ્યામ નામના પરમાધામી દેવતાઓ ક્રુર પાપકર્મ કરનારા શરીરના અંગો ઉપાંગોનુ છેદન, વજ્રની કઠીન ભૂમિવાળા ઉડા કુવામા ફેકવુ, શૂલીથી વીંધવુ, સોયથી નાસિકા કાનનુ વીંધવુ, તેમજ મજબૂત દોરડા સાકળથી બાધવુ, તથા તેવા પ્રકારની નેતરની સોટીના પ્રહારો કરવા વડે કરીને માર મારવા અફાળવા, વીંધવા, બાધવા આદિક ઘણા પ્રકારની કદર્થના કરે છે વળી શમલ નામના પરમાધામી (જલ્લાદો) ક્રોડાપરિણામવાળા ગાઢ હાસ્ય-મોહનીય કર્મના ઉદયથી કુતુહલપ્રિય દેવતાઓ નિરાશ્રિત નારકીઓને હેરાનગતિ કેવી રીતે કરે છે તે બતાવે છે આંતરડામા રહેલા તથા હૃદયમા રહેલા માસખંડનો પેટમા રહેલા આતરડાને બહાર ખેચી કાઢે છે અનેક પ્રકારની યાતનાઓ કરીને તીવ્ર વેદના ઉપજાવે છે વળી રૌદ્ર નામને સાર્થક કરતા એવા નરકપાલો રૌદ્રકર્મી અશુભ કર્મના ઉદયવાળા નારકી જીવોને તરવાર ભાલા છરી બરછી શરીરમા ભોકી દે છે તેમજ ઉપરૂદ્ર નામના પરમાધામીઓ નારકીજીવોના હાથ પગ મસ્તક સાથળો મરડી નાખે છે તેમજ કરવતથી વ્હેરી નાખે છે કાંઈ પણ દુખ આપવાનુ બાકી રાખતા નથી વળી કાળ નામના જલ્લાદ દેવતાઓ લાબી ભઠ્ઠીઓ અગ્નિથી ભરેલી સગડીઓ ચૂલાઓ તેમજ લુહારની લોહ તપાવવાની કોઠમા સખત તાપમા શેકે છે તેમજ લોઢાના મોટા તવામા નાખી જીવતા માછલાને ધાણી ચણા માફક ભુજે, તેમ નારકોને ભુજે છે-રાધે છે તેમજ મહાકાલ નામના પરમાધામીઓ ઝીણા ઝીણા માસના ટુકડા કરી કદર્થના કરે છે પીઠના માંસને છેદે છે તેમજ પૂર્વભવમા માસ ખાનારા એવા નારકોને પોતાના શરીરમાથી માસ કાપી પરાણે ખવરાવે છે વળી અસિ નામના પરમાધામીઓ હાથ પગ છાતી બાહુ મસ્તક પડખા વિગેરેના અંગ ઉપાગના ભાગને છેદે છે અને અતિશય દુખ ઉત્પન્ન કરે છે વળી અસિપ્રધાન પત્રધનુ નામના નરકપાલો બીભત્સ તલવારની ધાર સરખા પાદડાવાળા વૃક્ષોનુ વન તૈયાર કરી, ત્યા છાયા માટે રાકડા નારકીના જીવો આવે એટલે ઉપરથી પ્રચંડ વાયરાના જોસથી પાદડા પડવાની સાથે શરીર ચીરાઈ જાય છે, તેમજ

કાન હોઠ નાક હાથ પગ દાત સ્તન ગુ ા સાથળ વિગેરેનુ છેદન ભેદન કરી નાખે છે વળી કુભિ નામના નરકપાળો લોઢાની સાકડા મુખવાળી કુભિઓમા તેમજ લોઢાના કડાયામા અને લોઢી ઉપર નારકોને નાખી નાખે છે તેમજ તાલુમ નામના પરમાધામીઓ અશરણ એવા નારકોને તપેલી રેતીથી ભરેલા ભાજનમા નાખી ચણા તડનડ ભુજાય તેમ ભુજે છે સડક બનાવવા માટે ગણીયાની કાકરેટ જેવી કાકરી હોય તેના ઉપર આકાશમા ઉછાળી પટકાવે

વળી વૈતરણી નામના નરકપાલો વૈતરણી નદી તૈયાર કરે નદીમા પરૂ લોહી વાળ હાડકા વહેતા હોવાથી, ભયકર અને કલકલ કરતા જળ પ્રવાહમા વળી ખારૂ ઉન્હુ પાણી હોવાથી બિભત્સ દેખાવવાળી વતરણી નદીમા નારકોને વહેવરાવે છે ખરસ્વર નામના પરમાધામીઓ શકડા નારકી જીવોને કરવત વડે તેમજ વાસલાથી પરશુથી કુહાડીથી ચીરવુ વેરવુ કાપવુ છોલવુ ઇત્યાદિક દ્વારા ગાઢ વેદનાઓ આપે છે વળી વજ્રમય ભીષણ કાટાવાળા શાલ્મલી વૃક્ષ ઉપર રોકકળ કરી રહ્યા હોય તેમ ચઢાવે ઉતારે, વળી ઉપરથી કાટાથી છોલાતા શરીરે નીચે ખેચી કાઢે મહાઘોષ નામના લોકપાળો ભવનપતિ દેવલોકના સુરાધમો જેમ સિંહનો શબ્દ સાભળી નાસ ભાગ કરતા મૃગલાઓ દોડી જતા હોય, તેને પીડા ઉપજાવવા માટે ચારે બાજુથી ઘેરી લઈ, પકડી પાડી, વધસ્થાને લઇ જવામા આવે, તેમ નારકીઓને પણ આ દેવતાઓ વધસ્થાન તરફ ધમડી જાય છે

જે કોઇ મનુષ્યો જીવોના સહાર આરભ સમારભ થાય તેવા કારખાનાઓ ચલાવે, મોટા યુદ્ધો લડે, મહા પરિગ્રહ સઘરે પચેન્દ્રિય જીવનો વધ કરે, માસ ભક્ષણ કરે, એવીજ મહા પાપવાળી ક્રિયા કરે ઉત્કૃષ્ટ રાગ દ્વેષ કરનાર, અસયમ પૂર્વકનુ જીવન નભાવનાર, પાપ કર્મના કારણભૂત ક્રિયાઓ આચરનાર, જીવોને ભયોત્પાદક હિંસા જુઠ મોટી ચોરી આદિ મહાપાપ કર્મ કરનાર, આત્માઓ તીવ્ર પાપના ઉદયવાળા અત્યત ભયાનક અતિશય અધકારમય જ્યા આગળ આખથી તો કાઈ દેખી શકાયજ નહિં, માત્ર અવધિ કે વિભગ જ્ઞાનથી ઘુવડ દીવસે જેમ અતિમદ મદ દેખે, તેમ દેખી શકે તે પણ પરિમિત ક્ષેત્ર જાણે અને દેખે, એવી નારકીમા ઉપરોકત પાપાચરણ કરનાર ઉપજે છે ભોગોને ન છોડનાર આત્મા ખેરના અગારાના અગ્નિ કરતા અનતગુણ આકરા તાપવાળી નારકીમા અનેક પ્રકારની વિડબના ભોગવે છે પરમાધામીઓ નારકજીવોની છાતી ઉપર ચડીને લોહીની ઉલટીઓ કરાવે છે તેમજ કરવતથી શરીરના બે ટુકડા કરી નાખે છે ઘાણીમા ઘાલીને તલ માફક પીલીને આતરડા બહાર કાઢે છે તે વખતે અતિશય આક્રદનના શબ્દોથી દિશામડળ પણ પુરાઇ જાય છે હાડકાનો સમુહ ઉચો ઉછળે છે ન સાભળી શકાય તેવા શબ્દો કરતી ગાઢ અધકાર અતિ દુર્ગધી તેમજ ભેદાયેલા હાથ પગથી મિશ્રિત રૂધિર ચરબી છે જેમા, એવા દુર્ગધ પ્રવાહવાળી નદીમા વહેવડાવે છે નિર્દયતા પૂર્વક ગીધોની ચાચથી પીડા પમાડે છે તપેલા દૃઢ સાણસાથી પકડીને જીભ બહાર ખેચી કાઢે છે કેટલાકને ઉધે મસ્તકે ઉચે લટકાવી નીચે અગ્નિ સળગાવે છે તીક્ષ્ણ અકુરાની અણી જેવા કાટાવાળા વૃક્ષો ઉપર ચડાવી ઉતારી જર્જરિત અને ઉજરડા-

વાળુ શરીર બનાવી તેમજ કાંટાની શય્યામા સુવાડીને ઉપરથી હથોડાના માર મારે છે આંખના પલકારા જેટલુ પણ જ્યા સુખ દુર્લભ છે

જુદા જુદા પ્રાણીઓના વધ કરનારા જુઠુ બોલનારા અને પાપાચરણ કરનારા આત્માઓ ભયંકર નારકીમા જપલાય છે કેટલાક પીડા અધમાધમ આત્માઓ પ્રાણીઓને વધ કરે અને વળી ધર્મશાસ્ત્રોના નામે હિંસામા ધર્મ મનાવે કહે છે કે 'વેદમા કહેલી હિંસા હિંસા જ નથી વળી રાજાને શિકાર કરવા રૂપ વિનોદ ક્રિયા તે તો રાજાનો ધર્મ છે' અથવા વેદમા કહ્યુ છે કે—"માંસના ભક્ષણ કરવામા તથા મદિરાપાન કરવામા વળી સ્ત્રીસભોગ કરવામા કશો બાધ નથી કારણ કે પ્રાણીઓની તે પ્રવૃત્તિઓ છે કોઈ નિવૃત્તિ-વિરતિ કરે તો મહાફળ મળે" આવી વગર સમજણની વેદની પંકતિઓ આગળ કરી વાદપ્રકૃતિના જીવોને મદિરાપાન કરાવી વધી કરડાવી હેરાનગતિમા મૂકી દે છે કુરસિંહ અને કાગાનાગ માફક સ્વભાવથીજ હિંસા કરનારો કદાપી પણ ક્રોધાગ્નિથી બળતો શાંત થતો નથી વળી પારધી શીકારી મચ્છી પકડનારાઓ તેમજ રાત દીવસ વધ-જીવ હિંસા પરિણતિવાળા કુઆત્માઓ અત ભે અધ કારમય દુગધી યાતનાવાળા નર્ક સ્થાનમા ઉધે મસ્તકે પડે છે તિર્યંચ અને મનુષ્ય ભવમાથી મરી નારકીમા ઉત્પન્ન થયેલ જીવો, અતર્મુહૂર્ત કાળમા રોમ વગરના પક્ષી જેવુ શરીર ઉત્પન્ન કરે છે પર્યાપ્તિ પુર્ણ થયા બાદ અતિભયાનક પરમાધામીઓએ કરેલા શબ્દો સાભળે છે 'અરે મોગરથી હણી નાખો! તલવારથી છેદી નાખો! આવાઓ શેકો! અગ્નિથી બાળો' આવા ભયાનક સાભળવાથી પણ ત્રાસ થાય તેવા શબ્દો કરીને ભયભ્રાન્ત બનેલા ચેતન્યહીન મુઝાઇ ગયેલા, જેમ સિંહનો નાદ સાભળી હરણીયા ભય ભ્રાન્ત બને, તેમ હવે નિરાધાર અશરણ એવા આપણે કોનો આશરો કરીએ? એમ વિચારતા વિચારતા ચારે દિશામા નાશી જવા પ્રયત્ન કરે છે પણ જ્યા જાય ત્યા દુઃખ આગળ ઉભેલુ છે ભડકાવાળો એરનો અગ્નિ હોય તેની અદર લાલચોળ જગજગતા અગારા હોય તેની સરખી તપેલી ભૂમીના એ નારકીના જીવોને પરાણે ચાલવુ પડે છે પછી દીનતાથી આક્રંદન કરે છે (નારકીમા બાદર અગ્નિકાય હોતો નથી તેથી જ્યા અગ્નિ શબ્દ વાપર્યો હોય ત્યા અગ્નિની જેવી ઉપમાવાળી વેદના સમજવી) આ તો માત્ર દીગ્દર્શન કરાવેલ છે નહીંતર નારકીની ઉષ્ણવેદના અહીંના અગ્નિ સાથે સરખાવી શકાય નહિ ત્યાની અને અહીંની ઉષ્ણ વેદનામા મેરૂ ને સરસવ, સમુદ્ર ને બિન્દુ જેવો આતરો છે -મડા નગરના દાહાધિક તાપથી દાઝના મોટી બુમો પાડતા નારકીના અદર ઘણા લાગાકાળ સુધી તીવ્રવેદના ભોગવે છે ઉત્કૃષ્ટથી સાગરોપમ અને ઓછામા ઓછા દશ હજાર વર્ષસુધીનુ નારકીનુ આયુષ્ય હોય છે ખારવાળુ ઉનુ લોહી અને પરૂ જેવુ દેખાતુ, ઉદર બીલાડી અને સર્પના કલેવર જેવી દુર્ગંધીવાળુ, તેમજ અસ્ત્રાની ધાર જેવુ તીક્ષ્ણ સ્પર્શવાળુ પાણી જેમા વહી રહેલ છે વૈતરણી નદીમા અગારાવાળી તપેલી ભૂમિ છોડીને તૃષિત થએલા નારકીઓ પાણી પીવા તથા ગરમીની શાતિ માટે જાય છે પરંતુ ત્યા પણ અધિક વેદના ઉત્પન્ન થાય છે આવુ ચાબુક પરોણી મારીને વૈતરણી તરાવે

છે ઉકળતા દુર્ગંધી ખારા પાણીમાંથી [illegible] તપેલા લાગા [illegible] ખીલા શરીરમાં પેસી જાય તેવી નાવડીમાં પર [illegible] બેસાડીને ગળામાં ખીલા ઠોકે છે કેટલાક પર માધામીઓ નારકીના ગળામાં મોટી [illegible] શીલા બાંધીને દુર્ગંધી પાણીમાં ડુબાડી દે છે વળી વૈતરણી નદીમાંથી [illegible] પાડેલી છુરી ધારવાળા અણીયાળી કાચના ભુકા સમાન રેતી સાથે તાવડામાં [illegible] ભુંજે છે, તેમજ [illegible] માંસ કાપી એયામાં પરોવીને અગ્નિમાં પકાવે છે [illegible] કરનારા મોમાં જીવના કીડા ભરે છે

નારકીમાં સૂરનુ [illegible] હેતુ જ નથી હોય [illegible] હોય છે જેમ એક ભેંસને મજબૂત લોઢાની [illegible] તેમજ ગળે બાંધીને ઉભી રાખી હોય અને ચારે દિશામાં ધુમાડો [illegible] અને મોં પાસે ની [illegible] તરસ્યા અને ગરમ મસાલાનુ ઉકળતા પાણીનુ [illegible] હોય, તરસ લાગે ત્યારે આગળ મુકેલુ ખારૂ પાણી પીએ એટલે [illegible] ના, [illegible] ના થાય ત્યાંથી નાસી શકાય નહિ [illegible] નથી [illegible] વેદના ભોગવી રહે તેમ નારકીના જીવોને પણ પરમાધામીઓ [illegible] સખ્ખી વેદના [illegible] ને ત્યાંથી ખસી ન શકે તે માટે એને [illegible] અને ખારા ઉકળતા પાણી [illegible] ક્રુરકર્મી દયા વગરના પરમાધામીઓ [illegible] નારકીના જીવોના શરીર [illegible] છે, છોલે છે, તેમજ લાકડાનુ પાટીયુ [illegible] માટે જેમ છોલે તેમ [illegible] શરીર ઉપરની ચામડી [illegible] છોલે છે [illegible] નાક [illegible] તેવા નારકીના શરીરોને અગ્નિ [illegible] તપાવે, [illegible] તોપણ [illegible] રાખોડો થતુ નથી, પણ જેનુ વાણીથી વર્ણન [illegible] તેવી ગાઢ અનદ્ય વેદના [illegible] છે હિંસા દિક અઢાર પાપ સ્થાનક [illegible] જ્યારે નારકીના જીવને ઉદયમાં આવે છે, તે વખતે બળવાનુ છેદાવાનુ ભેદાવાનુ છોલવાનુ ત્રિશૂલ ઉપર આરોપણ થવાનુ, કુંભીમાં પકાવાનુ કાગડી [illegible] થવાનુ પરમાધામીઓ [illegible] ને માંહેમાંહે લડી ઝઘડીને ઉભુ કરેલુ દુઃખ એવુ અનુભવે છે, કે આંખના પલકારા જેટલો વખત પણ દુઃખ મુક્ત બની શકતા નથી ન [illegible] જ્યારે નારકીને દુઃખના [illegible] હોય ત્યારે નગરવધ માફક મહા ભયંકર હાહારવ આક્રંદન કરતા નારકીઓ કરૂણાવાળા શબ્દો બોલે છે હે માત! હે પિતા! ઘણુ દુઃખ થાય છે [illegible] અનાથ છુ તમારે શરણે આવ્યો છુ મને બચાવો મારૂ રક્ષણ કરો આવા કરૂણ અને વિલાપવાળા શબ્દો સાંભળીને મિથ્યાત્વ [illegible] ઉદયવાળા પરમાધામીને લગીર પણ દયા-કરૂણા આવતી નથી પણ વધારે દુઃખી દેખીને વધારે આનંદ આવે છે અને અનેક પ્રકારનુ અશાતાવેદની દુઃખ ઉભુ કરે છે

વળી પરમાધામીઓ નીચે [illegible] ઉભો કરીને બે પગો પકડીને શરીર ચીરી નાખે છે, વળી પૂર્વે કરેલા પાપો યાદ કરાવીને કહે છે, કે તે વખતે પારકા શરીરનુ માંસ ખાઈને આનંદ પામતો હતો તથા તેનુ લોહી અને મદિરા પીતી વખતે ભાન ન રહ્યુ ? તેમજ

વેશ્યા પરસ્ત્રી ગમન કરતો હતો તે ભૂલી ગયો ? શિકાર કરતો હતો અનેક મત્સ્યોને જાળમા પકડીને મારી નાખતો હતો સત્તા અને અધિકારના મદના બીજાઓ પાસે મફત વેઠ કરાવતો હતો વળી પારકા ધનમાલ ચોરી લુટી પડાવીને સ્વાધીન કરતો હતો અખુટ સપત્તિ રિદ્ધિ–સત્તા મેળવી છતા સતોષ રાખતો ન હતો કર્માદાનના વેપાર કરવામા પણ પાછી પાની કરતો ન હતો રાત્રિભોજન, અભક્ષ્ય ભક્ષણ કરતો હતો બીજા ઉપર જુઠા આળ ચઢાવતો હતો બીજાને દુઃખી દેખી આનદ પામતો હતો ખોટા ખોટા ધર્મ બતાવી જીવોને દુર્ગતિના ખાડામા ગબડાવી દેતો હતો બીનજરૂરી પાપ ન કરવાની પ્રતિજ્ઞા લેતો ન હતે બીજો અનેક આરભ સમારભ કરી કર્માદાનના વેપાર કરે, કારખાના ચલાવે, યુદ્ધો લડે પાપો કરે તેના વખાણ કરતો હતો, તે તમામ શુ તુ અત્યારે ભૂલી જાય છે ? એમ પૂર્વભવમા કરેલા પાપો યાદ કરાવી કરાવીને તદનુરૂપ શિક્ષા પરમાધામીઓ કરે છે

પરમાધામીઓ જ્યારે તે નારકીના જીવોને શિક્ષા કરે છે, તે શિક્ષાથી બચવા માટે બીજા સ્થાને નાસી જાય છે, પરતુ વિષ્ઠા લોહી માસથી ભરેલી ગટરથી પણ બીભત્સ અને દુર્ગંધી એવા સ્થાનમા ઓચિંતા પડે છે જ્યા અશુચિસ્થાનમા ઉંધળ માફક ત્યાઓ કાળ પસાર કરવો પડે છે વળી એવા કૃમિઓ ત્યા વિકુર્વે છે, કે સતત વ્યથા ઉપન્ન થાય કરે છે સાતમી નારક પૃથ્વીમા મોટી કાયાવાળા લાલ કુથુરૂપે વિકુર્વીને માહોમાહે એક બીજા નારકીને હણ્યા કરે છે વળી પરમાધામી અધમ દેવતાઓ પૂર્વના દુશ્ચરિતો સભાળીને નાસિકા હોઠ કાન છેદી નાખે છે તેમજ માસ મદિરાની અભિલાષાવાળા જુઠુ બોલનાર આળ મુકનાર મર્મ વાતો પ્રગટ કરનારની જીભ તીક્ષ્ણ હથીયારથી કાપી નાખે છે અને લોહી નાકી દીનમ કાન નાક, હોઠ, જીભમાથી સતત વહ્યાજ કરે છે એટલે લાબો ઉંડો નિશ્વાસ મુકે છ વળી છેદેલા સ્થાન ઉપર લાલચોળ તપાવેલા લોઢાથી ડામ દે ઉપર ક્ષાર નાખે એટલે લોહી અને પરૂ નીકળ્યાજ કરે વળી લોહી પરૂથી ભરેલી દુર્ગંધી કુભિમા અશરણ અને આર્તસ્વર કરતા નારકોને નાખીને નીચે ચારે બાજુ અગ્નિ સળગાવીને રાધે છે વિરસ આક્રદન કરતા તૃષિત થયેલા જ્યારે પાણી પીવાની માગણી કરે છે, ત્યારે કહે છે કે તને મદિરા પીવો બહુ ગમતો હતો કેમ ? એમ કહીને તપેલુ તાબુ કે સીસાનો રસ મોમા બળાત્કારે રેડે છે

આ મનુષ્ય ભવમા પારકાની છેતરપીંડી કરવાવાળો ખરી રીતે પોતાના આત્માનેજ છેતરે છે મચ્છીમાર પારધી કસાઈનો ધધો કરી એક ભવના માનેલા અલ્પ સુખ માટે અનેક ભવોએ અત ન આવે તેના લાબા કાળના દુઃખો વહોરે છે વળી સુકૃતથી પરાઙ્‌મુખ બને છે અને નરકમા પણ પરસ્પર દુઃખોની ઉદીરણા કરે છે

માસ ખાવાવાળાને પોતાનુજ માસ ખવડાવે છે મદિરાપાન કરનારને પોતાનુજ લોહી કુભીમા તાબાના ઉકળતા રસ પાય છે જુઠુ બોલનારની જીભ છેદી નાખે છે પૂર્વ જન્મમા પારકી વસ્તુ ધન હરણ કરનારના અગોપાગનુ હરણ કરે છે વેશ્યાગમન કે પરસ્ત્રી સભો ।

કરનારના વૃષણુચ્છેદ કરે છે તથા કાગડા ઝાડ સાથે બાથ ભીડાવે છે, તપાવેલી પુતળી સાથે આલિંગન દેવડાવે છે એવીજ રીતે મહારંભી, મહા પરિગ્રહી, ક્રોધી, માની, માયી, લોભી જીવો, આત્માઓના જન્માંતરના પાપો યાદ કરાવી કરાવીને તેવા પ્રકારનું દુ ખ ઉપન્ન કરી પૂર્વ કર્મના વિપાકોનુ ફૂળ ભોગવાવે છે જ્યાં શબ્દ રૂપ રસ ગંધ કે સ્પર્શનુ લગીર પણ સુખ હોતુ નથી તેવા નરકાગારમાં વાસ કરવો પડે છે આયુષ્ય પણ નિકાચિત હોવાથી આપઘાત કરવા માગે તો પણ મરી શકતા નથી

જે માતા, પીતા, પુત્ર સ્ત્રીઓ માટે, ધન ઉપાર્જન કરવા પાપો હિંસાઓ કરી હતી તે સ્નેહી માતા, પીતા પુત્રાદિકના સ્નેહ વગરનો મનોહર વિષય વગરનો કોહેલા જાનવરની દુર્ગંધથી અધિક દુર્ગંધીવાળા સ્થાનમાં શયન કરે છે

માસ, પેરી, પરૂ આંતરડા હાડકાવાળુ વીટાયેલ હોવાથી ચીતરી ચડે તેવા, વળી હાહારવ આક્રંદન પોકારોના શબ્દોથી ભયાનક એવા નરકસ્થાનમાં સાગરોપમો સુધીના આયુષ્યો ભોગવવા પડે છે કેટલાક પરમાધામીઓ હાથ પગ સજ્જડ બાંધી આંખે પાટા બાંધી પેટમાં હથીયાર ભોંકીને માસ બહાર કાઢે છે વળી કેટલાક શરીરની ચામડીમાથી વાધરો બળાત્કારથી ખેંચે છે નીચેની ચાર નારકીઓમાં બીજા નારકીના જીવો બાહુને મૂળ સાથી છેદી નાખે છે તેમજ મો ફાડીને મોટા પ્રમાણમાં તપેલા લોઢાના ગોળા ભરે છે તપેલી ભૂમિ પર ચાલવાથી દાઝતા દીન સ્વરથી આક્રંદ કરનાર નારકોને ગળીયા બળદને જેમ આર ભોંકે તેમ તપેલી અણીદાર પરોણી ભોંકે છે વળી કેટલાકને ટુકડે ટુકડા કરી લોઢાના ખાળીયામાં ઉંધે મસ્તકે રાખી બાળે છે કેટલાકને પગ સાથે બાંધી ઉંધે મસ્તકે લટકાવી ચડાવો પાને કાગડા ગીધની વજ્ર જેવી ચાંચથી ભક્ષણ કરાવે છે વળી શરીર ના તેવા બની જાય છે ત્યા ચાહે તેવા શરીરના ટુકડા કરવામાં આવે તો પણ જેમ ભાજનમાં પારો ફુટી પડેલો હોય પરતુ લગીર ભાજન હલાવે તો એકમેક બની જાય છે અથવા નદીના પાણીમાં લાકડી મારી વિભાગ પાડીએ તો તરત મળી જાય તેમ નારકી જીવોના શરીરમાં પણ એવુજ બને છે મોટી બળગની ચિતામાં પણ નાખે તો ઘી માફક ઓગળી જાય, પણ પ્રાણથી વિયોગરૂપ મૃત્યુ કદાપી તે વેદનાથી થતુ નથી વળી હાથી, ઉંટ, ગધેડા, ઘોડા, બળદ પાડાને જેમ ઘણો ભાર ભરી ચલાવે, ન ચાલે તો અકુશ આર કે ચાબુકથી શિક્ષા કરે, તેમ નારકોના ઉપર ગજા ઉપરાંત ભાર ભરીને ચલાવરાવે ન ચાલે તો મર્મ સ્થાનમાં આકરો માર મારે પરાધીન બીચારાઓને કાચ કાચના જેવી કાકરાવાળી લોહી રૂધીરથી ખરડાયેલી ચીકણી બીહામણી જગો પર બળાત્કાર ચલાવે, એમ કરતા મુર્છા પામે, રસ્તામાં પડી જાય તો શરીરના ટુકડા કરી નગરમાં બલી નાખે તેમ એક ટુકડો પૂર્વમાં એક પશ્ચિમમાં એક ઉત્તરમાં એક દક્ષિણમાં ઉપર નીચે વિદિશામાં ફેંકે

પૂર્વના વૈરી જન્માન્તર શત્રુ અપકારી કોપ સહિત મોગ મોટા મોગર કે સાંબેલા લઇને ગાઢ પ્રહારથી મર્દન કરે છે શરણ વગરના તે પ્રહારથી જર્જરિત થઈ ગયુ છે શરીર જેનુ, એવા લોહીની ઉલટી કરતા ધરણી પર ઢળી પડે છે વળી હાથ પગમા લોઢાની બેડી, સાકળ નાખી ભુખ્યા રૌદ્ર નિર્ભય શીયાળ, વાઘ, સીંહ પાસે મુકે છે, જેથી બીચારાનુ ભક્ષણ થઈ જાય છે આવી રીતે ત્રણ નારકીમા પરમાધામીએ કરેલી, બીજીમા પરસ્પર કરેલી, બધામા ક્ષેત્રના સ્વભાવથી થયેલી વેદના, અતિ કટુક કડવો ખરાબમા ખરાબ રસ છે જયા રૂપ પણ તદન બીભત્સ, જોવુ પણ ન ગમે, સ્પર્શ પણ દુસહ હોય, એવા સ્થાનમા નીરતર ટળવળતા ઘણા લાબા કાળ સુધી પોતે કરેલા અશુભ પાપના ફળો ભોગવે છે પહેલી રત્નપ્રભા નામની નારકીમા ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની બીજીની ત્રણ, ત્રીજીની સાત ચોથીની દશ, ધુમપ્રભા નામની પાચમી નારકીની સ્થિતિ સત્તર, તમપ્રભાની બાવીશ, સાતમી તમતમપ્રભા નામની નારકીની ઉત્કૃષ્ટ સ્થિતિ (આયુષ્ય) તેત્રીસ સાગરોપમની છે

સીતાનો જીવ જે ઇંદ્ર થયો છે, તે નારકીમા લક્ષ્મણનો જીવ જે દુખ ભોગવી રહ્યો છે, તેને બચાવવા જાય છે, પણ દુખમુક્ત કરી શકતો નથી ઉલટાનો વધારે દુખ થાય છે તેવીજ રીતે પૂર્વસ્નેહથી બળરામજી કૃષ્ણને પણ શરણ આપવા જાય છે, પણ નિરૂપાય થઇ પાછા આવે છે જેને માટે આ લોકમા પાપ કર્યુ તેની સહાયતા વગરનો એકલોજ પાપ કર્મ ભોગવે છે કોઈપણ દુખમા ભાગ પડાવતુ નથી

मया परिजनस्यार्थे, कृत कर्म सुदारुणम् । एकाकी तेन दह्यऽह, गतास्ते फलभोगिन ॥

મે સગા સ્નેહી માટે ભયકર પાપ કર્યુ, આજે એકલો હુ પીડા પામી રહ્યો છુ ફળ ભોગવનારા તો મને એકલાને છોડીને ચાલી ગયા સાતમી નારકીના અપ્રતિષ્ઠાન નામના નરકાવાસમા જગતના જેટલા રોગો દુખો છે, તે તમામ એકી સાથે ભોગવવા પડે, તેવુ પારાવાર દુખ હોય છે અહીં તો લેશ માત્ર બતાવી શકાય છે નારકીઓમા નીચે નીચેની નારકીમા વધારે વધારે ખરાબ લેશ્યા-પરિણામ, શરીર વેદના, વિક્રિયા હોય છે પહેલી નરક કરતા બીજીમા વધારે અશુભ લેશ્યાદિક હોય તેના કરતા ત્રીજીમા અશુભતમ હોય, યાવત્ સાતમીએ અતિશય અશુભ હોય. કૃષ્ણ નીલ કાપોત આ ત્રણ લેશ્યાઓ તીવ્ર સકલેશ અધ્યવસાયવાળી ચાલુ રહે છે

અશુભપરિણામ-દસ પ્રકારનો પુદ્ગલ પરિણામ અશુભ અને અશુભતર છે ચારે બાજુ અતિશય અધકાર હોય છે નારકીમા સ્પર્શ વીંછીના ડખ તથા કવચ (જે શરીરે સ્પર્શ થાય તો આખા શરીરમા અતિશય ખણ આવ્યાજ કરે) તથા અગારાના સ્પર્શથી અનત ગુણ અનિષ્ટ હોય રસ પણ ત્યા રહેલા પુદ્ગલોનો લીંબડો કરીયાતુ વીગેરેના સત્વના અશુભ સ્વાદથી પણ અતિ અશુભ હોય કુતરા બીલાડા ઉદર સર્પ હાથી ઘોડાના કોહાઇ

ગયેલા સડી ગયેલા કલેવરની ગંધથી કંઈ ગુણી અશુભ ગંધ હોય વર્ણ ભયંકારી રૂવાટા વગરના અને પાંખ તુટી ગઈ હોય તેવા પક્ષીના આકારવાળા અતિકાળા હોય આકાર દેખીને આપણને ઉદ્વેગ થાય પિશાચ જેવા દેખાવ લાગે ગતિ એટલે ચાલ ઉંટ અને ગધેડાથી પણ ખરાબ દેખાય તેવી હોય

વેદના—પહેલી નરકમા ઉષ્ણ વેદના બીજીમા તેથી વધારે ઉષ્ણ વેદના ત્રીજીમા અતિશય ઉત્કૃષ્ટ ઉષ્ણ ગરમીની વેદના ચોથીમા ઉષ્ણ શીત પાંચમીમા શીતોષ્ણ છઠ્ઠીમા શીતતર સાતમીમા ઉત્કૃષ્ટ શીત વેદના હોય તે આ પ્રમાણે—

જેઠ મહીને જ્યારે ૧૨ સૂર્યના કિરણો તપે અગર ખરા ઉનાળામા બપોરે બાર વાગે પીત પ્રકૃતિવાળો હોય અને ચારે બાજુ અગ્નિ બળતી સુવાડે, તેને જે સૂર્ય તથા ચારે બાજુની ગરમી લાગે તેના કરતા અનંતગુણી ગરમી નારકીમા હોય તે ગરમીની વેદના ત્યા અનુભવવી પડે માહ મહિનાના ઠંડો પવન વાતો હોય શરીરે બરફ ફેરવવામા આવે, શરીર ઉઘાડુ હોય ગહાર ખુલ્લા મેદાનમા નદી કીનારે ઉભા હોઈએ, અને કંઈપણ કપડા પહેર્યા ન હોય, તેને વખતે જેવી ઠંડી વાય તેના કરતા નારકીની અંદર અનંતગુણી ઠંડીની વેદના હોય

જો કોઈ ઉષ્ણ વેદનાવાળા નારકીના જીવને અહીં લાવી બળગતા ખેરના અંગારામા સુવડાવી દે તો ઉનાળામા જાણે ત્યા ઠંડો પવન આવતો હોય, અને ઉંઘ આવી જાય તેમના જીવ જાણે એ અંગારમા શાંતિથી સુઈ જાય, એવુ સુખ અનુભવે એટલી ગરમી નારકીમા હોય એવીજ રીતે ઠંડીની વેદના નારકીમા એટલી જબ્બર હોય કે, ઠંડીની વેદના વાળી નારકીમાથી ઉપાડીને અહીં મહામહીનાની રાતે, ઠંડો પવન ફુંકાતો હોય દાંત કડકડ અવાજ કરતા હોય શરીર ધ્રુજતુ હોય અને બરફમા લાવીને સુવડાવી દે, તો નીરાંતે જાણે તાપણી કરી શરીર શેકતો હોય, તેવું નિદ્રા સુખ અનુભવે, અર્થાત્ અનંતગુણી શીત વેદના નારકીમા હોય

સુખની ઇચ્છાથી ક્રીયા કરે પણ અશુભમાજ પરિણમે અર્થાત્ છાયાની ઇચ્છાથી ઝાડ તળે જાય પરંતુ ઉપરથી તલવારની ધાર જેવા તીક્ષ્ણ ધારવાળા પાંદડા પડે, એટલે અંગો કપાઈ જાય તૃષ્ણામા ઉકળતા સીસુ-તાંબુ- સીસાનો રસ મોમા રેડે છે લોઢાના તપેલા થાંભલા સાથે બાથ ભીડાવે છે કાંટાળી ડાળીવાળા વૃક્ષ પર ચડાવીને એવી રીતે પાછો ખેંચે કે આખા શરીરમા કાંટાઓ પેસી જાય, અને લોહી નીકળે, ઉઝરડા પડે માંહોમાંહે ઉંદર, બીલાડા, સાપ, ઘો, હાથી, સીંહ પાડો અને આખલો, વાંદરા અને વાઘના રૂપો કરીને લગાવે અંકુશ ભાલા, તલવાર, વજ્ર, છરી, મોગર-ધાણી હથોડા, કુહાડી વીગેરે હથીયારથી હણે મારે, ટીપે, ભોંકે, ભાલામા પરોવી ઉપર રાખે, નીચે પાડી પેટમા ભાલા ભોંકી છાતી

ઉપર પગથી દાબે માથામા ખીલી રાખી ઉપર હથોડાથી ઠોકે ઉધો લટકાવી નીચેથી અગ્નિ સળગાવે બાધીને એના ઉપર સર્પો વીંછી, સીંહ કાગડા છોડે, જેથી બીચારાના અગોપાગ ઉપર ડખ દે, કરડીને ખાય વાસલા અને રદાથી શરીરની ચામડી છોલે છે તે ઉપર મીઠાના પાણી છાટે છે ઉકળતા તેલમા તળે છે કુભીમા ઘાલીને પકાવે છે કરવતથી કાપે છે અગારામા સુવડાવે છે, બળદ માફક ગાડામા જોડી ખુબ ભાર ખેચાવે છે બળદ ન ચાલે તો તીક્ષ્ણ આરવાળી પરાણી પીઠમા ભોકે છે

વળી ખીલાવાળી શય્યામા સુવડાવી ઉપરથી ઘાણના માર મારે છે વાઘ, દીપડા, શીયાળ, ક્રુર બીલાડા, નોળીયા, સાપ, ગીધ, ઘુવડના રૂપો બનાવી, તેની સામે ઉભો કરી ક્રુરતાથી ભક્ષણ કરાવે છે તપેલી રેતીમા ચલાવે છે તલવારની ધાર જેવા પાદડાવાળા વૃક્ષોના વનમા પ્રવેશ કરાવે છે, નીચેથી પગ અને ઉપરથી પાદડા પડે તો અગો તરત કપાઈ જાય. શા માટે પરમાધામીઓ આ બીચારા નિરાધાર અશરણને આવી રીતે સતાપ કરતા હશે? બીચારા બીજાને દુખ આપી તેમાજ આનદ માનનાર હોય માહેમાહે વિરુદ્ધ રૂપ કરી લડતા નારકીને દેખી રાગ દ્વેષ અને મોહથી પરાભવ પામેલા પાપાનુબધી પુન્યવાળા આત્માને અતિશય આનદ ઉત્પન્ન થાય છે આવુ દેખીને પરમાધામીઓ અટ્ટહાસ્ય કરે છે ખડખડ હસે છે વસ્ત્રો ઉચા નીચા ઉછાળે છે નાચે કુદે છે મોટો સિંહનાદ કરે છે દેવલોકમા બીજા અનેક સુખના સાધનો હોવા છતા, માયા નિયાણુ મીથ્યાત્વશલ્ય તીવ્ર કષાયના ઉદયે કરેલા વ્રત નિયમોની આલોચના ન કરી હોય, તેથી આવા હલકા દેવલોકમા ઉત્પન્ન થાય છે, જ્યા પાપાનુબધી પુન્ય ભોગવે છે અગર બાલતપસ્વીપણાથી પણ આવા દેવ થાય છે, જેથી પ્રીતિના કારણભૂત અનેક બીજા દેવલોકના વિષયો, ભોગો હોવા છતા, બીજાને દુખી દેખી આનદ પામે છે આવું નિરતર અતિ તીવ્ર દુખ અનુભવતા મરણની ઇચ્છા કરે તો પણ મરણ આવતુ નથી ત્યા કોઈને કાઈનુ શરણ નથી તેમજ ત્યાથી નાસી છુટાતુ નથી ત્યાના સ્વભાવથી દાઝી ગયેલા ફાડી નાખેલા કપાઈ ભેદાઈ ગયેલા કે ક્ષત થયેલા શરીરો તરત રૂઝાઈ જાય છે જેમ વહેતા પાણીમા કોઈ દડ મારી પાણી જુદુ કરે, પણ તરત તે પાછુ એક સરખુ મળી જાય છે, તેમ અહીં પણ શરીરો તરત પારા માફક આખા થઈ જાય છે

કયા જીવો નરકગતિનુ આયુષ્ય બાધે છે? તે વિચારીએ

મિથ્યાદષ્ટિ, વીતરાગ કેવળી ભગવતે પ્રરૂપેલા શાસ્ત્રથી ઉલ્ટી શ્રદ્ધાવાળો, પ્રભુ શાસનનો દ્વેષી, પ્રભુ માર્ગ અને પ્રવચન સઘની અપભ્રાજના કરનાર ગોશાળો અને સગમ સરખા જો કે સગમ દેવના હોવાથી નરકાયુ ન બાધે પણ દુખ પરપરાએ બાધી શકે

મહારભી કાળીયા કસાઈ માફક ઘોર હિંસા કરનાર કસાઇઓ, પારધીઓ, મચ્છીમારો, માસાહારીઓ મોટા કારખાના ચલાવનારા, મોટી લડાઇઓ લડનારા કોણિક સરખા મહાપરિગ્રહી,

ધન ધાન્ય રૂપ, સોનુ રૂપ વાસણ ધાતુ, નોકર ચાકર સ્ત્રી વિગેરે નવ પ્રકારના પરિગ્રહને ધારણ કરી તેમા અતિશય મમત્વ બુદ્ધિ રાખે જેમ કે મમ્મણ શેઠ ચક્રવર્તિ, શકુન, નગ્નજિત, દશરથ વિગેરે પાપપ્રવૃત્તિમા રાત દિવસ મચ્યા રહે કારીગરો, ગુપ્ત કરનારા રાત દિવસ પણ બીજા કાન મુકત હોય આરંભથી પાપના બંધ નીમકતાથી મજ્જુ જોર કરે, લગીર લગીર બાબતમા નજીવ જનાવરોની નથી સમજ તેવી નીચ નરકીઓ નિર્દય પણ નથી, પરનારીના ગમનારે કામાંધ તેમજ ચોર, પરપાપ ક્રૂર વિશ્વાસઘાત કરનાર રાત્રિભોજન અને અનંતકાય ભક્ષણ કરનાર, રૌદ્ર પરિણામી, મહાન અશુભ ધ્યાન, આર્ત રૌદ્ર ધ્યાન ધરનાર હિંસાનુબંધી ધ્યાન કરનાર કૃષ્ણ લેશ્યા જેમને તેવા ચીના તથા લોહી તરફડીયો મરણ, તેમજ જીવતા પશુ પંખી સાથે ખાનારા માંસાહારી ઘાતકી કસાઈઓ આખો દિવસ અશુભ વિચારણાઓ વિગેરે અનેકની જાતની જેમ

આવા જીવો અશુભ પરિણામના લીધે અતિક્રૂર અશુભ ધ્યાનમા રમતા થકા નરકનુ આયુષ્ય બાંધે છે નરકમા ઉત્પન્ન થાય છે મરણ પર્યંત ત્યાં કાળ સુધી રીબાયા કરે છે કોઈ દુઃખમાંથી બચાવતુ નથી ત્યાં આગળ જે કષ્ટ સહન કરે છે એક પછી એક ઉગ્ર થયા કરે છે નારક તીર્થંકરોની નારકો તથાવિધ શુભ ભાવથી નરકીઓ સમ્યક્ત્વ પણ પામી શકે છે તેમજ કોઈક ભાવિક સમ્યક્ત્વ સહિત ગયેલા આત્મા પોતાના વિગેરે દિશા ગુરુની પ્રશંસા અનુમોદનાથી તેમજ પ્રભુના કલ્યાણક સમયે શાતાને અનુભવે છે વળી કોઈક વિશુદ્ધ જ્ઞાનના યોગે સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી પૂર્વના પાપોના પશ્ચાત્તાપ કરતા ભગવાનના શાસનનો રાગ વધતા તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરે દરેક નારકીને ભવ પ્રત્યયિક અવધિ અથવા વિભંગ જ્ઞાન હોયજ

પૂર્વે જણાવેલા નારકીના દુઃખ વિશેષ સાંભળીને, નિર્મળ બુદ્ધિશાળી આત્મા કોઈ પણ ત્રસ સ્થાવર જીવોની હિંસા ન કરે, જુઠું ન બોલે, વગર આપેલી વસ્તુ ગ્રહણ ન કરે મૈથુન ન સેવે પરિગ્રહ રાખે નહિ સમ્યક્ત્વ દૃઢ કરે તેમજ ક્રોધાદિક કષાયોને આધીન ન બને એવીજ રીતે તીર્યંચ મનુષ્ય અને દેવગતિમા પણ અનેક પ્રકારના પરાધીનતા જન્મ જરા મરણ ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ, આધિ, વ્યાધિ ઉપાધિ તેમજ દેવલોકમા પણ પર સંપત્તિ રિદ્ધિ દેખી ઈર્ષ્યા આદિના દુઃખો, મરણ કાળે પોતાના વિમાન દેવી વિગેરે છોડીને અશુચી બીભત્સ દુર્ગંધી અંધારા સ્થાનમા જન્મ લેવો પડશે, ઇત્યાદિક અનેક દુઃખોવાળો આ સંસાર સમજી સર્વ દુઃખથી રહિત સાદિ અનંત કાળનુ પરમાનંદ સુખ માત્ર મોક્ષમાંજ છે, એમ સમજી સંયમ અનુષ્ઠાનમા રક્ત બની, સર્વ કર્મનો ક્ષય કરી સિદ્ધિસુખના ભાજન બનો એજ અભિલાષાએ લેખ સમાપ્ત કરું છું

卐 卐

नमो श्री वर्द्धमानाय ।

ભાવનાધિકારે ધર્મરત્ન પ્રકરણ
દેશના સારાંશ.

भवजलहिम्मि अपारे, दुल्ह मणुयत्तण पि जतूण ।
तत्थवि अणत्थहरण, दुल्ह सद्धम्मवररयण ॥

ચિંતામણિ રત્ન

ભવ શબ્દનો પરમાર્થ

શ્રી ધર્મરત્ન પ્રકરણ નામના મહાગ્રંથમા શ્રી શાંતિસૂરીશ્વરજી મહારાજે મૂળ ગાથામા જણાવ્યુ હતુ કે 'भवजलहिम्मि अपारे' તેમા 'ભવ' શબ્દ કેમ જણાવ્યો! भवति अस्मिन् प्राणिन इति भव । નામ પાડીને ચીજ ઓળખાવવી હોય તો ચાહે તે નામ પાડો નામ થાપનાર જે અપેક્ષાએ નામ થાપે તે અપેક્ષાએ તેનો વ્યવહાર કરી શકે છે હિન્દુઓ ગણિત અગર પાઠમા अ व क ह લખે છે અજાણ્યા કયા ઘસડાયા? એ બી સી ડી કોની માતૃકા? હિન્દીની કે અંગ્રેજીની? કહેવુ પડશે કે અંગ્રેજોની હિન્દુને અ આ ઈ અગર ક ખ ગ ઘ હોય કે અ. બ ક ડ હોય? જૈનપણાની વાત તો દૂર રહો, પણ હિન્દુ તરીકે પણ તે સંજ્ઞાથી વ્યવહાર કરવો ન જોઈએ, કારણ કે તે અંગ્રેજની માતૃકાનુ અનુકરણ છે અર્થ વગરના અને અર્થવાળા બે પ્રકારના નામો હોય છે અર્થવાળા નામોનો ઉપયોગ કરવો, જેથી શ્રોતાઓને શબ્દ કાનમાં પડતાં પણ અર્થ માલમ પડે કલાલ (દારૂવાળો) ને ત્યા ઊંચો ગરાસીયો ગયો, નવો ઘરાક છે ભાઈ! મારે દારૂ લેવો છે, માટે વાનગી આપ કલાલ (દારૂનો વેપારી) હસવા લાગ્યો ગરાસીઓ પણ તે જોઈ હસવા લાગ્યો ગરાસીઆને મનમા દુખ થયુ, છતા કલાલ હસ્યાજ કરે છે હવે કલાલ કહે છે કે ઠાકર! વાનગી તેની દેવાય કે જે માલ છુપો હોય? જાહેર માલની વાનગી (નમુનો) ન હોય કોઈક માલ એવો છે, કે પચીસ ડગલે પડેવો છે કોઈક પચાસ ડગલે, કોઈક ૭૫ ડગલે, કોઈક ૧૦૦ ડગલે માલ ઈરેલો છે ૨૫, ૫૦, ૭૫, ૧૦૦ ડગલે મુર્છા પમાડનાર માલમાથી કયો જોઈએ છે? તેવી રીતે કર્મરૂપી કલાલને ત્યાથી મોહ મદીરામા મસ્ત થયેના સામેજ દેખાય છે પછી વાનગી શી?

એમ શાસ્ત્રકારો કહે છે, કે શબ્દોમાજ એનો ભાવાર્થ આવી જાય શબ્દદ્વારા કેટલાક અર્થ સમજાય, તેથી વ્યાખ્યાના ભેદમા સંહિતા નામનો ભેદ કહેવો છે વ્યાખ્યાના છ ભેદો જણાવતા સૂત્રનુ ઉચ્ચારણ કરવું તે પણ વ્યાખ્યા સૂત્રોચ્ચારણ વ્યાખ્યા, કેમ? સૂત્રોમા જે શબ્દો હોય છે તે શબ્દો પ્રાય સાંકેતિક અર્થવાળા નહીં, પણ વ્યુત્પત્તિ અર્થવાળા હોય છે તેથી શબ્દ સાંભળવા માત્રથી અર્થ આવી જાય, માટે સંહિતા પણ સમજાવટનો ભેદ છે તેથી ભવ શબ્દ કહેલ છે ભવ શબ્દ સાંભળવાથી તેના ગુણો-સ્વરૂપ માલમ પડે ભવ એટલે થવુ એ શબ્દ પ્રસિદ્ધ છે જીવો જેમા જન્મે તેનુ નામ ભવ તેજ વાત જણાવે છે કે ભવ

એટલે જન્મ થવો જીવોનુ જનમવાનુ ક્યા થાય ? શા કારણથી થાય ? તે સમજવુ જોઈએ ચારે ગતિમા જીવો જન્મે છે ચાર ગતિ સિવાય જીવને જનમવાનુ બીજુ કોઈ સ્થાન નથી સર્વ કાળ, સર્વ ક્ષેત્ર, સર્વ ભાવને અગે ચાર ગતિમા જનમવાનુ છે જેમા, નારકી-તિર્યંચ મનુષ્ય અને દેવતાપણે જેમા જનમવુ થાય તે ભવ

હવે ચાર ગતિમા કોઈ પૂછે કે નારકી ગતિને પ્રથમ કેમ લીધી ? ઉચુ પદ પ્રથમ બોલાય 'રાજા પ્રધાન શેઠ વાણોતર આવ્યા' એમ બોલાય પણ 'પ્રધાન રાજા કે વાણોતર શેઠ આવ્યા' એમ ન બોલાય તેમ બોલે તો વિવેક વગરનો ગણાય તેમ અહી નારકી આદી બોલતા શુ વિવેક સાચવવાનો નહિ ?

તારી શકા સાચી, પણ સહેજ વિચાર કર બે વસ્તુ કહેવી હોય ત્યારે મુખ્ય ગૌણ કહેવાય પરતુ ઘણી વસ્તુ કહેવાની હોય ત્યારે મુખ્ય ગૌણનો નિયમ ન રહે જીવોને પાપથી ઉગારી ઉચે રસ્તે ચઢાવી, મોક્ષમા સ્થાપન કરવા, તો પાપથી બચાવવા માટે નારકીના દુખો સમજાવવામા આવે તોજ પાપથી મુકત થશે પાપના ફળો ખ્યાલમા લાવી પછી તિર્યંચ, મનુષ્ય દેવતા એ ક્રમે જણાવ્યા એ ચાર ગતિ રૂપે જીવોની ઉત્પત્તિ જણાવી, તે ચાર ગતિરૂપ ભવ સાગર કહ્યો છે

પ્રાણીઓ પોતપોતાના કર્માનુસાર જન્મે એવુ કોઈ સ્થાન તે ભવ ન સમજે વ્યાકરણ, અને ન સમજે અભિધેય એવાઓ બોલી નાખે કે 'સમ્યક્સાર છે તે સસાર' એમ અજ્ઞાનથી બોલના ને સમજવાની જરૂર છે કે સમ્ ઉપસર્ગ છે, તે તો હમેશા ધાતુ સાથે જોડાય છે શબ્દોની સાથે જોડાતો નથી સ ઉપસર્ગ નામની સાથે સમાસ ન પામે સૃ ધાતુએ સરકવુ ભમવુ ભટકવુ અત્યત સરકવુ વિગેરે ૧૪ અર્થમા આવેલો છે ૧૪ રાજલોકમા તમામ સ્થાનો અશાશ્વતા છે સર્વાર્થસિદ્ધનુ સ્થાન પણ અશાશ્વતુ છે જેને સરકવાનુ કે લપસવાનુ સ્થાન ગણીએ એવો સસાર ભવ કહો, સસાર કહો તે ચાર ગતિરૂપ છે

સસાર સમુદ્ર

આ સસાર-ભવ તેને જળધિ કેમ કહ્યો ? પાણી જેમા ધારણ કરાય તે જલધિ તો સસાર અને જલધિ તેનો સબધ શી રીતે ? તે માટે કહે છે કે-જન્મ જરા, મરણ જડ એટલે જન્માદિને પાણી રૂપે ગણો તો સસારને જલધિ રૂપે ગણી શકાય કારણ કે डलयोरमेदमिति। ड અને લનો અભેદ વૈયાકરણો સ્વીકારે છે તેથી જન્મ-જરા-મરણ આધિ વ્યાધિ ઉપાધિરૂપ જડ તે જલ રૂપજ છે, અર્થાત્ સસાર સમુદ્ર જેવો છે આવા ભયકર પાર વિનાના સસારમા આપણે પડી રહ્યા છીએ અનાદિ કાળથી તણાઈ રહ્યા છીએ અહીં શિષ્ય શકા કરે છે, કે અમો જનમ્યા છીએ માતાનુ દુધ પીધુ છે, ધૂળમા આળોટયા છીએ, જન્માવસ્થા, દુધ પીવાની અવસ્થા, ઘોડીયાની અવસ્થા યાદ નથી આવતી આ જન્મની વાતનો ખ્યાલ આવતો નથી, એટલુજ નહિં પણ પણ નવ મહીના સુધી ગધાતી માતાની કુક્ષીમા ઉધે મસ્તકે લટકયા, તે ખ્યાલ પણ આવી શકતો નથી તો

પછી ગયા ભવની, કે તેથી આગલા ભવની, કે અનાદિની વાત હમારે શી રીતે ખ્યાલમા લાવવી ।

બીજાંકુર ન્યાયે સંસાર

બેસ આગળ ભાગવત વાચવામા તત્ત્વ ન નીકળે, તેમ આ ભવ કે ગયો ભવ ન જાણનાર પાસે અનાદિની વાતો કરે તેમા તત્વ શી રીતે નીકળે? આવી વાતો કરનારા શ્રોતાઓને સમાધાન આપે છે એક દાણો હાથમા લઇએ, હવે તમને પૂછીએ કે આ દાણો કોણે વાવ્યો? કોણે લણ્યો? કયા ખેડુતે કયા કોઠારમાથી લાવી કયા ખેતરમા કયે દિવસે વાવ્યો? એ બધુ આપણે ભલે ન જાણીએ, છતા બીજ અંકુર વગર અને અંકુર અગાઉના બીજ વગર ન હોય તેમ બીજાંકુરની પરંપરા અનાદિથી છે એની શક્તિના વિચારમા બીજથી અંકુર અને અંકુરથી બીજ અનાદિથી પરંપરા ચાલુ જ છે નહિતર અંકુર વગર બીજ થાય છે, અને બીજ વગર અંકુર થાય છે તેમ માનવુ પડશે જેમ બીજ અંકુરની પરસ્પર અવસ્થા સમજવા માટે અનાદિથી ઉત્પત્તિ માનવી પડે છે તેમ જન્મ પ્રત્યક્ષ છે તો જન્મ કર્મ સિવાય બને નહિ, કર્મ પહેલાના જન્મ સિવાય બને નહિ બીજાંકુર ન્યાયે જન્મ કર્મની પરંપરા અનાદિની માનવી જ પડે છે ઉપરોક્ત નિયમાનુસાર આ જીવ અનાદિથી સંસાર સમુદ્રમા વહી રહેલો છે એમ વહેતા વહેતા દુર્લભ મનુષ્ય ભવ અનાયાસે મળી ગયો યાવત્ પૂર્વનાં પુણ્ય કર્મથી ઉત્તમ કુળ ક્ષેત્ર શરીર ઇત્યાદિક હવો પણ મળી ગયા આ દુર્લભ વસ્તુઓ સિદ્ધ થઇ ગઈ

મનુષ્ય ભવ પ્રતિ દુર્લક્ષ

હવે સાધ્ય ચીજને અંગે વધારે ઉપદેશની જરૂર છે ધર્મરત્નની પ્રાપ્તિ હજુ ના ય છે ગુણરૂપી વૈભવ હોય તોજ ધર્મ રત્ન મેળવી શકાય તુચ્છ વૈભવવાળા રત્ન ખરીદી ન શકે તો પછી ચિંતામણી રત્ન તો કયાથી ખરીદી શકે? માટે ગુણ વૈભવની પ્રથમ જરૂર શ્રીમંત ઝવેરીના પુત્રને ઝવેરાત જન્મથી સ્હેજે મળી ગયુ છે તેને ઝવેરાત મેળવવાની મુશ્કેલીની ખબર પડતી નથી એક વખત અકબર બાદશાહે બીરબલને પુછયુ કે 'આ ભીખારી આટલો બધો દુર્બલ કેમ છે?' 'સાબ ઉસ્કુ ખાનેકુ નહીં મીલતા હે,' બાદશાહ કહે કે 'બેવકુફ હે ખાનેકા ન મીલે તો ખાજાકા ભુકા ખાવે, મગર ભુખ્યા કયુ રહેવે?' ખાજાનો ભુકો ભીખારીને મળવો કેટલો મુશ્કેલ તે પાદશાહને ખબર ન પડે પાદશાહને અખંડ ખાજુ પીરસાય, ભુકો ન પીરસાય રાજાને ખાજુ મળવુ સહેલુ છે ભીખારીને તેનો ભુકો પણ મુશ્કેલ છે તેવી રીતે આપણને મનુષ્યપણુ મળી ગયુ એટલે તેની કીંમત નથી તેની મુશ્કેલી ધ્યાનમા નથી જગત તરફ દૃષ્ટિ રાજા કરે તો દુનિયામા ગરીબને લોટ મેળવવો મુશ્કેલ તો ખાજાની શી વાત? આપણે મનુષ્યપણુ પામ્યા એટલે હવે દુર્લક્ષ થઈ ગયુ છે, પણ જગતમા મનુષ્યપણુ દુર્લભ છે આપણે પાદશાહના ખાજાના ભુકા જેવી મનુષ્યપણાની વસ્તુ સમજેલા છીએ પાદશાહ દુનીયા તરફ નજર કરે ત્યારે માલમ પડે કે જગતને આટો

મળવો કેવો મુશ્કેલ છે? ઝાડના જેટલા પાંદડા તે આપણા જેવા જીવો છે ગાય, ભેસ પાડા, બળદ, હાથી, ઘોડા કીડી, મંકોડી બધા આપણા જેવાજ જીવો છે તેથી તેમા જીવત્વ માનીએ છીએ તેમને મનુષ્યપણુ ન મળ્યુ અને આપણને મળ્યુ તેનુ કારણ શુ? શકા કરી કે છોકરાને એકડો શીખવો મુશ્કેલ, પણ એક વખત એકડો શીખી ગયો પછી એકડો લખવો મુશ્કેલ નથી તેમ એક વખત મનુષ્યપણુ મળી ગયુ, હવે બીજી વખત મનુષ્યપણુ મેળવવાના મુશ્કેલી નડિ પડે આમ શકાકારને શાસ્ત્રકાર પ્રત્યુત્તર આપતા જણાવે છે કે–મળેલુ મનુષ્યપણુ નિરર્થક ગુમાવ્યુ, અને સદુપયોગ જો ન કર્યો, તો ફેર રખડી જશે બીજી કોઇ ગતિમા મોક્ષ નથી મળવાનો દેવગતિ સુખ ભોગવવાને અગે ઉત્તમ ગણાય છે, છતા તે ગતિમા મોક્ષ તો નવાજ

ડાહ્યા અને ગાડાનો ફરક

અહીં એમ ન માનશો કે મનુષ્યો ધર્મ પ્રરૂપનારા તેથી પોતાની સત્તા જમાવી જેમ બ્રાહ્મણો શાસ્ત્રો બનાવનાર, તો બ્રાહ્મણને આપો તોજ પુન્ય થાય બ્રાહ્મણોનો લાગો જન્મ્યા પછી અરે મર્યા પછી પણ શ્રાદ્ધના નામે બ્રાહ્મણોનો લાગો તમે પણ મનુષ્યજ શાસ્ત્રકાર તેથી મનુષ્ય ગતિને આટલી ઊચી સ્થિતિએ મેલી દીધી નારકી તિર્યચ ગતિ મોક્ષ ન મેળવી શકે તે માની લઈએ નારકી તીવ્ર પાપો ભોગવવાનુ સ્થાન, કેદમા રહેલ સ્વતન્ત્ર ન હોય તેમ નારકી જીવો કર્મ રાજાની સખત કેદમા રહેલા છે, તે શિક્ષાપાત્ર છે તેથી તે મોક્ષ ન મેળવે તિર્યચો વિવેક રહિત હોવાથી તેમને પણ મોક્ષ ન હોય તે વસ્તુ માની લઈએ, પરન્તુ દેવગતિમા દેવતાઓ ઉત્પન્ન થતાની સાથે ત્રણ જ્ઞાનવાળા હોય છે મનુષ્યને ભાગે જન્મતા સાથે ત્રણ જ્ઞાન નથી હોતા મનુષ્યની પુન્ય પ્રકૃતિ કરતા દેવતાની પુન્યપ્રકૃતિ કેઇ ગણી હોય છે આવા દેવતાઓ મોક્ષ માટે લાયક ન ગણ્યા તે વાત મગજમા ઉતરતી નથી

આમ શ્રોતાએ પ્રશ્ન કર્યો ત્યારે શાસ્ત્રકારે જણાવ્યુ, કે જગતમા લાખ અને કરોડ વચ્ચે આતરૂ કેટલુ? બારીક દ્રષ્ટિએ એક પાઈનુ જ ૯૯૯૯૯૯૯–૧૫–૧૧ રૂ આ પઇ આમા એકજ પાઈ ભળે તો ક્રોડ થઈ જાય બે બાજૂની સખ્યા મોટી હોય પણ બેને મળવાનુ સ્થાન નાનુજ હોય તેમ ડાહ્યા અને ગાડા વચ્ચે આતરો કેટલો? ડાહ્યાનો વર્ગ કેટલો ઉચો? ગાડાનો વર્ગ કેટલો નીચો? બન્ને વચ્ચે લાખો ફરક નથી લાખ અને ક્રોડ વચ્ચે ૧) પઇનોજ ફરક તેમ ડાહ્યા અને ગાડા વચ્ચે ફરક આટલો, કે વિચારને વિચારથી ગળે તે ડાહ્યો અને વિચાર સાથે પ્રવૃત્તિ કરે, વિચાર ઉપર બીજો વિચાર ન કરે, ને સીધી પ્રવૃત્તિ કરે તે ગાડો અહીં દેવતાને અગે 'દેવાના વાછાના' દેવતાઓ ઈચ્છાઓ કરે કે તરત કામ થાય હવે વિચાર ઉપર બીજો વિચાર કરવાનો વખતજ કયા રહ્યો? દેવતાને ઈચ્છા અને કાર્ય વચ્ચે કાળનો આતરો નથી તેવો આતરો માત્ર મનુષ્યનેજ મળે અને તેથી મનુષ્યો ડાહ્યા અને દેવો ગાડા છે, એમ કહી શકાય

દુર્ભાગીને ઘેર ચિંતામણી

શાસ્ત્રીય નિયમ એવો છે કે ક્ષાયોપશમિક ભાવમાથી ક્ષાયિક ભાવમા જઇ શકે ક્ષાયોપશમિક વખતે સકલ્પો વિકલ્પો અતિચારો થવાના પાપના વિચારોને હાનિ કે ચારિત્ર મલીનતાના ભયથી રોકે તોજ સદ્ગતિ થાય દેવતાને વિચાર આવ્યા પછી પ્રવૃત્તિ રોકવી મુશ્કેલ થાય પારસમણિને લોઢુ અડકે તો સોનુ થાય ચાદી અડે તો સોનુ ન થાય ચાદીનો સોનાપણે થવાનો સ્વભાવ નથી રસથી તાબુ સોનુ થાય તેમ દેવતાઓનો સ્વભાવજ એવો છે કે વિરતિના પરિણામજ ન થાય દેવલોકમા ઉત્કૃષ્ટ પુન્ય ભોગવવા ગયા છે, તેથી ત્યા દેવોને વિષયો તરફ ઉદાસીન ભાવ આવી શકતો નથી તો પછી તે દેવતાઓ વૈરાગ્ય કે ચારિત્રમા શી રીતે આવી શકે? ક્ષાયોપશમિક ભાવ ટકાવવાને અગે દેવતાઓને ચારિત્રની પ્રાપ્તિ ન થાય તેથી દેવતાઓને મોક્ષ નથી, અને મનુષ્યનેજ મોક્ષ છે એક વખત દેખેલ રસ્તે ફરી વખત જવુ મુશ્કેલ નથી આમ કોઈ સમજી લેતા હોય તો દુર્ભાગી જીવો પશુ પાલક જેવા હોય તેની પાસે ચિંતામણિ ટકી શકે નહિ અને ફેર મળી શકે નહિ તેમ દુર્ભાગી આત્માને ચિંતામણિ રત્ન જેવુ મનુષ્યપણુ મળી શકે નહિ અને તે પશુપાલ કોણ? અને ચિંતામણી રત્ન તેની પાસે કેમ ન ટક્યુ? તે વિચારીએ

શીયલ અને સતોષ ગુણનો સાક્ષાત્કાર

હસ્તિનાગપુર નામનુ મોટુ શહેર કે તે શહેરમા સર્વશ્રેષ્ઠ શિરોમણિ એવો નાગદત્ત નામનો શેઠ હતો તે શેઠને ગુણીયલ શીલ અને સતોષ ગુણવાળી પત્ની હતી જે આમા શીલ પવિત્ર છે તે સ્ત્રી સ્ત્રીવેદને ધારણ કરવા છતા જગતમા પુજ્ય બને છે સતોષવાળી સ્ત્રી શીલ ટકાવી શકે છે શીલ અને સતોષ સ્ત્રીને અગે આભુષણ રૂપે શોભાકારી છે એ બે ગુણો આ લોક પરલોકમા પણ ઉપયોગી છે સતોષને લાવનાર, ટકાવનાર અને પોષનાર હોય તો શીલગુણ છે સદ્ગુણી સ્ત્રીઓ ઘણે ભાગે સતતિ વગરની હોય છતા અત્યત બુદ્ધિશાળી અને સતોષી હોય છે અલ્પાયુ દરિદ્રતા, વ્યાધિ કે નિસતાનતા આ ચારમાથી ગુણીયલ સ્ત્રીઓને કોઈકની તો તેને ખામી હોય છે દરિદ્રતા હોય એટલે પોતાની વિદ્યાને પ્રફુલ્લ ન કરી શકે, અર્થાત્ ફેલાવી ન શકે ભાગ્યશાળીઓના છોકરા કોઈ જ ભાગ્યશાળી હોય ચક્રવર્તિના પુત્ર કોઈપણ ચક્રવર્તિ નજ થાય દેવતાની પાછળ કાગડા કાયલાજ હોય અર્થાત્ દેવતા મરીને દેવતા થતા નથી

દીવાથી દીવો જાગતો રહે તેમ કોઈક ભાગ્યશાળી હોય તો તેનો વશ જાગતો રહે અહીં નાગદેવ શેઠ વસુધરા શેઠાણી આટલા ઉત્તમ હોય, પણ પુત્ર વગરના હોય તો તેથી દુનિયામા કિંમત નહિ આ એ કુવાની છાયા કુવામા સમાણી તેથી ઉત્તમતાનો વારસો કોઈને દેખવાનો ન રહે પણ તેમ તો નથી એ નાગદેવ શેઠને એક પુત્ર છે અને તેનુ નામ જયદેવ છે

દહેરૂ કે દીકરો?

દુનિયાદારીમા સતતિ આગળ આગળ મીંડા મુકતી જવાની છે તમોને વધારેમા વધારે પાચ કે સાત પેઢીના નામો યાદ રહશે એથી આગળની પેઢીના નામો કોઈને યાદ નહીં રહે પોતાના વડવાને અગે આગળ મીંડા મુકતા જાય છે બે ચા પાચ પેઢી સુધી યાદ રાખે પુત્રને અગે નામ રાખવાનુ રાખી એ પણ સતતી તો આગળ મીંડા મુકતીજ જવાની જે ધર્મનુ કાર્ય છે, તે કાર્ય એવુ છે કે જેમા મીંડુ મેલવાનુ નથી વિમળશાહ જેવા બાહોશ પકલા કોઈ થયા નહિં હોય? વિમળશાહને આજે બધા શાથી યાદ કરે છે? 'દહેરૂ કે દીકરો એ બેમાથી એક વસ્તુ મળશે એમ જ્યારે દેવતાએ કહ્યુ ત્યારે વિમળશાહે કહ્યુ, કે દેહરૂ ન થાય તો મારે દીકરો ન જોઈએ અહીં વિચારજો' આપણે તો 'ઘરના છોકરા ઘટી ચાટે અને ઉપાધ્યાયને આટો' આવા શબ્દો ગોખી નાખીએ છીએ, પણ આસ્તિકના મુખમા આવા શબ્દો ન શોભે

પુણીયો શ્રાવક

આ તો તો પેટે પાટા બાધી સાધર્મિકભક્તિ - તાગ શ્રાવકો આપણાથી એવા શબ્દ બોલાયજ નહિ પુણીયા શેઠ શાથી પકાયા? સાડાબાર દોકડા એટલે માત્ર બે આનાની પુ રૂની પુણી બે આનાની લાવી સુતર કાતીને તેના મજુરીના બે આના મેળવે તેમાથી દરરોજ એક સાધર્મિકને જમાડે એક દિવસ પોતે ઉપવાસ કરે, બીજે દીવસે પુણીયા શેઠની સ્ત્રી ઉપવાસ કરે પરન્તુ સાધર્મિકને દરરોજ બોલાવીને આદરપૂર્વક ભક્તિ કરે આ સ્થિતિ પુણીયા શ્રાવકની શ્રેણીક મહારાજાએ જ્યારે સાભળી ત્યારે બજારમા વેપારીઓને કહેવરાવ્યુ કે 'પુણીયા શ્રાવકને માટે પુણીનો ભાવ ઓછો રાખજો ને તે સુતર વેચવા આવે તો વધારે ભાવ આપજો,' છતા પુણીયો શ્રાવક એ લાભ લેતો નથી ચાલુ બજાર ભાવે જ લે વેચ કરે છે મફતનુ ન જોઈએ દરરોજની કમાઈ માત્ર સાડાબાર દોકડાજ તેમા અર્ધી કમાણી દરરોજ સાધર્મિક ભક્તિમા માટે આપણે તો પેટે પાટા બાધી સાધર્મિકભક્તિ કરનાર તેનાથી 'ઘરના છોકરા ઘટી ચાટે ને ઉપાધ્યાયને આટો' એવા શબ્દો બોલાય જ નહિ આપણે પણ દુનીયાના શબ્દો ગોખવાથી ટેવાઈ ગયા છીએ સતાન અને ચૈત્યની પસદગીમા ચૈત્યની પસદગી કરી

પુત્ર પ્રાપ્તિના પરિણામ

પુત્રોમા પણ બે વાત હોય કાતો કુળનો શણગાર, નહીંતર છેવટે કૂળનો અગાર વિનયવાળો પુત્ર હોય તો કૂળનો શણગાર થવાનો બાપે બત્રીશ ખત્તા ખાઈને બત્રીશ લક્ષણ મેળવ્યા હોય વિનયવાળો પુત્ર ૩૨ ખત્તા ખાધા વગર ૩૨ લક્ષણ મેળવી શકે તેમ આ શેઠને વિનય તેમજ ઉજ્વળ બુધ્ધિવાળો પુત્ર છે ગધેડીને ૧૦ પુત્ર પુત્રી છતા જીદગી સુધી ભાર વહેવો જ પડે છે તેમ ગૃહસ્થોમા પણ પુત્રો તરફથી શાન્તિ નિશ્ચિતપણુ ન

થાય તો જાનવરના વછેરામા અને મનુષ્યોના પુત્રોમા ફરક કયો ? જાનવ
છે મનુષ્યો માટે તેમ નથી જાનવર નકામા થાય તો પાજરાપોળે મૂકી
જીદગીના છેડા સુધી ઘરની ચિન્તા કરવાની અને 'મેની જા ને વિનરજાને'
રાજીનામુ દેવાની સ્થિતિ હજુ નથી આવી ?

રાજીનામુ અને રજા એ બેનો ફરક સમજો શેઠ રાખવા માગે
નથી, ત્યારે રાજીનામુ આપ્યુ ગણાય રજા એને કહેવાય કે
શેઠ રાખવા માગતા નથી, તેમ કુટુબ રાખવા માગે અને આપણે
નામુ દઈ કુટુબ છોડતા શીખો રજા દેશે અને છેવટે છોડવુ પડે
જાતે રજા લઈને નીકળી ન પડવુ? એમાથી એક પ્રકારે કુટુબ
એનુ નામ કે માબાપોને રજા દઈને જવાનો વખત ન લાવે.
વાળા હોય જાનવરમા પણ પોતપોતાના બચ્ચા પર દરેકને પ્યાર
સાથે ડહાપણુ વસવુ જોઈએ છોડવુ છે, છુટવાનુ છે, તો
ભાર ઉતારનાર અને હવે જયદેવ પુત્ર પિતાનો ભાર ઉતારનાર
ભાર વહેવડાવનાર છે તે વિચારીએ

ચિન્તામણિ રત્નની શોધમા.

તે જયદેવ પુત્ર અતિશય ડહાપણવાળો હોવાથી,
કળા શીખેછે ઝવેરાતની પરીક્ષા કરવાની કળા બે મહીના
સુધી શીખવાનુ ચાલુ રાખ્યુ એટલો બધો રત્ન-પરીક્ષામા
રત્નની પરીક્ષા ઉડાણથી કરી શકતો યાવત્ ચિંતામણી
આવી ગયા ચિંતામણીરત્ન તેજ કહેવાય કે જેનુ તે
ઉપર કે અદર મેલ ડાઘ ન હોય સર્વ પ્રકારે નિર્મળ
એટલુજ નહિ પણ જેની પાસે એ રત્ન ગયુ તેનુ
લક્ષણ જાણ્યા પછી બાકીના રત્નોને પત્થર સમાન
રત્નમાજ લયલીન બન્યો બીજા રત્નનો વેપાર કરતો
મળે તલમા તેલ છે પણ ઉદ્યમ ન કરે તો તેલ ન
ન શકે તેમ ચિંતામણી હોય તો લઇએ એમ બેઠી
આવી જાય તેથી તે મેળવવા માટે આખા નગરમા
દુકાને માલ જોઈ લીધો ઘેરે ઘેર ફરી વળ્યો
ફરી વળ્યો છતા પણ મળ્યુ નહિ હવે માતાપિતાને
ચિંતામણી રત્ન મળતુ નથી જે મનુષ્ય નવીન
સગાઇ ન પાલવે તેથી વિચાર કર્યો કે પરદેશ
વિચાર જણાવ્યો એટલે એકનો એક વિનયવાળો

કહ્યું કે ઘી ગોળ ટુકડો માગ તો બહાર ન જવું વિગેરે કહી સમજાવે છે છતાં પુત્ર માનતો નથી એટલે કહે છે કે 'ચિંતામણી વસ્તુજ જગતમાં નથી' એમ કહી ઈષુકારના પુત્રની માફક ભરમાવે છે તે કુમારને માતપિતા કેવા ભરમાવે છે તે વિચારીએ

પુત્રોને ભરમાવનારાઓ

એક ઈષુકાર નામનો પુરોહિત છે તેને એક સ્ત્રી છે બંને સંતાન વગરના જીવન પસાર કરે છે અને અફસોસ કરે છે એક બાજુ બે દેવતાઓએ તીર્થંકર ભગવાનને પ્રશ્ન કર્યો કે અમે અહીંથી ચવીને કયાં ઉપજશું? ઈષુકાર પુરોહિતને ઘેર તમને ધર્મ પ્રાપ્તિ સુલભ છે કે દુર્લભ? જવાબમાં કહ્યું કે ધર્મ તમને સુલભ થશે બંને દેવતાઓ ધર્મની આસ્થી તીવ્ર ઈચ્છાવાળા છે દુર્લભ સાંભળી નિરુત્સાહી ન બન્યા નિષ્ફળતાને જાણીને નિરુત્સાહી હોય તો ઉદ્યમ છોડે અહીં તીર્થંકર ભગવાન કહે છે બોધિદુર્લભ છતાં વિચારે છે અહીં કાયર હોય તો શું થાય? હવે તે બે દેવતાઓ સાધુરૂપ લઈને પુરોહિતને ત્યાં આવ્યા ધર્મ સમજાવ્યો તમને સંતાન થશે કે નહિ એમ પ્રશ્ન કર્યો પ્રત્યુત્તરમાં કહ્યું કે છોકરા થશે પણ દીક્ષા લેશે તે દીક્ષા લે તો તમારે વિઘ્નરૂપે આડા ન આવવું હવે શો ઉત્તર આપે? લાજે શરમે કહ્યું કે તે કાર્યમાં અમે આડા નહિ આવીએ બંને દેવો ચાવી ગયા ચ્યવીને અહીં જ પુરોહિતને ત્યાં બંને જન્મ્યા હવે પુરોહિત અને પુરોહિતની સ્ત્રી વિચાર કરે છે કે દીક્ષાની આડા ન આવવું અને સંતાન સાચવવા અને બંને કાર્ય ચોકસાઈ પૂર્વક કરવા હવે શું કરવું? છોકરા જ્યાં સમજણા થાય કે બાવો આવ્યો લઈ જશે' તેવા સંસ્કારો પડાય છે તેનો અર્થ શો? એવા જ સંસ્કાર પુરોહિતે તે છોકરામાં નાખ્યા કે બાવાઓ અર્થાત્ સાધુઓ છોકરાઓને ભરમાવીને લઈ જાય છે અને મારી નાખીને ખાઈ જાય છે સાધુના પરિચયમાં જ ન આવવા દેવા આવા વેષવાળા છોકરાઓને ઉપાડી જાય છે એવી ભડક છોકરામાં નાખી હવે જ્યાં સાધુને દેખે ત્યાંથી દોટ મૂકી બન્ને છોકરા ભાગી જાય પરંતુ કોઈક વખતે સાધુને દેશના દેતા દેખ્યા ત્યારે માતા પીતાને કહ્યું કે, અમે તો સાધુને દેશના દેતા દેખ્યા પણ મારતા ન દેખ્યા પુરોહિતે દેખ્યું કે આ ફાંસો તો કપાઈ ગયો, અર્થાત્ ભરમ ભાગી ગયો છે હવે અહીં બીજો ફાંસો નહિ ચાલે પછી પુરોહિત નવો તુક્કો ઊભો કરે છે કે અહીં હવાપાણી ઠીક નથી, માટે જંગલમાં રહેવા જઈએ જ્યાં સાધુનું આગમન ન થાય તેવા સ્થાનમાં રહેવા ગયા શા માટે? દીક્ષાનું કહે તો ના ન કહેવાય પણ દીક્ષાને રસ્તે નથી ચઢવા દેવા રણના કીનારે બહાર રહ્યા હવે ભવિતવ્યતાના યોગે જંગલમાં સાધુઓ ભૂલા પડી ગયા માર્ગમાં ગોકુળ માંથી દહીં છાશ વહોરીને આગળ જાય છે ત્યાં છોકરાઓએ સાધુને દેખ્યા, અને ભય પામ્યા હવે તો સપડાયા નજીક મોટું ઝાડ હતું તેના ઉપર બંને છોકરાઓ ચઢી ગયા અને ઝાડ ઉપર સંતાઈ ગયા હવે સાધુઓ પણ વૃક્ષ નજીક આવી તે ઝાડની નીચે દહીં, છાશ વાપરવા બેસે છે સાધુઓએ ચારે દિશામાં દ્રષ્ટિ કરી કોઈ ન દેખાયા હવે ઉપરથી

છોકરાઓ પાત્રામા માત્ર આહાર પાણી દેખે છે માબાપે આપણને આમ કેમ કહ્યુ હશે આ સાધુઓ તો માત્ર આહારજ વાપરે છે, એમ વિચારતા વિચારતા જાતિસ્મરણ જ્ઞાન થયુ, અને નિર્ણય થયો કે બાપે ફસાવાનો આ રસ્તો કર્યો છે ખરેખર સાધુ મહાત્માઓ તો આપણા પરમ ઉપકારી છે માબાપે પુત્ર સ્નેહથી ભરમાવ્યા છે બધી હકીકત માબાપને જણાવી પછી માતાપિતા પુરોહિત રાજા વિગેરેએ દીક્ષા લીધી આમ અવળુ સમજાવી ભરમાવી માતાપિતા જયદેવને ચિંતામણી રત્ન માટે પરદેશ જવાની ના કહે છે હવે જયદેવે શુ કરવુ? અર્થાત્ જયદેવ કેવી બાજી ગોઠવે છે તે વિચારીએ

પુત્રના નિશ્ચયને ઢીલો કરનારા માતા-પિતા

ડાહ્યો છોકરો પરદેશ જવા માટે તૈયાર થાય ડાહ્યો દીકરો દેશાવર ભોગવે દાધા રંગો અને અક્કલ વગરનો છોકરો ૬૦ વરસનો થાય તો પણ માબાપના મોહમાથી બહાર ન નીકળે પાકેલો જીવ દરિયામા ન રહે તેમ જયદેવ માબાપને છોડી પરદેશ જવા માટે તૈયાર થયો સ્વાર્થી માબાપો ભવિષ્યને ન જુએ માસ્તરે છોકરાને માર્યો હોય તો સ્નેહઘેલા માતપિતાઓ માસ્તરને શુ કહેવાય ગણે માસ્તરને ઠપકો આપવા જાય મોહ એવી ચીજ છે કે પડલ લાવી દે, અને સત્ય સ્વરૂપ સુઝવા દેતી નથી તેમ અહીં જયદેવ અખુટ સમૃદ્ધિ શાળી પુત્ર છુટો પડે તે પોતાને ગમતુ નથી વસુધરા શેઠાણી તથા નાગદેવ પિતા બન્ને મળીને પુત્રને કહે છે કે હે પુત્ર! અમુક શેઠ કહેતા હતા કે તુ ડાહ્યો છે અને ચાણો છે, એમ કહીને પરદેશ જતાને રોકવાની જાળ પાથરે છે, અરે નિર્મળ બુદ્ધિવાળા પુત્ર! તુ બધી રીતે ડાહ્યો છુ, પણ તુ ચિન્તામણિની બાબતમા ચૂકયો બધી બાબતમા તુ ડાહ્યો પણ ચિંતામણિમા ભૂલ્યો પદાર્થના સ્વરૂપને અંગે અન્ય મતવાળાઓ ન સમજ્યા ત્યા ઇશ્વરને આગળ ધરે છે એવી રીતે ઝવેરીઓએ કોઈ જબરજસ્ત મોટો ઝવેરી ગણાઈ ન જાય, તેથી ચિન્તામણિની કલ્પના ઉભી કરી છે ઝવેરીઓને બધા રત્નો મળી જાય, તેથી એક એવુ રત્ન કલ્પી રાખ્યુ, કે મારી પાસે રત્ન છે તે બીજા પાસે નથી બીજા ઝવેરી અભિમાનમા આવી જાય, તે વાત ઉડાવવા માટે ચિન્તામણિની વાત કલ્પેલી છે શેઠીયાનુ અભિમાન ગાળવા માટે ચિન્તામણિની વાત ગોઠવી છે આ ગામમા એ રત્ન નથી જેમ આ ગામમા એ રત્ન ન મળ્યુ, તેમ બીજા શહેરમા પણ એ રત્ન મળવાનુ જ નથી બીજા શહેર ગામો તો શુ, પણ ત્રણ જગતમા એ વસ્તુ જ નથી, તો મળશે કયાથી? માટે પરદેશ જવાની વાત ન કર, અને અહીંજ વેપાર કર આપણા ગામમા કિર્તિ મેળવ, પછી દેશાવર જાય તો પણ લોકો કિર્તિ ગાય લોકો કહેશે કે આ તો ભાગી ગયો અહીં વેપાર ખેડીને બહાર જઈશ તો વેપાર ખેડવા ગયો છે તેમ લોકો કહેશે નાના છોકરાને માત પૃછીયા ઉદરની વાતો કરે છે, તેમ લોકોના કહેવા ઉપર આધાર ન રાખવો લોકો ગમે તેમ કહે પણ આપણે તો તત્ત્વ વિચારવુ લોકોના કહેવાથી

વસ્તુનુ પરાવર્તન ન કરવુ મહીથી ન જવા દેવા માટે ચિન્તામણીને કલ્પનામા લગાડયુ, ને બીજે વેપાર કરવા મન્યુ અને નિર્મળ લાગણીથી બ નુ ના રૂ ભરન થઈ જશે, માટે બહાર જવાની વાત ખોટી છે

ચિન્તામણિ રત્નની શોધમા

આ રીતે સમજાવવા છતા જયદેવ વસ્તુ સ્થિત હોવાથી, મા બાપ માત્ર મોઢથી અહીં વેપાર કરવાનુ કહે છે અને બ ર ન જવા દેવા માટે આગ્રહ કરે છે જયદેવનો ચિન્તામણિ રત્ન મેળવવાનો દૃઢ નિશ્ચય મર મુન ક પૂર્વાનુમ નિશ્ચય કર્યો છે, એવા દૃઢ નિશ્ચયવાળાને પહાડ જેવા વિઘ્નો પણ ર ડ્ડુ જેવા લાગે છે ડા માબાપે વાર્યો છતા જયદેવ ચિન્તામણિ રત્નની શોધ કરવા ઘરથી નીકળી ર ય પ હાડોમા મુસાફરી કઠણ છે, છતા જયદેવ પહાડમા ચિન્તામણિ નો સભાવ ધારી ર તે ર તે રખડે છે પહાડમા ગયો પણ ચિન્તામણિ ન મળે નદીકિનારે ઉપર આવી ગયે હિર તાજ પહાડમાથી મળે ત્યા ન મળ્યો, એટલે પૂર્વ કાળમ ગાઢ નગરમા આ યો હોય તેમ ધારી નગરોમા ફર્યો તો પણ ચિન્તામણિ ન મળ્યુ કેટલીક વખત ભૂતકાળમા નાખેલી વસ્તુમા મળી આવે, તુટી ગયેલ, નગરોમા અને ઉજ્જડ વેરાન થઈ ગયેલા શહેરોમા તેના હોય ગર દટાઈ ગયા હોય તો મળી આવે, તેમ ધારી તેવા સ્થાને, જળ માર્ગ સ્થળ માર્ગ જ્યા વેપારીઓ આવજા કરતા હોય તેવા સ્થાને, બધા બંદરી સ્થાને દરીયાના મોઠે ઠે પણ ફર્યો ચિન્તામણિ માટે દરેક જગોએ ફર્યો પણ ફરવાથી શુ વળે? હીરો ઘોઘે ગયો ને ડેલે હાથ દઈ પાછો ફર્યો ’ એવુ ન થાય માટે કથા સમજો ભ નન ભા એક શેઠ મુનિમ સાથે વાત કરે છે કે આવતી કાલે હીરાને ઘોઘે મોકલવો પડશે આ વાત દુર ઉભે હીરાએ સાભળી લીધી એ વિચાર કર્યો કે વહેલો ઠંડકમા ઘોઘે જઈ આવુ મોડો જઈશ તો બપોરના તડકો ખાવા પડશે એમ ધારી કામ પૂછયા વગર સવારે વહેલા ઘોઘે જવા માટે નીકળી પડયો અહીં શેઠ મુનિમ હીરાની શોધ કરે છે એટલામા હીરો પાછો આવી પહોચ્યો અરે ક્યા ગયો હતો? અરે હુ ઘોઘે વહેલો જઈ આવ્યો શુ કરી આવ્યો? અરે હુ ગયો ત્યારે તો દરવાજો બધ હતો, એટલે ડેલીએ હાથ દઈને પાછો ચાલ્યો આ યો અરે શુ કરવા મોકલવાનો હતો તે તો પૂછવુ હતુ? તેમ હીરા માફક ફેરો ખાવા જયદેવ નીકળ્યો ન હતો

ચિન્તામણી ખોળવામા તીવ્ર મન લાગેલુ હોવાથી એ જ ધ્યેય કેટલાક શેઠીયાના છોકરા દશ હજાર ૧૦૦૦૦) રૂપિયા લઈને વેપાર કરવા જાય અને લ્હેર કરીને પૈસા પુરા કરીને પાછા ફરે, તેમ આ જયદેવ મોજમજા નથી કરતો પણ આપત્તિનો સામનો કરી આગળ વધે છે બધે રખડયો પણ કોઈ જગોએ ચિન્તામણિ મળતુ નથી છતા મનનો ઉત્સાહ તુટી ન ગયો નદી તળાવ અમુક પ્રમાણમાજ પાણી સઘરી શકે નહીંતર બાધેલા બધો તુટી જાય જયદેવ આગળ ફર્યો, કલશ મજન કર્યો, છતા ફળ ન દેખાયુ તો પણ ઉત્સાહ ન તુટ્યો શોધ માટે કરેલો ક્લેશ નિષ્ફળ જાય એટલે સમજ પગ સેકડો ગુણી અસર કરે જો ક્લેશનુ

ફળ મળે તો ક્લેશનું દુ:ખ હીસાબમાં નથી રહેતું, પણ ફળ ન મળે તો સેંકડો ગુણી અસર મગજ પર થાય છે હવે માબાપે ભરમાવવા કહેલી કલ્પનાની વાત મોટું સ્વરૂપ પકડે ખરેખર માતા પિતાજી કહેતા હતા, તે વાત સાચી તો નહીં હોય ? ન જવા દેવા માટે કહેલા વાક્યોએ અહીં ઘોઘો ઘાલ્યો કે ચિન્તામણી વસ્તુ શું જગતમાં હશેજ નહિં ? ભાગ્યશાળીને કાંટો વાગે તો નીકળી જાય, અને નિર્ભાગીને કાંટો વાગે તો પાકે કે અંદર સડો પેદા થાય, યાવત્ જીંદગીનો પણ અંત લાવનાર થાય અહીં જયદેવ ભાગ્યશાળી છે તેને પિતાજીએ કહેલા વાક્યો અસર કરે છે, પણ તરત નીકળી જાય છે ભલે મને તે રત્ન ન મળ્યું પણ વસ્તુ તો છેજ ચિન્તામણિનું લક્ષણ રત્નશાસ્ત્રમાં છે શાસ્ત્રકારોએ કહેલી વાત ખોટી ન હોય, આમ કાંટો નીકળી ગયો ભાગ્યશાળીને આપત્તિકાળ લાંબો વખત ન રહે નીચે પડેલો દડો જેટલા જોરથી પડ્યો હોય, તેથી ડબલ ઉછળે છે તેમ આથડેલો મનુષ્ય જબરજસ્ત ઉદ્યમ કરે

જે રૂશીઆ જાપાન સાથે લડવામાં છ મહીના ન ટક્યું, તે હારીને તૈયાર થયું, ત્યારે જર્મની સાથે ચાર વરસ ટક્કર લીધી, અને જર્મનીને હરાવ્યું પહેલવહેલો ઉદ્યમ કરતાં અથડાયો ત્યાર પછીનો તે ચીજ માટેનો ઉદ્યમ વિચિત્રજ હોય છે હવે જયદેવ અત્યંત વેગથી ચારે બાજુ મુસાફરી કરવા લાગ્યો ઘણી ઘણી મણિની ખાણોમાં પ્રવાસ કરે છે પૃચ્છા કરે છે એમ આગળ આગળ મુસાફરી લંબાવેજ રાખે છે

અર્જુનનો સમાગમ અને ચિન્તામણિના દર્શન

એમ કરતાં કોઇક વૃદ્ધ પુરૂષનો સમાગમ થયો બધી હકીકત જાણાવી એટલે એ વૃદ્ધે જયદેવને કહ્યું અહીં નજીકમાં મણિવતી નામની ખાણ છે પરંપરાથી એમ કહેવાય છે કે ત્યાં ચિન્તામણિ છે, પણ જે ભાગ્યશાળી હોય તેજ ત્યાં ચિન્તામણિ પામે જ્યારે આ વાત સાંભળી, ત્યારે જેમ નાનું બાળક ટાઢે મરતો હોય, અને નીચેથી સાકળ ખખડે કે મા આવી લાગે, કે માને ઝંખતો હોય છે, ત્યારે અવાજ માત્રથી સાન્ત્વન થાય તેમ આ વૃદ્ધનું વાક્ય સાંભળી જયદેવને આનંદનો પાર ન રહ્યો તે ખાણમાં ગયો, ત્યાં ઘણા રત્નો દેખે છે સતત્ ખોળ કરવાની ચાલુ રાખી એટલામાં એક રબારીનો ભેટો થયો તેના હાથમાં એક ગોળ પત્થર છે તે પત્થર જયદેવની નજરે પડ્યો તપાસ કરી તો શાસ્ત્રમાં ચિન્તામણિ રત્નનું લક્ષણ જેવું કહેલું છે તેવાજ લક્ષણ વાળો આ પત્થર હતો રબારીને તો તે પત્થરજ હતો હવે રબારીના હાથમાં તે રત્ન છે, પોતે તે કેવી રીતે માગે અગર કઈ રીતે લે ? નિતિનું ઉલ્લંઘન કરવું નથી ચિન્તામણિ માટે પોતે ઘેરથી બાપથી આડો થઈને નીકળ્યો છે પોતે તેનો અર્થી છે તે પારકા પાસે છે આવો અર્થી પોતાની ઈષ્ટ વસ્તુ રબારી જેવાના પારકા હાથમાં દેખે છે, છતાં નિતિનું આલંબન રાખી, હવે શું કરે છે તે જોઈએ

પત્થર-ચિન્તામણિનો ફરક

જયદેવ રત્ન માટે રખડે છે છતાં ન મળ્યું અને પશુપાળને સહજે મળી ગયું છે

તેનો વિચાર કરે છે, અર્થાત્ આ ગમારના હાથમાંથી લેવું મુશ્કેલ છે નાના છોકરાના હાથમાં રૂપીઓ આપ્યો હોય, પછી તેની પાસેથી પાછો લેવો મુશ્કેલ પડે છે અણુસમજુ બાળકની પણ મુઠ્ઠી છોડાવવી અઘરી પડે છે ગમાર પાસે ચિંતામણી રત્ન છે, શી રીતે તેના હાથમાંથી લેવાની તજી ખરેખર! શોક દામી શકાય છે, પરંતુ હઠના નગ્ગો દામી શકાતા નથી ગમારના હાથના ચિંતામણી દખી જયદેવથી હવે દામી શકાતો નથી ગમાર પાસે એ રત્નની માગણી હર્ષપૂર્વક કરી પશુપાળ કહ્યું કે તારે આ પત્થરનું શું કામ છે? હવે ગમારને જયદેવે શો ઉત્તર આપ્યો? નાનું બાળક સગડીમાં હાથ ઘાલે તે અવસરે કઝાય છે, એમ બાળકને સમજાવવું શી રીતે? સગડીથી છેટો રાખવો પડે તેમ આ ગમારને તેનો જ ઉત્તર આપે કે જયદેવ કહે છે કે લાંબા કાળે હવે હું મારા સ્વદેશ તરફ જવાનો છું ઘેર જઈશ એટલે માબાપ ને નાના ભાઈબેન મને પૂછશે કે પરદેશથી શું લાવ્યા? તો કંઈક નવી વસ્તુ લઈ ગયો હોઉં તો નાના બાળકોને આનંદ થાય નાના છોકરા પ્રથમ માગે તો છોકરાઓને રમવા તો અપાય હવે પેલો પશુપાળ કહે છે કે અરે વાણીયા! આવા આવા ગોળ પત્થરા ચકચકતા અહીં ઘણા પડેલા છે તે શા માટે તું નથી લેતો? ગમારને પોતાના હાથમાં રહેલું ચિંતામણી રત્ન અને ભોય પર રખડતા પડી રહેલા પથરા વચ્ચે તફાવત માલમ જ નથી જેમ અજ્ઞાની આત્માને કુધર્મ કે સુધર્મ બધાજ સરખા લાગે છે સુધર્મ નીકળો પુગ અજ્ઞાનીને માલમ ન પડે આ સંસારમાં કેટલાક કુળ જાતિને લીધે સહચારી સબંધીઓને લીધે પણ અનેક પ્રકારના ધર્મને પામેલા હોય છે તેવાઓને આ એ ધર્મ છે, અને પેલો પણ ધર્મ છે જેમ પેલો ગમાર ચિંતામણીને બીજા પથરા સાથે રાખે છે તેમ પોતાને મળેલા ઉત્તમ ધર્મને બીજાના ધર્મોની યત્કિંચિત સારાપણાના ગણોને આગળ કરીને આ એ ધર્મ છે અને પેલો પણ ધર્મ છે, તેની સરખામણી કરે છે ગમારો ઉત્તમ ધર્મને બીજા હલકા ધર્મની સરખાવટમાં મૂકી દે છે

ઉપકાર કરવાની ટેવ પાડો

હવે જયદેવે દેખ્યું કે આ પશુપાળ પોતાના હાથમાં રહેલા ચિંતામણી રત્નને બીજા પત્થરની સરખાવટમાં મૂકે છે એટલે પોતે રાજી થાય છે હવે તેની પાસેથી આ રત્ન મેળવવામાં મુશ્કેલી નહિ પડે કેમકે ગમાર તેને પત્થર ગણે છે જયદેવ હવે પશુપાળને કહે છે કે મારે જલદી સ્વદેશ તરફ પહોંચવું છે, તું તો અહીંજ રાત દીવસ ફર્યા કરે છે, તો તું બીજા ખોળી લેજે મને તું જલદી આપ, કે હું જલદી હવે અહીંથી જઉં હવે ગમારને ઉત્તર દેવાની સુઝ પડતી નથી

કેટલાકો માખી જેવી સ્થિતિવાળા છે જે મરતા મરતા પર અપકારજ કરે અંદર પેસીને પોતાના પ્રાણનો ભોગ આપી, સામાને ખાધેલું બધું ઓકાવે કેટલાક બકરીના ગળાના આંચળ જેવા હોય છે તે ઉપકારજ ન કરે પોતાના હાથે બીજાનો ઉપકાર થાયજ

નહિ તો પછી પરોપકારની ઉત્તમતાની વાતો સમજે જ કયાથી? ઉપકાર કરવાની ટેવ પડયા વગર હૈયાત વસ્તુથી ઉપકાર થઈ શકતોજ નથી આ ગમાર હરિદ્ર હગામા છે પરોપકાર કરવામા સમજે જ કયાથી? તેને તો પત્થરનો જ પરોપકાર કરવો હતો વળી તેવા પત્થર તે જગલમા અનેક પડેલા હતા, પણ એક આનામાથી- એક પાઈ ખરચવાને ટેવાયેલો હોય તો રૂપીયામાથી એક આનો ખરચી શકે ખરચવુ એ દાન દેવાની ટેવ ઉપર આધાર રાખે છે જેને દાન કરવાની ટેવ પડી હશે, તેને અહી ઓછુ હશે તો પણ ખરચશે જ જેને દાનની ટેવ નથી તે મળ્યા છતા પણ ખરચી શકતો નથી આ બિચારા પશુપાળે જન્મથી કોઈ દિવસ પરોપકારને સ્થાન આપ્યુ નથી તેને તો કાકરામા પરોપકાર કરવાનો છે, છતા આવો શ્રીમત માણસ મળ્યો તો પણ કાકરા તરીકે આપવાનો પરોપકાર કરી શકતો નથી

પરોપકારરસિક આત્માઓ પરોપકાર કરે છે

હવે જયદેવ મનમા વિચાર કરે છે કે, મારો ધાર્યો સ્વાર્થ સિદ્ધ ન થયો, પણ આ પશુપાળને આ રત્ન સિધ્ધ થશે તો તેનુ પણ કલ્યાણ થશે, અને ચિતામણી રત્નનો મહિમા તો ટકી રહેશે આ મહિમાવાળુ ચિતામણિ-રત્ન પત્થરમા ન ખપી જાય તે ધારણા થઈ, સજ્જનપણુ લ્યાજ છે પોતાનો સ્વાર્થ સિદ્ધ ન થાય તો પદાર્થની પવિત્રતાને ન બગાડે પીવુ નહીં તો ઢોળી નાખવુ, બીજાને તો પીવા નજ દઉ પોતાનુ ધાર્યુ ન થાય તો 'મે મરૂ, પણ તુજે રાડ કરૂ,' આવી દુર્જનની સ્થિતિ હોય છે તેજ કારણથી આ જયદેવ ધારે છે કે મારા હાથમા ભલે ચિંતામણી ન આવ્યુ, પણ એનો ઉપકાર થાય તો પણ કલ્યાણ અને તેની પરપરા તો રહેશે જગતમા ઉપકાર કરવાની દૃષ્ટિ અલ્પ પ્રાણીઓને થાય છે, તેમા સ્વાર્થ સિદ્ધી થાય ત્યારે ઉપકાર કરવાની દૃષ્ટિ ઓછી રહે છે આ ચિંતામણીનો પ્રભાવ જગતમા વધશે તે પણ ઘણુ છે, તેમ આ રબારીનો પણ ઉપકાર થશે આવી બુદ્ધિવાળો જયદેવ ભરવાડને કહે છે હે ભદ્ર! અત્યાર સુધી તુ પત્થર જાણે છે છતા વળગી રહ્યો છે, અને છોડતો નથી, તો હુ કહુ છુ, કે આ પત્થર નથી, પણ ચિંતામણી રત્ન છે હુ લઈને તેની આરાધના કરત હવે તુ પણ તેની વિધિપૂર્વક આરાધના કર એને આરાધવાથી, તેનામા તાકાત છે કે તુ ઈચ્છા કરે તે વસ્તુ તને આપી શકે જો એમજ હોય તો જરૂર હુ આરાધના કરૂ મનમા જે વિચારે તે આપે તો મને વિચારતા વાર શી?

ધર્મ-ચિન્તામણિનો મહિમા

ધર્મ ચિંતામણી માટે તો નિયમ છે કે જે વિચારે તે આપવુ તમો વિચારો કે મારે મોક્ષ જોઈએ, તો મોક્ષ મેળવી આપે મોક્ષનો વિચાર કોને થાય? જે ભવ્ય મોક્ષે જવાનો હોય તેનેજ તે વિચાર આવે આપણામા કેટલાક એવા આત્માઓ છે કે જ્યા ખાના

પીવા પહેરવા ઓઢવાનુ કે નાટક સીનેમા સ્ત્રી પુત્રાદિના સુખો નથી, તો ત્યા જઈને શુ સુખ ભોગવવાનુ ? ભવાભિનદી જીવો, પુદ્ગલાનન્દી જીવો, ઈન્દ્રીય ગતિ–જીવો પૌદ્ગલીક સુખ માજ સુખ માને છે જેમનો કીડો જેરમાજ સુખ સમજે, તેથી તેને જો સાકરમા મુકીએ તો મરી જાય તેમ ઇન્દ્રીયાગમિ–આત્માઓને આત્મિક સુખ અતુ છે, છતા તેમા આનદ ન આવે ધર્મ રત્નનો નિયમ છે કે મોક્ષ માગે તેને મોક્ષ આપેજ નવે તત્વની શ્રદ્ધા થઈ ન હોય નમકિત થયુ ન હોય તો પણ મોક્ષનાકુ–આત્માને એક પુદ્ગલ પરાવર્તનમા નિયમા મોક્ષ મળે મોક્ષ જ જોઈએ તેવા આત્માને અધ–પુદ્ગલ પરાવર્તમા મોક્ષ મળે, એક નિચર માથી મોક્ષ મળે, તો પછી ચિંતામણી રત્ન માગેલી વસ્તુ જરૂર પુરી પાડે તેમા નવાઈ શી ? આ રબારી આગધવાની વાત કોરે મુકીને, માગીશ તે આપશે તેની વિચારણામા ચડી ગયો 'કુકડીનુ મો દેરલી' તેવી રીતે રબારી કહે છે કે બોર કૈરા હચુબર માગુ તો મને આપશે ને ? આ સાભળી જયદેવને હસવુ આવ્યુ આવા ઉત્તમ ચિન્તામણિની પાસેથી કેવી રીતે મગાય ?, શુ વસ્તુ મગાય ? તેની ખબર નથી એટલુજ નહિ, પણ આરાધના કરવી જોઈએ એ વાતની પણ આ ગમારને ગમ નથી

ચિન્તામણિની આરાધના

પાણી લેવા છીબુ–ઢાકણુ લઈને ગયો, પણ છીબામા કેટલુ પાણી સમાય, લેવાની પણ રિતિ–નિતિ હોવી જોઈએ રિતિ ન હોય તો કઈ ન મળે એમ શેઠ સાથે બીજા માણસે નકકી કર્યુ, કસગણા માપે તલ આપવા, બદલામા તેટલુ તેલ આપવુ લેવાના ઠામ અને લેવાની વસ્તુ વિચારવી જોઈએ છીબામા તલ ઘણા સમાય, પણ તેલ કેટલુ ટકી શકે ? તેમ આ બિચારો રબારી ચિંતામણિ રત્ન પામ્યો પણ માગવાની રિતિનુ ઠેકાણુ ન હોવાથી જયદેવને હસવુ આવ્યુ હસવુ એમ આવ્યુ કે રત્ન મારા હાથમા તો ન આવ્યુ, પણ તેના હાથમા ટકવાનુ નથી જયદેવે ભરવાડને કહ્યુ કે આમ વિચારાય નહિ ત્યારે કેમ વિચારાય ? અટ્ઠમ–ત્રણ ઉપવાસ લાગલાગટ કરવા ત્રીજી રાત્રી પુરી થાય એટલે જમીન લીંપી એક બાજોઠ ત્યા ગોઠવી, ઉપર એક પવિત્ર વસ્ત્ર બીછાવી, તેને થાળમા પધરાવી પ્રક્ષાલન કરવુ પછી સુદર વસ્ત્રથી નિર્જળ કરી, ચદનાદિક પદાર્થોથી પૂજા કરી, ઉત્તમ સુગધી પુષ્પો ચઢાવવા, અને ધૂપ દીપક ત્યા કરવા પછી નમસ્કાર કરી આપણે જે ઈચ્છા હોય તેની માગણી કરવી એમ્યે તે વસ્તુ તરત મળી જાય સજ્જડ રોગની ક્રિયાઓ કઠણ હોય છે, તો પછી ચિંતામણિની ક્રિયા કઠીન હોય જ રબારીને 'ત્રણ દિવસ ભૂખ્યા રહેવુ વિગેરે બધો વિધિ કરવો અત્યત આકરો લાગ્યો જૈનના બાળકને ચઉ વિહાર આયબિલ યાવત્ ઉપવાસ કરવો પણ સહેલો પડે છે ઇતર કોમના મોટા માણસને એક આબેલ કરવાનુ કહીએ તો એક કલાક પણ ભુખ્યો ન રહી શકે, તે શુ કરે ?, જયદેવે સહેલી વિધિ બતાવી છતા ગોવાળીયાને આકરી લાગી એક પહોર છાશ વગર કે રોટલા વગર જે ચલાવી ન શકે તેનાથી અટ્ઠમ શી રીતે બને ?

નિષ્પુણ્યકની નિર્માલ્ય-નિતિ-રિતિ

હવે રબારી પોતાની બકરીઓને લઈને ગામ તરફ જાય છે જયદેવ પણ પાછળ પાછળ જાય છે ભાવિ શુભાશુભ કર્માનુસાર જીવોને બુદ્ધિ સુજે છે આ રબારીને પોતાનુ કર્મ ફળીભૂત કરવા બુદ્ધિ સુઝતી નથી તેથી આ રત્ન રબારીના ઘરમા કે હાથમા રહેવાનુ નથી એ બિચારો હીન પુન્યવાળો હોવાથી વિધિ બતાવ્યો, છતા આરાધવા ઉત્સાહિત થતો નથી નિષ્પુણ્યકને રત્ન મળ્યુ છતા ટકવાનુ નથી તેથી જયદેવ તેની પાછળ પાછળ જાય છે તે બીજી વ્યવસ્થા કરે તે વખતે જો હુ હાજર હઈશ, તો રત્ન મારા હાથમા આવી જશે તેથી તેની પાછળ પાછળ જયદેવ ચાલ્યો જાય છે અને નિષ્પુણ્યક આત્માઓની નફા વગરની નિતિ રિતિનો વિચાર કર્યા કરે છે

રત્ન અને રબારીના રિસામણા

હવે ગામ છેટુ છે રબારી સાથે રસ્તામા વાત કરનાર કોઈ નથી રત્નને ,રબારી કહે છે અરે મણિ! મારી સ્થિતિ તુ બરાબર ધ્યાનમા રાખજે આ બકરીઓ મારા જીવન અને કુટુબનો આધાર છે, છતા તારા માટે બકરી વેચવી પડશે એક બકરી વેચીને કપુર, ચદન, ફુલ, પાટલો, વસ્ત્ર, ધૂપ વીગેરે વસ્તુ લાવવી પડશે પછી તારી પૂજા કરીશ પણ આ વિચાર હુ કરૂ તે પહેલા તારે પણ ઘણો વિચાર કરવો પડશે મારે બકરી વેચવી તે મારા હાથની ચીજ બકરીની કિંમત આવશે તો મારે તો મુશ્કેલી નથી, પણ હે ચિંતામણિ! તારે ઘણી મુશ્કેલી છે ત્રીજે દહાડે પાછલી રાત્રે મારા મનમા જે વિચાર આવે તે તારે આપવુ પડશે માટે બરાબર ધ્યાન રાખજે! તોજ તારૂ ચિંતામણિ એવુ નામ સાચુ ઠરશે. હે ચિંતામણિ! લાબો રસ્તો કાપવો છે, માટે તું કંઈક વાતો કર કે માર્ગ કપાઈ જાય ચિંતામણી ચુપ રહ્યુ, એટલે રબારી કહેવા લાગ્યો કે જગતમા તને વાત કરતા કોઈએ શીખવ્યુ લાગતુ નથી તુ બોલતો નથી, માટે તને વાત કરતા આવડતી લાગતી નથી માટે હુ વાત કરૂ તુ સાભળીશ, અને હોકારો પુરીશને? કમળ શેઠના પુત્ર જેવુ તો નહીં કરીશને?

ધર્મ રહિત પુત્રના અવિનિત આચરણો

કમળ શેઠને પુત્ર હતો તે પુત્ર બધી વાતે બાહોશ, પણ ધર્મના પગથીયે બીલકુલ ન ચઢે શેઠ વારવાર કહે કે મારા કહેવા ખાતર મહારાજ પાસે જા સાભળીને છેવટે જવુ પડયુ તેથી તે ગયો વ્યાખ્યાનમા નીચુ ઘાલીને બેસી રહ્યો અને દરમાથી કીડીઓ નીકળતી હતી તે ગણ્યા કરી ઘેર આવ્યો, બાપે પુછયુ કે શુ સાભળ્યુ? હુ ત્યા જઈ આવ્યો પણ ત્યા દરમાથી કીડીઓ નીકળતી હતી તે મે માત્ર ગણી એટલે સાભળવામા ધ્યાન રહ્યુ નહિ હવે બાપે કહ્યુ, હવેથી મહારાજની સામુ નજર રાખીને સાભળજે બીજે દીવસે મહારાજની સામુ જોયા કર્યુ, પણ સાભળવામા ધ્યાન ન રાખ્યુ પણ મહારાજના ગળાની હાડકી ૧૦૮ વાર ઉપર નીચે ચડ ઉતર કરતી હતી તે મે માત્ર ગણી. એમ શેઠને જવાબ આપ્યો

આરાધનની કસોટી

તેવી રીતે હે ચિંતામણી! તુ કમળાગોટના પુ ા ી જેમ બરાબર સામળીશ કે નહિ? એમ તે રબારી ગમાર ચિંતામણીને કહે છે મણિ માન રહે છે મૌન રહ્યો એટલે મારી વાત માની એમ ગમાર વિચારીને વાત કહે છે ન્ન મણિ! એક દેવગૃહ-દેવ મંદિર એકજ હાથ ઉંચુ હતુ પણ અદર દેવ ચાર હાથના હતા નામ રબારી કહે છે, પણ મણિ હોકારો પુરતો નથી એટલે ગમાર કહેવા લાગ્યો કે તે ન ન કરી હું કહુ હુ તેમા હોકારો પણ આપતો નથી અને તમારા માથે કેવી મોટી દરજ આવવાની છે આજથી ત્રીજે દહાડે હુ માગીશ તે તારે આપવુ પડશે

કેટલાક અજ્ઞાનીઓ દેવ દેવીઓની માનતા માને છે ભોગ ન મળ્યો તો બીજુ શુ મટાડશે? અર્થાત્ લૌકિક દેવગુરૂ પૂજે તો નીચા ચહેર, નહીંતર ફાવ્યા નહિ ગણે છે, એટલુજ નહિ પણ તે આરાધના પડતી મૂકે છે આપણે રબારીને હસીએ છીએ, પણ એજ સ્થિતિમા આપણે પણ છીએ જો દેવગુરૂ ધર્મના આરાધનમા સિદ્ધિ ન થઇ, તો લોકોત્તર દેવગુરૂ ધર્મને પણ તેવી સ્થિતિમા આપણે લાવી નાખીએ છીએ દેવગુરૂ ધર્મ એ કષ્ટથી આરાધ્ય છે કષ્ટ વખતે તેની આરાધનાની ખરી કિંમત લગીર કષ્ટ પડે તો આપણે દેવગુરૂ ધર્મને પ્રથમ છોડીએ છીએ

રત્ન ફેકનાર રબારી

આપણે બધાએ ધર્મને માવકા છોકરા જેવો ગણ્યો છે કાર્ય સિદ્ધિ માતાની ન થાય ત્યારે ઓરમાન છોકરાનુ ભેળાણું કાઢે હવે રોષાયમાન થઇ ગમાર ચિંતામણિને કહે છે, તારૂ નામ ચિંતામણિ કોણે પાડયુ! તારૂ નામજ ખોટુ છે કહી આવ્યુ હોય તે ચિંતા ઉભી કરનાર મણિ ચિંતા રૂપજ મણિ જ્યારથી મારા હાથમા તુ આવ્યો, ત્યારથી મને ચિંતા થઇ છે અરે ચિંતા કરીને રહેવાવાળો હોય તો અડચણ નથી આતો ચિંતા દ્વારા મને મારવાનો તે રસ્તો કર્યો છે રાબ, ઘેશ અને છાશ નગર ક્ષણવાર જીવી ન શકુ, એવો હુ ત્રણ દીવસ ખાઉ નહીં હુ મરી જઉ કે બીજુ કઈ? માટે આતો મરવાનો ઉપાય પેલા વાણીયાએ બતાવ્યો છે એ વાણીયાએ માગ્યુ તે મે ન આપ્યુ, તેથીજ મને મારી નાખવાનો આ પ્રસંગ રચ્યો જણાય છે પણ હુ એવો કાચો નથી કે વાણીયાના કહેવાથી ત્રણ દીવસ લાઘણ કરૂ આ ચિંતા કરાવનાર હોવાથી અહીંથી એવી જગો પર ફેકી દઉં, કે ફરીથી મારી નજરે પણ ન પડે એમ કહી રબારીએ રત્નને બહુજ દૂર ફેંકી દીધો

એકની રીસ એજ બીજાને સતોષનુ કારણ

'હવે વહુની રીસ અને સાસુનો સતોષ' ગમારે જેવો મણિ ફેકયો કે જયદેવ તે મણિ પાસે તરત ગયો અને દેખી પૂર્ણ હર્ષ પામ્યો પહેલા જે હસ્તિનાપુર નગર, પહાડ,

પર્વત, ખાણો, બંદર અનેક જગો પર ફરીને ભૂખ તરસ વિગેરે દુઃખ પરિશ્રમ વેઠયા, તે અહીં સફળ થયા એમ તેણે ગણ્યા મણિ પાસે જઈને પહેલા નમસ્કાર કર્યો અને પછી હાથમા લે છે હવે જયદેવ ચિંતામણી રત્ન પામી પોતાના નગર તરફ પ્રયાણ કરે છે માર્ગમા અનેક સંકટોનો સામનો કરતો કરતો પોતાના નગરમા નિર્વિઘ્ને પહોચી જાય છે સારી જગ્યામા વસવાટ હોય, ઘેર કોઈ ભાગ્યશાળી આત્માના પગલા થાય, અગર કોઈ ઉત્તમ ગાય, બળદ, અશ્વ કે હાથી કે સુંદર લક્ષણ વાળુ રત્ન આવી જાય, તો ઘરની જાહોજલાલીની થાય સામાન્યકાળમા ઉદય થાય, તો પછી ચિંતામણિ જેવી વસ્તુ હાથમા આવી જાય પછી શુ કહેવુ ? રીસાયલા રબારીએ ચિંતામણી રત્ન ફેંકયો, પણ જયદેવને તો મનોરથનુ કારણ થયુ

પુણ્યોત્કર્ષની અજબ લીલા

ઘેર આવ્યા પછી જે માતાપિતા એક વખત પરદેશ જવાની ના પાડતા હતા ચિંતામણી જેવી વસ્તુજ નથી, માત્ર શાસ્ત્રમા કલ્પના ગોઠવી છે, એવુ કહેનાર માતાપિતા રત્ન દેખીને આનંદ પામ્યા પુત્રને આશીર્વાદ આપવા લાગ્યા

હવે માતાપિતા તે પુત્રનુ લગ્ન કરવા માટે યોગ્ય કન્યાની શોધ કરે છે એજ નગરના એક ધનવાન શેઠની રત્નવતી નામની કન્યાની સાથે વિવાહ કર્યો ઠાઠ માઠથી લગ્નોત્સવ કર્યો એમ કરતા શેઠને ત્યા પુત્ર પૌત્ર પરિવાર વૃદ્ધિ પામ્યો વેપાર રોજગાર પણ વધવા લાગ્યો દેશ પરદેશમા કીર્તિ પુષ્કળ વધી આટલુ છતા જયદેવ દરરોજ માતાપિતાનો વિનય નમસ્કાર સેવા ભક્તિ ચુકતો નથી હવે એજ માતાપિતા હર્ષપૂર્વક હમારા કુળનો દીપક વીગેરે વિશેષણોથી નવાજવા લાગ્યા, અને અભિનંદન આપ્યુ દીન પ્રતિદિન સંપત્તિ સંધન અને આનંદ વૃદ્ધિ પામ્યા ખરેખર પુણ્યોત્કર્ષની અજબ લીલા છે

દીક્ષાની જડમા ધર્મ છે

બગીચો તૈયાર કર્યો હોય ત્યારે તો મહેનત પડે છે પરંતુ ફળ ખાવા બધા આવે છે દીક્ષા થાય ત્યારે સંબંધ વગરનાને પણ કડવી લાગે છે કયા ગામવાળાને ગુરૂ સાધુ નથી જોઈતા 'હમારા ગામમા ચોમાસુ પધારો' આમ આગ્રહ પૂર્વક વિનતિઓ સાધુઓને કરાય છે, છતા થતા સાધુ નથી જોઈ શકતા પરંતુ તૈયાર થયેલા સાધુઓ માટે જોરદાર વિનતિઓ કરો છો છોકરાને ડરાવો છો તે કેવી રીતે ? બાપ, ઘો વીંછીના નામે છોકરાને નથી ડરાવતા 'બાવા આવ્યા' કહી છોકરાને ડરાવો છો એજ છોકરા જ્યારે ભણી ગણી હોશીયાર થાય ત્યારે હમારૂ કુળ અજવાળ્યુ, જન્મ આપતી માતાનુ દુઃખ જોઈ શકતા નથી, પણ છોકરાને રમાડવા સહુ કોઈ તૈયાર છે તેમ દીક્ષા લેતી વખતે કુટુંબના કલેશને કેટલાકો આગળ કરે છે, પણ જ્યારે સાધુ શાસન પ્રભાવનાના કાર્યોમા જીવન અપનાવે છે, ત્યારે તો સહુ કોઈ દેખી આનંદ પામે છે કહેનારા કહે છે કે ખરેખર માતાના પેટે રત્ન પાકયો છતા કુટુંબીઓ દીક્ષા પાછળ કલેશ કરે તો પણ તેની

જડમા ધર્મ છે પણ ટોળકીઓના નસીબમા તો હાથ ઘસવાના છે વજસ્વામીની માતાએ રાજદરબારમા ફરીયાદ કરી છેવટે પુત્રે તો દીક્ષાજ લીધી માતાએ વિચાર કર્યો કે પતિએ દીક્ષા લીધી અને પુત્રે પણ લીધી હવે મારે કોના માટે સસારમા રહેવુ ? એમ કરી માતા જે ક્લેશ કરનાર હતી, તેણે પણ દીક્ષાજ લીધી ટોળકીયા દીક્ષામા વિરોધ કરનારાને માત્ર દીક્ષાનો દ્વેષ છે તેના કુટુબીની દયા કે લાગણી જ હોય તો કોઇકને મદદ કરી લગ્ન કરવા જાય ત્યારે ચાર ખારેક માટે ગાળાગાળી બોલનારી વેવાણો જમતી વખતે એક પાટલે બેસી જમશે એજ નાતુ માદા થાય ત્યારે કલેશ કરનારા કુટણીઓ તરત દોડતા આવશે, માવજત કરશે, પણ પેલા મફતીયા કલેશ કરનારા કોઇ તપાસ પણ કરવા આવતા નથી હવે તમામ નગરવહાલા સ્વજનો બહુમાન કરવા આવે છે જયદેવની સમૃદ્ધિ દેખી માબાપ સ્વજનો નગરના લોકો અત કરણથી પ્રિતિ બહુમાન કરવા લાગ્યા દેખાડવા માટે કે ખુશામત ખાતર નહિ વરને વરની માએ વખાણ્યો તેમા શી નવાઈ ? તેમ નથી, પણ ખુલ્લે મોઢે આખા નગરલોકોએ પ્રશસા કરી અને અતે જીવન પર્યત શબ્દ રૂપ રસ ગધ સ્પર્શના સુંદર ભોગો અને ભોગના સાધનનુ ભાજન બન્યો અર્થાત્ પૂર્ણ ભોગી બન્યો આ પ્રમાણે પશુપાળ અને જયદેવનુ ચિંતામણી રત્ન વિષયક દૃષ્ટાત કહ્યુ પણ દૃષ્ટાત કહેવાનો શાસ્ત્રકારનો અભિપ્રાય કયો છે, તેમજ આ દૃષ્ટાતથી આપણે શુ ઉપનય સમજવાનો છે તે હવે આગળ વિચારીએ

શાલિભદ્રની કથાનુ રહસ્ય

ચારે ગતિમા આ જીવને ધર્મ રત્ન મળવુ મહા મુશ્કેલ છે તેમ છતા ભાગ્ય યોગે મળી ગયુ તો, ટકવુ બહુ જ મુશ્કેલ છે, અને તે માટે પશુપાળનુ દ્રષ્ટાત આપ્યુ પશુપાળને રત્ન મળ્યુ છતા ટકયુ નહિ કેટલીક કથાના માત્ર સાધ્ય લેવાનુ હોય જેવી રીતે શાલીભદ્રજીની કથામા સાધ્ય દાનનુ સદ્ગતિ લેવાવાળાએ ગરીબ બનવુ, ઢોર ચારવા, માતાએ દુધ, ચોખા અને સાકર માગી લાવી એકઠા કરવા, અને ખીર બનાવવી, છોકરાને ખીર પીરસવી, અને છોકરાએ દાન દેવુ, એ બધુ લેવાનુ નથી, પરતુ માત્ર દાન દેવાથી પુન્ય બધાય છે, તે દાનના પરિણામનુ સાધ્ય રાખવાનુ છે તેવી કથાને શાસ્ત્રકાર કથા કહે છે, પરતુ કથાના રહસ્યને સમજવાની જરૂર છે

મેઘકુમારની કથાનુ રહસ્ય

પર્યુષણમા મેઘકુમારની કથા સાભળો છો મેઘકુમાર મોટા રાજાઓની રૂપવતી અઢળક રિદ્ધિ લઇને આવની રાજકુમારીઓને પરણે છે અને છોડીને દીક્ષા લે છે એજ રાત્રિમા સાધુના આવવા જવાથી સથારામા પુષ્કળ ધુળ એકઠી થવાથી સુખશય્યામા પોઢનાર મેઘકુમારને ક્ષણવાર પણ નિદ્રા ન આવી તેથી સવારમા ભગવાનને પૂછીને ઘેર જવાનો નિર્ણય કરે છે મહાવીર ભગવાન દીક્ષા આપનાર છે મહાવીર ભગવાન પૂર્વભવ સભળાવે છે આગના ભવમા હાથીના ભવમા ધર્મ ખાતર તે જીદગી ગુમાવી છે પહેલા ભવના

ધર્મના સંસ્કારવાળો હાથીનો જીવ રાજકુમાર આઠ આઠ સ્ત્રીઓનો ત્યાગ કરીને દીક્ષા લે છે તેવો જીવ ઘેર જવા માટે પરિણતિ (વિચાર) કરે છે આપણે તો અભિપ્રાય આપી દઈએ કે ભગવાને ઠીક ન કર્યું પણ ઘોડો રથમાંથી છુટી જાય, ભાગી જાય અને ખાડામાં પડે તો પણ સારથિને તો ખાડામાંથી બહાર કાઢી ઉભો કરી રથમાં જોડવો જ પડે. ભાગી ગયો તો 'ઓછો થયો' એમ સારથિ ન બોલે તેમ ધર્મનાયકોનું શું કાર્ય? ધર્મ છોડીને જીવ ખસી જાય, અગર ખસવાની તૈયારી કરે તો તેની બેદરકારી ધર્મ ગુરૂઓએ ન કરતાં તેને ધર્મમાં જોડે છે હજુ મેઘકુમાર બોલતો નથી, અને સવારે ભગવાન પાસે આવે છે એટલે બોલ્યા પહેલાં તો શ્રી મહાવીર ભગવાન કહે છે કે-હે મેઘકુમાર! રાત્રે આવો માઠો વિચાર કર્યો તે દુર્ધ્યાન કર્યું તે વખતે મેઘકુમાર 'ના સાહેબ' તેમ નથી કહેતો પણ 'હા,' કહે છે -અરે આપણે તો દુ:ખની વાટમાં જવાવાળા, સુખની દરકાર વગરના દુ:ખની તૈયારી કરનારા અને દુ:ખને સહન કરી સંવર નિર્જરા કમાનારાવાળા સાધુઓ છીએ આવા સાધુ વર્ગમાં આવ્યા પછી દુ:ખ લગાડવું તે તને યુક્ત નથી તારો પૂર્વભવ યાદ કર તું આગલા ભવમાં હાથી હતો ત્યાં તિર્યંચના ભવમાં પણ પ્રાણના ભોગે પરદયા પાળી, તો પછી અહીં સ્વદયા માટે કર્મ નિર્જરા માટે આટલા સામાન્ય દુ:ખથી તું કેમ ડરી જાય છે? દયા દાનમાં દાગીના આપવા છે, પણ ઘરની મોજડી લઈ જાય તે પાલવતી નથી આ મૂર્ખના ભાઈ તેમ અહીં બાહ્ય દ્રવ્યદયા માટે તિર્યંચની અજ્ઞાન સ્થિતિમાં પ્રાણ અર્પણ કરનાર અહીં સ્વદયા માટે ધર્મને ધક્કો મારવા તૈયાર થાય, તે ધર્મની સમજણ દશાની શાબાશી કે અણસમજણ દશાની શાબાશી? તરત જ મેઘકુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું ત્યાં આંખ સિવાય આખું અંગ વોસરાવે છે આમ સંભારણ કરીને સમજાવવામાં આવે છે સારી ઊંચી સ્થિતિમાં આવ્યા પછી આવી બાબતમાં કંટાળો લાવવો તારા સરખાને શોભતું નથી આ કથા મેઘકુમારની કહી કહેવામાં એક જ વાત પકડવાની, આગળ પાછળની વાતને સંબંધ ન હોય દૃષ્ટાંતમાં બધી બાબતો આપણા આત્મામાં ઉતાર ઉતારવાની ન હોય, પણ મુખ્ય બાબતનો ધડો લેવાનો હોય પશુપાળની કથા માત્ર કથા માટે કહેલ નથી વાત તરીકે કહેવું છે બધા અંગોપાંગ ઘટાવવા જોઈએ અને તે કથામાંથી રહસ્ય લેવું જોઈએ

ભટકતા જીવની જયદેવ સાથે સરખામણી

આ જીવ જન્મ કર્મની પરંપરા કરતો અનાદિકાળથી સંસારમાં રખડી રહેલ છે જેમ હસ્તિનાપુર જયદેવે છોડયું અને બધે ભટકયો, તેમ નિગોદરૂપ અવ્યવહાર રાશિ છોડી વ્યવહાર રાશિમાં આ જીવ આવ્યો વ્યવહાર રાશિમાં પણ બાદર એકેન્દ્રી બે ત્રણ ચાર ઇન્દ્રીયવાળો થયો નારકી, તીર્યંચ મનુષ્ય, દેવના રૂપે પાંચ ઇન્દ્રિયવાળો થયો તેમ દરેક સ્થાનમાં ૮૪ લાખ યોનિમાં અનંતી વખત ભટક્યો ભટકતા ભટકતા મણિરત્ની નામની ખાણ મહા મુશ્કેલીથી જેમ જયદેવને મળી, તેમ પૃથ્વી આદિ એકેન્દ્રિમાં, વિકલેન્દ્રીમાં, પંચેન્દ્રિમાં

પણ ઘણુ ભટક્યો, છતા સર્વ સામગ્રીથી ભરપૂર મણીવની ખાણ સમાન મનુષ્ય ભવ મુશ્કેલીથી મળ્યો જે જયદેવ તે આપણો આ આત્મા-જીવ સમજવો

મણીવતી ખાણુ અને ચિન્તામણી રત્ન

નગરી પહાડ પર્વત ખાણુ બંદર વિગેરે રૂપ ૮૪ લાખ યોનિ અથવા ચતુર્ગતિ સ્વરૂપ સસાર સમજવો મણીવતી ખાણ જ્યાથી ચિતામણી રત્ન મળે છે, તે મનુષ્ય ગતિ જેમાથી ચિતામણી રત્ન કરતા અધિક એવા જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ રત્નો પ્રાપ્ત થાય છે, અર્થાત્ જે રત્નોના પ્રભાવથી મહા સુખવાળુ પરમાનંદ પદ પ્રાપ્ત થાય છે કોડો મનુષ્યો આ ખાણુમા આવી ગયા કોઈને આ રત્ન ન મળ્યુ પશુપાળને મળ્યુ છતા તે નિર્ભાગીના હાથમા ટક્યુ નહિ આથી એ સમજવાનુ કે જગતમા અનતાનત જીવાત્મા છતા મનુષ્યો માત્ર ગણ્યાગાંઠ્યા તેમા પણ કેટલાક અનાર્ય ક્ષેત્રમા જન્મ્યા આર્યમા જન્મ્યા છતા ઉત્તમ કુળ ન મળ્યુ ઉત્તમ કુળ મળવા છતા નિરોગી શરીર ન મળ્યુ નિરોગી શરીર છતા ઇંદ્રિયોની ખામી સપૂર્ણ ઇંદ્રિયો નિરોગી શરીરાદિક મળવા છતા, જૈન ગુરુનો સમાગમ તેની વાણીનુ શ્રવણ શ્રવણ થયા પછી શ્રદ્ધા, શ્રદ્ધાપૂર્વકનો અમલ આ બધી એક એક વસ્તુ એક એક કરતા રાધાવેધ સાધવા કરતા મહાવી અતિ કઠીન છે આટલી સામગ્રી તો આપણને પશુપાળ માફક મળી ગઈ પણ પશુપાળ માફક આ સામગ્રીનો સદુપયોગ ન કરતા, વિષય કષાયમા એવા મુઝાઈ જઈએ છીએ, કે ધર્મક્રિયા ... ત સ્યા એ કરવુ રૂચતુ નથી, એટલે ધર્મક્રિયા ત્યાગ બતાવનારને પણ ... નાખીએ છીએ કે ત્યાગ તપસ્યા સયમ એ તો ભોગથી વચિત રહેવાનુ થાય ... કે સયમ ત્યાગ-તપથી આગળ સુખ મળે છે, છતા ભોગસુખને છોડવુ તે ... હથેળીમા રહેલા મધને છોડીને કોણી પર ચોટેલ મધને ચાટવા જેવુ છે અર્થાત્ હથેળીનુ મધ ઢોળાઈ જાય છે, અને કોણીએ જીભ પહોચે નહિ, એટલે બનેથી લટકે આમ ધર્મોપદેશકને આપણે સામો જવાબ આપીએ છીએ

જૈન ધર્મની મહત્તા

જૈનધર્મ દુનીયાથી ઉલટી દીશાનો છે દુનીયા ભોગને માને છે, જ્યારે જૈનધર્મ ત્યાગને માને છે જૈનોના દેવગુરુ ત્યાગી, ધર્મ પણ ત્યાગમય ત્યાગમા ધર્મબુદ્ધિ કેટલી મુશ્કેલ તે વિચારવા જેવુ છે ભોગજ દુ ખનુ કારણ ડુબાડનાર, હેરાન કરનાર ભોગ છે, અને 'ત્યાગ કલ્યાણ કરનાર છે' એવી બુદ્ધિ આવવી મુશ્કેલ છે આ વિચારશો એટલે જૈન ધર્મરૂપી ચિતામણી રત્ન મળ્યુ મુશ્કેલીના પદાર્થો કેટલીક વખત મળી જાય પણ ભાગ્ય ન હોય તો ટકવા મુશ્કેલ છે સ્વપ્નમા ચક્રવર્તિના છ ખડનુ રાજ્ય, નવ નિધાન, ૧૪ રત્નો મળી ગયા, પણ આખ ઉઘડે ત્યારે શુ ? તે માટે પશુપાળ બીચારો ચિન્તામણિ પામ્યો છતા કુતુહલ ખાવા પીવાના ભોગમા તીવ્રરાગથી ચિન્તામણિ તરફ બેદરકાર રહ્યો આપણામા

પણ કેટલાક વડેરા હોય તે પણ ભો। માટે ધર્મને ફેંકનારા હોય પરભવમા રિધ્ધિ મળશે રાજા થઈશુ, તે ધારી ધર્મ કરનારા હોય તેવાને પશુપાળ જેવા જ સમજવા જયદેવ ચિંતામણી ફેંકનાર ન થયો તેમ જૈન ધર્મની મહત્તા સમજનાર ધર્મને ચિંતામણી સમજી સમ્રહી શકે છે

પુણ્ય વૈભવની જરૂર

અજ્ઞાની આત્મા ધર્મરત્નને પૌદ્‌ગલિક-સુખની ઈચ્છાથી ફેંકનારા નીકળે તે દેખીને આપણે ધર્મનુ સાચુ સ્વરૂપ સમજનારા હોવાથી આપણને પૌદ્‌ગલિક સુખ માટે ધર્મરત્નનુ આટુ કરવુ, તે ન શોભે પુન્યરૂપી ખરૂ દ્રવ્ય જયદેવના આત્મામા હતુ, રબારીના આત્મામા તેવુ પુણ્ય ન હતુ તેવી રીતે આ જીવોમા જેમ ચિંતામણિ-રત્ન પ્રાપ્ત કરવા માટે પુન્ય વૈભવની જરૂર છે, તેમ ધર્મરત્ન પ્રાપ્ત કરવા માટે ગુણ વૈભવની જરૂર છે વૈભવ વગરનો આત્મા ધર્મરત્ન પામી શકતો નથી પુણ્ય વૈભવથી અવિકલ સપૂર્ણ નિર્મળ ગુણનો સમુદાય ધારણ કરનાર આત્મા જીનેશ્વરના ધર્મરૂપી ચિંતામણી રત્નને પામી શકે છે

માનવ જીવનની સફળતા

આ મનુષ્ય ભવ 'दु खनिमित्तमपीदम्' અથાત્ દુ ખના કારણભૂત છે મનુષ્ય ભવ મળવામા પણ દુ ખના કારણ સ્વરૂપ છે તેમજ જગતમા જે જે દુ ખો છે, તેનુ મોટુ કારણ હોય તો આ મનુષ્ય ભવ છે સાતમી નારકીમા જનારા આત્માઓ હોય તો મનુષ્યો અપવાદ રૂપે મત્સ્યો છે, પણ તેમા મૂળ કારણ તો મનુષ્યપણુ છે તેમજ મનુષ્યગતિ મેળવવા માટે પણ પુવે દુ ખ સહન કરવુ પડે છે તેથી શાસ્ત્રોમા દેવભવ દુર્લભ ન કહ્યો પણ 'दुलहे खलु माणुसे भवे' અથાત્ મનુષ્યભવ જ દુર્લભ છે મોક્ષની નીસરણીરૂપ ચારિત્ર પણ મનુષ્ય ગતિમ જ મળી શકે છે જ્ઞાન દર્શન ચારિત્રની ત્રણે એકી સામટી આરાધના કરાતી હોય, તો માત્ર મનુષ્ય ભવમાજ થાય છે આ મનુષ્ય ભવનો જો સદુપયોગ કરશો તો મોક્ષ મેળવી આપનાર છે, અને જો દુરૂપયોગ કરીને વિષય-કષાય ૧૮ પાપ-સ્થાનક સેવનમા વેડફી નાખશો તો આજ મનુષ્યપણુ ભયકર દુર્ગતિના દુ ખમા ધકેલી દે છે

અકામ-નિર્જરાનો અજબ ચમત્કાર

વર્તમાન કાળની અપેક્ષાએ મનુષ્યગતિ સારી, પણ અનુપયોગ કર્યો તો ઢોર કરતા હલકો છે એક માણસ પાસે મીલકત છે, પણ કુના કરે છે નવું દેવુ વધારે છે તે પગાર ગણાય, અને દેવુ પતાવે તથા નવી મુડી ઉભી કરે તે સારો ગણાય તીર્યંચો આગળ કરેલા પાપો ભોગવી અકામ નિર્જરા કરી ઘણે ભાગે દેવગતિનુ આયુષ્ય અને પુણ્ય બાંધે છે દેવતાઓનુ થાણુ તીર્યંચો પુરે છે પરંતુ મનુષ્યોથી પુરાતુ નથી ગર્ભજ મનુષ્યો ગણતરી નાજ, માત્ર ૨૯ આકની સખ્યાવાળા અસંજ્ઞિ-મનુષ્યો કે તીર્યંચો દેવલોકે ન જાય વગર

ઇચ્છાએ ભૂખ તરસ, ટાઢ, તડકા, પીડા સહન કરવા દ્વારાએ જે નિર્જરા કરે છે, તે અકામ નિર્જરા કરે છે તેથી તેઓ દેવતા થાય શુળપાણી યક્ષ કોણ ? તે આગના ભવમા બળદ હતો તેના ચાલાકો તુટી ગયા હોવાથી માલીકે એક ગામમા પૈસા આપી ખાવા પીવા માટે વ્યવસ્થા કરી હતી, પણ ગામવાળાએ તેની કશી ચિંતા ન કરી કોઈ બાઈ પાણીનુ બેડુ ભરીને આવતી દેખે તો હમણા મને પાણી પાશે, ઘાસનો ભારો લઇને કોઈ આવે તો હમણા મને ખાવા પુળો આપશે તમ છતા કોઇપણ પાણી કે પુળો આપતુ નથી વગર ઇચ્છાએ ભૂખ તરસ સહન કરી, અકામ નિર્જરા કરી શુળપાણી યક્ષ દેવતા થયો આ ઉપરથી સમજાશે કે અકામ નિર્જરાનો અજબ ચમત્કાર છે, કે જેથી તિર્યંચપણુ છોડી દેવ થયો

મનુષ્ય જીંદગીનો સદુપયોગ કરતા શીખો

જાનવરની જીંદગી રહેવાના પાપોને ખપાવનારી આપણી જીંદગી પહેલાના પુન્યોને ખાનારી આગલા ભવના પુણ્યોદયથી મનુષ્ય થયો આપણે ગયા ભવની મુડીજ ખાયા કરીએ છીએ, અને નવી પેદા કરતા નથી મનુષ્યપણા જેટલી પણ મુડી ટકાવી રાખીએ તો શાડી નાડ બાઈ જેવા તો ગણાઈએ શાડી નાડ બાઇ વ્યાજ ખાઇ ને મુડી સાચવે, કેટલીક તો મૂળ મુડીમા પણ વધારો કરે વધુ ધનાડો તો નજ કરે આપણે તો મોક્ષ કે દેવલોક ન મેળવીએ, પણ મનુષ્યપણુ જો સાચવી રાખીએ, તો શાડી શાડ બાઈ જેવા પણ ગણાઈએ આપણે ચતુર વેપારી કેમ ગણાઇએ મનુષ્યપણા જેટલી સ્થિતિ ટકાવી ન રાખીએ અને તીર્યંચ કે નરક ગતિમા જન્મએ એવાજ માર્ગે ચાલીએ તો શાડી નાડ બાઈ કરતા પણ ગયા, કે મળેલુ મનુષ્યપણુ પણ આવતા ભવ માટે ટકાવી ન રાખ્યુ મનુષ્યપણુ આવતા ભવમા મેળવવુ, એ આપણા હાથની વાત છે એવી કાર્યવાહી કરવી કે જેથી સદ્‌ગતિજ મળે પરતુ દુર્ગતિને લાયકની કાર્યવાહી તો તુરત છોડી દેવી દુરૂપયોગ થતો અટકાવવો, અને સદુપયોગ ન થવાથી ભવ હારી જવાય છે, તે વાત ન ભુલવી

ભરત મહારાજાની ભવ્ય વિચારણા

ભરત મહારાજાને કહેવુ પડયુ કે મારા કરતા નાસ્તિક સારા તે કેવી રીતે ? તે ઉપર એક દ્રષ્ટાન્ત કહેવાય છે એક રબારીને બકરી ચારતા ચારતા કોઈકનો માર્ગમા પડી ગએલ હીરો જડયો રબારીએ બકરીના ગળે બાધ્યો બજારમાથી બકરીને લઇને રબારી પસાર થતો હતો માર્ગમા એક ઝવેરીએ બકરીના ગળામા હીરો દેખ્યો, હીરો જ છે ઝવેરીએ વિચાર કર્યો કે આ રબારી પાસે જો હીરાની માગણી કરીશ તો નહીં આપે, માટે આખી બકરીની માગણી કરવા દે એમ કરીને, બકરી વેચવી છે ? હવે વેપારી માગણી કરે એટલે રબારીએ વિચાર્યુ કે જરૂરની વસ્તુ છે તો માગુ તે કીંમત આપશે, પણ રબારી માગી માગીને શુ માગે ? પાચ રૂપીઆ આપો તો આપુ ઝવેરી કહેતા જાય છે કે ના ભાઈ પાચ તો નહીં ત્રણ રૂા આપુ રબારી આગળ ગયો પાછેરામા બીજી દુકાને ઝવેરી હતો તે સહુજ જોઈ

રહ્યો હતો, કે ત્યાથી આવે કે તમે તે કીમત આપી લઈ લઉ પહેલો ઝવેરી વિચાર કરે છે કે ક્યા જવાનો હતો, હમણા પાછો આવશે. જોડેની દુકાનવાળાએ પૂછયુ કે આને ગળે શુ બાધ્યુ છે ?, પત્થર છે શુ લેવુ છે પાચ રૂપીયા, સારૂ પાચમા ગણ્યુ છે ને ?, પાચ રૂપીયામા હીરો ગમારીએ આપી દીધા બીજે દહાડે બકરી લઈને બજારમાથી નીકળ્યો પેલા ઝવેરીએ બોલાવ્યો અલ્યા ગળે બાધ્યુ હતુ તે કયા ગયુ ? અરે એ તો પથરા હતો તે પાચ રૂપીયામા વેચી નાખ્યો અરે મૂર્ખા ! પથરો ન હતો પણ હીરો હતો પાચમા કયા આપી દીધો ! ગમારી ઝવેરીને કહે છે, કે હુ મૂર્ખ કે તમે મૂર્ખ હુ તો પથરોજ સમજતો હતો, તમે તો હીરો જાણતા હતા છતા બે રૂપીઆ માટે ખોયો. બેની કદર કરતા હજારની કમાણી ગુમાવી. માટે આપણા બેમા મૂર્ખ કોણ ?, મારે તો પત્થરના પાચ ઉપજ્યા, તેમ ભરત મહારાજા વિચાર કરે છે કે હુ ધર્મની કીમત સમજુ છુ ને ધર્મ કરતો નથી નાસ્તિકો પુણ્ય પાપ ન માને, તેવાના હાથમા ધર્મ આવીને ચાલ્યો જાય, તેમા મૂર્ખાઈ ન ગણાય પણ ઝવેરીની દૃષ્ટિએ પડેલો હીરો પાચ રૂપીયામા ચાલી જાય તો કેની દશા ! હુ પુન્ય પાપ માનવાવાલો છતા પાપથી દૂર ન રહુ, આરભ સમારભ વિષય કષાયમા રહી રહુ ને પુન્ય પેદા ન કરૂ તો મારા જેવો મૂર્ખ કોણ ! ધર્મ જેવુ રત્ન હાથમા આવેલુ ચાલ્યુ જાય તે પશુ ગમારને શોભે, પણ મારા જેવાને ન શોભે આમ ભરત મહારાજા સરખા પોતાના આત્મા માટે વિચાર કરી રહ્યા છે શાસનમા ભરતરાજા મશહૂર ઝવેરી છે મનુષ્ય જીવનને ચિન્તામણી રત્ન જેવો ગણીને જીવન નકામા પાણીની માફક ચાલ્યુ જાય છે તેમ વિચાર કરે છે

મનુષ્ય પણાને સફળ કરો

આ મનુષ્ય ભવ મળવો મુશ્કેલ છે જેમ પહાડ ઉપરથી ઘસાતા ટીચાતા પત્થરા જ્યા નદીનુ મુખ આવે, ત્યા આગળ તેમાના કેઈ પત્થરો ખુણા ખાચા વગરના ગોળાકાર બની જાય છે તેમ આ જીવ પણ ચારે ગતિમા અથડાતો પીટાતો કુટાતો લઘુકર્મી બની મનુષ્ય અણુધાર્યો બની ગયો એવો પત્થરને અથડાવામા હિસાબ શો ? તેમ આ જીવને મનુષ્યપણુ પામતા પૂર્વે અથડાયાનો હિસાબ નથી એવા પથરમા એક નિયમ, સુવાળો થયો એટલે બસ એવો મનુષ્ય થયો એટલે અતર મુહૂર્તનુજ માત્ર કામ મોક્ષની નીસરણીના ૧૪ પગથીયા તેમા ૧૧મા પગથીયા સુધી પહોચેલો આત્મા પડે અને આથડે, તે સીધો નિગોદમા ઉતરી જાય મનપર્યવ જ્ઞાન પામેલો આત્મા પણ તરત મરીને નિગોદમા જાય મહાવિદેહ ક્ષેત્રના ૧ ૫૮૩ હાથી પ્રમાણ રૂશનાઈના ઢગલાથી લખી શકાય, તેવા પૂર્વોના જ્ઞાનવાળા પણ પ્રમાદ-વશથી પછડાઇને ગગડીને ૧ લે ગુણસ્થાનકે આવીને નિગોદમા ઉતરી ગયા અને ઉતરી જાય છે આવુ મનુષ્યપણુ ટકાવવુ બહુજ મુશ્કેલ છે આવા આત્માઓ પણ નિગોદમા અલ્પ પ્રમાદ કરતા ઉતરી જાય, તો વિષય કષાય રાજ્ય ગાણીમા ખુચી ગયેલાઓની શી સ્થિતિ થશે ? કોઈ ગિરિજને ઘેર છોકરો અવતર્યો, કમાવા ગયો નથી, પણ ક્રોડનો માલીક જનમતાની

આથી થઈ ગયો કોડની કિંમત નહિ સમ[illegible] [illegible] ફુના ફાટીઆ કરવા મંડી ગયો, દુરૂપયોગ કરવા મંડી ગયો તો શી હા[illegible] થશે? તેમ આ[illegible] [illegible]નુ[illegible]ભવ મ[illegible] ગયો, અને દુરૂપયોગ કર્યો તો આ[illegible] ભવમાં શી ખ[illegible]? [illegible] [illegible] જેવી છે માટે આ મનુષ્યપણું પામીને સ[illegible] [illegible] જેવું છે, અને તેના [illegible] [illegible] લાયક છે

ત[illegible]વારની જેમ મનુષ્યપ[illegible] [illegible] ન[illegible]

શેઠીયાની તરવાર માફક [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ક[illegible] નહિજ બને એક શેઠ છે, અને પાડોશમાં ગરા[illegible] ગીયા [illegible] [illegible] [illegible] તરવાર [illegible]વીને ફરે છે શેઠે ગરાસીયાને પુછ્યું કે આ શું [illegible] અરે એન[illegible] [illegible] [illegible] [illegible] જોતાની સાથે ભાગી જાય તેવી છે હે [illegible]વી [illegible] [illegible] ? તો મન [illegible] [illegible] ને [illegible] [illegible] [illegible] બોણી તરીકે [illegible] આપ તેની ફીકર ન[illegible] [illegible] [illegible] [illegible] આપ [illegible] [illegible] [illegible] [illegible] કરે ગરાસીયો સમજે છે કે આ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અ[illegible]નો [illegible] અને માગે છે ના કહીશ તો [illegible] જશે [illegible] કરવું? [illegible] [illegible] માગે તો [illegible] તરવારથીજ તેનું માથું ઉડાવી મુકશે, અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પછી જોયું જાશે [illegible] માથી તરવાર [illegible] શેઠ [illegible] [illegible] [illegible] [illegible] કમ્મરે [illegible] બીજે ગામ જવા નીકળ્યા પૈસા [illegible] [illegible] ઉપર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] શેઠ મનમાં વિચાર કરે છે કે મારા પાસે તરવાર છે ને [illegible] [illegible] [illegible] [illegible] છે? પણ એને ખબર નહી હોય કે મારી પાસે તરવાર છે જો તેને ખબર હોત તો આ તરવારથી જરૂર તે ભાગી જાય ખરેખર ગરાસીયાના કહેવા મુજબ તરવાર તેનું કામ કરતી જણાતી નથી [illegible]રે શેઠ કમ્મરેથી ઉતારીને નીચે મુકીને તરવારને કહે છે કે [illegible] [illegible] [illegible] તરવાર [illegible] [illegible] માલીકને ત્યાં જે કાર્ય કરતી હોય તે તુ ત કર' [illegible] [illegible] તરવાર શું કરે? આ સ્થળે કથાનો ઉપનય એ છે કે બધા સિખોને મનુષ્યપણા રૂપી તરવારે [illegible] છે, પણ શેઠીયાની તરવાર માફક આ મનુષ્યપણું [illegible] ન દે [illegible] [illegible] ઉપયોગ કરે તો બચાવી દે, તેવી રીતે મનુષ્યપણાનો સદુપયોગ કરે તોજ કામ કર

ધર્મ રત્નની પ્રાપ્તિ માટેજ મનુષ્ય ભવ

ધર્મરૂપી રત્ન મેળવી શકાય તોજ મનુષ્યપણાનું ફળ મેળવ્યું ગણાય ખાવા પીવા વિષયો ભોગવવા માટે મનુષ્યપણું સારૂ માનતા હો તો વિધાતાને ધિક્કારવી જોઈએ કારણ કે મનુષ્યપણામાં ભોગો બહુજ મોંઘા છે [illegible] ભોગો ભોગવવા એટલે માથું ફોડીએ ત્યારે શીરો ખાવા મળે તિર્યંચના ભવોમાં વગર મહેનતે ઈંદ્રીયના વિષય-ભોગો મળી જાય તમારે કયાં લાવવી હોય તો કેટલી જવાબદારીની મુશ્કેલી? કુતરાને સ્ત્રી ભોગ માટે કઈ જવાબદારી?, તમારે પરણ્યા પછીની ભરણપોષણની જવાબદારી તીર્યંચને કાંઈ પણ જવાબદારી નથી મનુષ્ય જીંદગી સુધી ઓનું ભરણપોષણ કરવા કાયદાથી બંધાયેલ છે આ વસ્તુ તમારા પરણેના છોકરા સમજ્યા છે? તમો કહો છો કે નાના બાળક દીક્ષામાં શું સમજે? પણ

તમારા છોકરા લગ્નની જવાબદારી સમજ્યા છે ? બાયડી ૧૦૦) રૂપીયા કમાતી હોય તો પણ કાયદાની રૂએ તમારે ભરણુ પોષણુ આપવુજ પડે આ સમજણ તમારા છોકરાને તમે પરણાવતી વખતે આપી છે ? અહીં સાધુ થનાર નાનો બાળક હશે, તે પણ ઘેર સાધુ વહોરવા આવશે તો કહેશે કે છોકરીથી સાધુને ન અડકાય, મહારાજથી ગાડીમા ન બેસાય, સીનેમા નાટક ન જોવાય આમ જૈનોના નાના બાળકો પણ સાધુના આચારો સમજે છે ૭૦ વરસનો મુસલમાન શૌચ નહીં સમજે, અને પાચ વરસનો બ્રાહ્મણ છોકરો શૌચ બરાબર સમજશે. જૈન કુળમા સાધુપણાની જવાબદારી સ્હેજે સમજાય છે, પણ લગ્નની જવાબદારી અમે જોખમદારી સમજાતી નથી મનુષ્યપણાના વિષયો, વિકારો અને ભોગો મોઘા અને જવાબદારી-જોખમદારીવાળા છે તીર્યંચોમા સોઘા અને જવાબદારી તથા જોખમદારી વગરના છે મીઠાઈ-વાળાને ત્યા રસનાનો વિષય કીડીને મફત મળે છે ભમરાને રાજ-બગીચાના કમળો સુઘવાના મફત મળે છે પક્ષીઓને રાણીનુ રૂપ જોવું હોય તો રોકટોક વગર જોવા મળે છે પશુઓને વગર જવાબદારીએ સ્રીનુ સુખ મળે છે, તેમજ રાજાને ત્યા સુદર ગાયનો પણ સાભળી શકે છે અથાત્ તેને કોઈ હાકી કાઢતુ નથી પરતુ તે જગોપર કોઈક મનુષ્ય રહેઈને ત્યા ખાવા જાય રાજાના બગીચામા ફુલ સુઘવા જાય, રાણીનુ રૂપ કે સગીત સાભળવા જાય તો તરત પહેરેગીર પકડે છે, અને પશુને કોઈ રોકતુ નથી. વિષય ભોગો માટે મનુષ્યપણુ સારૂ માનતા હો તો વિધાતાને શ્રાપ દેજો, કે કર્મે મને મનુષ્ય બનાવ્યો કેમ ? મનુષ્ય જીવન તો ધર્મરત્ન મેળવવા માટેજ ઉપયોગી છે

ઉત્તમ સાધનથી ઉત્તમોત્તમ મેળવો

મનુષ્ય-ભવરૂપી ચદ્રહાસ તલવાર મળી તેનો-ઘાસ કાપવારૂપ વિષય કષાય કે આરભ સમારભ કરવામા ઉપયોગ કરે તો મૂર્ખ ગણાય ઘાસ કાપવા માટે તો સામાન્ય દાતરડુ ઉપયોગમા લેવાય, પરતુ ચદ્રહાસ જેવી કિંમતી તલવારથી ઘાસ કાપનાર મૂર્ખ ગણાય જો કે ઘાસ કપાય, પણ ઉત્તમ વસ્તુનો ઉપયોગ અધમ વસ્તુ માટે કરાય તો નરી અવિવેક દશા ગણાય તેમ મનુષ્યપણાનો ઉપયોગ મનુષ્યગતિથી સાધ્ય ધર્મરત્ન મેળવવામા ન કરતા સર્વ ગતિમા સાધ્ય એવા ભોગોમા અને વિષયોમા કરે એના જેવુ બીજુ શુ શોચનીય હોઈ શકે ? અર્થાત્ જાનવર કરતા મનુષ્યે વધારે શુ કર્યું ?, ઉત્તમોત્તમ ઉત્તમ મનુષ્યપણાથી ધર્મરત્ન મેળવો માળા કરનાર પક્ષીઓ પોતાનુ ઘર-માળો બાધે છે રક્ષણ કરે છે પક્ષીઓ પશુઓ પણ પોતાના બચ્ચાનુ ઉછેર-રક્ષણ-પોષણ સ્નેહથી કરે છે કુતરુ કે ગાય પોતાના બચ્ચાને જન્મ આપે, તે વખતે માલીક પણ જો પાસે જાય તો કુતરૂ કરડવા દોડશે, અને ગાય શીગડુ મારશે કારણ કે પોતાના બચ્ચા ઉપર પ્યાર હોવાથી ઘરધણીના માલીકનો પણ તે જાનવરને ભરોસો હોતો નથી સતાનનુ પાલન પોષણ રક્ષણ જાનવરો પણ કરે છે અને તમો પણ કરો છો, તેથી તમો વધી જતા નથી. વસ્તુત તેમા મનુષ્યભવની સફળતા નથી પાપરૂપ વિષય કષાયનો ત્યાગ કરી કુટુબ, સગા સ્નેહી પુત્ર, સ્રીના રાગ રાગમા રાચ્યા વગર ધર્મરત્ન પ્રાપ્ત વિવેક પૂર્વક થર્તો તોજ મહા મુશ્કેલીથી મળેલ

સફળ થાય કુદરતે મળી જાયેનુ મનુષ્યપણુ તેનુ રક્ષણ કુદરત નહી કરે મળેલા ધર્મરત્નનુ રક્ષણ આત્મવીર્યજ કરશે પશુપાળે ચિંતામણિ રત્ન મેળવ્યુ પણ ગેરસમજથી પોતાના હાથેજ અમૂલ્ય અવશ્ય તે રત્ન ફેકી દીધુ, તેમ આપણે પણ આપણે આ ઉત્તમ મનુષ્ય જન્મ અણસમજણથી પ્રમાદમા ગુમાવી નાખીએ છીએ તે ન ગુમાવતા ઉત્તમ સાધનથી ઉત્તમોત્તમ ધર્મ ચિંતામણિ મેળવો

મળતા ક્ષણ પણ રક્ષણમા જીવન

ચક્રવર્તિને ઘેર પ્રથમ પુત્ર જન્મ્યો, પણ તરતજ મરી ગયો કહો કે તે જીવે શુ મેળવ્યુ ? પાટવી કુવર તરીકે તે રાજપુત્રે જેટલુ ગુમાવ્યુ નથી તેના કરતા તો મનુષ્ય થયો અને ધર્મરત્ન ખોયુ તો ધર્મરત્ન ગુમાવનારના ભવોભવ બગડે છે રાજપુત્રે એક ભવનુ રાજ્ય ગુમાવ્યુ, અને શ્રાવકકુળમા આવવા આત્માએ તો અનેક જન્મો સુધી સુખ આપનાર ધર્મરત્ન ગુમાવ્યુ સામગ્રી સયોગના સુઅવસરમા કાર્ય ન સાધી શકીએ, તો સામગ્રી વગરના કાળમા શુ સાધી શકવાના હતા ?, શક્તિ સપૂર્ણ, શસ્ત્રો સપૂર્ણ, સયોગ-સાધનો બધુ અનુકુળ હોય, તે વખતે કર્મશત્રુને લડાઈ ન આપીએ તો કયે ટાઇમે કર્મશત્રુને જીતી શકીશુ ? જ્યા અનાર્ય-ક્ષેત્ર, પાચ ઇદ્રીયની ખામી, આયુષ્ય ટુકુ, રાગી શરીર, ઉત્તમ કુળ નહિ, દેવ ગુરૂનો સમાગમ નહિ, ધર્મ શ્રવણ નહિ, હેય-ઉપાદેય સમજાય નહિ, સાધર્મિક ભાઈઓનો સહવાસ નહિ, એવા વખતે તમો શુ સાધી શકવાના હો ? નીસરણી ઉપરથી ઉતરતા એકાદ ઠેસ વાગી તો છેક નીચેજ ગગડી પડવાનો અહીં મનુષ્યભવમા પ્રમાદથી એકાદ ઠેસ વાગી તો નરક નિગોદ સુધી ગબડી પડીશ માટે આત્માએ વિચારી રાખવુ કે પછી પત્તો નહીં ખાઇશ માટે મહાનુભાવો ! જે ધર્મરત્ન પામ્યા છો તેને ગુમાવી ન નાખો ધર્મરત્ન મળે મીનીટમા, પણ રક્ષણ જીદગી સુધી કરવાનુ સ્ત્રીને દાગીનો કે પુત્ર મળે મીનીટમા, પણ પાલન રક્ષણ જીદગી સુધી કરવાનુ છે ધર્મરત્ન પામવુ મુશ્કેલ તે કરતા જતન-રક્ષણ કરવુ બહુજ મુશ્કેલ છે ધર્મરત્ન મળ્યા પછી ઘરનુ રમકડુ બની લેવાય છે પૂજા કરવાની ટેવ પડી જાય પછી પ્રભુમૂર્તિ તરફ કઈ દ્રષ્ટિ થઈ જાય છે ? એક ગભારામાથી બીજા ગભારામા લઇ જાવ લઈ આવો તેનો અર્થ શો ? ઢીંગલા ઢીંગલી ફેરવે તેમ લેઈ જાય અને લેઈ આવે પૂજાની જેમ બીજી ચીજમા પણ સમજી લેવુ ભણવાની લાગણી થાય પછી ભણેલુ ભૂલી કેમ જવાય ? તેમ જયણા-સામાયિક પ્રતિક્રમણ વિગેરે ધર્મ કાર્યોમા મદાદર નિરપેક્ષ થવુ, એટલે ધર્મરત્ન મળ્યા છતા તે રત્નને ટકાવવુ રક્ષણ કરવુ બહુ મુશ્કેલ છે

અતિમ-પશ્ચાતાપ

ભવિતવ્યતાના યોગે આ જીવ અવ્યવહાર રાશીમાથી વ્યવહાર રાશીમા આવી બાદરપણુ પામ્યો, બે ત્રણ ચાર ઈંદ્રીયવાળો વિકલેન્દ્રીય બન્યો, પાચ ઇદ્રીયવાળો થયો, સજ્ઞી થયો, અને મનુષ્ય થયો, અહીં સુધી તો આ જીવ ભવિતવ્યતા યોગે આવી પહોચ્યો આટલી વસ્તુ પ્રયત્ન વગર પણ સિદ્ધ થઈ ગઈ તે વસ્તુઓમા અત્યારે કઈ સાધવાનુ નથી ભવાતરની અપેક્ષાએ ભલે થયેલી છે મળેલી વસ્તુનો ઉપયોગ કર્યો હોઇ શકે ? તમને ધૂળની પણ

કિંમત છે નાનો છોકરો ચોપડામા લખવા ઉપર નાખવાની રેતી ફેંકી દે, તો તમે ઠપકો આપો છો, કારણ કે રેતી-ધૂળની પણ તમો કીંમત સમજો છો પણ દુધ ઘી ઢોળાઈ જાય તો ઢોળનાર ઉપર ક્રોધ કરો છો કારણ કે તેમા ઘી દુધની કીમત તમે નગણ્યા છો પરંતુ જીંદગીના વરસો, મહીનાઓ, દિવસો, કલાકોના કલાકો નકામા ગયા, તેની ધૂળ જેટલી પણ કીમત તમે આંકી નથી આટલા વરસોમા આત્માએ શુ મેળવ્યુ અને શુ ગુમાવ્યુ તેનો હિસાબ ઘડીભર પણ તપાસ્યો છે ખરો? જીંદગીની ધુળ જેટલી પણ કીમત ગણી હોત તો જીંદગી સાટે શુ મેળવ્યુ અગર શુ મેળવવા લાયક છે, તેનો વિચાર જરૂર કરત મનુષ્ય જીંદગીની એક મીનીટની કિંમત દેવતાની જીંદગીના ૨) ક્રોડ પલ્યોપમ બરાબર છે એક સામાયકમા દેવતાનુ આયુષ્ય ૯૨૫૯૨૫૯૨૫૬ પલ્યોપમ બધાય તેલ ઘી દુધ શા ભાવે લાવુ છુ, શા ભાવે વેચુ છુ?, તેમા લાભ નુકસાનનો વિચાર કરીને લેવાય છે અને વેચાય છે આ મનુષ્ય જીંદગીની એક મીનીટની કિંમત શાસ્ત્રકારો જેટલી કહે છે, તે પ્રમાણે તેની કિંમત તમો ઉપજાવો છો કે નહિ? હુ દરેક ક્ષણે કેટલુ ગુમાવુ છુ? તેનો વિચાર કોઈ દીવસ આવે છે? સીઝનમા (મોસમમા) આળસ કરીને બેસી રહે અને મોસમ પુરી થાય એટલે પસ્તાવો કરે, પણ પાછળથી પસ્તાવો કરે તેમા શુ વળે? એમ આખી જીંદગી વેડફી નાખે અને આખર વખતે પસ્તાવો કરે કે આખી જીંદગી સુધી પેટ ખાતર એક શેર અનાજ માટે, અનેક જુઠા પ્રપચો કર્યા, એટલુજ નહિં પણ ઘણા પાપ કર્મો કરી આ આત્માને ભારી કર્યો અહીં આ કમાયેલુ પડી રહેશે, આમાથી મારા સાથે કઇ પણ નહીં આવે હાય મે મારી જીંદગી ગુમાવી, ધર્મરત્ન મેળવવાને બદલે પાપરૂપી પથરાઓ મે શુ ફોડે તેવા મેં ગા હવે આવતા ભવમા મારૂ શુ થશે? નરક તિર્યંચ ગતિમા પરાધીનતા આદિનુ દુ:ખ દીર્ઘ કાળ સુધી ભોગવતા પણ મારો છુટકારો નહિં થાય ખરેખર? મનુષ્યભવ મે એળે ગુમાવ્યો આવા મનમા ને મનમા પશ્ચાતાપના વિચારો કરે, પણ હવે થાયશુ? અર્થાત્ પારકી પંચાયતમા જીવન વેડફાઈ ગયુ હવે પશ્ચાતાપ કરે વળે શુ?

પ્રેરકની પુનીત પ્રેરણા

આ જીવ આખા જગતની ભાંજગડ કરે છે, પણ પોતે પોતાની ભાંજગડ કરતો નથી આખમા એક મોટો દુગણ, આખા જગતને આખ દેખે, પણ પોતાની અંદર રહેલા કણને આખ દેખતી નથી પોતાની આખ લાલ થઈ હોય તો પોતે દેખી ન શકે, પણ બીજાની દેખી શકે, તેમ આત્મા પોતાનામા રહેલા અવગુણોને પોતે જોઈ શકતો નથી એ ક્યારે જોઈ શકે? જો ધર્મરત્ન આવ્યુ હોત તો પોતાનામા રહેલી ખામી જરૂર સમજી શકે પણ ધર્મરત્ન મળ્યા છતા સાચવવુ ટકવુ બહુ મુશ્કેલ છે મનુષ્યો પૈસાવાળા થાય ત્યારે આપત્તિના ઢગલા પણ સાથેજ ખડા થાય છે ચોરો દરિદ્રના મકાન તરફ નજર કરતા નથી, પરંતુ ધનવાનોના ઘર તરફ નજર કરે છે જુગારીઓ પણ માલદારને ફસાવે છે માલદાર થયો એટલે ચોર લુટારા રાજા વ્યસનીઓની નજર તે [illegible]

આવ્યુ ત્યારે પાપ-સ્થાનકો, કષાયો, અંતરાયો ની નજર ધર્મ તરફ હરે તે વખતે પાપો અને કષાયોથી દૂર રહેવુ ભારે પડે છે એટલાજ માટે જણાવ્યુ છે કે પ્રાપ્ત થએલા ધર્મ રત્નનુ રક્ષણ અતિ મુશ્કેલ છે પશુપાળ પાસે ચિન્તામણિ રત્ન અને તેનો વિધિ પણ આવી ગયો હતો વિધિના સમગ્ર સાધન લાવી શકે તેમ હતુ, પણ ગેર સમજણથી રત્ન ફેંકી દીધુ તેમ આપણો જીવ ધર્મ રત્ન પામ્યા પછી પ્રેરક ગુરુ મળ્યા હોય, વિધિ કર્યા ન કર્યાનો લાભ તાભ સમજાવનાર સદ્ગુરૂ પણ હોય, તો પણ મોહાધિન બનેલા આત્મા પ્રેરકનો પુનિત સાનો ઉપદેશ લક્ષ્યમા લેતો નથી, માટે પ્રેરક ની પુનિત પ્રેરણા ગ્રહણ કરો

કથાનુ અંતિમ

જ્યારે જયદેવ શાસ્ત્રમાથી ચિંતામણિ રત્નના લક્ષણ અને તેના ગુણો ફાયદા જાણે છે, ત્યારે બીજા રત્નોને પત્થર સમાન માને છે એવીજ રીતે વિનયી આત્માએ શાસ્ત્રમાથી જેઓ આત્માદિક અતીન્દ્રીય પદાર્થો, કેવળ જ્ઞાન, કેવળ દર્શન વીતરાગતા, અનંતુ સુખ, મોક્ષનુ સુખ જાણ્યુ છે, તેઓ જન્મ મરણ વૃદ્ધાવસ્થા આધિ વ્યાધિ ઉપાધી ઇષ્ટ વિયોગ અનિષ્ટ સયોગ રૂપ દુખ જ્યા લગીર પણ નથી તેવુ શાશ્વતુ ધામ આ ધર્મ રત્ન દ્વારા મેળવી શકાય છે એ સમજે છે એટલે જ તેના પૌદ્ગલિક સુખને દુખરૂપ માને છે, અને માત્ર મોક્ષ સુખજ મેળવવાનો દઢ નિશ્ચય કરે છે પોતાના નગરમા એ રત્ન ન મળ્યુ તો પરદેશમા અનેક પહાડો સરીતો જળ સ્થળ માર્ગો ખાણોમા ફર્યો પણ કંટાળ્યો નહિ, તેમ આ જીવ પણ દેવલોકાદિમા ગયો ત્યા ધર્મ રત્ન ન મળ્યુ તો મનુષ્ય ગતિરૂપ ધર્મરત્નની ખાણ તન્દ જ્ઞાની ગુરૂના સમાગમ અને ગુરૂના ઉપદેશથી પહોચ્યો ત્યા ઘણી શોધ કરી છેવટે ચિંતામણિ રત્ન નજરે પડ્યુ ત્યારે અપૂર્વ આનંદમા આવી ગયો આ રીતે જ્યારે સમ્યકત્વ રૂપી રત્ન ની પ્રાપ્તિ આ જીવને થાય છે, ત્યારે કોઇ વખત ન અનુભવેલ એવો અપૂર્વ આનંદ આ આત્માને પણ થાય છે આ રત્ન પામ્યા બાદ સસારના સુખો સ્ત્રી પુત્ર પરિવાર તરફ મમતા ભાવ ઓછો થતો જાય છે અને સિદ્ધિ ઉપર વધુ મમતા વધતી જાય છે આ રત્ન મળ્યા બાદ ઉત્તરોત્તર આત્મિક રિદ્ધિ સપત્તિ આબાદી વધતી જાય છે યાવત્ જયદેવની કિર્તિ જેમ પરદેશ સુધી ફેલાઇ હતી, તેમ ધર્મરત્ન પ્રાપ્ત કર્યા પછી પણ આત્માની કીર્તિ અમરલોક સુધી ફેલાઈ જાય છે હમેશ માટે સસારમા સુખનુ ભાજન જેમ જયદેવ બન્યો, તેમ અનંત કાળ સુધી આ આત્મા આ ધર્મ રત્નના પ્રતાપે સુખનુ સર્વદા ભાજન બનશે આ દૃષ્ટાતના દરેક વાક્યમાથી આત્મિક-પદાર્થો સાથે સમન્વય કરી જે આત્માઓ હંસદૃષ્ટિ રાખી ખીર નીર જુદુ કરી, આત્મા અને પુદ્ગલનો પૃથગ્ભાવ સમજશે, અને બનેને છુટા પાડવા કટીબદ્ધ થશે તેઓ શાશ્વતા સુખના ભોગી બનશે

ઇતિ ચિંતામણિ રત્ન કથા

સમાપ્ત